શ્રી જૈન સસ્તી વાંચનમાળા નં. ૧૧

# શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ.

યાને

# વિક્રમના સમયનું હિંદ.

લેખક

મણીલાલ ન્યાલચંદ શાહ.

પ્રકાશક.

જૈન સસ્તી વાંચનમાળા–ભાવનગર.

વીર સં. ૨૪૫૧ વિક્રમ સં. ૧૯૮૧

કિં. ૧–૮–૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રેમોપહાર.

શ્રીમાન્ ________________________

________________________

________________________

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२०८९

# સમર્પણ.

## અનેક ગુણસમૂહવિભૂષિત્ પુજયપાદ સ્વર્ગસ્થ પન્યાસજી મહારાજશ્રી ભાવવિજયજી મહારાજ.

આપે દેશ–વિદેશમાં વિચરી અનેક ભવ્ય જીવોને સુધાજળ પાઇ–સિંચન કરી પ્રફુલિત કર્યાં છે, જૈનપુરી–પાટણ નગરમાં આપશ્રીનો પ્રથમ દિક્ષામહોત્સવ અને બાળબ્રહ્મચારી તરીકેનું પ્રથમ માન આપે મેળવ્યું છે. ગામેગામ વિહાર કરી અનેક જીવોને પ્રતિબોધ પમાડી ઉજમણાં, ઓચ્છવો અને તેવાં અનેક ધર્મની અભિવૃદ્ધિ, શાશનોંતિનાં કાર્યો આપશ્રીના ઉપદેશથી થયાં છે.

શ્રીમાન આચાર્ય મહારાજશ્રી **વિજયનીતિસૂરીશ્વરજી** મહારાજ જેવા વિદ્વાન–મુનિરાજ કે જેઓ હાલમાં જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર વીગેરે શાશનની શોભાનાં અનેક કાર્યો કરી રહ્યા છે તેવા સુશિષ્ય રત્ન અને તેવોજ આપનો લગભગ પચીસ શિષ્યનો પરિવાર ખરેખર આપના આત્માને શાંતિ આપી રહ્યો છે.

આપની ધર્મ–ધગશ–વિશુદ્ધ હૃદય–સરળતા વિગેરે ગુણોથી આકર્ષાઇ આ "સિદ્ધસેન–દિવાકરસૂરિ યાને વિક્રમના સમયનું હિંદ" નું ઐતિહાસીક પુસ્તક આપને પ્રેમપૂર્વક સમર્પી કૃતાર્થ થાઉ છું.

લી૦ આપનો ચર્ણરજ,

**અચરતલાલ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આભાર.

પુજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજશ્રી **વિજયનીતિ સૂરીશ્વરજી** મહારાજના સદુપદેશથી શેઠ મણીલાલ સુરચંદભાઇએ તેમના સુપુત્ર સ્વ. ભાઇ **નરોત્તમદાસ મણીલાલની** યાદગીરી નીમિત્તે આ પુસ્તક**ની** પ્રથમથી બસો નકલના ગ્રાહક થઇ અમારા આ કાર્યને સહાનુભુતિ આપી છે તે માટે ઉક્ત મહાત્માશ્રીનો અને શેઠશ્રી **મણીલાલભાઈ સુરચંદભાઇનો** અમો આભાર માનીએ છીએ.

લી. પ્રકાશક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

ગુજરાતી જૈન સાહિત્યને લગતું આ પુસ્તક પોતાનો ફાળો આપી જૈન સાહિત્યના વધારો કરે છે. સિદ્ધસેન દિવાકર પોતે બ્રાહ્મણ જૈનધર્મના દ્વેષી છતાં વિધી યોગે જૈન દીક્ષા લઇ જૈન શાસનનાં નાયક તરીકે તેમણે જૈન શાસનની અપૂર્વ સેવા બજાવી છે. વિક્રમ જેવા મોટા રાજાને પ્રતિબોધી ધર્મની ઉન્નત્તિનાં કાર્યો તેની પાસે કરાવેલાં છે એટલુંજ નહી પણ દિવાકર સૂરિનાં સમાગમથી રાજાએ પૃથ્વીને અનૃણી બનાવી પોતાનો સંવત્સર ચલાવી જગતમાં પોતાનું નામ અમર કર્યું. અને કલિયુગમાં પણ એક વખત પૃથ્વીને જૈન મય બનાવી પોતાની જીંદગી સફળ કરી.

વિક્રમ અને સિદ્ધસેન દિવાકર સૂરિના ઇતિહાસને લગતાં દરેક પુસ્તકો જેવાંકે વિક્રમચરિત્ર, પ્રબંધ ચિંતામણી, પ્રભાવક ચરિત્ર, ચતુર્વિશતિ પ્રબંધ, આનંદ કાવ્ય મહોદધી મૌકતક ૬ઠ્ઠું જૈન ઇતિહાસ, પરિશિષ્ટ પર્વ વગેરે ઘણાખરા પુસ્તકોનું અવલોકન કરી આ પુસ્તકની કૃતિ આલેખવામાં આવી છે. વિક્રમની સાથે રૂપચંદકુમારનો પ્રસંગ એ મૌક્તિક છઠ્ઠામાંથી લેવામાં આવ્યો છે, જે રસીક અને બોધદાયક હોવાથી ચાલુ જમાનામાં ઉપયોગી થાય તેવો છે.

લેખકનો આશય તો કોઇ રીતે આવા મહાન પ્રભાવક પુરૂષનો પ્રભાવ જગતમાં જાહેર કરી તેમના ગુણું ગર્ભમાં પોતાની અને પરની આત્મશુદ્ધિ થાય તેટલોજ માત્ર છે છતાં પણ પ્રમાદ વશે સ્ખલના થઇ હોય તો વિદ્વાન વાંચક વર્ગ સુધારો કરશે.

વિક્રમાદિત્યનું નામ તો જગતમાં જાહેર છે. એટલે તેને માટે કાંઇ પણ લખવું એ તો પાના બગાડેવાંજેવું છે છતા આ પુસ્તકમાં તેનો એક પ્રસંગ રૂપચંદ કુમાર સાથે ઉભો કરવામાં આવ્યો છે તેમજ દિવાકરસૂર સાથેનો પરિચય પ્રગટ કરવામા આવ્યો છે કે જે જાહેર ઇતિહાસોથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપ્રગટ છે. અને સમાજ પણ જાણે કે વિક્રમાર્ક પરમ જૈન અને સિદ્ધસેન દિવાકરના ઊત્તમ શિષ્ય શ્રાવક હતા જેનુ પ્રમાણ મહાકાલ મંદિરજ બસ છે એ ચમત્કારજ ગમે તેવાને પ્રતિબોધવાને સમર્થ છે એક બીજુ પ્રમાણ વિક્રમના પુછવાથી સર્વજ્ઞપુત્રે કહેલી ગાથા કે જે સંવત ૧૧૯૯ વર્ષ વિત્યાપછી હે રાજા ! તારાજ જેવો કુમારપાળ જૈન રાજા થશે. એ મતલબની પ્રાસાદમાં કોતરાવેલી ગાથાજ વિક્રમાદિત્યના જૈની પણાની અપૂર્વ ખાતરી છે. જો કે રાજા પ્રથમ મહાકાલમાં રહેલા મહાદેવના ભક્ત હતા હરસિદ્ધ ( કાલિકા ) માતાનો ચુસ્ત પૂજારી હતો, પરંતુ જ્યારથી મહાકાલના પ્રાસાદમાંથી મહાદેવનુ લીંગ ફાટીને અવંતી પાર્શ્વનાથ પ્રગટ થયા અને તેને લગતો ઇતિહાસ દિવાકર સૂરિના મુખમાથી સાંભળ્યો ત્યારથી રાજામાં પરિવર્તન થયું એટલુંજ નહી પરંતુ પ્રજામાં તેની સારી અસર થઇ અને જૈનત્વ ભાવનાના બીજ રાજા પ્રજામાં રોપાણાં. અવંતી પાર્શ્વનાથનો મહીમા દેશપરદેશમાં ગવાણો, કાળે કરીને પાછું એ તીર્થ મિથ્યાત્વીઓને બળે કરીને મહાદેવના રૂપમાં પાછુ પ્રગટ થયું.

વિક્રમાદિત્ય પછી કાળે કરીને કુમારપાળ રાજય પામ્યા પહેલાં દેશપરદેશ પરિભ્રમણ કરે છે તે વખતે તે માળવામાં આવે છે ત્યારે ઊજ્જૈનીના મહાળના પ્રાસાદમાં આ ગાથા તેના વાંચવામાં આવે છે અને એક વૃદ્ધ પુરૂષ પાસેથી તેને લગતો સમસ્ત ઇતિહાસ પોતે જાણે છે એમ આપણે ઇતિહાસ ઉપરથી સમજી શકીયે છીએ. કુમારપાળે વાંચેલી તે ગાથા લગભગ બારસે વર્ષની વાતની તે સાક્ષીભૂત છે કે વિક્રમાદિત્ય જૈન રાજા હતા અને દિવાકરના પ્રભાવથી તેણે દુન્યાનું દારિદ્ર દૂર કરી પોતાનો સંવત્સર ચલાવ્યો હતો. પોતે પરદુઃખભંજન તરીકે જગતમાં જાહેર થયા હતા તે સિવાય તેના બીજા અનેક પ્રસંગોથી તે જગતમાં પ્રસિદ્ધ થયા હતા.

લી૦ પ્રકાશક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમણિકા.


| નંબર | | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પ્રકરણ | ૧ લું | રાજકુમારી | ૧ |
| ,, | ૨ જું | માળવેશ્વર | ૧૦ |
| ,, | ૩ જું | સિદ્ધસેન પંડિત | ૧૭ |
| ,, | ૪ થું | રૂપચંદ્ર કુમાર | ૨૪ |
| ,, | ૫ મું | સ્નેહી મીલન | ૩૨ |
| ,, | ૬ ઠું | વિદ્યાનો ગર્વ | ૪૧ |
| ,, | ૭ મું | એક મ્યાનમાં બે તલવાર | ૪૮ |
| ,, | ૮ મું | નગરશેઠને આમંત્રણ | ૫૩ |
| ,, | ૯ મું | રૂપચંદ્રનું માન સન્માન | ૫૮ |
| ,, | ૧૦ મું | ઇતિહાસ પરિચય | ૬૪ |
| ,, | ૧૧ મું | અર્વાચિન પરિસ્થિતિ | ૭૪ |
| ,, | ૧૨ મું | વૃદ્ધવાદિસૂરિ | ૮૧ |
| ,, | ૧૩ મું | વિધિનું વિધાન | ૯૩ |
| ,, | ૧૪ મું | કસોટી | ૧૦૪ |
| ,, | ૧૫ મું | ભાગ્યોદય | ૧૧૨ |
| ,, | ૧૬ મું | સર્વજ્ઞપુત્ર | ૧૧૯ |
| ,, | ૧૭ મું | પ્રેમની પત્રિકા | ૧૨૬ |
| ,, | ૧૮ મું | આશાને હિંડોળે | ૧૩૨ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| નંબર | | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| ,, | ૧૯ મું | વિદ્યાનો ચમત્કાર અથવા દિવાકર પદવી | ૧૩૭ |
| ,, | ૨૦ મું | ગુરૂ અને શિષ્ય | ૧૪૬ |
| ,, | ૨૧ મું | મદન મંજરી | ૧૫૬ |
| ,, | ૨૨ મું | ભેદસ્ફોટન | ૧૬૧ |
| ,, | ૨૩ મું | એકજ ભૂલ | ૧૭૦ |
| ,, | ૨૪ મું | ભૂલનો ભોગ | ૧૭૭ |
| ,, | ૨૫ મું | પ્રાયશ્ચિત | ૧૮૪ |
| ,, | ૨૬ મું | ચમત્કાર | ૧૯૩ |
| ,, | ૨૭:મું | ચમત્કાર ત્યાં નમસ્કાર | ૨૦૦ |
| ,, | ૨૮ મું | અવંતી પાર્શ્વનાથ | ૨૦૬ |
| ,, | ૨૮ મું | ઉદ્ધાર | ૨૧૪ |
| ,, | ૨૯ મું | ૐકાર નગર | ૨૨૩ |
| ,, | ૩૦ મું | સમકિત | ૨૩૦ |
| ,, | ૩૧ મું | વિક્રમ સંવત્સર | ૨૩૭ |
| ,, | ૩૨ મું | ગંગાવતરણ | ૨૪૪ |
| ,, | ૩૩ મું | વિભૂતિનો સદ્વ્યય | ૨૫૮ |
| ,, | ૩૪ મું | વૈરાગ્ય રંગ | ૨૬૫ |
| ,, | ૩૫ મું | રૂપસેનની દિક્ષા | ૨૭૧ |
| ,, | ૩૬ મું | દીક્ષા ઉત્સવ | ૨૭૮ |
| ,, | ૩૭ મું | શ્રી શત્રુંજય મહાત્મ્ય | ૨૮૨ |
| ,, | ૩૮ મું | ભવિષ્ય કથન | ૨૮૮ |
| ,, | ૩૯ મું | ઉપસંહાર | ૨૯૬થી ૩૦૩ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ॐ ह्रीँ श्रीँ पार्श्वनाथाय नमः

# 'સિદ્ધસેન દિવાકરસૂરિ'

અથવા

# 'વિક્રમના સમયનું હિંદ'

## પ્રકરણ ૧ લું.

### રાજકુમારી

લગભગ પ્રહર રાત્રીનો સમય થવા આવ્યો છે. માણસોનો પગરવ અત્યારે કવચિત કવચિત સંભળાતો માલૂમ પડે છે. ધીમે ધીમે અંધકારનું સામ્રાજ્ય જગત ઉપર ચારે બાજુએ પ્રસરી રહ્યું છે, તેવા સમયમાં એક સૌંદર્ય સંપન્ન બાળિકા પોતાના 'સૌભાગ્ય ભુવન' મંદિરના ઝરૂખે (ગોખમાં) ઉભી ઉભી નજીકના પ્રદેશમાંથી આવતી સંગીતની ખુશ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓમાં મશગુલ થઇ છતી એકચિત્તે સ્વર્ગીય સુખની લહેરમાં આસકત હતી. આજ કેટલાય દીવસથી બાળિકા હમણાં હમણાં આવી રીતે રાત્રીને સમયે સંગીતના ગાનતાનમાં લુબ્ધ રહેતી જેથી તેના જીવનમાં પરિવર્તન થવા પામ્યું હતું. એક વખતની ઉચ્છાંછળા સ્વભાવવાળી તોફાની બાળા હમણાં ગંભિરતા ભરેલી, ઠરેલી, હૃદયની કંઇ કંઈ લાગણીઓને હૃદયમાંજ ગોપવતી વિચારવંત થઈ છતી ને હૃદયમાં ઉદ્ભવતા વિચારનાં કેટલાંક મોજાં ખડક સાથે અથડાઇ ત્યાંને ત્યાંજ સમાપ્ત થઇ જતાં, અત્યારે સંગીતના તાનમાં એક ચિત્ત થયેલી બાળા ગોખમાં ઉભી ઉભી મુગ્ધ ભાવે સંગીતના આનંદમાં ડુબેલી હતી, ત્યાં પાછળથી આવીને કોઇએ તેના ખભા ઉપર હાથ મુકયો, બાળા ચમકી, વાંકી ગરદન કરી તીચ્છીં નજરે હાથ મુકનાર તરફ નજર કરી " શ્રીમતી ? "

" હા, બેન ? શું વિચારમાં કંઇ ! "

" જો કેવું મજેનું સંગીત છે ! આહ ! સંગીત એતો પ્રભુના ઘરની દીવ્ય પ્રાસાદી છે ! શ્રીમતી ! આપણે એવું સંગીત કરાવીએ તો ! પ્રભાતમાં તું બાપુ પાસે જઇ મારો વિચાર જણાવજે ! " બાળાએ પોતાના મોરલી સરખા મધુર અવાજે સખીને કહ્યું.

" બેન ગુસ્સે ન થાય તો એક વાત કહું. "

" કહે, શી છે તારી વાત ? "

"રમણ વિના એ સર્વ ગાનતાનની મજા ફોગટ છે, બેન !

કોઈ ચતુર પુરૂષને એ શોભે ! તમે હૃદયમાં વ્યર્થ કલેશ ના કરો. ” બ્હીતાં બ્હીતાં શ્રીમતીએ ખરી સલાહ આપી.

“ચૂપ રહે હરામજાદી ! નથી જાણતી કે મારે લગ્ન કરવાની પ્રતિજ્ઞા છે ? ” કાંઇક ગુસ્સાથી બાળાએ દાસી શ્રીમતીને ધમકાવીં;

“ માફ કરો બેન માઠું લાગ્યું હોય તો ! બચપણની લીલા જુદી હોય છે. યુવાનીની ક્રીડા તેનાથી પણ જુદી હોય છે. બાળપણમાં જે વિચારો, વાતાવરણ, આચરણ હોય તેનું યૌવન આવતાં તરતજ પરિવર્ત્તન થઈ જાય છે, આ યૌવનનું તોફાન આમને આમ તમે કયાં સુધી ખમી શકશો ? ગાન, તાન અને બીજા અનેક બાહ્ય ઉપચારોથી પરણ્યા વગર એમ માનો છો કે તમે આત્માને તૃપ્ત કરી શકશો ? તેજ વખત અમે તો સમજાવ્યું હતું કે હાં હાં બેન ? એવી પરણવાની હઠ ન કરશો. પણ રાજહઠ અને સ્રીહઠ તેમજ બાળહઠ આગળ લાચાર ? ” શ્રીમતીએ આ મુગ્ધ બાળાને આસ્તેથી સમજાવવા માંડયું.

બાળા વિચારમાં પડી ગઈ. તેને પણ આજે સોળ વર્ષનાં વ્હાણાં વહી ગયાં હતાં, યૌવનનાં પ્રત્યેક લક્ષણો તેના અંગમાં પ્રફુલ્લિત થયાં છતાં કામદેવનાં પંચરંગી બાણો તેના ચિત્તને ચળવિચળ કરી રહ્યાં હતાં, હસતાં હસતાં અને વાતવાતમાં નહી પરણવાની કરેલી પ્રતિજ્ઞાએ આજે તેણીને મુશ્કેલીમાં ઉતારી હતી. હવે લગ્ન પણ થાય નહી, તેમ પ્રતિજ્ઞા પણ પલાય નહી ! ! આ દુઃખ તે કોને કહેવાય ? બાળિકા અંતરમાંને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંતરમાં મુંઝાતી હતી. ઉર્મિઓ હૃદયમાં ઉભરાતી ને પાછી ઠલવાતી હતી. આજે શ્રીમતીનું સત્ય વચન સાંભળી તેણીના હૃદયમાં તેની કાંઈક અસર થઇ આવવાથી આખરે તેણી બોલી "શ્રીમતી ? કહે આવે સમયે મારે શું કરવું ?"

"કોઇ ચતુર પુરૂષ સાથે લગ્ન કરવું." શ્રીમતીએ કહ્યું.

"છટ ! એમ કંઈ કરેલી પ્રતિજ્ઞા તોડાય ! શ્રીમતી, થુંકેલું શી રીતે ચટાય ! વળી ગુપ્ત રીતે પણ કોઈની સાથે પ્રીતી કરવાથી ઉલટી મારા કુળની આબરૂ જાય. ને મારા માબાપનું નામ કલંકીત થાય." બાળાએ પોતાના હૃદયનો ભાવ જણાવ્યો.

"એ કાંઈ મારાથી ન કહેવાય, આપણે એવું કામ કરીએ કે જેથી માબાપની આબરૂ પણ ન જાય અને તારૂં 'પણ' પણ જળવાય".

"તે કેવી રીતે વારૂ ?"

"કોઇ ચતુર પુરૂષ સાથે પરણીને ગુપ્ત રીતે તેની સાથે પ્રીતિ કરવી, ગાનતાન તથા ભોગવિલાસની તારી દરેક મુરાદો તારે પુરી કરવી. કહો ! ગાંધર્વવિધિએ લગ્ન કરેલા પતી સાથે સુખ ભોગવતાં કુળને ખાંપણ કયાંથી લાગશે ? ને બહાર પણ તમારી ઇજ્જત જળવાશે." શ્રીમતીએ વચલો માર્ગ સૂચવ્યો.

"અરે, પણ એ કેમ થાય ! જ્યારે એ વાત ફુટી જાય

ત્યારે જગતમાં મારી નિંદા થાય અને મારાં માતા પિતાની આબરૂના કાંકરા થાય."

"પણ એટલું નથી સમજતાં બેન ! કે પતિ વીના જન્મારો એળે જાય ! સ્ત્રીઓની શોભા તો પુરૂષથીજ જળવાય. મહીયરમાં રાજ્ય સાહેબી હોય, પોતે સૌંદર્ય સંપન્ન અને સ્ત્રીઓની ચોસઠે કળાએ કરીને યુક્ત હોય છતાં જો તેને પ્રિયતમ ચતુર ન મળે તો તેનું જીવતર જગતમાં વ્યર્થ જાય! સ્ત્રીઓનું સુખ, સોભાગ્ય, સમૃદ્ધિ એ સર્વ ચતુર પતિ મલવાથીજ ઉજ્વળ કહેવાય ! "

"હાં, પણ શ્રીમતી ? એવા ચતુર પુરૂષો કયાં રેઢા પડયા હોય તે એમ આપણને સહેજમાં મલી આવે ? કદાચ ચતુરની શોધ કરતાં જો કોઇ મુરખો નશીબ સાથે અફળાઇ જાય, તો બધું કર્યું–કારવ્યું ધૂળધાણી થાય, એ તો કલ્પવૃક્ષને મૂકીને બાવળ સાથે બાથ ભરવા જેવું થાય. "

"પુરૂષની ચતુરાઇની પરીક્ષા કરવામાં તમે કયાં ઓછાં ઉતરો તેમ છો ? તેને બરાબર કસોટીએ ચડાવવો એ તો તમારૂં ડાબા હાથનું કામ છે."

"પણ મુશ્કેલી એટલીજ છે કે એવી રીતેતો વાત બહાર પડી જાય, કેમકે એવું કોઈ પરકાર્ય નથી કે જેનો ભેદ ફુટી ન જાય, એવું કોણ વફાદાર માણસ હોય કે જે હૃદયની ગુપ્ત વાત હૃદયમાંજ સમાવી રાખે ? પાણી પીધા પછી પશ્ચાત્તાપ કરવો, ને સોનાની જાળ હાથે કરીને પાણીમાં નાંખી દુ:ખી થવું."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"બાઈ ! સંસારમાં દરેક માણસો કાંઈ સરખા હોતા નથી. 'બહુ રત્નાનિ વસુંધરા' દુન્યા ઘણા રત્નોથી ભરેલી છે. કોઈ ઉત્તમ પુરૂષો હોય તો કોઈ મધ્યમ અને કનિષ્ઠ પુરૂષોથી પણ દુન્યા ભરેલી છે, છતાં આપણી ચાલાકીથી આપણે કોઈ ઉત્તમ નર શોધી કાઢશું."

"અરે પણ એવું અત્યંત વિશ્વાસપાત્ર કામ કોને સોંપાય! શ્રીમતી ! ખરે તુંજ એટલું મારૂં કામ કરીદે ? તું વિશ્વાસનો ગેરઉપયોગ તો નહી કરને ?" કુમારીએ શ્રીમતીને આખરે પોતાનો હૃદયનો ભેદ જણાવ્યો.

"બાઈ ! વિશ્વાસ રાખો. સ્ત્રીઓના ચરિત્ર તમે શું નથી જાણતાં ! નારી ચરિત્રનો પાર પામવાની કોની તાકાત છે. તે પોતે ઇચ્છે તેમ કરવાને મુખત્યાર છે; દેવ પણ એના ચારિત્ર્યનો મહિમા જાણવાને લાચાર છે, તો પામર મનુષ્યના શા ભાર છે ?" શ્રીમતીએ પોતાની સ્ત્રી જાતિના ચરિત્રની પ્રસંશા કરવા માંડી.

"મારી સોળે સખીઓ (દાસીઓ)માં તું બુધ્ધિમતી અને ચાલાક છો. તારી વાત બરાબર છે કે આપણું સ્ત્રીઓનું ચરિત્ર અપાર છે."

"અને તે પણ આપણા મેં આગળજ અનુભવસિધ્ધ વાત છે. આપણા રાજા વિક્રમે પોતાના પુત્રનાં ચરિત્ર જોઇ તેણે સ્ત્રીચરિત્રને તુચ્છ ગણી સ્ત્રીચરિત્ર કરતાં વિક્રમ ચરિત્ર અધિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણી વિક્રમ ચરિત્ર એવું નામ રાખ્યું. ત્યારે પેલી મોહિની કુમારિકાએ વિક્રમ ચરિત્રને પરણીને કેવું તેનું પાણી ઉતારી નાખ્યું! બલ્કે સ્રીચરિત્રનું માહાત્મ્ય કેવું વધારી દીધું? આજે રાજા વિક્રમને પણ સ્રીચરિત્રનું માહાત્મ્ય કબુલ કરવું પડયું છે."

"બરાબર છે. એ મોહિનીએ જેમ સ્રીચરિત્ર ભજવી પોતાનું સત્ય શિયળ સાચવ્યું, તેવીજ રીતે આપણે–મારે પણ સ્રીચરિત્ર ભજવવું એમજની!" કુમારીએ મુદ્દાની વાત કરી.

"અને તમારા કાર્યમાં ખડેપગે મદદ કરવા હું તૈયાર છું. કહો તો કુવામાં ઉતરૂ, કહો તો અગ્નિમાં પડતું મુકું, જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં લગણ તો તમારાં કાર્ય કરવામાં પાછી ના કરૂં!"

"શ્રીમતી" ખરે તું મારી વિશ્વાસપાત્ર સખી છે. તારા જેવી આગળ હૈયુ ખોલવામાં કાંઇ પસ્તાવું ના પડે."

સોરઠા.

" સાથી તે સુ વિહાણ, જે હર બુઝે હૈયાતણી;
તેને સોંપીયે પ્રાણ, અબજે આવે આપણે."

"સખી! શ્રીમતી! આજ ઘણા દિવસથી મદનના તાપે હું શેકાઇ જાઉ છું! તો હવે મારે માથે આળ ન આવે તેવો કોઇ ઉપાય બતાવ. સખી! કોઈ ચતુરપુરૂષને તેડી લાવ! સરખે સરખી જોડી મળે તોજ જગતમાં યુગલો સુખી થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છેવટે કુમારીએ પોતાના સુમધુર અવાજે હૃદયનો મર્મ સખી આગળ પ્રગટ કર્યો.

"બાઈ ! શાંત થાવ ! તમારી મરજી મુજબ હું તેડી લાવીશ. જેની સાથે તમારૂં લ્હેણું દેણું હશે, તેજ આવશે. જેનો ગત ભવમાંનો તમારી સાથેનો રૂણાનુબંધ બાકી હશે તે ગમે ત્યાંથી આવી તમને પ્રેમથી નવાજશે."

"ગમે તેમ હશે પણ તેની પરીક્ષા કર્યા વગર હું તેની સાથે પરણવાની નથી. સમજીને ?"

"કેવી રીતે તમે પરીક્ષા કરશો, બાઈ ?"

"તે બધું એ વખતે તું જોજે. પણ હમણાં તો મદનની પીડાથી હું બહુ આકુળવ્યાકુળ થાઉ છું, માટે કોઇ યુવાનને તેડી લાવ."

"પણ બાઈ એમ ઉતાવળે કાંઈ આંબા પાકે નહીં, ધીરજ ધરો. હૃદયમાં હિંમત ધારણ કરો ! પ્રભુ તમારા મનોરથો પુર્ણ કરશે. તમને સુખી કરશે."

"દાસી ! ભલી થઈને કહું છું કે જા, અત્યારે બે પ્રહર રાત્રી વહી જવા આવી છે. જો આજે કોઇ સુગુણિયલ નહી આવે, તો મદનનો મુંગો માર મને પ્રભાત નહી જોવાદે. માટે મારા દીલને જીતનારો કોઈ પુરૂષ તું તેડી લાવ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સોરઠો.

થોડાં અનેરાં દુ:ખ, માનવી માતરને સહુ;
એથી અદકેરાં, વ્હાલ ભરાણાં આજ બહુ.

કુમારીએ પોતાની અતિ આતુરતા સખી આગળ પ્રગટ કરી.

" બેન ! આવતી કાલે જરૂર કોઈને તેડી લાવીશ. તમારી જોડી સંધાડી દઈશ. પણ આજે તો હવે બે પ્રહર રાત્રી પસાર થઇ ગઈ. જુઓછો ને કે નિંદ્રાની સત્તા જગત ઉપર કેવી જામી ગઈ ? "

" છતાં તું જા ! વિરહની પીડાની તને ખબર નથી. તેથીજ શરમ મુકી તને કહું છું કે તું જા ! બજારમાં તપાસ તો કરી આવ, ઉદ્યમ કરીશ તો કંઈપણ ફળ મળશે. "

કુમારીના અતિ આગ્રહથી શ્રીમતી ઉત્તમ વસ્ત્રાભૂષણ સજી બની ઠણી પોતાની શેઠાણીનો હુકમ બજાવવા હાથમાં ઉદાર પાનનું બીડું લઈ મકાનમાંથી તુરત બહાર નીકળી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨ જું.

## ' માળવેશ્વર '

અસલના વખતમાં પ્રજા સુખી છે કે દુઃખી તેની પોતે જાતે તપાસ કરવાને રાજાઓ રાત્રીના સમયે વેશ પરિવર્ત્તન કરી (છુપાવેશે) નગરમાં ફરવા નીકળતા હતા. અથવા તો પોતાના રાજ્યમાં પણ જાતીય તપાસ કરવાને ભૂલતા નહી. પ્રજાને સુખી રાખવી, તેમની અગવડો દૂર કરવી, દીન, દુઃખી, ગરીબ, અનાથ વગેરેને બનતી સહાય આપી તેમના સંકટમાં પોતે સહાયરૂપ થવું, તેનેજ રાજાઓ પોતાના જીવનનું સાર્થકય સમજતા હતા. પણ કોઈ રીતે પ્રજામાં અસંતોષ ઉપજે તેવી અનિષ્ટ વર્ત્તણુકોથી પ્રાયઃ રાજાઓ બહુ સાવચેત રહેતા હતા. હરકોઇ રીતે તેઓ પ્રજાપ્રિય બની પોતપોતાના રાજ્યત્વકાળમાં માતૃભૂમિનું ગૌરવ કેમ વધે, તે માટે અનેક પ્રકારે પ્રયાસો કરવામાં અચકાતા નહી. તેઓ સમજતા કે ખુદ વિધાતાએ તેઓને પૃથ્વીના અસંખ્ય મનુષ્યો ઉપર સત્તા ચલાવવાને—સામ્રાજ્ય ભોગવવાને મોકલ્યા છે. અને તેમાં પ્રજાજનની અનીતિ ને અત્યાચારોથી જો કડવાશ લેશે તો તે કુદરતનો ગુનેહગાર ગણાશે. પોતાની ગેરવર્ત્તણુકનો હિસાબ વ્યાજ સાથે તેને ચુકવવો પડશે, જેથી રાજાઓ પ્રાયઃ શુદ્ધ હૃદયના રહી દુરાચારો, જુલ્મો ને અનર્થદંડો થકી ડરતા રહેતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે સમયમાં આપણી વાર્ત્તા શરૂ થાય છે તે આજથી લગભગ ઓગણીસ સદી પહેલાનો વખત છે. જે સમયમાં ખુદ માળવેશ્વર વિક્રમ રાજા આ જગત ઉપર વિદ્યમાન હતા. મોટા ચૌદ મુગુટબંધી રાજાઓ તેમજ બીજા કેટલાક માંડલિકો, સામંતો, નાના રાજાઓ ને સરદારો તેમની સેવા કરતા હતા. મહાન વિક્રમ માટે જેટલું લખવું એ એક પુનરૂક્તિ જેવુંજ લેખાય. કેમકે જગતમાં આ બાલ વૃદ્ધ પર્યંત મહાન વિક્રમનું નામ કોઇકજ નહી જાણતું હોય, એવા પરદુઃખભંજન, પ્રાતઃસ્મરણીય મહારાજ વિક્રમ માટે સાહિત્યમાં અનેક પ્રકારનાં કથાનકો ઉપલબ્ધ થયેલા દૃષ્ટિગોચર થાય છે. તેમના રાજ્યાસન ઉપર આરૂઢ થયા પછી કેટલાંક વર્ષો બાદ આપણી વાર્ત્તાની શરૂઆત તેમના પાટનગર ઉજ્જયિનીમાંજ થાય છે. આપણી વાર્ત્તાની પૂર્વે પણ મહાન વિક્રમે અગ્નિ વૈતાલની મદદથી અનેક મહાન્ કાર્યો સિદ્ધ કર્યાં હતાં. કહે છે કે અવંતિની અધિષ્ટાયિકા હરસિદ્ધદેવી પણ વિક્રમને સાક્ષાત્કાર હતી. પરાક્રમે કરીને અદ્વિતીય, દાનેશ્વરી, દયાળુ, પ્રજાવત્સલ, પરદુઃખભંજન ઈત્યાદિ અનેક ગુણોએ કરીને જેણે પૃથ્વીને અનૃણી કરીને પ્રવર્ત્તાવેલો સંવત ઓગણીસ ઓગણીસ સદીઓ વહી ગયા છતાં પણ આજે અસ્ખલિત પણે વિદ્યમાન છે. એવા આ પરાક્રમી પુરૂષ માટે વિશેષ પરિચય નહી આપતાં હવે વાર્ત્તાના રસમાંજ આગળ વધવા યોગ્ય ધારી યથાવકાશે વિશેષ પરીચય પણ થશે. અત્યારે તો સમયને ઉચિત ચાલવું એજ આવશ્યક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અત્યારે જ્યારે જગત નિંદ્રાદેવીના ઉત્સંગમાં શાંત હતું, આખું લાખ માળવાનું કેન્દ્રસ્થાન ઉજ્જયિની સમાધિમાં વિશ્રાંત હતું. તે અરસામાં પરાક્રમી વિક્રમ રાજા પ્રજાનું સુખ દુઃખ સ્વયં નિરખવાને ચોક, ચૌટાં અને બજારોમાં સામાન્ય એક ગૃહસ્થ જેવા વેશે ફરતો ફરતો ચાલ્યો જતો હતો. મધ્યરાત્રાનો સમય હોવાથી માણસોનો પગરવ કવચિતજ જણાતો હતો. દિવસના જ્યાં પગ મુકવા જેટલી જગ્યા ન મળે તે જગ્યાઓ અત્યારે ઉજ્જડ અને શૂન્યમય જણાતી હતી. રાજા વિક્રમ એવી રીતે નગરીનું અવલોકન કરતો ચાલ્યો જાય છે. ત્યાં એક સુંદર સ્ત્રી નજીકમાં ઉભેલી તેની દૃષ્ટિએ પડી. તેથી પોતે પણ અટકી પડયો "આવી મધ્યરાત્રીના સમયે આ સુંદર સ્ત્રી રસ્તામાં કેમ ફરતી હશે!" રાજા વિચારમાં પડયો, તેટલામાં તો તે સુંદર સ્ત્રીએ તેને કોઇ સુંદર પુરૂષ ધારી પોતાના હાથમાં રહેલું પાનનું બીડું આપ્યું !!

"હે સુંદર સ્ત્રી! કહો મારા સરખું કામકાજ કંઇ!" તે પુરૂષે પાનનું બીડુ લેતાં સુંદરીને કહ્યું.

"શ્રીમાન્! આપ અમારે મહેલે પધારો! ત્યાં મારી શેઠાણી આપને તેડે છે." શ્રીમતીએ કહ્યું.

"સુંદરી! શું ત્યારે તું એની દાસી છે?"

"હાજી! મારી શેઠાણીને મારા જેવી સોળ સખીઓ (દાસીયો) છે. જે ખુદ પોતેજ આ પાનનું બીડું મોકલાવી તેની પાસે પધારવા અરજ કરે છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" ઠીક છે ! તમારી બાઇને પૂછી આવો ! શું કામ છે તે તપાસ કરી મને ફરમાવો ! "

" દેવ ! આપ જાતેજ ત્યાં પધારો ! મારી બાઈ અનેક પ્રકારે આપની સેવા ભક્તિ કરશે. આપને કાંઈ જુદોજ અનુભવ થશે. "

શ્રીમતીનાં કેલીમય મૃદુ વચનો સાંભળી ને પુરૂષ ચમક્યો. " જેની દાસીઓ આવી અપૂર્વ લાવણ્યતાવાળી છે તો પછી એ બાઈસાહેબમાં તે વિધિએ શું ખામી રાખી હશે ? ખરેખર બ્રહ્માએ એને ફુરસદેજ ઘડી હશે. જઇને જોવા તો દે કે એ કેવીક હશે " આમ મનમાં વિચાર કરી તે પુરૂષ તેની સાથે સાથે ચાલ્યો ગયો. સૌભાગ્યભુવનમાં તે બન્ને પેઠાં અને શ્રીમતિ તે પુરૂષને ત્રીજે માળે લઇ જઈ બારી નજીક ઉભો રાખી બાઈને અંદર ખબર આપવાને ગઈ. તરતજ કુમારી શૃંગાર સજીને અંદરના ઓરડામાંથી બહાર નિકળી રાજાની સામે હિંડોળા ઉપર બેઠી. ત્યાં તો રાજાએ તેનું અનુપમ રંભા સરીખુ સૌંદર્ય જોયું.તેની દિવ્ય કાંતિ રૂપી અમૃતનું પાન કરતો, તેણીના વચનની રાહ જોતો ગુપચુપ બારી આગળ રાજા ઉભો.

"આવી સુંદર સ્ત્રી કોણ હશે ! તેને મારૂં શું કામ હશે ! શું તે દુઃશિલા તો નહી હોય, હશે જે હશે તે હમણાં જણાશે. બાળા સરખી જણાતી બાળા એ પરણેલી હશે કે કુંવારી, હશે જોવા તો દે તેણી શું રમે છે જારી વિજારી. "

એટલામાં તો હિંડોળે ઝુલતાં ઝુલતાં બાઇએ સમસ્યા કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના હાથ કાને દીધા પછી રાજાને પોતાનો જમણો હાથ બતાવ્યો. આ બે સમસ્યા જોઈ પુરૂષ વિચારમાં પડયો કે "સુંદરીએ કંઈક સમસ્યા કરી, પણ તેનો પરમાર્થ સમજાતો નથી, જેથી હૃદયમાં જરી દુભાણો. વળી ત્રીજી વખત કુમારીકાએ હાથમાં વીણા લીધી, તોપણ રાજાને એની સમજ પડી નહી.

વળી તેણે પોતાની જંઘા બતાવી, તેમજ પુષ્પનો સુંદર દડો લઇ, હાથેથી મુખ આગળ લઈ તેને સુંઘી ભૂમિ ઉપર મૂકી દીધો. અને પછી તે બાળા હસી. પણ આ પુરૂષ તેનો પરમાર્થ સમજ્યો નહી. આખરે કુમારીનિરાશ થઇ અંદરચાલી ગઈ અને શ્રીમતિ નેકહ્યું "દાસી ! ઉપરથી સુંદર જણાતા આવા ગમારને તું કયાંથી લાવી ? કે મારી એક પણ સમસ્યા તેના સમજ્યામાં ન આવી."

"બાઇ ! આતો પહેલેજ કોળીયે મક્ષિકા આવી. તમારા ભાગ્યમાં હતો તેને હું તો લાવી." શ્રીમતિએ પ્રત્યુત્તરમાં જણાવ્યું.

"આવા મુર્ખાને હું શું કરૂં ? જા, અત્યારેને અત્યારે એને પાછો વળાવ. કોઈપણ રીતે એને સમજાવી રવાને કરીને આવ. !"

"બાઈ ! આવા રૂડા પુરૂષનો કાં નિષેધ કરો છો ? વિધિએ જે આપ્યો તે ખરો, હવે એનાથી પ્રેમ કરી ભોગ ભોગવવામાં શાને વિલંબ કરો છો ?"

"નહી ! આવા બેવકુફને હું શું કરૂં ? જે કાંઈ પણ

સમજતો નથી. તેની સાથે મારે શું ભોગ ભોગવવા ? સોબત કરવી તો કોઇ સુજનની કરવી કે જેથી પાછળ પસ્તાવું ન પડે.

સોરઠો.

અગર તણે અનુસાર, પીડંતા પરિમલ કરે;
તે સજ્જન સંસાર, જોતાં જાય વિરલા મળે. ૧
મિત્તા એહવા કીજીએ, જેહવા ટંકણખાર,
આપ જળે પર રીઝવે, ભાંગ્યા સાંધે હાડ. ૨
મિત્તા એહવા કીજીએ, જે બેઠા સોહે પાસ;
વર શીર બદનામી ચડે, લોક ન દે શાબાસ. ૩

મુર્ખ માણસથી પનારો પાડી જીંદગી આખી ઝુરી મરવું તેના કરતાં તેનાથી દૂરજ રહેવું બહેતર છે. જાણી જોઈને કુવે શામાટે પડું ? આવતી કાલે જે પુરૂષ આવશે તેને હું નિશ્ચયથી વરૂં. પણ આને તો તું સમજાવી બહાર પહોંચાડી આવ ! ”

બાળાનાં વચન સાંભળી શ્રીમતિ તે પુરૂષ પુંગવ પાસે આવીં હાથ જોડી અરજ કરવા લાગી કે “ મહારાજ, આપ હવે આપને ઠેકાણે પધારો ! આપના દર્શનથી મારાં શેઠાણી પ્રસન્ન થયાં, તેમનાં કાર્ય સિદ્ધ થયાં. ” દાસીનાં વચન સાંભળી પુરૂષ વિલખો પડયો ને મનમાં વિચાર કરતો તે સૌભાગ્ય ભૂવનના ત્રીજે માળથી નીચે ઉતર્યો. દાસી શ્રીમતી મંદિરના દ્વાર પર્યંત વળાવી દ્વાર બંધ કરી મેડીએ ચઢી ગઇ. રાજા મકાનની નિશાની ધ્યાનમાં રાખી પશ્ચાતાપ કરતો આગળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વધ્યો. " કુમારીએ કેવા રમણીય સંકેતો કર્યા, પણ તેનો પરમાર્થ સમજ્યા વગર સર્વે વ્યર્થ ગયા. હાય ! વિચાર કર્યા વગર એને ત્યાં ગયો એ ઠીક ન થયું, મોટી ભૂલ થઇ ગઇ કે પોંક ખવાણો નહી ને ઉલટા હાથ દાઝી ગયાં. પણ હવે શું થાય આપણે તો એમને એમ એની સમશ્યા પુર્યા વગર રહી ગયા. છતાં આવતી કાલે કોઇ એ સમસ્યાનો પૂરનાર ચતુર આવશે તો ખરો ? હું પણ જોઉં તો સહી કે એ બધો શું ભેદ છે." એમ વિચારી રાજા પોતાના આવાસ તરફ ચાલ્યો ગયો. આ તરફ શ્રીમતિ પણ રાજાને વળાવી પોતાની ઠકુરાણી પાસે આવી, એ મદનના બાણથી આકુળ વ્યાકુળ થયેલી અને નાજુક તરૂલતાની માફક કંપતી બાળાએ પણ વિરહના સંતાપમાં જેમ તેમ રાત્રી પુરી કરી.

એક વયોગી રોગીયા, સહેજે સરિખું થાય,
દિન જાયે જન વાતડી, પણ રયણી નવી જાય. ૧

# પ્રકરણ ૩ જું.

## સિદ્ધસેન પંડિત.

" રાજન ! બોલાવ ! બોલાવ ! તમારી સભામાં પાંડિત્યનું અભિમાન કરનારા જે કોઇ ગર્વિષ્ઠ પુરૂષો આજ સુધી તમારા વેતનથી તાગડધિન્ના કરતા હોય તે સર્વને મારી સમક્ષ વાદ કરવાને બોલાવ ! " એક દિવસે વિક્રમાદિત્યના જમાનામાં દક્ષિણ દેશને વિશે કર્ણાટકની રાજ્યસભામાં પ્રવેશ કરતા એક મહાન વિદ્વાન પુરૂષે ગર્જના કરી. તેની ગર્જના તેમજ તેનો વિચિત્ર વેશ જોઇને સકળ રાજ્યસભા રાજન સહિત આશ્ચર્ય ચકિત થઇ ગઈ.

" આપ કોઈ મહાન્ વિદ્વાન્ પુરૂષ જણાઓ છો ! મારા સમર્થ પંડિતો આપની સાથે વાદ કરવાને તૈયાર છે. કહો, આપને ધર્મ સંબંધી વાદ કરવો છે કે શાસ્ત્રાર્થ સંબંધી ? ફક્ત વિદ્વત્તા જોવાની ખાતર કે અમુક ઉદ્દેશને લઇને શરૂઆત કરવા આપની ઇચ્છા છે ? " રાજાએ તે સમર્થ પંડિતને જણાવ્યું.

" સકલ શાસ્ત્રોનો હું પારંગામી છું. ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વ્યાકરણ શાસ્ત્ર, કાવ્ય શાસ્ત્ર, છંદ શાસ્ત્ર, ગણીત શાસ્ત્ર વગેરે સર્વ શાસ્ત્રોનું રાત્રી દિવસ અધ્યયન કરી તેમને પણ કુચ્ચાની માફક નકામા કરી નાખ્યાં છે. જ્યોતિષ શાસ્ત્ર તો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાત દિવસ મારી જીહ્વાએજ તરવરી રહ્યું છે. ધર્મશાસ્ત્રો, વેદ પુરાણો, નીતિ શાસ્ત્રો મારા હૃદયમાં વાસ કરીને રહ્યાં છે. એવું કોઈપણ શાસ્ત્ર જગતમાં અવશેષ નહીં હોય કે જે મારી સેવામાં હાજર ન થયું હોય." પંડિતે પોતાની સમર્થતા કહી બતાવી. તેને વિદ્યાનો મોટો ગર્વ હતો. ગર્વથી તે જગતના સર્વ પંડિતોને તૃણસમાન ગણતો હતો. તેથીજ તે કોઇની પરવા કરતો નહોતો. રાજ્યસભાના પંડિતો આ પંડિતને જોઇ મનમાંને મનમાં ગહ્યાં તહ્યાં કરી રહ્યાં હતાં કે આ આકસ્મિક પીડામાંથી છુટી ઇજ્જતનું સંરક્ષણ કઇ રીતે કરવું.

"ભલે, આપ સકલ શાસ્ત્રના જાણકાર હો તો મારા સમર્થ પંડિતો આપની સાથે વાદ કરશે; પરંતુ તે પહેલાં આપ કહો કે આપનું મુબારક નામ શું? આપ પ્રથમજ આ રાજસભામાં આવો છો કે આવી રાજસભાઓની હાજરી આપે આની પૂર્વે લઇ લીધી છે?" રાજાએ તે પંડિતની આજુબાજુની સ્થીતિ જાણવાને ઇરાદે તેને પૂછયું. રાજસભા "આ નવો પંડિત કોણ છે" તે જાણવાના આશાએ આતુરહૃદયે એક ચિત્તે સાંભળવા લાગી.

"આશ્ચર્ય! હજી સુધી આ વિદ્વાનનું નામ પણ આપની સભાની જાણ બહાર છે રાજન્! સાંભળો ત્યારે, માળવેશ્વર (વિક્રમાદિત્ય) નો માનિતો:પુરોહિત મંત્રી દેવર્ષિ નામે બ્રાહ્મણનો પુત્ર ચૌદ વિદ્યાનો જાણ સિદ્ધસેન પંડિત દેશોદેશના પંડિતોને જીતતો આજે તમારા દરબારમાં બેઠા બેઠા તમારો

હરામનો પગાર ખાનાર, પાંડિત્યનો ડોળઘાલુ એવા શાસ્ત્રીઓની ખબર લેવા આવ્યો છે. માળવેશ્વર વિક્રમાર્કનો માનિતો અને જગતના પંડિતોને તૃણ સમાન ગણુતો હું સિદ્ધસેન (બ્રાહ્મણ) પંડિત છું ", સિદ્ધસેનની વાણી સાંભળી સભાના સર્વ પંડિતોના હૃદયમાં ક્ષોભ ઉત્પન્ન થયો, કેમકે પંડિત સિદ્ધસેનનું નામ તે જમાનાના ભારતના સમર્થ વિદ્વાન તરીકે ગણાતું હતું. જેમ દરેક શત્રુ રાજાઓના ગર્વ ઉતારવાને પરાક્રમી વિક્રમાદિત્ય સમર્થ હતા. કે દુશ્મન રાજાઓ તેમનું નામ સાંભળીને થરથરતા હતા, તેવીજ રીતે પંડિત સિદ્ધસેનનો યશ પણ ભારતવર્ષના સમસ્ત પંડિતોના હૃદયમાં આરપાર ભેદી ગયો હતો. પંડિત સિદ્ધસેને પોતાના પાંડિત્યથી ભારતના પંડિતોમાં અજબ ખળભળાટ મચાવ્યો હતો. કેટલાક પંડિતો તો તેમનું નામ સાંભળીને કાગડાની પેઠે નાશી જતા હતા, ત્યારે કેટલાક દંભી પંડિતો બગલાની માફક છળકપટ લગાવી સિદ્ધસેનને હરાવવા પ્રયત્ન કરતા, પણ પોતાની કુયુક્તિ પંડિત સિદ્ધસેન આગળ ચાલી શકતી નહોતી ને આખરે પોતાને હારી જવું પડતું હતું.

" પંડિતજી ! આપનું મુબારક નામ આ દેશમાં પણ રાજાથી ગરીબ પર્યંત રાજા વિક્રમની માફક જાણીતું છે. પરંતુ આપનાં સાક્ષાત દર્શન કોઈ પ્રસંગે નહી થયેલા હોવાથી આપને ઓળખવામાં સહેજ મુશ્કેલી નડી. જેવું આપનું સમર્થ નામ સાંભળેલું છે, તેવુંજ આપનું પાંડિત્ય આજે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોવાની તક મલવાથી અમે ખુશી છીએ. પણ મહાશય ! આપને આ પેટે પાટા બાંધવાની; તેમજ આપની સાથે આ નિસરણી, કોદાળી, ઘાસની પુળી વગેરે રાખવામાં આવે છે તેનો શું મર્મ છે તે જરા સમજાવશો ?" રાજાએ તેમની સાથેની આ વસ્તુઓ જોતાં આશ્ચર્યથી પૂછયું.

"રાજન્ ! હું સર્વ વિદ્યા ( ચૌદ વિદ્યા ) ભણેલો છું. જેથી કદાચ મારૂં પેટ ચીરાઇ જાય માટે હું પેટે પાટા બાંધી રાખું છું. હવે જુઓ નીસરણી રાખવાનું કારણ એટલુંજ કે કોઇ પંડિત મારી સાથે વાદ કરવાના ભયથી હારીને ઉંચે ચઢી જાય તો આ લાંબી નિસરણી ઉપર ચઢી તેને નીચે ઉતારી વાદમાં હરાવવો. કદાચ જળમાં સુયોધનની માફક સ્થંભિની વિદ્યાથી જળ સ્થંભાવીને ઘુસી જાય તો આ જાળથી એને બહાર ખેંચી કાઢવો. વળી જો કોઇ પૃથ્વીમાં પેસી જાય તો આ કોદાળાથી પૃથ્વીને ખોદી જમીનમાંથી બહાર ખેંચી કાઢવો અને વાદવિવાદ કરતાં જો હારી સ્તબ્ધ થઇ જાય તો આ ઘાસની પુળીમાંથી એક તરણું તેને દાંતે લેવરાવી તેને છોડી મુકવો." પંડિત સિદ્ધસેને પોતાની પાસેની વસ્તુઓનું જે સ્વરૂપ હતું તે રાજસભા આગળ વિગતવાર કહી બતાવ્યું ને સકળ પંડિતોનાં વદન વર્ષાદની ભરેલી શ્યામ વાદળીઓની પેઠે ઝાંખા પડી ગયાં."

"આપની યુક્તિ તો ઠીક છે. આપની સાથે વાદ કરતાં હારનાર માટે તો આપે ઠીકજ ઉપાય બતાવ્યો, પણ કદાચ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિધિ વશે આપનીજ હાર થાય તો તેમાં આપની શું શરત છે ? " રાજાએ પંડિતને કહ્યું.

" રાજન્ ! તે માટે પણ મારી પ્રતિજ્ઞા છે, જેનાથી હું હારી જાઉં તેનો શિષ્ય થઇ જાઉં-તેનો દાસ થઇ જાઉં ! " સિદ્ધસેને રાજા તેમજ સભાના મનનું સમાધાન કર્યું.

" તે વાત તો વ્યાજબી છે; હવે કર્ણાટક દેશના પંડિતો આપને પોતાનું પાંડિત્ય બતાવશે. " રાજાએ સિદ્ધસેન પંડિતના મનનું સમાધાન કરી સભામાં બેઠેલા પંડિતો તરફ નજર કરી. પણ સર્વે પંડિતોનાં વદન અધોમુખ રહી ગયા હતાં. સિદ્ધસેનની સામે આંખ માંડવાની પણ કોઇનામાં શક્તિ નહોતી. તો પછી વાદ કરવાની તો વાતજ શી કરવી ? સભાના પંડિતોની આવી કરૂણાજનક સ્થીતિ જોઈ રાજા વિમાસણમાં પડ્યો "અરે આ શું! મારા પંડિતો બધા નામ માત્રજ પંડિત જણાય છે ! શું પંડિત સિદ્ધસેનથી બધા ડરી-હારી જાય છે ? રાજા મનમાં ગણગણ્યો. છેવટે પોતાના પંડિતોને ઉદ્દેશીને રાજાએ કહ્યું. " પંડિત સિદ્ધસેન સાથે વાદ કરનાર કોઇ પંડિત મારી સભામાં છે કે બધા શોભાના પૂતળાં જ માત્ર છે ?" રાજાની ચાનક ભરેલી વાણી સાંભળી પંડિતો અધોમુખવાળા થઇ ગયા.

"અરે ! આજસુધી રાજાનો હરામનો દરમાયો ખાનારા શુષ્ક પંડિતો ! ઉઠો ! મારી સામે આવો ! તમારી વિદ્વત્તાનો પરિચય બતાવો ! રાજાનો ખાધેલો પગાર તેને હક્ક કરી

બતાવો ! અથવા તો આ ઘાસનું તરણું મ્હોમાં લઈ મારા પાયે પડી આધિનતા સ્વીકારો ! યાદ રાખજો કે મ્હોમાં તૃણ લેવડાવ્યા વગર કદાપિ હું તમને છોડનાર નથી. તમને જીત્યા વગર હું પાછો ફરનાર નથી." પંડિત સિદ્ધસેને તેમને પડકાર્યા.

સિદ્ધસેનનાં અભિમાનયુક્ત વચન સાંભળી કેટલાક મોટા પંડિતો ખળભળ્યા; છતાં તેમની સાથે વાદ કરવાને ઉભા થઈ ગયા. "ઉભા રહો ! ઉભા રહો ! એ તમારા પાંડિત્યનો ગર્વ અમે ઉતારશું" એમ બોલતા સિદ્ધસેનની સામે આવી એક પછી એક વાદવિવાદ કરવા લાગ્યા. અનેક પ્રકારની યુક્તિ કુયુક્તિથી છળભેદ કરવાને જેમ ડુબતો માણસ ફીણને પકડે તેમ સિદ્ધસેનને જીતવાનાં ફાંફાં મારવા લાગ્યા. રાજા મધ્યસ્થપણે તેમનો વાદવિવાદ શ્રવણ કરવા લાગ્યો. સભા પણ પંડિત સિદ્ધસેનના આવવા પછી જેમ જેમ પ્રજાજનને ખબર પડતી ગઇ, તેમ તેમ માણસોના ભરાવાથી ચીકાર થતી ગઈ. માળવેશ્વર વિક્રમાર્કનો માનનીય પંડિત આપણા દેશના પંડિતોને જીતવાને આજે રાજસભામાં આવ્યો છે—એવા સમાચાર જેમ જળમાં તેલ બિંદુ વિસ્તરે તેમ ગામમાં (નગરમાં) ફેલાતાં સભાની બાહેર પણ આ કુતુહલ જોવાને મનુષ્યોની વિશાળ મેદની જામી ગઈ હતી. પંડિત સિદ્ધસેન સાથે વિદ્વત્તામાં નિપુણ એવા ચુંટી કાઢેલા પાંચસો શિષ્યો (બ્રાહ્મણ વિદ્યાર્થી) હતા. સાથે પુસ્તકોનાં પાંચસો શકટ (ગાડા) હતા. આ અસંખ્ય મેદિની વચ્ચે કર્ણાટક નરેશના મધ્યસ્થ-

પણુ નીચે પંડિત સિદ્ધસેનનો વાદવિવાદ શરૂ થયો. પરંતુ અલ્પ સમયમાં જ કર્ણાટક નિવાસી પંડિતો એક પછી એક સિદ્ધસેન આગળ હારી ગયા. તેમને દાંતે તૃણ લેવડાવી સભા સમક્ષ સિદ્ધસેને પોતાની ઉદારતા બતાવી દાસપણામાંથી મુક્ત કરી છોડી મુકયા ! એવી રીતે માળવાના પંડિતોનો ગર્વ તોડનારે મહારાષ્ટ્ર અને દક્ષિણ દેશના સમસ્ત પંડિતોનો ગર્વ તોડી, પોતાની વિદ્વત્તાનો વિજયધ્વજ ફરકાવ્યો. સ્વદેશના પંડિતોના માનનું મર્દન કરનાર પંડિત સિદ્ધસેનનું ગુણગ્રાહી રાજાએ ઘણું સન્માન કર્યું. તેમને જોઈતી સગવડતા કરી આપી રાજાએ યોગ્ય નજરાણું ભેટ કર્યું. સભા બરખાસ્ત થઈ. લોકો પરદેશી પંડિત સિદ્ધસેનનાં વખાણ કરતા કરતા વિખરાવા લાગ્યા, ધન્ય છે એ માળવ દેશને ! જ્યાં વિક્રમાદિત્ય જેવાં રત્નો વિધિએ ઉત્પન્ન કીધા છે ! એજ ભૂમિમાં આવું અમૂલ્ય રત્ન ઉત્પન્ન થાય એમાં શી નવાઇ ?

विद्वत्वं च नृपत्वं च, नैव तुल्यं कदाचन ॥
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ॥ १ ॥

# પ્રકરણ ૪ થું.

## રૂપચંદ્ર કુમાર.

"શ્રીમતી ! ગઈકાલે તું પુરૂષને લાવી તો ખરી, પણ આપણું કાર્ય તો સફળ ન થયું. મુર્ખ માણસની સાથે દૈવયોગે સમાગમ થાય તો શું કરવું ?" બીજે દિવસે રાતનો એક પ્રહર વિત્યે રાજકુમારી અને તેની સખી શ્રીમતી વાતો કરવા લાગ્યાં. રાજકુમારીને સોળ સખીઓ હતી, પણ તેની આંતરિક વાતો તો તેની માનિતી દાસી શ્રીમતી જ જાણતી હતી. શ્રીમતી તેની માનિતી અને વિશ્વાસપાત્ર હોવાથી સર્વ સખીઓના શયન પશ્ચાત્ કુમારીએ ગોખમાં પોતાના સૌભાગ્યભુવનના રસ્તા ઉપર પડતા ઝરૂખામાં આવીને શ્રીમતિ સાથે કાંઇ વિશેષ ખુલાસાથી વાત શરૂ કરી.

"તમેજ કહોને, બાઈસાહેબ ! મુર્ખની સાથે સમાગમ થાય તો શું કરવું ?" શ્રીમતીએ કુમારીનેજ પૂછયું.

"મૌન રહેવું."

"કહો ! બાઇ સાહેબ ! હવે આજે શું ફરમાન છે ! દાસી હુકમ બજાવવા તૈયાર છે.?"

"શ્રીમતી ! જા ! આજે કોઈક ગુણીયલ શોધી લાવ. પુષ્પધન્વાના મારથી પીડા પામતી આ કુમારીના હૃદયમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શીતલતાનો મંત્ર પઢાવ! ચતુર નરની સાથે મારો મેલાપ કરાવ!" કુમારીએ શ્રીમતીને ફરમાવ્યું.

"બાઇ! તે હું કાંઈ ન જાણું! તમે બતાવો તેનેજ હું તમારી આગળ આણું. તે સિવાય હું પોતે હવે કોઇ ચતુરને લાવી શકું તેમ નથી. તમારી મુરાદો બર કરી શકું તેમ નથી."

"ઠીક છે તો એક કામ કર! શ્રીમતી! જો આ સામે તંબોળીનું હાટ છે ત્યાં અત્યારે અનેક નાના, મોટા, બાળ, યૌવનવંત, વૃદ્ધ વિગેરે શોખીનો આવે છે અને જાય છે; પણ તંબોળી કોઇને હિસાબમાં ગણતો નથી. ચાર ઘડી રાત્રી વીત્યા પછી એક કુમાર આવે છે. તેનું ઘણું માન સન્માન કરી પોતાની પાસેના ઉંચામાં ઉંચાં પાન તંબોળી બતાવે છે ને તેમાંથી પણ ઉત્તમ ઉત્તમ પાન ચુંટી કાઢીને ખરીદ કરી તેના મુઠ્ઠી ભરીને દામ આપે છે. જેથી તંબોળી ઘણો ખુશી થતો તેનું સન્માન હંમેશાં સારી રીતે જાળવે છે. એવી રીતે પ્રતિદિવસ હું જોઉં છું, માટે તે પુરૂષને તું અહીં તેડી લાવ!" કુમારીએ પોતાની પસંદગી બતાવી.

"પણ તે ચતુરના નામની તમને કાંઈ ખબર છે કે?" શ્રીમતીએ પૂછયું.

"નહી? તેનું નામ તો હું જાણતી નથી, કિન્તુ એ કુમારને જોઈ તેની ઉપર હું મોહી પડી છું. તેને મળવામાંજ જીવનને હું ધન્ય ગણું છું! આહ.... શ્રીમતી? શું એની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથી સરખી ચાલ ! કેવું એનું અનુપમ તારૂણ્ય ! શી એની ચતુરાઈ ! દાસી ! એવા જ ચતુર પ્રિયતમ સાથે મીલન થાય તોજ સંસારમાં સંપૂર્ણ રીતે આવી ઠકુરાઈ ભોગવાય ! માટે જા ! તારી ચાલાકી બતાવી કોઇ પણ રીતે એ છેલ છબીલાને મારી પાસે શીઘ્ર હાજર કર !" "વારૂ બાઈસાહેબ ! એ તમારો મનમોહન તંબોળીને ત્યાં આવે એટલે મને કહેશો. પછી તો મારૂં હું સંભાળીશ. કોઇ પણ રીતે સમજાવી પટાવી તમારી પાસે હું તેને રજુ કરીશ. વાહ ! હાથિણીએ કયાં જ તો કળશ ઢોળ્યો છે. ?" શ્રીમતીએ કહ્યું.

"જરૂર ! એ આવશે એટલે હું તને ઓળખાવી દઈશ.પણ !" કુમારી આગળ બોલતાં કાંઈક વિચાર આવવાથી અટકી પડી.

"બેન ! અટકયાં કેમ ? પણ શું વળી ?" શ્રીમતીએ અધુરૂં વાકય પૂર્ણ કરવાને પૂછયું. "શ્રીમતી ! જોજે મારા વિશ્વાસનો ભંગ કરતી ? સમજી ?"

"અરરર ! બાઈ ! હજી પણ શંકાની નજરે જુઓ છો; તો તમે જાતેજ ઇશારતથી તેને બોલાવી લ્યો, ને સંસાર તમારો સુધારી લ્યો !"

"નહી ! નહી ! હું એમ કહું છું કે મારો પ્રિય શિકાર અલી જોજે વાટમાંથી તુંજ હજમ ન કરી જતી ! કુંવરને તું તારો–પોતાનો ના કરી લેતી !" પ્રથમ તારૂણ્યને યોગ્ય તરૂણીના હૃદયમાં નિવાસ કરી રહેલી ઈર્ષ્યા, અધીરાઇ કુંવરીના હૃદયમાં ઉભરાઇ આવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" બેન ! વિશ્વાસ રાખ ! બાણાસુર વિદ્યાધરની કુમારિકા ઉષાએ સખીમાં વિશ્વાસ મુકયો તો શ્રી કૃષ્ણ વાસુદેવના પૌત્ર અનિરૂદ્ધ પ્રિયતમને તેની સહાયથી મેળવી શકી. તેમ તું પણ તારા પ્રાણવલ્લભને મેળવી શકીશ. " કુમારિના હૃદયમાં ધીરજ લાવવાને શ્રીમતીએ તેને ઠીક ઠીક રીતે સમજાવ્યું.

તેટલા અવસરમાં તો કુમારીની નજર તંબોળીના હાટ-પર વારંવાર પડતી હતી, ત્યાં પોતાના ઇષ્ટદેવને જોતાંજ શ્રીમતીને કહ્યું "શ્રીમતી ? જો ! જો ! જરીના ભરેલા ફેંટાથી કુમારનું મુખારવિંદ કેવું શોભી રહ્યું છે. એના ચરણમાં શોભતી રત્નજડિત મોજડીઓ મારૂં દીલ લોભાવી રહી છે. હાથમાં સુવર્ણથી મઢેલી યષ્ટિકા કેવી શોભી રહી છે. પાંચે અંગુલીઓ ભિન્ન ભિન્ન મુદ્રિકાઓથી પોતાની પ્રભામાં વધારો કરી રહી છે. જેણે અમૂલ્ય વસ્ત્રાભરણોથી યૌવનની શોભાને હદ બાહેર વધારી દીધી છે. એવો આ કોડિલો કુંવર પાન ખરીદી રહ્યો છે તેને પાછો વળે ત્યારે સમજાવી આપણા સૌભાગ્યભુવનમાં તેડી લાવ ! મારા હૈયાની હોંશો પૂરી કરાવ ! "

શ્રીમતી કુમારીનું વચન સાંભળી તેને ઓળખી લઇ સોળે શણગાર સજી ચોસઠ પાનનું ઉદાર એવું સ્વાદિષ્ટ બીડું લઇ રૂમઝુમ કરતી નીચે ઉતરી સૌભાગ્યભુવનની બહાર નીકળી તેનો જવાનો માર્ગ રૂંધીને વચમાંજ તેને જોતી ઉભી રહી. આ તરફ કુંવર પણ પાન ખરીદ કરી પોતાને મંદિરે જવાને ત્યાંથી પાછો વળ્યો અને તેની પાસેથી નીકળતાં શ્રીમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તીએ તેને માર્ગ રોકી તેને પાનનું બીડુ આપ્યું ! આસપાસ ફરતા એક માણસની નજર પડવાથી તે ચાંકયા !" "ઓહ.... આ તો કાલ વાળી ? અને આ પુરૂષ કોણ ? ઠીક છે, ગુપ્ત રીતે તેની તપાસ તો કરવી, તે માણસ તે પ્રેમઘેલાં પારેવાં ન જાણે તેમ તેમની પુંઠ પકડવાને શું થાય છે તે જોવાને ગુપચુપ ત્યાં આગળ છુપાઈને ઉભો રહ્યો.

"સુંદરિ ! કહે ! તારે મારી સાથે શું કામ છે!" પાનનું બીડું લેતાં કુમારે શ્રીમતિને કહ્યું.

"કુમાર ! આ સામે જે મહેલ દેખાય છે ત્યાં અમારી બાઈ સાહેબનો નિવાસ છે. રૂપે રંભાનો પણ તિરસ્કાર કરનારી અમારી એ સ્વામિની અહર્નિશ આપનું ધ્યાન ધરે છે. તેજ બાલિકા આપને પોતાની સમક્ષ તેડે છે. ક્ષણભર પણ આપનો વિરહ નહી સહન કરનારી અમારી ઠકરાણીની સેવા સ્વીકારવા આપ હવે વિના વિલંબે પધારો ! દાસીની અરજ સ્વીકારો !"

"બાઇ ! તારી સ્વામિનીને એવી કઈ વસ્તુ જોઈએ છે? તે પૂછી આવ ! અમે વાણીયા, અમારે ઘેર અનેક વસ્તુઓ હોય તેમાંથી તપાસ કરી મોકલાવશું !" દાસીનો આશય સમજવા છતાં આડો જવાબ આપ્યો.

"કુંવરજી ! અમારો સૌભાગ્યભુવન ભોગની અનેક વસ્તુઓથી વિશાળ પરિપૂર્ણ ભર્યો છે. પરન્તુ અમારી બાઇ તમારી પ્રીતિ વાંચ્છે છે. જેથી પધારી અમારી બાઈને શાંતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપો ! તેણીનાં વિરહનાં કષ્ટ કાપો ! ” શ્રીમતીએ સ્પષ્ટતાથી કહ્યું.

“ અરરરર ! એ શું બોલ્યાં બાઇ ! અમે વ્યવહારી વાણીયા મહાજન ! તમારૂં નામ પણ અમે જાણીયે નહીં, તો પછી અજાણી સાથે ગોઠડી તો કરીએજ નહીં. માટે કાંઈ બીજું કામ હોય તો પૂછી આવ ? ”

“ તમે તો કાંઇ બહુ મોંઘા થાવ છો કાંઈ ! મારાં બાઇને જે કામ હશે તે તમનેજ કહેશે માટે એકજ વખત પધારો ! વાણીયા છો તેથી ડરો છો ! તમારાજ નામની માળા જપતી મારી શેઠાણીના મોતનું કારણ શા માટે બનો છો ?”

“ વાતો તો બહુ મીઠી મીઠી કરો છો ! પણ હું કોણ ને એ કોણ ? હું તો એને જાણતો પણ નથી; છતાં મારામાં સ્નેહ ધારણ કરતી તે શાને મરતી હશે ! એ તો એક પક્ષી જેવો સ્નેહ કહેવાય ? ”

“ રોજ રાતદિવસ આ તંબોળીની દુકાને તમને આવેલા મારાં બાઈ જુએ છે. તમારી ઉપરના પ્રેમથી રોજ ઝુરી ઝુરીને રડે છે. કુમાર ? દૂરથીજ તમે એનું ચિત્ત એવું તો ચોરી લીધું છે કે હવે એને બીજો કોઈ પુરૂષ જોવો પણ ગમતો નથી. તો એના પ્રાણના આધાર મિત્ર ! હવે વિલંબ ન કર. એની સાથે ભોગ ભોગવી એના જીવનને નવપલ્લવ કર ! ” શ્રીમતીએ પોતાની શેઠાણીની વિરહાતુરતા સ્પષ્ટ ભાષામાં કહી બતાવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" અજબ જેવી વાત છે ! શું તારી શેઠાણીનો મારી તરફ એટલો બધો પક્ષપાત છે ? "

" હા ! એ સર્વ તમારા ને એના પૂર્વભવના પ્રારબ્ધનોજ પ્રતાપ છે. જ્યારથી એણે તમને જોયા છે ત્યારથી તમનેજ જંખ્યા કરે છે. એક ક્ષણ સમય પણ વર્ષોની માફક સાલ્યા કરે છે. જેમ કમલિની સરોવરમાં વસે છે; છતાં જ્યારે આકાશ મંદિરમાં પોતાના પ્રિયતમ દિનકરમણિનાં દર્શન થાય છે, ત્યારેજ તે વિકસ્વર થાય છે. આકાશ મંડળમાં થતી મેઘની ગર્જનાઓ સાંભળી જેમ મયૂર હર્ષથી કેકારવ કરતાં ખુશી થાય છે તેમ પોતાના પ્રિય મિત્રને દેખી હૃદય આનંદિત થાય છે. કહ્યું છે કે—

જલમેં વસે કુમુદિની, ચંદા વસે આકાશ;
જો જીનું કે દિલ વસે, સો તીનું કે પાસ; ૧
દૂર થકી પણ તેહનો, લાગ્યો તુમશ્યું પ્રેમ;
સુગુણ સલુણા તેહનો, મ કરો પ્રીતિ નિષેધ. ૨

માટે કોઇ પણ રીતે તમે ત્યાં આવી મારા બાઈનું દિલ મનાવો. "

" બાઈ ! પરમંદિર જતાં અમારા કુળમાં ખોડ લાગે; ઉત્તમ નરને પણ કલંક આવે તો પછી અમારી શી વાત ! કહે, એ વ્યભિચારનું કપાળે લાગેલું કલંક શી રીતે ઉતરે ? કદી નેવાંનાં નીર મોભે ચઢે ? પાપનું કાર્ય કર્યા પછી રાત્રી દિવસ પશ્ચાત્તાપ કરવો તેના કરતાં પ્રથમથી પાણી પહેલાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાળ બાંધવી ઉચિત છે. એક વખત પાણી ઉતરી ગયું તે લાખ પ્રયત્ને પણ પછી ચઢે નહી. માટે કોઇ રીતે અમારા બન્નેની તું લાજ રાખ ?" કુમારે પોતાનું શીયળ બચાવવા પ્રયત્ન કર્યો.

"તમે આવા ચતુર પુરૂષ થઈને કાં ચુકો છો ? અનાયાસે હાથે ચઢતું રૂપ ગુણ યૌવન સંપન્ન અનાઘ્રાત પુષ્પ શાને તજો છો ? પાણી તો મુર્ખ પુરૂષોનુંજ ઉતરે છે. ગુપ્તપણે રમતાં ચતુર એવાં રસીક યુગલ તો હંમેશ મોજમજા કરે છે. મસ્તાન પ્રેમીયો શું જગતથી ડરે છે ? માટે હે ઉત્તમ ! હું તમને પગે પડી કાલાવાલા કરૂં છું કે એવા સંકલ્પ વિકલ્પો દૂર કરી વ્હેલા મારી સાથે આવો !"

"જો તમારી બાઇની એવીજ ઈચ્છા હોય તો દુન્યામાં મારા કરતાં ઘણા ચતુર પુરૂષો મળી આવશે, તેથી ગમે તે કોઈને લઇ જઇ તારી બાઇ સાથે મેળાપ કરાવ !" કુમારે કહ્યું.

"શામાટે અમને નાહક ટળવળાવો છો ! સૂર્ય ચંદ્રની સાખે મારી બાઇ તમનેજ વરેલા છે–વધાવેલા છે. હંસો માનસસર છોડીને છિલ્લર જળ કદાપિ પીતા નથી. બપૈયો મન માન્યા પાણી વગર "પિઉ પિઉ" કરતો તરસ્યો આકાશમાં ભ્રમણ કરે છે, પણ પૃથ્વીનું જળ પીતો નથી. કોકિલા વસંત રૂતુમાં સહકારના તરૂવરો ઉપર મધુર એવી આમ્ર કલિકાઓ જોઇને બોલ્યા વગર રહેતી નથી. જગતમાં ગુણવંત તો એમનેજ સમજવા કે જે પોતાના સરખા ગુણિયલનેજ મળે છે. વિનોદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરે છે. પણ ઉલટું ગુણિજનનો મેળાપ થતાં ગુણિયલ જો બેદરકારી બતાવે તો એ ગુણિજન શું કામનો ? મારાં બાઈ તમારે માટે મરી જાય છે અને તમારે મન તો તેનું કાંઈ લેખું નથી.

જે માણસને જોઇ આપણું તન મન હસે તેને પ્રાણાંતે પણ છોડીયે નહી. માટે તમારી હઠ છોડી દો હું તમને પાયે પડી વિનતિ કરૂં છું કે એક પણ શબ્દ બોલ્યા વગર મારી સાથે આવો " શ્રીમતીનાં વચન સાંભળી કુંવરના હૃદયમાં તેની અસર થઇ અને તેની સાથે જવાને સંમત થયો. એક ત્રીજો પુરૂષ પણ તેમની ચેષ્ટા જોવાને અંધારપછેડો ઓઢી તેમની પાછળ પાછળ ચાલ્યો.

## પ્રકરણ ૫ મું.

### સ્નેહી મીલન

શ્રીમતીની પાછળ કુંવર સૌભાગ્યભુવનમાં દાખલ થયો. ત્યાં તેને ઉભો રાખી દાસી શ્રીમતી પોતાની બાઈને ખબર આપવા ગઈ. " બાઇ સાહેબ ! આપના વલ્લભને હું જેમ તેમ પાશમાં સપડાવીને લાવી છું. આપનો શું હુકમ છે ? "

કુમારી શ્રીમતીનું અમૃતથી પણ અધિક મીઠાશવાળું વચન શ્રવણ કરીને પોતાના ઈષ્ટ પ્રિયતમને ભેટવાને આતુર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સોળ શ્રંગાર સજી તેની પરીક્ષા કરવા તેના ચિત્તને હરવા તે કનકના હિંચોળે બેસી ઝુલવા લાગી. કુમારને ઉપર લાવવાને આજ્ઞા કરી. શ્રીમતી કુંવરને ઘણા આદરમાન સહીત ઉપર તેડી લાવી. કુંવર ત્રીજે માળે આવ્યો કે સામેજ હિંડોળા ઉપર ઝુલતી ષોડષ વર્ષીયા બાળા અપૂર્વ શ્રૃંગારે સજીત નજરે પડી. જાણે અકસ્માત્ વિદ્યુત્‌ના ચમત્કારથી આંખો ચમકી ઉઠે, અંધારા આવી જાય તેમ કુમારી આ અતિ સૌંદર્ય સંપન્નરૂપરાશિને અનિમેષ નયને નિરખી રહ્યો. "ઓહ .......શું આતે કોઇ દેવબાળા હશે કે વાસુકી નાગની કુંવરી; અથવા તો વિદ્યાધર બાલિકા હશે ! ઇંદ્રની અપ્સરા, રંભા, મેનકા, કે ઉર્વશી હશે ? ખરેખાત બ્રહ્માએ આ બાળાને ફુરસદેજ ઘડી હશે ! આવું અપૂર્વ રૂપ ઘડતાં તેને કેટલી મહેનત પડી હશે ? ચંપકવર્ણી વિશુદ્ધગાત્રા આ પદ્મિની કોની બાળા હશે ? તે પરણી હશે કે કુંવારી ? મસ્તકે ભ્રમરની ઓળ સરખો શ્યામ કુંતલ કેવી શોભા વધારી રહ્યો છે ? શ્યામ કુંતલ ( કેશ ) લતામાં પૂર્ણિમાના ચંદ્ર સરખું મુખારવિંદ કેવું જગતના સૌંદર્યને જીતી રહ્યું છે ? તેથીજ વિધુને આકાશમાં જતું રહેવું પડયું છે. કમળ બિચારૂં નિરાશ થઇ સરોવરમાં છુપાઇ ગયું છે. અધીક શું કહીએ ! ધન્ય છે આ સુંદરીનાં સૌભાગ્યવન્ત પતિ થનારને ? " મનમાં અનેક પ્રકારે તેણીના સૌંદર્યનાં વખાણ કરતો કુંવર શિરકુંતલ (વેણી) થી ચરણના નખપર્યંત તેને જોઇ રહ્યો, છતાં તેનો આત્મા

3

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૃપ્ત ન થયો. આંખો જાણે ભૂખી હોય તેમ વારંવાર તે સુંદરીને જોવા લાગ્યો. જેમ જેમ કુંવર કુંવરીને નિરખવા લાગ્યો, તેમ તેમ કુંવરી પણ પોતાનાં તીક્ષ્ણ નયનબાણ ફેંકતી, અનેક પ્રકારે હાવભાવભરી દૃષ્ટી કરતી કુંવરના હૃદયને આરપાર ભેદવા લાગી. મસ્તકને વેણીરૂપી તલવાર બનાવી તેનાથી ઘાયલ કરી, હારે પાશનું કાર્ય કરી કુમારને ફસાવ્યો. વારંવાર મદને મર્દન કરનારા કુચદ્વયને બતાવતી ભરયૌવનના નાદે પોતાનું આકુળવ્યાકુળપણું પ્રગટ કરી કુંવરના ચિત્તને ચળવિચળ કરી દીધું. કામદેવના સમરાંગણમાં કુમારિકા કુંવરને જીતી ગઈ હતી. પુષ્પધન્વાનાં પ્રત્યેક પચાંગ બાણોએ તેને ઘાયલ કરી હરાવ્યો હતો. કામદેવના આવા વિકટ તોફાનમાં કયો વીર પુરૂષ ટકી રહેવાને સમર્થ હોઈ શકે ? તે કાંઈ **સુદર્શનશેઠ** નહોતો કે જે **અભયાપટરાણીની** દૃષ્ટિથી ડસાયેલ છતાં જેનું ચિત્ત ક્ષણમાત્ર પણ ચળાયમાન ન થાય. તે કાંઈ મહાપુરૂષ સ્થુલિભદ્ર નહી હતા કે જે અતુલ વૈભવશાળી, સર્વાંગ સુંદરી, પ્રિયતમા કોશ્યા પણ જેમનું ચિત્ત લેશમાત્ર પણ ચલાયમાન ન કરી શકી. તે કાંઈ ચતુર વંકચૂળ નહીં હતા કે જે નૃપનારીની અનેક પ્રકારની અનુકુળ પ્રતિકુળ વિનવણી સતાવણી છતાં તેને આધીન નજ થયા. આપણો કુંવર તો યુદ્ધમાં હારી ગયો છતાં વિચાર થયો કે જો એ પરણેલી હશે તો હું પાછો મારે મહેલે જઇશ. પરદારાના પાતકથી દૂર રહીશ. હવે આ તરફ કુંવરનું ચિત્ત ચલિત કરી પોતાની સમસ્યા

ઓથી તેની ચતુરાઇ જોવી શરૂ કરી. શરૂઆતમાં કુંવરીએ પોતાનો હાથ કાનપર લગાડયો. કુંવરે પણ ગજવામાં હાથ નાખી સોનૈયા કાઢીને કુંવરીને બતાવ્યા. કુંવરી સમજી ગઇ કે પોતાની સમસ્યાના પ્રત્યુત્તરમાં તે સમશ્યા હતી. તેથીતે અંતરમાં ખુશી થઇ.

પ્રથમ સમસ્યા અન્યોઅન્ય સમજ્યા પછી કુંવરીએ પોતાનો જમણો હાથ કુમારને બતાવ્યો, જેના જવાબમાં કુંવરે નીચે જોયું, તેની સમસ્યાના રહસ્યને પોતે સંમત્ત નથી એમ જણાવ્યું, તેવારે કુંવરીએ હાથમાં વીણા લીધી. તે સમસ્યાનું રહસ્ય સમજી કુંવર ખુશી થયો થકો માથે હાથ મુકયો. કુંવરી પણ ખુશી થઇ થકી તરતજ તેણીયે પોતાની જંઘા બતાવી તેના જવાબમાં કુમારે પોતાના ખભા બતાવ્યા.

હવે કુંવરીએ પુષ્પનો દડો લઇ તેને હૈયા સાથે દબાવી વદન આગળ લાવી તેની સુગંધીનો આસ્વાદ લઇ દૂર ફેંકી દીધો. તેના પ્રત્યુત્તરમાં કુમારે પોતાની કેડથી જરીયાન સેલું છોડી તેના બે કડકા કરી દૂર નાખી દીધું. વળી પણ કુમારીએ થુંકીને સમશ્યા બતાવી તેવારે કુમારે સોપારી કાઢી તેને મસ્તકે ફેરવી દૂર ફેંકી દીધી.

કુંવરીની દરેક સમસ્યાના પ્રત્યુત્તર મનગમતા મલવાથી બાળા ઘણી ખુશી થઇ થકી મનમાં આનંદ ધરતી ઉછળતા હૈયે હિંડોળા ઉપરથી ઉતરીને કુમારની પાસે આવીને

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તેને પગે પડી. અનેક પ્રકારે તેનાં આદર સન્માન કરવા લાગી. " પ્રાણ વલ્લભ ! પધારો ! કિંકરીની એવા સ્વામિન્ સ્વીકારો ! પ્રભુ ! તમતે ભેટવાથી આજે મારા મનોરથ સફલ થયા, અમારાં રંકનાં આંગણાં પવિત્ર થયા, સ્વપ્નાંતરમાં પણ દુર્લભ એવા ભાગ્યવંત સ્વામિનાં આજે દર્શન થયાં, આપના સમાગમથી અમારાં જીવીત સફળ થયાં, કેમકે—

સોરઠો—

જેહની જોતાં વાટ, તે સાજન સામા મિળ્યા;
ઉઘાડયાં હિય–હાટ, કચ ટાળી કુંચી તણી.

હે પ્રિયતમ ! કયારના અહીં ઉભાં ઉભાં આપનાં કોમળ ચરણ દુ:ખવા આવશે. તો આ દાસી ઉપર રહેમ નજર કરી અંદર પધારો " કર્ણને પ્રિય લાગે એવી મીઠામભરી વાણીનો વિનોદ કરતી કુમારી પ્રિયનો નાજુક હાથ ખેંચી અંદર લઈ ગઈ. " અને શ્રીમતી! ઓ શ્રીમતી ? દાસીને બુમ મારી.

" આ આવી બાઈ સાહેબ " જવાબ વાળતી શ્રીમતી તેની સેવામાં હાજર થઈ. " સુગંધી તેલ, લક્ષપાક તેલના શીશા લાવ ? કુંવરને તેલ ચોળી સ્નાન કરાવું "

શ્રીમતીએ લક્ષપાક તેલ સુગંધીતેલ લાવીને બાઈને આપ્યું, કુમારીએ કુંવરને તેલનું મર્દન કરી સુગંધી જળથી સ્નાન કરાવી સુંદર વસ્ત્રોથી સુસજ્જીત કર્યો. બાવનાચંદનવડે તેનું શરીર અર્ચી ગાંધર્વ વિધિથી કુંવરીએ રૂપસેન કુમારની સાથે લગ્ન કર્યાં. કુંવર પણ આવી ચતુર પ્રિયાનો મેલાપ થવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બહુ ખુશી થયો. શ્રીમતી તે બન્નેને એકલાં છોડીને પોતાના શયનગ્રહમાં ચાલી ગઇ. " સૌભાગ્યની પ્રતિમા ! પ્રીયે ! ખરે વિધાતાયે તને આવી સુંદર ઘડીને શો પક્ષપાત કર્યો હશે ! " અરસપરસ મેવા, મીઠાઇ, સુખડી મિષ્ટાન્ન જમતાં અને જમાડતાં રૂપસેન કુમારે મજાક કરી.

" મારૂં નામ સૌભાગ્ય ? આ મંદિરનું નામ પણ સૌભાગ્ય ? તો પછી આ તન પણ સૌભાગ્ય વિના કેમ શોભે; પ્રાણેશ ? સુખડીનો એક કટકો પડખે બેસી સ્વામિના મુખમાં મુકતાં સૌભાગ્ય બોલી.

" સૌભાગ્ય ! પ્યારી ! ભવાન્તરનો રૂણાનુબંધ મિથ્યા થતોજ નથી. ક્યાં લંકાની લાડી ને ઘોઘાનો વર ! " હેતથી ઉચ્છળતા હૈયે પ્યારીના મોંમાં સુખડીનું એક બટકું ખવાડતાં રૂપચંદ્ર કુમાર બોલ્યો.

" આપના જેવો ગુણિયલ વર પામીને હું તો ખુશી થઇ–સુખી થઈ. હવે મારે મંદિરે રહો ને રાત દિવસ દેવતાની પેઠે મારી સાથે અનેક પ્રકારે મોંઘા એવા ભોગ વિલાસોને ભોગવો, " વાતો કરીને વચનોના મધુર રસ વરસાવતાં અરસપરસ એક બીજાને હેતથી જમાડતાં સમયનું પણ આ નવીન યુગલને પરણ્યાની પ્રથમ રાત્રીએ ભાન રહ્યું નહી. મન ગમતાં ભાવતાં ભોજન કર્યા પછી સુગંધમય સ્વાદિષ્ટ પાનના બીડાં એક બીજાને ખવાડતાં પ્રેમ ભીનાં દંપતી એક બીજાની કમરે હાથ વીંટાળતાં શયન મંદિર તરફ રવાને થયાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પલંગ ઉપર અતિ સુકોમળ મશરૂની તળાઈ શોભી રહી છે. ચાદર બીછાવી છે. ઓશીકાં, માખણના જેવાં નરમ ગાલમશુરીયાં તેમજ પલંગની આજુબાજુ ફુલની માળાઓથી ખુશબો છાઈ રહી છે. એક તરફ સુગંધી ધૂપ પૂષ્પોની સુગંધ દીલને બહેકાવી કામના તોફાનમાં વધારો કરી રહી છે. એવા પલંગ ઉપર બેસી આ નવિન યુગલ મદનરાજને આવાગમન માટે આમંત્રણ કરતું એક બીજાના ચિત્તને ચલ-વિચલ કરતું વિનોદ કરી રહ્યું છે.

"સ્વામિન્ તમારા સરખા ગુણિયલ વરને તો પામી, પણ તમારૂં નામ શું તે તો કહો. " કુંવરની સાથે લાડ કરતી અને તેને કંઈક પ્રેમભરી ચેષ્ટાથી વધાવતી કોકિલ સમા કંઠે સૌભાગ્યે પૂછયું.

" કહોની મનુષ્યની આંખો શું દેખીને ચળાયમાન થાય ! જાણે છે પ્રિયતમા ! રોહિણીને વલ્લભ કોણ કહેવાય ? એ સમજાય તો મારૂં નામ પણ ઓળખાય ! " પ્યારીને એક સુમધુર ચુંબન લેતાં કુંવરે અન્યોક્તિમાં જણાવ્યું.

" હાં હાં ! સમજી ? રૂપચંદ્ર. કેમ ખરૂને ! અરરરર ! મેં વરનું નામ લીધું ! " સૌભાગ્ય એમ બોલતાં હસી પડી.

" અરરર ! વરનું નામ લીધું, હવે તો દુશ્મનની આંખો દુ:ખવા આવશે, મારી સૌભાગ્યને બધી સખીયો વરઘેલી કહીને ખીજવશે " બોલતાં બોલતાં એ પુષ્પધન્વાની બેટીને કુંવરે પોતાના ખોળામાં બેસાડી પોતાની ભુજાઓમાં દબાવી હૈયા સાથે છુપાવી.

"એક પુરૂષને બે સ્ત્રીઓ છે, જેથી પુરૂષનો દેહ શોભે છે. પ્રતિદિવસ તે જલમાં વસનારી છે. મને પણ અતિ વ્હાલી છે. તે બીચારી ઘણા દિવસથી તમારી રાહ જોતી હતી." સૌભાગ્ય પોતાની દેહલતાનું સ્વામીની સાથે ઐકય કરતાં આમ્રકલિકા જોતાં જેમ વસંત રૂતુમાં હર્ષથી મદોન્મત્ત કોયલ પોતાની મધુર વાણીની ધારાને છોડી મુકે તેમ બોલી.

"હે સુભ્રૂ ! એનો ઉત્તર તો લોચન ? એમજને ?" રૂપચંદ્રે પ્રિયા સાથે પ્રેમ કરતાં કહ્યું.

"બરાબર છે સ્વામિન્ !" સૌભાગ્યની અદ્ભૂત મૂર્ત્તિ સૌભાગ્યે આંખોથી કુંવરના હૃદયમાં થનથનાટ મચાવતાં કહ્યું.

"જગતમાં એક અણુમોલ રત્ન વિદ્યમાન છે, જે ક્ષણમાં પુરૂષને બંધાવે છે, છોડાવે છે. પોતે સુક્ષ્મ છતાં જગત્વ્યાપીનું બિરૂદ ધરાવે છે. એકને થાપે છે અન્યને ઉત્થાપે છે. એવું અમુલ્ય રત્ન મેં આજ સુધી જતન કરીને રાખ્યું હતું તે હે ચંદ્રવદને ! તેં ચોરી લીધું. કહે તારી ઉપર શી સરજોરી કરીએ ?" કુંવરે સમશ્યા પૂછી.

હે પ્રાણજીવન ! તે આપનું મન મેં ચોરી લીધું તે પહેલાં તો કઇ દિવસથી આપે મારૂં ચિત્ત ચોર્યું હતું." સૌભાગ્યના નિધાન એવી સૌભાગ્યે કુંવરને કહ્યું.

"किं जीवीअस्स चिन्हं ! का पीया होइ मयणरायस्स !
किं पुप्फाणं पहाणं ! घरणीया किं कुणइ बाला ? ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહસ્ય—" જીવીતનું લક્ષણ શું ? મદનરાજની પ્રિયતમા કોણ ! ઉત્તમ પુષ્પ કયું ? પરણીને બાલા શું કરે " કુમારે પ્રાણેશ્વરીને પૂછયું.

" सासरइ जाइ " એજ આપના પ્રશ્નનો ઉત્તર છે. જીવીત લક્ષણ શ્વાસ. પુષ્પધન્વાની પ્રિયા રતિ, ઉત્તમ પુષ્પ જાઈનું અને પરણીને બાળા સાસરે જાય; એ આપના પ્રશ્નનો જવાબ "

એવી રીતે પરસ્પર પ્રશ્ન કરતાં કરતાં પ્રથમ રાત્રીના આનંદનો મોંઘો રસ મેળવતાં હતાં. શ્રૃંગારનાં અણુમોલ સાધનો, એકાંત, નવીન તારૂણ્ય, ચતુર અને ચતુરાની અરસ પરસની એકબીજાના ચિત્તને વ્યાકુળ કરનારી ભાવભીની ચેષ્ટાઓ, મન ગમતાં ભાવતાં ભોજન. ત્યાં હવે પુષ્પધન્વાનાં પનોતાં પગલાં કાંઈ દૂર નહોતાં, એક બીજાએ એક બીજામાં મદનરાજે લખેલી લીપીઓ ઉકેલવા માંડી. આજુબાજુએ કામદેવનાંજ તોફાન ઉછળતાં હતાં. રૂપચંદ્રનું સર્વસ્વ સૌભાગ્ય હતી, સૌભાગ્યનો અધિશ્વર રૂપચંદ્ર હતો. બન્નેનું ચિત્ત દુધમાં સાકરની જેમ એક બીજામાં મળી ગયું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬ ઠું

## 'વિદ્યાનો ગર્વ.'

પૂર્વકાલીન અવન્તી નગરીમાં માળવેશ્વર વિક્રમાદિત્યના આશ્રયથી ઠેક ઠેકાણે પાઠશાલાઓમાં હજારો બ્રાહ્મણો વિદ્યાનો લાભ લઈ રહ્યા હતા. જેમાં સેંકડો પંડિતો માળવેશ્વરનો આશ્રય લઈ વિદ્યાર્થીઓમાં વિદ્યાનો ફેલાવો કરી પોતપોતાના પાંડિત્યનો પ્રસાર કરી દુનિયાની દૃષ્ટિમાં માળવાજ વિદ્યાનું જન્મસ્થાનક હોય, સરસ્વતીનું પીયર હોય તેમ બતાવી રહ્યા હતા. વિક્રમાર્કની રાજ્યસભાના રત્નરૂપ કાલિદાસ પંડિત, વરરૂચી પંડિત વગેરે કેટલાએ પંડિતો માલવેશ્વરનો ગરાસ ખાતાં છતાં અન્ય દેશોના વિદ્વાનોને તૃણની સમાન ગણતા ભારતની દશે દિશામાં પોતાના યશની પતાકા ફરકાવી રહ્યા હતા. એક વખત સરસ્વતીનું પીયર જ્યારે કાશી ગણાતું તો કોઇ વખત પ્રયાગના પંડિતો તેનાથી પણ વધી જતા. વીરભગવાનના પ્રથમ પટ્ટશિષ્ય (ગૌતમ) આદિ અગિયાર પંડિતોના સમયમાં સરસ્વતીની જન્મભૂમિ મગધદેશ ગણાતી હતી. તો કોઈ પ્રસંગે કાશ્મીરના પંડિતોનું પાંડિત્ય જગતમાં સર્વોપરી કહેવાતું હતું. આ વખતે માળવા એ સરસ્વતીનું નિવાસસ્થાન થવાથી વિદ્યાની અપૂર્વ આપ–લે થયા કરતી હતી. કાળીદાસ પંડિત પ્રથમ કનુઓ ભરવાડ (ગોવાળીઓ) હતો, છતાં તે પૂર્વના પ્રારબ્ધવડે વિક્રમાદિત્યનો જમાઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો હતો. પાછળથી સરસ્વતીનો પણ સગો ભાઈ થયો હતો. અવંતીની બહાર આવેલા કાલિકાદેવીના મંદિરમાં તપ કરતા ખુદ સરસ્વતી સાક્ષાત પ્રગટ થઈને તેને વિદ્વાન બનાવ્યો હતો, જ્યારે માળવાના સમગ્ર પંડિતોના અગ્રણી કાત્યાયન ગોત્રાવતંસ વિક્રમાદિત્યના પુરોહિત દેવરૂષી અને દેવસીકાનો ધુરંધર પુત્ર સિદ્ધસેન પોતેજ હતો. જેણે સમસ્ત દેશોનાં સમસ્ત પંડિતોનો જીતીને માળવાનું ગૌરવ ભારતમાં શોભાવ્યું હતું. માળવામાં અને ખુદ ઉજ્જયિનીમાં ચાલતા સેંકડો પાઠશાળાઓના મોટા મોટા પંડિતોમાં તે પ્રમુખ તેને હતો. તેનીજ સત્તા નીચે માળવેશ્વરે સર્વ પાઠશાળાનો હવાલો સોંપ્યો હતો. મહારાજ વિક્રમાદિત્યને પણ પૂજ્ય અને માનનીય હતો, વળી પુરોહીત એટલે રાજાનો ગુરૂ તો ખરોજ! તેમાં વળી ભારતના ખુણે ખુણામાં પોતાના પાંડિત્યથી સકળ વિદ્વાનોને પરાસ્તકરી માળવેશ્વરનું ગૌરવ વધારવાથી મહારાજ ને તે અધીક પ્રીતિપાત્ર અને સન્માનીય થયો હતો. કાશીના અને કાશ્મીરના પંડિતો તો સહસ્રરશ્મિના ઉદયથી અંધકારની જેમ કયાંય પલાયન કરી ગયા હતા. મગધના અને પ્રયાગરાજના પંડિતો તો પોતાની હાર થવાથી લજ્જાયમાન થઇ સ્રીઓના પડખામાં છુપાઈ ગયા હતા. મહારાષ્ટ્ર અને કર્ણાટકના પંડિતો પણ એવીજ રીતે વાદવિવાદમાં હારી જવાથી ઘરના ખુણામાં ભરાઈ ગયા હતા. પોતાની સાથે વાદ કરે તેવો કોઇ નહી હોવાથી હમણાં હમણાં તેને વિદ્યાનો ગર્વ વધી ગયો હતો. વિદ્વાનોની મોટી મોટી સભાઓમાં પોતાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અજય્ય માનનાર સિધ્ધસેન પંડિતને પેટ ફાટીને વિદ્યા બહાર નીકળી નપડે તેમાટે પેટ ઉપર પાટા બાંધવા પડતા હતા.

હવે તેણે પોતાના વૈદિક ધર્મને દિગંતપર્યંત વિશ્વવ્યાપી બનાવવાને અને અન્ય ધર્મોને ઉન્મૂલન કરવાને ઇચ્છયું. જગતમાં બ્રાહ્મણધર્મ ( વેદધર્મ ) એજ સત્ય ધર્મ છે. બાકી બીજા ધર્મો કેટલાક વેદના ફાંટારૂપ છે, જે અત્યારે કાંટારૂપ થઈ પડ્યા છે તે સર્વે વેદ ધર્મમાં ભળી જવા જોઈએ અને જે સદંતર જુદા છે તે હરગીજ જુઠા છે. તો ભારતમાં અન્ય ધર્મની નાની નાની શાળાઓ દૂર કરી એક વેદ ધર્મ (સનાતન ધર્મ), નોજ દિગ્વિજય કરવો જોઈએ. રાજ્યધર્મ કે રાષ્ટ્રધર્મ પણ તેનેજ બનાવવો જોઈએ. દેશ દેશાંતરથી હજારો વિદ્યાર્થીઓ આજે ઉજ્જયિનીમાં વિદ્યાદેવીને વરીં પંડિત સિદ્ધસેનની માફક ભારતમાં પોતાનો વિજયધ્વજ ફરકાવવા માટે તનતોડ પ્રયત્ન કરી રહ્યા હતા. તે સર્વેના કર્ણમાં પણ વેદધર્મનો મહામંત્ર ફુંકવાને અને તેમને ચુસ્ત સનાતની બનાવવાને પંડિત સિદ્ધસેને સર્વ પંડિતોને હુકમ કર્યો. ખુદ માળવેશ્વર સમક્ષ પણ રાજયસભામાં અનેક પંડિતોની હાજરી વચ્ચે વેદધર્મનો પ્રસ્તાવ કરી જગતમાં તેનો વિજયધ્વજ ફરકાવી અનેક ધર્મોની શાખાઓને સનાતનમાં જોડી દેવાની ચુસ્ત પ્રતિજ્ઞા કરી તેણે જણાવ્યું કે “ જગતમાં સનાતન ધર્મ એજ સત્યધર્મ છે અને જે સત્યધર્મ છે તેજ આપણો ભારતનો સાચો સહાયક છે; છતાં લોકો ભ્રમણામાં પડીને ભૂલા પડ્યા છે. કેટલાક ધૂર્ત્ત પાખંડીઓએ બિચારા ભોળા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકોને ભરમાવી પોતાની તુચ્છ લાલચે પોતાના સેવક બનાવ્યા છે એ સર્વ તુચ્છ અર્ધદગ્ધ પાખંડીઓને વાગ્યુદ્ધમાં પરાસ્ત કરીશ. એક જ વેદધર્મની દિક્ષા આપી તેનો હું દિગ્વિજય કરીશ. તેમ છતાં જો કોઇ સમર્થ પ્રતિવાદીથી મારો પરાભવ થશે તો હું તેનો શિષ્ય થઇ જઇશ. બસ, ભારતમાં રાજા તે એક પરદુ:ખભંજન માળવેશ્વર વિક્રમાર્ક પોતેજ, પંડિત–ધર્માધ્યક્ષ માળવાનો પંડિતરાજ સિદ્ધસેન એકજ અને ભારતમાં ધર્મ તે એક અદ્વિતીય ઇશ્વરવાદી વેદધર્મજ હોવો જોઇએ." સિદ્ધસેનના આવા અપૂર્વ સાહસથી સકલ સભા દંગ થઇ ગઇ. માળવાના સમર્થ પંડિતો જ્યારે પોતપોતાના સ્વાર્થનિષ્ટ કર્ત્તવ્યમાં મશગુલ હતા, ત્યારે સિદ્ધસેનનું આવું અદ્વિતીય સાહસ ખરેજ તેની વિદ્વત્તાને યોગ્ય હતું. વરરૂચી પંડિત વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવાનાજ કાર્યમાં લાગેલો હતો, ત્યારે કાળીદાસ વિધવિધ કાવ્યરસનો અનુભવ લેતો પ્રિયાનાજ સુખનો લંપટ હતો. તે અરસામાં અન્ય પંડિતો પણ પોતપોતાના કર્ત્તવ્યોમાં આસક્ત થયા હતા, જ્યારે સિદ્ધસેન પંડિતનો શૌર્યપ્રવાહ કોઇ બીજીજ દિશામાં લાગી રહ્યો હતો. મહારાજ વિક્રમે પોતાની રાજ્યસભામાં તેમની પ્રશંસા કરી તેમના સાહસને તન મન અને ધનથી પોતે મદદ કરશે તે સ્વીકારવાને વિક્રમાદિત્યે સિદ્ધસેનને અરજ કરી " દેશ પરદેશમાં રાજકાજના કલેશમાં મારી જરૂર પડશે તો બનતી ત્વરાએ મને ખબર પડતાં તમારી સહાયે આવી પહોંચીશ. દશે દિશાએ તમારી ફત્તેહ થાઓ! તમારૂં

સાહસ વિજયવંત થાઓ ! એવી મારી અને સકલ રાજ્યસભાની સુભાશિષ છે. " મહારાજ વિક્રમાદિત્યે પોતે પણ સિદ્ધસેનના સાહસિક કાર્યને ઉત્તેજન આપ્યું.

" હા ! જેમ પૂર્વે નેપાળ પાસેના પ્રદેશમાં આવેલા કપિલવસ્તુ નગરના રાજા શુદ્ધોદનના પુત્ર બુદ્ધે સંસાર ત્યાગકરી સન્યાસી થઇ પોતાના તપઃચર્યના ફલ રૂપ તેણે કપોળકલ્પિત બૌદ્ધધર્મ પ્રગટ કર્યો હતો. તેમજ જૈનોના ચોવીશ અવતારમાં છેલ્લા ( ચોવીશમા ) અવતાર શ્રી વર્દ્ધમાને મગધ દેશમાં મનુષ્યાવતાર ધારણ કરી ઝાંખા પડતા જૈનધર્મનો જગતમાં બહોળો ફેલાવો કર્યો હતો અને પ્રાચિન વેદ ધર્મથી પણ જૈન ધર્મ પ્રાચીન છે તેવો દાવો પ્રગટ કરવા પોતાની પૂર્વે ત્રેવીશ અવતારો (તિર્થંકરો) થઇ ગયા છે અને પોતે ચોવીશમો અવતાર છે એમ જગતમાં સિદ્ધ કરી બતાવ્યું હતું. આ સર્વે ઇતરધર્મોની હું બરાબર નાડી તપાસવા ચાહું છું. મારી આગળ તેઓ પોતાનો શું બચાવ કરે છે તે જાણવા માગું છું. ભારતના ઘણાખરા ભાગોમાં જૈનોએ આપણા વેદધર્મનું ગાડું ઢીલું કરી નાખી વેદ કરતાં પણ પોતાની અપૂર્વતા સિદ્ધ કરી બતાવી છે.એટલું જ નહીં પણ જૈન ધર્મને રાષ્ટ્રધર્મ બનાવવા વટીક આજે પણ તેમના પ્રયત્નો ચાલુજ જોવાય છે; પરંતુ કેશરીસિંહ ભયંકર ગર્જના કરીને ગુફાની બહાર નિકળતો નથી ત્યાં લગી મસ્તાન શિયાળવાં જગતમાં ફાવી જાય છે. લાટ દેશનો રાજા ધનંજય તો જૈન, કર્ણાટક દેશનો રાજા પણ જૈન, પ્રતિષ્ઠાનપુરનો રાજા પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈન એવી રીતે દક્ષિણમાં શું કે ઉત્તરમાં શું ? સારા ભારતવર્ષમાં જૈનીઓએ પોતાના ધર્મને રાષ્ટ્રધર્મ બનાવવા ભગીરથ પ્રયત્ન આદર્યો છે. જો એ લોકો ફાવી જશે તો વેદધર્મને કાંટો અચુક કાઢી નાખશે. માટે આવા વેદવિરૂદ્ધ ધર્મોને શિકસ્ત આપી તેમને દબાવી દેવા જોઇએ.' પંડિત સિદ્ધસેને અન્ય ધર્મ માટે પોતાનો અભિપ્રાય આપ્યો.

"આ બૌદ્ધ મત ક્યારનો ચાલ્યો આવે છે વારૂ ?" રાજાએ પૂછયું.

જૈનોનો ચોવીશમો અવતાર મહાવીર અને કંપિલપુરના શુદ્ધોદન રાજા અને માયાદેવીથી ઉત્પન્ન થયેલો ગૌતમબુદ્ધ એ સમકાલીન હતા. કહે છે કે જે વખતે મગધ દેશમાં આજથી ચારસો વર્ષ પહેલાં મહાવીર ઉપદેશ કરતા હતા, તે વખતે ગૌતમ બુદ્ધ મગધ દેશના બીજા શહેરમાં પોતાના સ્વમતિ કલ્પિત ધર્મની પ્રરૂપણા કરતો હતો. પંડિત સિદ્ધસેને રાજાને જણાવ્યું

"ત્યારે મહાવીરનો શિષ્ય ગૌતમ તે કોણ ભલા ? ગૌતમ બુદ્ધ અને ગૌતમ એક કે જુદા ?

કહે છે કે બન્ને ગૌતમ જુદાજ હતા. એક રાજકુમાર તો બીજો ચૌદ વિદ્યાનો જાણ ગૌતમ ગોત્રીય બ્રાહ્મણ હતો. એક નેપાળ દેશનો વતની હતો. બીજો મગધ દેશનો સર્વ શ્રેષ્ઠ પંડિત હતો. એકે પોતાનો બૌદ્ધ ધર્મ ચલાવ્યો. બીજો ગૌતમ મહાવીરનો પટ્ટશિષ્ય થયો. કહે છે કે તેણે જૈનધર્મનો વિજયધ્વજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફરકાવ્યો હતો. ભારતમાં જૈનધર્મ, વેદધર્મ અને બૌદ્ધધર્મ એ ત્રણ ધર્મો મુખ્યતાએ જોવાય છે. વેદધર્મની માફક ચારે વર્ણમાં જૈનધર્મ પ્રસરી ગયો છે, તેવીજ રીતે બૌદ્ધો પણ પોતાનો પગ પેસારો કરી સ્વમત ફેલાવવાને તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે, માટે એ સર્વે મતોની બરાબર ખબર લઇશ. તેમના આગેવાન ધર્માચાર્યોને હું વાદમાં જીતી લઇ સનાતની બનાવીશ." સિદ્ધસેને ગર્જના કરતાં કહ્યું.

સિદ્ધસેન પંડિત રાજસભામાં એવી રીતે સ્વમતની પ્રરૂપણા કરીને ભારતના ઇતર ધર્માધ્યક્ષોને વાદમાં પરાજીત કરવાનું પણ લેઇ ચાલ્યો ગયો. જો કે સકળ સભાને તેની વિદ્વત્તા માટે ભરૂંસો હતો કે સિદ્ધસેનને જીતી શકે તેવો પ્રતિવાદી ભારતમાં આજે કોઇ પણ નથી. જેથી સિદ્ધસેન પંડિત અપ્રતિવાદી ગણાતો હતો. સિદ્ધસેને મહારાષ્ટ્રના, મગધના, કાશ્મીરના લાટના, ગૌડના, દેશપરદેશના પંડિતોને વાદમાં પરાજીત કર્યા હતા, તે તેમણે જોયું હતું. છતાં મનુષ્ય ઇચ્છા કરતાં દૈવેચ્છા બળવાન હોયછે. મહાવીરને જીતવા જનારા ગૌતમ મહાવીરપ્રભુનાજ માનિતા શિષ્ય થયા. છ ખંડની રૂદ્ધિથી પણ સંતોષ નહી પામતાં સુભૂમ ચક્રવર્તિ ( આઠમા ) ધાતકીખંડના ભરતને વશ કરવા જતાં પોતાના સૈન્ય સહિત લવણ સમુદ્રમાં ગરક થઇ ગયા. જંબુ કુમારને મંદિરે ચોરી કરવા આવેલો પ્રભવચોર જંબુ કુમારથી બોધ પામીને તેમનોજ શિષ્ય થયો. કમઠ તાપસના અજ્ઞાન કષ્ટથી કાષ્ટના પોલાણમાં રહેલો સર્પ અગ્નિથી દગ્ધ થયો છતો ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથના દર્શનમાત્રથી

નાગેંદ્ર થયો. માટે મનુષ્યની ઈચ્છા કરતાં વિધિનું વિધાન કાંઈ જુદુંજ હોય છે.

## પ્રકરણ ૭ મું.

### 'એક મ્યાનમાં બે તલવાર.'

" પ્રિયે ! મન્મથના વિનોદમય પ્રસંગમાં રાત્રી કેવી રીતે વ્યતીત થઈ તેની તો ખબર વટીક પડી નહી, પણ હવે બે ઘડી માંડ રાત્રી બાકી હશે માટે સુવદને ! હવે તારી રજા માંગું છું. સુરત સુખમાં રાત્રી પસાર કર્યા પછી મોટી પ્રભાતે રૂપચંદ્ર કુમારે પોતાને મંદિર જવાની રાજકુમારી સોભાગ્ય પાસે રજા માગી અને તે અગ્નિની જવાળા સરખું વચન સાંભળી સોભાગ્યના હ્રદયમાં મોટો ધ્રાસકો પડયો. બાળાનું લાલી ગુલાબીથી અને રતીસુખથી ખીલેલું ચંદ્રસમ વદન કરમાણું.

" પ્રિયતમ ! વિધિની સાક્ષીએ, પ્રભુની સાખે, મારી સખીની સામે હું તમારી પત્ની થઈ ચુકી છું. તમારો વિરહ ક્ષણભર પણ સહેવાને હે પ્રભુ ! અસમર્થ નિવડી છું. સંસારના મોહમાયાના પાશમાં બાંધી મને હે સ્વામિ ! ન છોડી જશો !" રૂપાની ઘંટડી જેવા મધુરનાદે બાળાએ વિનવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" કુમારી ! શા માટે હૃદયમાં ઓછું આણો છો ! તમારી ને મારી પ્રીતિ કાળાન્તરે પણ કોઇ છોડાવી શકે તેમ નથી. જો હવે રાત થોડીજ બાકી છે. ને પ્રભાત થશે તો મંદિરે શી રીતે જવાશે ? અન્યથા ગુણિયલ ! મારા નહી જવાથી મોટો કોલાહલ થશે. તારીને મારી આબરૂ ધુળધાણી થશે. " રૂપચંદ્રકુમારે બાળાને ભયનું દર્શન કરાવતાં યોગ્ય સલાહ આપી.

" સ્વામિન્ ! તમારી આવી હઠ આગળ લાચાર ! જેમ બને તેમ દાસીને વ્હેલાં સ્નેહથી નવાજશો. નહીંતર સ્વામીના વિયોગે દાસી ઝુરી ઝુરીને પ્રાણત્યાગ કરશે-મરી જશે. આ જગતમાં સ્ત્રીઓને પતિથી બીજું શું અધિક છે ! સતીને તો હંમેશ પતિની નજર આગળ-તેની સેવામાંજ રહેવું ઉચિત છે.

"પ્રભુ એ ઇચ્છા પણ તારી પૂરી કરશે, જગતની સમક્ષ તારાં ને મારાં આડંબરપૂર્વક લગ્ન થશે, અને બધા સંતાપ ત્યારે ટળીજ જશે.

\+ + + + + + +

એકદા મધ્યરાત્રીએ પોતાના આલિશાન મહાલયના એક ગવાક્ષની નાની બારીએથી એક નવોઢા સુંદરી ક્ષણે ક્ષણે રસ્તા ઉપર દૃષ્ટિ ફેંકતી આતુરનયને કોઇના આવવાની રાહ જોઈ રહી છે. બિચારી બાળાની આતુર આંખો રાહ જોઈ જોઇને પણ થાકી, છતાં અત્યારે ઇષ્ટ વસ્તુનું દર્શન કયાંય જણાતું નહોતું. અત્યારસુધી તો સખીઓની સાથે વિનોદ કરીને જેમ તેમ વખત



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પસાર કરી દીધો, પણ હવે કાળ જેવી લાંબી રાત્રિ સ્વામીના વિયોગે આમ એકલડાં શીરીતે જશે ? એ વિચારમાં લાચાર બનેલી બાળા મુંજાવા લાગી. સાહેલીઓ પણ તેને છોડીને ચાલી ગઇ હતી. હવે અત્યારે તે કોને બોલાવી લાવે. મધ્યરાત્રીએ અંધકારની સાથે નિંદ્રાનું જોર સંસાર ઉપર સંપૂર્ણપણે જામી ગયું હતું. આ સમયે એક ક્ષણ તેને યુગ સમાન જણાવા લાગી. આંખો ઘેરાવા લાગી છતાં નિદ્રા તેની ઉડી ગઇ હતી. બગાસાં ઉપર બગાસાં આવતાં છતાં પણ અનેક પ્રકારનાં વિચારોમાં તેના ચલિત ચિત્તને હમણાં આરામ લેવાની ફુરસદ નહોતી. ઘડીકમાં કોચ ઉપર બેસી પતિની રાહ જોતી કોઈ પુસ્તક વાંચવામાં લીન થતી, તો ક્ષણમાં ઉંઘવાનો ડોળ કરતી સેજ ઉપર આળોટતી હતી. કવચિત ખડખડાટ થતાં વળી ચમકી ઉઠતી, ચારે તરફ જોતી પણ આજે પ્રાણવલ્લભનું કાંઈ આવાગમન ચિન્હ જણાતું નહોતું. વળી પાછી ધડકતે હૈયે આમ તેમ શયનગ્રહમાં આંટા ફેરા કરતી થાકી આરામ ચેર ઉપર નિરાશ હૈયે ઢળી પડતી; છતાં તેને મુદ્દલ ચેન પડતું નહી. વૈભવમાં ઉછરેલા અને સ્વપ્ને પણ સંકટને નહી જોનારા અમીરજાદાને રોજ મેવા મીઠાઇ અને પાંચે પકવાનનો રસ લેતાં એક દિવસ જ્યારે કડાકા થાય છે અને પાણી માટે પણ ફાંફાં મારવાં પડે છે, તે વખતે તે અમીરજાદાની જે હાલત થાય છે–તેને જે દુઃખ જણાય છે તેના કરતાં આ બાળાનું કમળ સમ કોમળ હૃદય અધિક વ્યથા પામતું હતું. જળ વગરના તરફડી રહેલા

મત્સ્યની જેવી તેની સ્થિતિ હતી. આખરે બેચેન હૃદયે તેણીએ ઉંઘનો ખોટો ડોળ કરી નસકોરા બોલાવી ઘોરવા માંડયું. પણ " चिंतातुराणां न सुखं न निद्रा "–ચિંતાતુર વ્યક્તિને સુખ, શાંતિ કે આરામ દુર્લભ હોય છે. બિચારી ગર્ભશ્રીમંત નવોઢા હવે અત્યારે શું કરી શકે! સાસુ સસરાને ખબર પણ કેમ આપી શકે! "રોજ વખતસર આવી જતા છતાં આજે અત્યાર લગણ કયાં રોકાઈ રહ્યા હશે ? કાંઈ વિઘ્ન તો નહીં આવ્યું હોય, અરે કોઈ લલનાએ તો કદાચ મારા ભોળા સ્વામીને ફસાવ્યા તો નહીં હોય ! ના ના ! એમ તો કુળવંત માણસો એકદમ મર્યાદાનું ઉલ્લંઘન કરતાં નથી. સજ્જન મનુષ્યો પ્રાણાંતે પણ દુરાચાર સેવતા નથી. મારા પ્રાણનાથ તો ગુણવંતોમાં મુગુટમણિ છે. મારી અલ્પમતિ છે. " આમ વિચારમાં ને વિચારમાં તેણી અર્ધ નિદ્રામાં પડી. જોત જોતામાં સુખમાં કે દુઃખમાં રાત્રીનો ત્રીજો પ્રહર પણ પૂરો થઈ ગયો, ચતુર્થ પ્રહરે પોતાની શરૂઆત કયારનીય શરૂ કરી દીધી હતી. પણ સ્વામીવિના આજે સેજલડી સુની પડી હતી. એટલામાં દાદર ઉપર કંઈક ખળભળાટ થતાં બાળા જાગી ઉઠી. " કોણ છે એ ? "

" એ તો હું. " રૂપચંદ્ર કુમાર કોઈ ન જાણે તેમ આસ્તેથી પ્રવેશ કરી કપડાં ખીંટીએ ભરાવી પલંગપર બેઠો.

" આજ અત્યાર લગી કયાં રોકાણા હતા સ્વામીન ? " મધુર અવાજે સુંદરીએ પૂછયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" પ્રિયે ! માફ કરજે ? મારા એક મિત્રને ત્યાં મુજરો હોવાથી તે મને બેહોશ કરીને ખેંચી ગયો, લાચાર ! સુંદરી. આજે આપણો આનંદ ઉડી ગયો, ખરૂંને ?" સુંદરીને મીઠા શબ્દોથી પટાવતો કુંવર સહેજ હસ્યો. ભોળી સુંદરીએ સ્વામીની વાત સાચી માની લીધી.

" જુઓની ! ઉજાગરો કરવાથી તમારી આંખો કેવી લાલચોળ થઈ ગઈ છે. જાણે થાકી ગયા હો તેવા દેખાવ છો." સુંદરી બોલી.

" પ્રાણુ સખે ! અત્યારે પણ માંડ માંડ મિત્રના પાશમાંથી છુટ્યો છું. મારૂં શરીર ત્યાં હતું, પણ આ જીવડો તો પ્યારીમાંજ ભરાઇ ગયો હતો. તારા પ્રેમે મને એટલો તો આધીન બનાવ્યો છે કે બીજે ક્યાંય ચિત્તજ ઠરતું નથી. જ્યાં જાઉં ત્યાં તું, તું ને તુંજ." ઘેરાયેલી આંખે બોલતાં બોલતાં કુમાર સુંદરીના ખોળામાંજ લોટી પડ્યો.

" મારી પણ એજ સ્થિતિ હતી, સ્વામન્ ! તમે તો કંઇકે સુખમાં રાત ગુમાવી, પણ મારો સમય કેમ ગયો તે ફક્ત મારો અન્તરાત્માજ જાણે છે. હશે આપ સુઇ જાઓ, હું આપની સેવા કરૂં છું બોલતાં બોલતાં સુંદરી મસ્તક દાબવા લાગી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૮ મું.

## નગરશેઠને આમંત્રણ.

" ઓહો ! પધારો પધારો મંત્રીશ્વર ! આજે હમારાં રંકનાં આંગણાં પાવન કર્યાં. અત્યારમાં આપ શ્રીમાન્ આ તરફ ભૂલા પડયા કાંઇ ? " અવંતીના નગરશેઠ ધનદત્તશાહે વિક્રમાદિત્યના વડા પ્રધાન ભટ્ટમાત્રને પોતાના મંદિરમાં આવતાં સામે જઇ અતિ આદરમાન આપતાં કહ્યું.

" સહેજ માળવેશ્વરના કામ પ્રસંગે ! " ટુંકમાં જવાબ આપીને શેઠના વાણોતરે પરદેશી વિવિધ પ્રકારની ગુંથણીના બીછાવેલા ગાલિચા ઉપર મંત્રીશ્વર બેઠા.

" મંત્રીશ્વર ! કહો, સ્વામીનું શું ફરમાન છે ! મુજ ગરીબનું આજે શું કામ છે ! " નગરશેઠે તેમનો આદર સત્કાર કરતાં કહ્યું.

" શેઠજી, મહારાજ વિક્રમાર્ક આપને તેડે છે. તાકીદે આપને પોતાની પાસે બોલાવે છે ? " મંત્રીશ્વર ભટ્ટમાત્રે પોતાના આગમનનો ઉદ્દેશ કહી બતાવ્યો.

" હું ! મને પોતાને મહારાજ અત્યારમાં પોતાની પાસે બોલાવે છે ! શા માટે ? " નગરશેઠે વ્યાકુળ હૃદયે પૂછયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"કાર્ય તો પ્રભુ જાણે. ફક્ત તાકીદે આપને તેડી જવાનુંજ મને ફરમાન છે!" મહામંત્રીએ કહ્યું.

"મંત્રીશ્વર! જરા સબુર કરો. હું દાતણ પાણી કરી લઉં, પછી આપણે સાથેજ ચાલીએ." નગરશેઠનું કથન મંત્રીશ્વરે દાક્ષિણ્યતાથી માન્ય કર્યું.

'નગરશેઠને એકાએક મહારાજા બોલાવે છે.' એ ખબર શેઠના ગુમાસ્તાઓ દ્વારા સમસ્ત પ્રજામાં ફરી વળતાં શેઠની પોળના દરવાજા આગળ અસંખ્ય માણસોની મેદની ઉભરાવા લાગી. એ જોઇ ગભરાતે હૃદયે ભટ્ટમાત્ર મંત્રીએ કહ્યું. શેઠજી! મહારાજ આપને તાકીદે તેડે છે. માટે ત્વરા કરો."

"હા ચાલો. હું તૈયાર છું?" મંત્રીશ્વરનું અનેક પ્રકારે સ્વાગત કરી માળવેશ્વરને ભેટ કરવાની વિવિધ પ્રકારની વસ્તુઓ સાથે લઇ મંત્રીશ્વર, નગરશેઠ અને સમસ્ત મહાજન રાજદરબાર તરફ રવાને થયા. મહાજનને સાથે આવતું જોઇ મંત્રીએ શેઠને ધીમેથી પૂછયું.

શેઠજી! આ બધું મહાજન આપણી સાથે કયાં આવે છે?"

"એ પણ કાંઈ કારણ હશે જેથી આવતું હશે." નગરશેઠે જણાવ્યું.

"ઠીક છે; કિંતુ મહારાજે તો આપનેજ તેડ્યા છે એ ધ્યાનમાં રાખશો, આપના પુત્રો કયાં છે?"

"તે બજારમાં પેઢીએ ગયા છે. કેમ?"

"તેમને પણ સાથે લેવાનો હજુરશ્રીનો હુકમ છે."

"ઠીક છે. રસ્તામાંથી તેમને સાથે લઈ લેશું. પછી કાંઈ ?"

"બહુ સારૂં ?" જવાબમાં ભટ્ટમાત્રે જણાવ્યું.

માર્ગમાંથી ત્રણ પુત્રો પેઢીએ હતા તેમને શેઠે સાથે લીધા. એવી રીતે મહાજન સહીત મંત્રી અને નગરશેઠ રાજદ્વારે આવી પહોંચ્યા. સર્વેના મનમાં અનેક પ્રકારની ગડમથલ થતી હતી. અત્યારના પહોરમાં માલવેશ્વરે શા માટે પુત્રો સહીત નગરશેઠને બોલાવ્યા હશે ? થોડીવારમાં સહુ રાજ્યદ્વાર આગળ આવી પહોંચ્યા અને મંત્રીશ્વરે પ્રતિહારી સાથે મહારાજને સમાચાર પહોંચડાવ્યા કે—"નગરના મહાજન સમેત નગરશેઠ આવ્યા છે ?" રાજાને સમાચાર મળતાંજ સર્વને દરબારમાં આવવાને આમંત્રણ થયું. મહારાજ વિક્રમાદિત્ય સમજ્યા કે મહાજન કાંઇ અરજ કરવા આવ્યું હશે, જેથી માળવેશ્વરે પ્રજાના અગ્રેસર એવા મહાજનને માન સન્માનથી બેસાડ્યા, ખુશી સમાચાર, જુહાર કર્યા પછી મહારાજે ફરમાવ્યું "કહો, આજે મહાજને દરબારમાં પધારી અમારી શોભામાં વધારો કર્યો છે તે કંઈ કારણ સરજ હશે. માટે જે હોય તે ખુશીથી કહો. તમારી અગવડતા દૂર કરવાની મારી ફરજ છે ?"

"આજ ઘણા દિવસે ધણીનાં દર્શન કરવાને સર્વે મહાજન આપશ્રીના હજુર આવ્યું છે. આજે આપનાં મોંઘાં દર્શન થવાથી અમે નિષ્પાપ થયા. અમારા તન મનના તાપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંતાપ દૂરે ટળ્યા. અમારા નગરશેઠ ઉપર આજે રાજકૃપા થઇ, આપની મહેરબાની થઇ, તેથી તેમની સાથે હળી મળીને સકળ પ્રજા આપના દર્શન કરી આજે તૃપ્ત થઇ." મહાજનના એક ચતુર પુરૂષે રાજાના મનનું સમાધાન કર્યું.

"ઠીક! ઠીક! બહુ સારૂં થયું." મહારાજે હર્ષિત થઇ પ્રજાના સર્વ સમુદાયને પાન બીડાં વગેરેથી સન્માની તેમનું સ્વાગત કર્યું. મહારાજ પણ મનમાં સમજ્યા કે નગરશેઠ પ્રજાના માનિતા છે. પ્રજાના પ્રાણ સ્વરૂપ છે. જેથી કહ્યું કે " આજે ઘણા દિવસે નગરશેઠને મળવાનું દીલ થયું જેથી મંત્રીશ્વર દ્વારા તેમને આમંત્રણ થયું. બે ઘડી હમે વિનોદની વાતો કરશું. પછી શેઠજીને માન સહિત તેમને મંદિરે વિદાય કરશું " એમ કહી પ્રજાના દિલને સંતોષી રાજાએ મહાજનને વિદાય કર્યું. તે પાંચ, સાત, દશ, પંદરનું મંડલ થઇ દરવાજા આગળ ગઢમાં અને દરવાજા બહાર એમ છુટું છવાયું નગરશેઠની રાહ જોતું શું થાય છે તે જોવાને આતુર બની ગપ્પા મારતું બેઠું. આજે શહેરમાં હડતાળ પાડેલી હોવાથી ધંધા ધાપા ઉપર સર્વેએ તાળું લગાવ્યું હતું.

મહાજનના જવા પછી નગરશેઠ મહારાજ આગળ ભેટણું મુકીને તેમને ચરણે નમ્યો. જેથી રાજા પણ ખુશી થયો થકો શેઠને આદરમાન દેતો છતો શેઠને કહેવા લાગ્યો કે વાહ! ધનદત્ત શેઠ! તમારા જેવા ગુણનિધાન રત્નથી મારી નગરી દીપી રહી છે. તમારા શીળ, સૌભાગ્ય, વૈભવ અને ઠકુરાઇ આ નગ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીને ને મારા સામ્રાજ્યને પણ શોભારૂપ છે. શેઠજી ! તમારી પાસે કેટલી લક્ષ્મી છે ! તમને કેટલા પુત્રો છે ! ". રાજાએ શેઠને તેમના કુટુંબની વાત પૂછવા માંડી.

" મહારાજ? મારે ઘરે કેટલી લક્ષ્મી છે તે મારાથી ગણી શકાય તેમ નથી. દુકાનોમાં વહીવટ કરવાને માટે સાતસે મેતાઓ વાણોતર છે. એક એકથી ચતુર એવા ચાર પુત્રો આપના પુન્ય પસાયે આનંદમાં છે. આપ જેવા શીરછત્રના પુન્યપસાયે કશી વાતની ખોટ નથી. નગરશેઠે જણાવ્યું.

" વાહ? શેઠજી ! આ ત્રણ પુત્રો તમારા છે ! રૂપ ગુણે કરીને કેવા એકબીજાથી ચડીયાતા છે ? પણ તમારો ચોથો પુત્ર કયાં છે ! " રાજાએ ચોથા પુત્ર કે જેની સાથે પોતાને કામ છે તેને નહી જોવાથી પૂછયું.

" તે ચોથો પુત્ર તો બાળક બુદ્ધિનો છે. જેથી વ્યાપાર રોજગારમાં કાંઇ સમજતો નથી. કમાવામાં પણ કાંઈ ધ્યાન આપતો નથી, તેતો ખાઈપીને મોજ શોખમાં પોતાનો વખત પસાર કરે છે, રમતો ફરે છે " શેઠે રૂપચંદ્રકુમાર માટે કહ્યું.

" છતાં મેં સાંભળ્યું છે કે તે ઘણો સુંદર છે ! માટે હું જોઉં તો ખરો કે તે કેવો સુંદર છે! " રાજાએ તેને જોવાની પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી.

" મહારાજ! આપના રાજશાહી જેવાં કુંવરોના રૂપ કયાંથી હોય, છતાં આપશ્રીની તેને જોવાથી ખાયેશ હશે તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું પૂર્ણ કરીશ, હજી તો તે ઊંઘમાંથી ઉઠયો પણ નહીં હોય." શેઠે કહ્યું.

"શા માટે ઉઠે ! આખી રાતનો ઉજાગરો ! માણસ એટલી વારમાં કાચી ઊંઘે ઉઠે તો મરે નહી તો માંદો જરૂર પડે." શેઠજી કાચી વયનો સમજી તેને ગણકારતા નથી. પણ એમને કયાં ખબર છે કે એતો મોટી મોટી ઇમારતો તોડનારો અને સ્વર્ગીય હિંદોળે ઝુલનારો છે! જે નવોઢા કુમારીનાં સમશ્યાનાં કોકડાં હું એક પણ ન ઉકેલી શકયો તે આંટીઘુંટીની ગુંચો દૂર કરીને બાલિકાના મનોરથો તેણે પૂર્ણ કર્યા. ગમે તેવો ચતુર હોય છતાં માબાપને મન તો તે રમતીયાળ છોકરૂજ કહેવાય છે" શેઠની પુત્ર વાત્સલ્યતા ઉપર હસીને રાજાએ કહ્યું. મંત્રીશ્વર ! શેઠના નાનેરા કુમારને જલ્દી તેડી લાવો ! નિંદ્રામાં હોય તો જાગ્રત કરીને સ્વાસ્થ્યપૂર્વક તેડી લાવો !" રાજાનો હુકમ સાંભળીને ભટ્ટમાત્ર મંત્રી નગરશેઠના ઘર તરફ રવાના થયો."

## પ્રકરણ ૯ મું.

### રૂપચંદ્રનું માનસન્માન.

મહામંત્રી ભટ્ટમાત્ર દરબારમાંથી રવાને થઇ નગર શેઠના મકાને ગયો અને નગર શેઠનાં પત્ની ધન સુંદરીને નાના કુમાર રૂપચંદ્ર કયાં છે। તેમને મહારાજ પાસે લઇ જવા.

છે તે વગેરે કહી બતાવ્યું. પોતાનાં પરિવારને આજે અત્યારે રાજા તરફથી તેડું સાંભળી શેઠાણી ગભરાયાં, મંત્રીશ્વરનું સન્માન કરતાં તેમને જણાવ્યું કે "કુમાર તો હજી સૂતો છે! એ બાળકનું મહારાજને શું કામ પડયું. મંત્રીશ્વર ?"

"કામ તો મહારાજ જાણે ? પણ મહારાજ કુંવરને જોવાને તેડે છે!" મંત્રીશ્વરે અજાણપણું બતાવ્યું."

"એની એટલી બધી શી જરૂર છે ? ઉંઘમાંથી ઉઠશે ત્યારે દરબારમાં મોકલી આપીશ."

"નહી! કુંવરને મારી સાથે તેડી લાવવાનો મહારાજનો હુકમ છે. માટે જો સૂતો હોય તો તેને ઝટ ઉઠાડો." "મહામંત્રીના શબ્દો સાંભળી ધનસુંદરી ગભરાતી ત્રીજે માળે જઈ રૂપચંદ્રને જગાડી સર્વ વાત કહી સંભળાવી અને મંત્રીશ્વર રાહ જોઈ નીચે બેસી રહ્યા છે તે પણ જણાવ્યું.

રૂપચંદ્રકુમાર સમજી ગયો કે "રાતની વાર્તા રાજાની જાણમાં આવી ગઇ છે. રખે તે સમશ્યાઓનો કોયડો ઉકેલવાને તેમજ કનોજની રાજકુમારીનો ઈતિહાસ જાણવાને તે મને તેડતો ન હોય ?" એમ મનમાં વિચાર કરી કુમારે માતાને કહ્યું કે—"માતાજી ! લગારે ખેદ ન કરશો ? હું હમણાંજ રાજ દરબારમાં જાઉં છું અને રાજાની વાત સાંભળી પિતાજી તથા મોટાભાઈઓની સંગાથે તરતજ પાછો આવું છું." એ પ્રમાણે માતાને આશ્વાસન આપી ષડ્કર્મથી પરવારી રૂપચંદ્ર-કુમાર ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ તરતજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંત્રીશ્વર સાથે રાજદરબારમાં જવાને રવાના થયો, અને રસ્તામાં મંત્રીશ્વરને રૂપચંદ્ર કુમારે પૂછયું કે–આજે આમ અચાનક મહારાજાની અમારા ઉપર કૃપા કેમ થઇ ?

" કુમાર! રાજા તમારી ઉપર તુષ્ટમાન થયા છે! તમારૂં રૂપ જોવાને ખરે અધીરા થયા છે. " મંત્રીશ્વરનું કથન સાંભળીને કુમાર મનમાં હસ્યો. " ખરે કોઈ દિવસ નહીંને આજેજ રાજા મને જોવાને ઇચ્છે એ પણ નવાઇ ! કિંતુ રાત્રીનો ભરમ જાણવાને મથે છે. એ તો રાજા વાજાં ને વાંદરાં, એ ઠેકાણા વગરનાં હોય, હમણાંજ ખબર પડશે કે રાજા કેવાક તુષ્ટમાન થયા છે. "

" રાજા તો પ્રજાના મા બાપ છે. દેશના પ્રતિપાળ છે. જે માણસ ઉપર રાજાની મહેબાની ઉતરી એના પાશા પોબાર છે ! " રૂપચંદ્રે કહ્યું.

એ પ્રમાણે વાતો કરતા કરતા પ્રધાન અને કુમાર રાજદરબારમાં આવી પહોંચ્યા. રાજા કુમારને જોઇ અંતરમાં ઘણું રીઝયો. નાના કુંવરને પોતાના ખોળામાં બેસાડ્યો. ઘણું વાત્સલ્યપણું દેખાડયું. " વાહ શેઠજી ! તમારા ચારે કુંવરો કેવા એક એકથી અધિક છે ! તેમાં પણ નાનો પુત્ર રૂપચંદ્ર તો રૂપ તથા ગુણે કરીને બધાથી પણ વધારે સુંદર છે. " રાજાએ કહ્યું.

" મહારાજ ! એ બધો આપનોજ પ્રતાપ છે ! રાજાની રહેમ નજર એ શું ઓછી વાત છે ! " નગર શેઠે કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" ઠીક ત્યારે હવે પધારો ! ફક્ત આ તમારો નાનો કુમાર મારી પાસે ભલે રહ્યો, પછીથી તેને તમારે ઘરે પહોંચતો કરીશ " રાજાએ રૂપચંદ્રકુમારને રોકી શેઠનો ત્રણ પુત્રો સહીત આદરસત્કાર કરી તેને જવાની રજા આપી.

" મહારાજ ! એની ઉપર કૃપા નજર રાખજો. એ બાળક છે માટે એને મુંઝાવા ન દેતાં ઝટ ઘેર રવાને કરશો. " શેઠે પુત્રવાત્સલ્યતા બતાવી.

" તે માટે તમે ફિકર ના કરશો. તેને કોઈ રીતે અહીયાં ઓછું નહી આવે. " રાજાએ દિલાસો આપી પુત્રો સહીત ધનદત્તશેઠને રજા આપી. ત્રણે પુત્રો સહીત નગરશેઠ રાજગઢમાંથી બહાર નિકળ્યા. ત્યાં મહાજનનાં જુદાં જુદાં મંડળો ગપ્પાં હાંકી રહ્યાં હતાં, તેમણે આવી જુહાર કર્યા. રસ્તામાં ધનદત્ત શેઠે તેમને સમાચાર કહી સંભળાવ્યા, જેથી મહાજન પોતપોતાને ઘરે ગયું. અને હડતાલ ખોલી નાખી સર્વેએ પોતપોતાની દુકાનો સંભાળી. નગરશેઠ પણ ત્રણે પુત્રો સાથે ઘર તરફ વિદાય થયા.

શેઠના ગયા પછી રાજાએ કુંવરનો ઘણો સત્કાર કરી ઘણો હેતભાવ બતાવ્યો. " કુંવર ! મનમાં કાંઈ અંદેશો લાવશો નહી. જે કાંઇ કામકાજ હોય તે સુખેથી કહેજો. મારાથી હૃદયમાં લેશ પણ પડદો રાખશો નહી. આ બધી ઋદ્ધિ તમારી પોતાનીજ છે એમ સમજજો. અમે તો ફક્ત બશેર અન્નનાજ માલેક છીએ. "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાનાં અકાળે મેઘવર્ષાની જેમ અમૃતમય વચનો સાં-ભળી રૂપચંદ્રકુમાર વિચારમાં પડ્યો. "આહ! રાજા એક મારા જેવા નાના બાળક ઉપર આટલી બધી ભલાઇ કરે છે; પરન્તુ હજી મુદ્દાની વાત શું છે તે જણાવતા નથી; પણ આ કાંઈ ખાલી ખ્યાલ નથી. એમાં પણ મોટો ભેદ હશે." મનમાં અનેક પ્રકારની ભાંજગડ કરતો છતો ઉપરથી જાણે કાંઇ સમજતોજ ન હોય તેમ અજાણપણું બતાવતો કુમાર બોલ્યો "રાજન્! અમે તો આપનાં બાળક કહેવાઇયે, આપના આવા આતિ-થ્યને હું કેવળ અયોગ્ય છું!"

"નહી, નહી, રૂપચંદ્ર! તમારા સરખા બુદ્ધિવંત પુરૂષોથી તો મારા રાજ્યની શોભા છે. સિંહનું બચ્ચું નાનું હોય છતાં હજારો હાથીઓનાં કુંભસ્થળને મર્દન કરનારૂં હોય છે. તેમજ ભલે પુરૂષ કદાચ નાનો હોય છતાં એનું ભાગ્ય અદ્ભૂત હોય છે. નાનો બાળક પણ જો બુધ્ધિવંત અને વિદ્વાન હોય તો વૃધ્ધજનોને પણ માન્ય ગણાય." એમ બોલતો રાજા રૂપચંદ્રનો હાથ પકડી તેની સાથે અંતઃપુરમાં ચાલ્યો ગયો. આ તરફ રાજાના જવાથી દરબાર બરખાસ્ત થયો.

મહારાજા વિક્રમાદિત્ય શામ, દામ, દંડ અને ભેદ નીતિના પૂરેપૂરા જાણકાર હતા. જો કોઈ પણ વ્યક્તિને ગોળ ખવડાવી પોતાનું કાર્ય કરી લેવાનું સિદ્ધ થતું હોય તો તેને વિષ ચખાડવાની તે જરૂર જોતા નહી. મીઠાશભરી નીતિ જો સફળ થતી હોય તો જુદ્દમી નીતિ તરફ તેને સખ્ત અણ-

ગમો હતો, છતાં છેવટના ઉપાય તરીકે તેનો ઉપયોગ કરવાને તે જરી પણ અચકાતો નહી. તેમ તે સમયે તે કોઈની પરવા પણ કરતો નહી. જે સમસ્યા રાજા પોતે ન સમજી શકયા અને એક બાળકે તે સમસ્યાના ભેદો સગસ્યામાં સમજાવ્યા. દેવબાળા સમી સર્વાંગ સુંદર ઉત્તમ અભિનયો અને હાવ-ભાવથી પરિપૂર્ણ એક આદર્શ કુમારીનો પ્રેમ જીતી તેને હંમેશની પોતાની બનાવી. એથી રાજાને ભારે અજાયબી ઉત્પન્ન થઈ હતી. જેથી આ સમસ્યાઓનો ભેદ શું છે ? તે રંભા સમી કોકિલ કંઠી દેવબાળા કોણ હશે ? તે જાણવાને તે ઘણો આતુર હતો. આહ ! તે રાત્રે જોયેલું એ સુમધુર દૃશ્ય ! એ વૈભવ, એ પ્રભા! એ ચાતુર્ય ! સૌંદર્યનો એ ઝળઝળાટ ! હજી પણ તેની આંખો આગળ તરવરી રહ્યો હતો. સુંદરીની સમસ્યાઓ પોતે નહી સમજવાથી તેમજ તેના સૌંદર્યનું પાન કર્યા વગર નિરાશ ચિત્તે તે પાછો ફરવાથી રાજા અંતરમાં ઘણોજ નારાજ થયો હતો; પણ શું કરે ? તેમ કર્યા વગર છુટકો ન હતો. બીજે દીવસે રાતના રાજાએ પોતાના ગુપ્ત માણસને સર્વ હકીકત સમજાવી તે કુમારીનું મકાન બતાવી ત્યાં આગળ છુપી રીતે આજે કોણ આવે છે તેની તપાસ કરવાને રાખ્યો હતો, તેણે મહારાજનું કાર્ય બરાબર બજાવ્યું હતું. વખત થતાંજ તંબોલીને હાટે રૂપચંદ્ર કુમાર આવ્યો. ત્યાંથી પાછા વળતાં શ્રીમતીએ તેને તાંબુલ આપ્યું, તે જોઇ રાજાના કહેવાથી તે ચમકયો હતો અને ગુપચુપ તે બન્નેની પુંઠ તેણે પકડી હતી. અનુક્રમે રૂપચંદ્ર કુમાર અને શ્રીમતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બન્ને સૌભાગ્યભૂવનમાં દાખલ થયાં. પેલો અનુચર તેની બહાર નીકળવાની રાહ જોતો જાગતોજ એક ઠેકાણે છુપાઇને બેસી રહ્યો. એમ કરતાં ત્રણ પ્રહર રાત્રી વીતી ગઇ. ત્યારે ચોથા પ્રહરે રૂપચંદ્રકુમાર સૌભાગ્યભૂવનમાંથી સૌભાગ્યની રજા લઇને બહાર પડ્યો. તે વારે તે કોણ છે તે જાણવાને તે ન જાણે તેમ પાછળ થયો. અનુક્રમે તે કુંવરને ધનદત્ત નગરશેઠના મકાનમાં પ્રવેશ કરતો જોઇ તેને ખ્યાલ થયો કે " ખરે ! એ તો નગરશેઠનો નાનેરો કુંવર મોજશોખમાંજ પોતાનું જીવન વ્યતીત કરનારો છે " તરતજ પાછો વળી રાજ્ય દરબારમાં આવી મહારાજને જાગૃત કરી સર્વ હકીકત નિવેદન કરી. તેની પાસેથી સર્વ હકીકત જાણી લઇને મહારાજ વિક્રમાદિત્યે તેને રવાને કરી દીધો. તે પછી સૂર્યોદય થતાંજ શી ઘટના બની તે આપણે જોઇ ગયા છીએ.

# પ્રકરણ ૧૦ મું.

## ઇતિહાસ પરિચય.

જે સમયે મહાવીર સ્વામી પોતાનાં પુનિત ચરણકમળોથી આ ભારતને પાવન કરીને લાખો રંકથી રાય સુધીના ને મુર્ખથી પંડિત પર્યંત અનાથ જીવોને સંસારનું યથાર્થ સ્વરૂપ સમજાવી સનાથ બનાવી રહ્યા હતા, જે સમયે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શુદ્ધોદન રાજાનો કુમાર ગૌતમ સન્યસ્ત ગ્રહણ કરીને મગધ દેશમાં પોતાનો નવીન બૌદ્ધમત શરૂ કરી તેનો પ્રચાર કરવામાં ભગીરથ પ્રયાસ કરી રહ્યા હતા. જે સમય આજથી લગભગ પચ્ચીશસો વર્ષ પહેલાંનો આંકવામાં આવે છે. તે સમયે માળવાની જગત્પ્રસિદ્ધ ઉજ્જયિની નગરીમાં ચંદ્રપ્રદ્યોત નામે મહા સમર્થ રાજા રાજ્ય કરતો હતો. જે અઢાર મુગુટબદ્ધ રાજાઓનો સ્વામી હતો. મહારાજા ચંદ્રપ્રદ્યોત ઉગ્ર પરાક્રમી અને ચોવીશમા તીર્થંકર શ્રીમહાવીરસ્વામીનો ભક્ત શ્રાવક હતો અને જેની પટ્ટરાણી વિશાળા નગરીના ( બીહાર દેશના ) ચેડા મહારાજાની કન્યા હોવાથી તેનો તે જમાઈ થતો હતો પ્રદ્યોત રાજા જૈન છતાં ઘણો યુદ્ધપ્રિય હતો. તે સમયે મગધ દેશની રાજગ્રહી નગરીમાં બિંબિસાર ( શ્રેણિક ) રાજા મગધ દેશ પર પોતાની હુકમત ચલાવી રહ્યો હતો. તેની ઉપર ચંદ્રપ્રદ્યોતે ચડાઈ કરી હતી. પરન્તુ બિંબિસારના પુત્ર અને મહામંત્રી અભયકુમારની બુદ્ધિથી તેને પાછા વળવું પડયું હતું. તેમજ વત્સ દેશની કોશાંબી નગરીના શતાનિક રાજાની ઉપર પણ તેણે ચડાઈ કરી હતી. જેના ભય માત્રથી શતાનિક રાજા અતિસારના રોગથી મૃત્યુ પામી ગયો હતો, આ રાજા પણ ચેડા મહારાજનો જમાઈ થતો હતો. પાછળથી તેનો પુત્ર વત્સરાજ ઉદયન સંગીતમાં મોહ પમાડીને પ્રદ્યોત રાજતનયા વાસવદત્તાને પરણ્યો હતો. ચેડા મહારાજ મહાવીર સ્વામીનો બાર વ્રતધારી શુદ્ધ શ્રાવક



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો, મગધરાજ શ્રેણીક (બિંબિસાર) અને તેના પૂર્વજો, શીશુનાગનો કાકકર્ણ, તેનો પુત્ર ક્ષેમવર્મણ, તેનો પ્રસેનજીત એ સર્વ પાર્શ્વનાથના શ્રાવકો હતા. બિંબિસાર શ્રાવક હતા; છતાં ગૌતમબુદ્ધના મતની તેમને અસર થવાથી તેઓ બૌદ્ધ થયા હતા. પણ પાછળથી મહાવીર ભગવાનના સમાગમમાં આવતાં તેમના ભક્ત અવિરતિ શ્રાવક થયા હતા. વત્સરાજ, શતાનિક અને ઉદયન પણ મહાવીર સ્વામીના શ્રાવકો હતા. પાંચાળ (પંજાબ) ના વિત્તભય પાટણ (ભેરા) નો મહારાજ ઉદાયી અને ચંદ્રપ્રદ્યોતને પણ મહા ભયાનક યુદ્ધ થયું હતું, બન્ને મહાવીરસ્વામીના શ્રાવકો હતા. જીવંતસ્વામી (મહાવીરસ્વામી) ની પ્રતિમા આ યુદ્ધનું કારણ હતું. જેમાં ચૈદ મુગુટબંધી રાજાઓએ જેને સહાય કરી છે, એવા મહા બળવાન ઉદાયી રાજાએ તેને પકડી લીધો હતો. ઉદાયી રાજા પ્રણ ચેટક મહારાજાનો જમાઇ થતો હતો. એવી રીતે મહાવીરસ્વામીના સમયમાં ભારતના મોટા મોટા રાજાઓ શ્રાવક હતા; છતાં કારણ પરત્વે તેમને ભયંકર યુદ્ધો થતાં હતાં. અનુક્રમે ચંદ્રપ્રદ્યોત પછી તેનો ભત્રીજો 'પાલક' માળવેશ્વર થયો. મગધરાજ બિંબિસાર પછી તેનો કુમાર કોણીક ( અશોકચંદ્ર ) મગધરાજ થયો. તેણે બાહુબળથી સકળ રાજાઓને નમાવ્યા અને ત્રણ ખંડપૃથ્વી સાધી લીધી. માળવાના રાજાને હરાવ્યો. વિશાળા નગરીને ખેદાન મેદાન કરી વિત્તભય પાટણના ઉદાયી નૃપ પછી તેનો ભાણેજ વગેરે સમસ્ત ભારતના રાજાઓએ તેનું આધિપત્ય સ્વીકાર્યું. જેથી તે ચક્રવર્ત્તી ( શહેનશાહ ) કહે-

વાયો. અને કોઈ પણ શત્રુ ન રહેવાથી તેણે અજાતશત્રુ એવું ત્રીજું નામ ધારણ કર્યું. મહારાજ અજાતશત્રુ (અશોકચંદ્ર) મહાવીર અને તેમની પાટે થયેલા પાંચમા સુધર્મા ગણધર જંબુ-સ્વામી તેમનો શિષ્ય (શ્રાવક) હતો, છતાં ઘણોજ રણરસીક હતો. તે પોતાને સદા અજેય માનતો હતો. જગતમાં કોઇ રાજ્ય જીતવાનું તેણે બાકી રાખ્યું નહોતું. માળવામાં પાલક પછીની વંશાવળી મલતી નથી, પણ જણાય છે કે અજાતશત્રુના સમયથી મગધરાજને આધિન હતું. અથવા તો કદાચ કોઇ તેનો સામંત થયો થકો માળવાનો અધિકાર ઉજ્જયિનીમાં રહીને ભોગવતો હશે. અજાતશત્રુએ પિતાની રાજ્યધાની રાજગૃહીનો ત્યાગ કરી નવીન ચંપાનગરી વસાવી ત્યાં રાજ્યગાદી સ્થાપી. તેની પછી તેનો પુત્ર ઉદાયી મગધરાજ ભારતસમ્રાટ થયો. પિતાના મરણના અતિશોકથી ઉદાયી રાજાએ મંત્રીઓને બીજું નગર બાંધવા હુકમ કર્યો. જેથી તેમના સમયમાં પાટલીપુત્ર વસ્યું. જેને હાલ પટ્ટણા કહે છે. ત્યાં ઉદાયી રાજાએ પોતાની ગાદી સ્થાપી. ઉદાયી રાજાના વખતમાં ઉજ્જયિનીમાં પ્રાયઃ પાલક રાજા રાજ્ય કરતો હતો, ઉદાયી રાજાના અકાળ મરણ પછી રાજા અપુત્ર હોવાથી મગધની ગાદી ઉપર હજામનો પુત્ર નંદ નામે હતો તે આવ્યો. હાથણીએ રાજ્ય-કલશ નંદ ઉપર ઢોળ્યો જેથી તે મગધરાજ થયો, મહાવીર પછી સાઠ વર્ષે પહેલો નંદ થયો.

મહાવીરસ્વામી પછી સાઠ વર્ષો વીત્યે પહેલો નંદ મગધરાજ થયો, તેનો મંત્રી કપિલ બ્રાહ્મણનો પુત્ર કલ્પક નામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બ્રાહ્મણ થયો. બ્રાહ્મણ છતાં પણ તે ધર્મે શ્રાવક હતો. અનુક્રમે નંદના વંશમાં બીજા આઠ નંદ થયા. એટલે છેલ્લો નવમો નંદ થયો. તેનો પ્રધાન પણ કલ્પકના વંશમાં થનારો અનુક્રમે શકટાલ મંત્રી થયો. જાતે નાગર બ્રાહ્મણ હોવા છતાં પરંપરાની રીતિએ તે શ્રાવકનો ધર્મ પાળતો હતો. મહાન્ પ્રખ્યાત છેલ્લા ચૌદપૂર્વી સ્થૂલિભદ્રજી તે મંત્રીના પુત્ર હતા. અનુક્રમે તેની ઉત્તરાવસ્થામાં ગૌડદેશમાં ચાણાક્ય નામે એક બ્રાહ્મણ મહા બુદ્ધિનો નિધાન પ્રગટ થયો. ચાણાક્ય દાંત સહિત જન્મેલો હોવાથી તેનો પરમાર્થ તેના પિતા ચણી બ્રાહ્મણે જૈન મુનિઓને પૃછવાથી જણાવ્યું કે "એ બાળક રાજા થશે." બ્રાહ્મણે ઘેર આવી રાજ્ય–એ નરકને આપનારૂં હોવાથી તરતજ દાંત ઘસી નાખ્યા અને ફરીથી મુનિને પૂછયું, ત્યારે જણાવ્યું કે "દાંત ઘસી નાંખવાથી તે રાજા નહી પણ રાજા જેટલી સત્તા ધરાવનારો થશે." પછી માતાપિતાએ તેનું ચાણાક્ય એવું નામ રાખ્યું. અનુક્રમે ચાણાક્યે મૂરાદેવીના પુત્ર ચંદ્રગુપ્તને મેળવી નવમા નંદરાજાનો કુટુંબ સહીત નાશ કરીને તેણે ચંદ્રગુપ્તને મગધરાજા બનાવી પાટલીપુત્રની ગાદીએ બેસાડી નંદરાજાની અખૂટ સુવર્ણની ડુંગરીનો માલેક બનાવ્યો તે ઈતિહાસ પ્રસિદ્ધ છે. ચંદ્રગુપ્ત પણ મહાપરાક્રમી હતો. નવે નંદોના સમયમાં મગધ સિવાય બીજે તેમની આણ કવચિતજ ફરતી ત્યારે ચંદ્રગુપ્તે પોતાની તલવારને બળે સારા ભારતવર્ષના રાજાઓને નમાવ્યા હતા. અર્થાત્ મગધરાજ ચંદ્રગુપ્ત ભારતનો શહેનશાહ બન્યો હતો. માળવામાં પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્રગુપ્તની સત્તા ચાલતી હતી. પરિશિષ્ટ પર્વને આધારે વીર નિર્વાણ પછી સાઠ વર્ષે નંદપહેલો અને તે પછી એકસો પંચાવન વર્ષ વિત્યે ચંદ્રગુપ્ત ભારતવર્ષનો સમ્રાટ થયો. અર્થાત્ વીરનિર્વાણથી બસો પંદર વર્ષે થયો.

મહાન્ એલેકઝાંડર ( સિકંદર ) લગભગ છેલ્લા નંદના વખતમાં ઇ. સ. પૂર્વે ૩૨૭ માં ભારત ઉપર ચડી આવ્યો હતો. પંજાબમાં આવતાં શરૂઆતમાંજ ત્યાંનો રાજા પોરસ તેની સામે થયો, મહાન્ યુદ્ધ થયું, પોરસે વીરતા બતાવી છતાં તે હાર્યો ગયો, હારેલા શત્રુને એલેકઝાન્ડરે ઉદારતાથી તેનું રાજ્ય તેને પાછું સોંપી ત્યાંથી આગળ વધવાનો ઇરાદો કર્યો. પરન્તુ પોતાના સરદારોની સલાહથી તે પોતાને વતન ગ્રીસ ( મીસીગેનીયા ) પાછો ચાલ્યો ગયો. બત્રીશ વર્ષની નાની ઉમ્મરે તે મરણ પામવાથી તેના રાજ્યના ભાગ પડી ગયા. તેનો મોટો સરદાર સેલ્યુકસ મોટું લશ્કર લઈ ઇ. સ. પૂર્વ ૩૦૩માં ભારત ઉપર ચડી આવ્યો, તેને અને ચંદ્રગુપ્તને ભયંકર લડાઈ થઇ, તેમાં સેલ્યુકેસનું લશ્કર ખુબ માર ખાવાથી તે હારી ગયો ને ચંદ્રગુપ્ત સાથે તેણે સંધી કરી, સેલ્યુકસે પોતાની કુંવરી ચંદ્રગુપ્ત સાથે પરણાવી. ઠેઠ પંજાબની સરહદ સુધીની તેની હકુમત તેણે કબુલ રાખી. ચંદ્રગુપ્ત ભદ્રબાહુ સ્વામીનો ભક્ત શ્રાવક હતો અને તે ચાણાકયના ઉપદેશનોજ પ્રભાવ હતો ચંદ્રગુપ્ત ઇ. સ. પૂર્વે ૩૧૨માં ગાદી ઉપર આવ્યો તે ઇ. સ. પૂર્વે ૨૮૮ એટલે લગભગ ૨૪ વર્ષ પર્યંત તેણે ભારતનું સામ્રાજ્ય ભોગવ્યું. તે પછી તેનો પુત્ર બિંદુસાર ઇ. સ. પૂર્વ ૨૮૮માં મગ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધરાજ થયો. તે ઈ. સ. પૂર્વે ર૭ર સુધી અર્થાત્ સોળ વર્ષ પર્યંત તેણે રાજ્ય ચલાવ્યું, મગધરાજ બિંદુસારે ચંપાપુરી નગરીના બ્રાહ્મણની કન્યા ‘ સુભદ્રાંગી ’ સાથે તેણે લગ્ન કર્યું હતું, તે રાજાને પ્રાણથી પણ અધિક પ્યારી હતી. મહાન્ અશોક તેનો પુત્ર હતો. તે સિવાય બીજા પુત્રો પણ હતા. બિંદુસારે પિતાનું મેળવેલું સામ્રાજ્ય સંભાળી રાખ્યું હતું. બિંદુસારના રાજ્ય દરમીયાન અશોક રાજાને કાંઈ અણગમો થવાથી તેને દૂર ઉજ્જયિનીની સુબાગીરી આપી હતી. પ્રથમ તેને તક્ષશીલાના રાજાને વશ કરવાને મોકલ્યો, મહાન્ અશોકે તક્ષશીલાના રાજાને વશ કરીને મહારાજના ચરણમાં નમાવ્યો, જેથી મગધરાજ તેની ઉપર પ્રસન્ન થયા હતા ને માળવા જેવા મોટા દેશની સુબાગીરી આપી હતી. ત્યારપછી મહાન્ અશોક અવંતીમાં રહીને માળવાની હાકેમી ભોગવતા હતા, બિંદુસારના મરણ પછી અશોક દૂર હતો ને બીજાઓને ગાદીએ બેસાડવાની ખટપટ થઈ; પરંતુ અશોકને ખબર પડતાં તાબડતોબ ત્યાં આવી પહોંચ્યો અને પાટવી પુત્રનું સિંહાસન તલવારને બળે પોતાને આધીન કર્યું. ઈ. સ. પૂર્વે ર૭૧–ર૭રમાં ભાઈઓનું કાસળ દૂર કરી સમશેરને રૂધીરથી નવડાવી ઉદ્ધત સામંત રાજાઓને વશ કરી, ઈ. સ. પૂર્વે ર૬૯માં તેમણે ભારતના સમ્રાટની પદવી ધારણ કરી. અશોક રાજા કેટલોક વખત બૌધના પરિચયમાં આવવાથી તે બૌધ થઈ ગયો હતો; પરન્તુ પાછળથી તે જૈન આચાર્યના સમાગમમાં આવતાં જૈન થયો હતો. ગિરનાર વગેરે પર્વતો ઉપરના પ્રાચિન લેખો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરથી જણાય છે કે અશોક જ્યારે મગધના સિંહાસન ઉપર બેઠો તે વારે પોતાના નાના કુમાર કુણાલને ભોગવવા માટે ઉજ્જયિની આપી હતી. જેથી તે રક્ષક પુરૂષોની સાથે ઉજ્જયિનીમાં રહી મોજમજા કરતો હતો. અનુક્રમે અશોકની માનીતી એક પત્ની તીષ્યરક્ષિતાના ઈર્ષ્યાદોષથી કુણાલને અંધત્વ પ્રાપ્ત થયું હતું. રાજાને આ ખબર પડતાં મહા પશ્ચાત્તાપ થયો, તે યુવરાજ હતો છતાં અંધત્વ પ્રાપ્ત થવાથી રાજ્ય ભોગવવાને તે નાલાયક થયો જેથી અશોક મહારાજે દુઃખી દિલે કુણાલને એક મોટું ગામ આપ્યું ને પોતાના બીજા દિકરાને ઉજ્જયિનીની હકુમત આપી.

હવે અનુક્રમે કુણાલને શરતશ્રી નામે પત્નીથી સંપૂર્ણ લક્ષણવાળો એક પુત્ર થયો. કુણાલને પણ પાછળથી ખબર પડી કે પોતાને અંધ બનાવવામાં અપર સાવકી માતાનો પ્રપંચ હતો, જેથી તેના રાજ્યલોભનો મનોરથ હું વ્યર્થ કરૂં. એમ વિચારી તે અનુક્રમે પાટલીપુત્ર નગરે આવ્યો અને સંગીતથી મગધરાજ અશોકને પ્રસન્ન કરી તેનું વરદાન પામ્યો. વરદાનમાં કુણાલે રાજ્ય માગ્યું. મહારાજે તેને દૃઢ આલિંગન દઇ કહ્યું " પુત્ર ! હવે તું રાજ્યને શું કરીશ. "

કુણાલે જવાબમાં જણાવ્યું કે " મારે પુત્ર થયો છે, હું આપને વધામણી આપું છું. આપ તેનો રાજ્યાભિષેક કરો ?"

" હે વત્સ ! તને પુત્ર કયારે થયો ? " અશોક મહારાજે આશ્ચર્યથી પૂછયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જવાબ મળ્યો કે "સંપ્રતિ."

મહારાજે તરતજ સંપ્રતિને પોતાની પાસે બોલાવ્યો અને પોતાનું વચન સિદ્ધ કરવાને દશ દિવસ પછી તે દૂધ પીનાર બાળક સંપ્રતિને મગધના વિશાળ સિંહાસન ઉપર બેસાડી દીધો.

હવે અશોક મહારાજે ઈ. સ. પૂર્વે ૨૬૧ માં પોતાના પિતામહ ચંદ્રગુપ્તે બાકી રાખેલા કલિંગ દેશ ઉપર ચડાઈ કરી. સામસામે લાખો માણસોની કતલ થઈ. અનેક અસંખ્ય મનુષ્યોના બલીદાને કરીને કલિંગ દેશ અશોકે જીતી લીધો. પણ મહારાજ અશોકે ઘણા મનુષ્યોની હિંસા નજરે જોયેલી હોવાથી લડાઇ માટે તેને બહુ તિરસ્કાર આવ્યો, ત્યારપછી તેણે ધર્મમાંજ પોતાનું ચિત્ત જોડયું. અનુક્રમે ઇ. સ. પૂર્વે ૨૨૩ સુધી ભારતનું સામ્રાજ્ય અશોક રાજાએ ભોગવ્યું. તે પછી તેમનો પૌત્ર સંપ્રતિ મગધરાજ થયો. તે કવચિત ઉજ્જયનિમાં રહેતો. મહારાજ સંપ્રતિએ ત્રણ ખંડ પૃથ્વીને સાધી હતી અને નાની ઉમરથી જ તે ચુસ્ત જૈન હતો. પરમ પવિત્ર દશ પૂર્વધર શ્રી આર્યસુહસ્તિસ્વામીનો તે બાર વ્રતધારી શ્રાવક હતો. ત્રણ ખંડની પ્રજાને જૈનમય બનાવી અનાર્ય દેશમાં પણ સાધુઓ વિહાર કરી શકે તેવી સંપ્રતિએ સગવડ કરી નાખી હતી. પોતાના તાબાના દેશોદેશના સામંતોને તેડાવી મહારાજ સંપ્રતિએ સાફ હુકમ કર્યો કે "હે સામંતો! જો મને તમે સ્વામીપણે માનતા હો તો તમે શ્રાવકો થઇ જાઓ. તમારા આપેલા દ્રવ્યનું મારે કાંઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રયોજન નથી; પરન્તુ મારા કહેવા પ્રમાણે કરવાથી તમે મારૂં પ્રિય કર્યું છે એમ હું સમજીશ." સ્વામીનું એ વચન સાંભળી સર્વ સામંતો જૈનધર્મી થયા અને પોતપોતાના દેશમાં વિદાય થયા. પછી જીનેશ્વરની ભક્તિમાં એકબીજાથી અધિક સ્પર્ધા કરવા લાગ્યા. મહાવીરસ્વામી પછી ત્રણસો પાંચ વર્ષ વિત્યે સંપ્રતિ રાજા થયા. અર્થાત ઇ. સ. પૂર્વે ૨૨૨–૨૩ માં સંપ્રતિ રાજા મગધેશ્વર અને ભારતેશ્વર તરીકે પ્રસિદ્ધ થયા. સંપ્રતિ રાજાએ પૃથ્વીને જૈન ધર્મથી સુશોભિત કરી હતી. તેમના સમયમાં જૈનધર્મ પાળનારની સંખ્યા લગભગ ચાલીશ કરોડની હતી. એમ ઇતિહાસ ઉપરથી માલુમ પડે છે. ઇ. સ. પૂર્વ ૧૮૪ માં એ વંશનો અંત આવ્યો. સંપ્રતિ રાજા પછી કાળે કરીને ગુપ્ત રાજાઓનું રાજ્ય થયું.

ગુપ્ત રાજાઓમ પુષ્પપુત્ર, બલમિત્ર, નરવાહન ને અનુક્રમે છેલ્લો ગર્દ્ધભિલ્લ નામે ઉજ્જયિનીનો રાજા થયો, આ રાજા વ્યભિચારી હતો જેથી વ્યભિચારના પાપમાંજ તેણે રાજ્ય ખોયું, વીર નિર્વાણને ચારસો વર્ષ વિત્યા પછી લગભગ પાંચમી સદીના મધ્યકાળમાં ઇરાન અને તુર્કસ્તાનના શાહી લોકોએ ( શક જાતિએ ) ભારત ઉપર સ્વારી કરી. તેઓ સોરઠ દેશમાં થઇને જીતતા જીતતા લાટ દેશના મુખ્ય શહેર ભરૂચના રાજાને જીતી અનુક્રમે ઉજ્જયિની આવ્યા અને ગર્દ્ધભિલ્લ રાજાને હરાવી પદભ્રષ્ટ કર્યો. રાજા ગર્દ્ધભિલ્લ જંગલમાં નાશી ગયો ત્યાં વાઘે મારી નાખવાથી તે મરણ પામ્યો. હવે ભારતમાં શકલોકોનું જોર ઘણું વધી પડયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેટલેક સમયે શક લોકોનું જોર તોડીને વિક્રમાદિત્યે સાર્વ-ભૌમ રાજ્યની સ્થાપના કરી. જેથી વિક્રમનું બીજું નામ શકારિ પણ કહેવાય છે. આ રાજાએ ગાદી ઉપર આવ્યા પછી પ્રજાનાં દુઃખ દૂર કરવામાં પોતાની જીંદગી ગુજારી છે. જેથી આજે પણ તે ' પરદુઃખભંજનના ' નામે ઓળખાય છે.

# પ્રકરણ ૧૧ મું.

## અર્વાચિન પરિસ્થીતિ.

માળવેશ્વર વિક્રમાદિત્ય ઉજ્જયિનીના તખ્તપર આવ્યા અને દીર્ઘકાળ પર્યંત તેણે ભારતમાં મોટામાં મોટું ઐશ્વર્ય ભોગવ્યું. તેના જેવો પરદુઃખભંજન રાજા બીજો કોઈ ત્યાર પછી પ્રાયઃ થયો નથી. વૈતાલ રાક્ષસ તેને વશ હતો; તેમજ પરમારવંશની કુળદેવી હરસિદ્ધ માતા રાજાને સાક્ષાત્ હતી. વિક્રમ રાજા પછી ઉજ્જયિનીને બદલે માંડુ પણ રાજ્યધાની થઈ એટલે ઉજ્જયિની અને માંડુ એ બંને રાજ્યધાનીના શહેર ગણાતાં હતાં. વિક્રમાદિત્ય પછી તેનો પુત્ર વિક્રમસેન રાજા થયો, ગુપ્ત વંશના રાજાઓનું રાજ્ય ઇ. સ, ૪૦૯ સુધી રહ્યું. તે પછી હુણ જાતિનું રાજય થયું, એ હુણ જાતિ પાસેથી કાન્યકુબ્જ ( કનોજ ) ના રાજા હર્ષવર્ધને તેમની પાસેથી માળવા જીતી લીધું. એ અરસામાં બૌદ્ધ ધર્મનું જોર ભાર-તમાં સારી રીતે જામેલું હતું. તે પછી માળવામાં પરમાર રા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જયનો પાયો નંખાણો. તેના વંશમાં સીંધભટ્ટ, તેનો દત્તક પુત્ર મુંજ તેમજ સિંગભટ્ટનો કુમાર ભોજ, ઉદયાદિત્ય, નરવાહન, યશોવર્મન, અજયવર્મ, વિંધ્યવર્મ, અમુશ્યાયન, સોહદ અને અર્જુન વગેરે રાજાઓ માળવાના તખ્તપર થયા. તેમનામાં કેટલાકની ગાદી માંડુમાં તો કેટલાકની ધારાનગરીમાં એમ ભિન્ન ભિન્ન રાજ્યધાનીઓ સમય પરત્વે બદલાઇ હતી. મુંજરાજાને તૈલંગ દેશના રાજા તૈલપ સાથે યુદ્ધ થયું હતું, તેમાં તે માર્યો ગયો હતો ભોજરાજાને ને ગુર્જરેશ્વર ભીમદેવ બાણાવળીને યુદ્ધ થયું હતું, જેમાં ભોજરાજા પરાજય પામ્યો હતો, છતાં પોતાનું રાજ્ય તેમણે ટકાવી રાખ્યું હતું. પરમાર રાજા યશોવર્મા ( નરવર્મા ) ના વખતમાં ગુર્જરેશ્વર સિદ્ધરાજે ( જયસિંહદેવ ) તેનાં ઉપર ચડાઇ કરી તેને બારવર્ષની આખરે જીવતો પકડી પાટણ આણ્યો હતો. ત્યારપછી સ્વતંત્ર ગણાતો પરમારોનો માળવા ગુજરાતના અધિકારમાં આવ્યો હતો; છતાં યશોવર્માનો પુત્ર ગુજરાતના માંડલિક સામંત તરીકે માળવાનો અધિકાર ભોગવતો હતો, ગુર્જરેશ્વર કુમારપાળના સમયમાં પણ માળવા તેમના આધિપત્ય નીચે હતું; પરંતુ ભોળા ભીમદેવના સમયમાં માળવાનો સોહદ ગુજરાત ઉપર ચડી આવ્યો હતો; પરંતુ પાછો ભીમદેવના દૂતના યુક્તિપૂર્વકના કથનથી પોતાને દેશ જતો રહ્યો હતો. એ રીતે માળવામાં લગભગ ઇ. સ. ૧૩૦૦ સુધી પરમારોનું રાજ્ય ટકી રહ્યું હતું. પરંતુ દીલ્હીપતિ અલ્લાઉદ્દીન ખીલજીએ તે અરસામાં ગુજરાત જીતીને પરમારો પાસેથી માળવા પણ જીતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લીધું. તે પછી માળવામાં ગુજરાતની માફક દીલ્લીપતિના નીમેલા સુબેદારોનો અમલ થયો. ત્યારપછી કેટલેક સમયે ઈ. સ. ૧૪૦૧ થી ૧૫૬૯ સુધીના સમયમાં સુબેદારો સ્વતંત્ર થઈ માળવાના સુલ્તાન તરીકે ઓળખાવા લાગ્યા. તેમાં નાસરૂદીન, દિલાવરખાન વગેરે પરાક્રમી અને પ્રખ્યાત થઇ ગયા છે. વચમાં વળી ગુજરાતના સુલતાન બહાદુરશાહે કેટલોક સમય પોતાની સત્તા બેસાડી. દીલ્લીના અફગાન સુલતાન શેરશાહ કે જેણે મોગલ સુલતાન હુમાયુને હરાવી કેટલાક વરસ સુધી દીલ્હીની ગાદી પોતે દબાવી હતી તેનો અધિકાર માળવામાં થયો. ત્યારપછી મહાન્ મોગલ શહેનશાહ અકબરના હાથમાં માળવા આવ્યું ને ધર્માંધ શહેનશાહ દીલ્હીશ્વર ઔરંગઝેબ પર્યંત તેમના સ્વાધિનમાં હતું. ઔરંજેબના વખતમાં જયપુરના રાજાઓ પોતાનો અધિકાર ચલાવતા હતા. કાળાંતરે તે પછી થોડોક સમય નિઝામશાહીની સત્તા પણ માળવાએ ચાખી લીધી હતી.

ઈ. સ. ૧૭૫૦માં માળવાની સનંદ બાલાજી બાજીરાવ પેશ્વાને દીલ્હીના સુલતાનેવાલા અહમદશાહ તરફથી મળી. ત્યાં લગી દીલ્હીના બાદશાહોના અધિકાર તળે માળવા હતું. ત્યારથી પેશ્વા તરફથી રાણોજી સિન્ધિયા માળવાનો વહીવટ કરતા હતા, આજે પણ માળવાનો અધિકાર સિંધિયા સરકારના હાથમાં છે, એવી રીતે એક વખતનો કહેવાતો બાણું લાખ માનવથી ભરેલો માળવા દેશ અનેક પ્રકારની ચડતી પડતીમાં પસાર થયેલ છે જેથી તેની પ્રાચીનતા, ભવ્યતા, સૌંદર્યતા, કળા, કૌશલ્ય વગેરેની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિવિધતા આજે છિન્નભિન્ન થઈ નાશ પામી ગઈ છે. અસલનું એ ગૌરવ, એ તેજ, એ પરમારોનું નુર, રાજા વિક્રમાદિત્યની ઉજ્જયિનીની જાહોજલાલી આજે માળવામાં નથી. છતાં પરમારોનું રાજ્ય તો કોઇ કોઈ જગાએ જોવામાં આવે છે. માળવામાં હિન્દી, મરાઠી, ગુજરાતી અને મારવાડી (માલવી) ભાષાનો ઉપયોગ થાય છે. વેપારીઓના ચોપડા તે ભાષામાંજ લખાય છે. આજે પણ માળવામાં જૈન મારવાડી વાણીયા (શ્રાવક) મોટા મોટા દુકાનદાર જોવાય છે.

આ દેશની રાજ્યધાની ઉજ્જૈયિની કે જેનું બીજું નામ અવંતી છે. જૈનોના પ્રથમાવતાર રૂષભદેવ (આદીનાથ) કે જે યુગની આદિમાં થયેલા છે. અને જેમણે સંસારની રૂઢી પ્રવર્ત્તાવેલી છે તે આજદિન સુધી અવિચ્છિન્ન પણે ચાલી આવે છે. રૂષભદેવનો અવંતિ નામનો પુત્ર હતો, તેણે પોતાના નામ ઉપરથી અવંતીનગરી વસાવી તેનું અવંતિનગરી નામ રાખ્યું. કાળે કરીને તેમાં પણ કેટલુંય પરિવર્ત્તન થઈ ગયું ને તેનાં નામ પણ ક્રમે ક્રમે બદલાણાં; જેના અનુક્રમે અવંતિકા, અમરાવતી, કનકશૃંગ, કુમુદ્વતી, કુશસ્થલી, પદ્માવતી, પ્રેતકલ્પા, શિવપુરી, વિશાલા અને ઉજ્જયિની વગેરે નામો સાંભળવામાં આવે છે. મહાકાળનું મંદિર અને ક્ષિપ્રાનદીના માહાત્મ્યથી આ નગરીને હિંદુઓ કાશી, પ્રયાગ, દ્વારિકા અને અયોધ્યાના જેવી પવિત્ર માને છે. પૂર્વે ત્યાં (ઉજ્જયિનીમાં) દશ હજાર મંદીર હતાં, પુરાણું ઉજ્જૈન એક પાદ નામના સ્થળ અને નદીના વચ્ચેના ખંડેરથી જણાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં કાલિકા દેવીનું એક મંદિર છે. જ્યાં વિક્રમના મુખ ગોવાળ જમાઈએ રાજકુંવરી પ્રિયંગુમંજરીથી પરાભવ પામી પંડિતપણું મેળવવાને તેની આગળ તપ આરંભ્યું હતું. આઠ ઉપવાસ પછી કાલિકાદેવીએ તેની ઉપર પ્રસન્ન થઈ તેને પંડિત બનાવ્યો. ને કાલિકાનાં નામ ઉપરથી તેણે પોતાનું નામ પણ કાલિદાસ રાખ્યું હતું.

ત્યાં આગળ ભર્તૃહરીની ગુફા છે તે જોવાથી જણાય છે કે પૂર્વે તે બૌધ યા તો જૈનધર્મી હશે, કેમકે તેની પાસેથી કેટલીક જૈનમૂર્ત્તિઓ મળી આવી છે. વળી ખંડેરમાંથી પુરાણા સિક્કા પણ કવચિત મળી આવે છે. અહીંયા હરસિદ્ધ માતાનું પ્રસિદ્ધ સ્થાનક છે. હાલમાં તો તે પરમારોનો કુળદેવી તરીકે દેવીની પૂજા કરતા ઓળખાય છે. રાજા વિક્રમાદિત્ય અને શાલિવાહન બન્ને આ દેવીની પૂજા કરતા હતા, હરસિદ્ધના હાલના મંદિર પાસે એક કુવો છે. તેમાં એક સ્તંભ છે જે ઉપર સંવત્ ૧૪૪૭નો લેખ છે. સ્તંભ ઉપર કોતરકામ સુંદર અને બારીક છે.

પુરાણું એક મહાકાળનું મંદિર છે. જેથી તેની ઉપર હિંદુઓ બહુજ આસ્થા રાખે છે. આ મંદિર પ્રથમ રાજા વિક્રમે બંધાવ્યું છે. કવિ કાળીદાસે પણ પોતાના ગ્રંથોમાં આ મંદિરની આસપાસના રાજભવનોની ને અહિંના રાજાઓની પ્રશંસા લખેલી છે. કુમાર સંભવ, મેઘદૂત અને રઘુવંશ એ ત્રણકાવ્ય તથા બીજા છ પ્રબંધો આ કાલીદાસે લખેલા છે. અહીંની પાઠશાળા વગેરે માટે શરૂઆતમાં કહી ગયા છીએ. દૂર દૂરના વિદ્યાર્થી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓને વિદ્યા મેળવવા માટે આ નગર કાશીના સમુ આધારભૂત હતું, એટલુંજ નહી પણ જુદા જુદા દેશના રાજાઓને વસવાને માટે રાજમહેલો પણ કાશીનીજ માફક હતા. પરદેશી મુસાફરોને માટે ધર્મશાળાઓની સંખ્યા પણ સારી હતી; પરન્તુ ઈ. સ. ૧૨૩૦ માં દીલ્લીના સુલતાન અલ્તમશે ઉજ્જૈન ઉપર ચડાઈ કરી તેની સૌંદર્યતાનો નાશ કરી નાખ્યો, તમામ મંદિરો તોડી નાંખ્યાં, અને મુર્તિઓ ખંડિત કરી નાંખી. અને મહાકાળીનું જગપ્રસિદ્ધ મંદિર પણ સુલતાને તોડી પડાવ્યું. આસપાસની દિવાલો પાડી નંખાવી અને મહાકાલ મહાદેવની શીવ પિંડિકાના કકડા કરીને દીલ્લી લઇ ગયો અને સમય જતાં મંદિરને સ્થાનકે મસ્જીદ બંધાવી, પાસે રાજમહેલ બંધાવી કુવા તળાવ વગેરે ખોદાવ્યા. ઘણો સમય મહાકાળની યાત્રા બંધ રહી. પછી બાલાજી બાજીરાવ પેશ્વાના હાથમાં આવતાં તેનો એક શેણવી બ્રાહ્મણ ઉજ્જૈનનો સુબેદાર થયો. તેણે મહાકાળ અને હરસિદ્ધ માતાનાં મંદિરો બંધાવાનો હુકમ ઈ સ. ૧૭૫૫ માં આપ્યો. હાલમાં તે મંદિરો હયાત છે.

પ્રયાગમાં જેમ અક્ષયવડનું માહાત્મ્ય ગણાય છે. તેવુંજ અહીંઆ સિદ્ધવડનું મહાત્મ્ય જગપ્રસિદ્ધ ને ક્ષિપ્રા નદીને કાંઠે એક સુંદર ઘાટ ઉપર તે હાલ મોજુદ છે. તેની સામે સિદ્ધનાથ મહારાજની મૂર્ત્તિ છે. સ્થાન રમણીય છે. ત્યાં આગળ જળ પણ અથાગ છે. તે ઘાટ પણ મોટા મોટા ને વિશાળ છે. અહીંયા હિંદુ લોકો પિતૃગણને તૃપ્ત કરવાને મુંડન તથા પિંડદાન વગેરે કરવાને દૂર દેશાવરોથી પણ આવે છે. ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ધર્મશાળા છે. કાર્તિક સુદ ૧૩–૧૪ નો અહીંયાં મોટો મેળો ભરાય છે. અહીંયાથી જરાક દૂર કાળ ભૈરવનું મંદિર છે.

ભોજ અને મુંજના વખતમાં માળવાની રાજ્યધાની ધારાનગરી ગણાતી હતી. તેની પાસે સરકારી સેન્ટ્રલ જેલ છે. માંડુમાં પણ રાજ્યધાની હતી, હાલમાં કેટલાક સમયથી સિંધિયા સરકારની રાજ્યધાનીનું શહેર ગ્વાલીયર ગણાય છે. એવી રીતે કાળે કરીને પરિવર્ત્તન થયા કરે છે. જે સમયનું આપણે વર્ણન કરીએ છીએ તે સમય ઇતિહાસના મધ્યકાળનો હતો અને તે આજથી ૧૯૮૦ વર્ષ પહેલાનાં વિક્રમાદિત્યનો સમય હતો. તાપી નદીના ઉત્તર પ્રદેશમાં સર્વે ઠેકાણે વિક્રમાદિત્યની આણ ફરતી હતી. તે દક્ષિણ બાજુએ દક્ષિણ મહારાષ્ટ્રમાં આવેલા પ્રતિષ્ઠાનપુર ( પૈંઠણ ) નગરના રાજા શાલિવાહનનું રાજ્ય હતું; પરન્તુ વિક્રમની વૃદ્ધાવસ્થામાં ગરીબ કુટુંબમાં જન્મેલો શાલિવાહન નાગદેવતાની સહાયથી સમસ્ત મહારાષ્ટ્રનો અધીશ્વર થયો હતો. તેણે માળવેશ્વર વિક્રમાદિત્યને પણ હરાવ્યો હતો. જેથી વિક્રમને તેની સાથે સંધી કરવી પડી હતી. કાદંબરીમાં જે શુદ્રક રાજાનું વર્ણન આવે છે તે શુદ્રક રાજા શાલિવાહનનો મંડલિક સેવક હતો, સ્વપરાક્રમી શાલિવાહનને પ્રસન્ન કરીને તેણે રાજ્ય મેળવ્યું હતું. આજે નથી માળવેશ્વર વિક્રમાદિત્ય, કે નથી શાલિવાહન; છતાં માળવા, સૌરાષ્ટ્ર, લાટ, ગુજરાત વગેરે ઉત્તર દિશામાં વિક્રમ સંવત ચાલે છે. દક્ષિણ દેશમાં શાલિવાહને પ્રવર્ત્તાવેલો શક આજે પણ ચાલે છે. વિક્રમ અને શાલિવાહનના શકમાં લગભગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૩૫ વરસનું અંતર આવે છે. એટલે વિક્રમ સંવતમાંથી ૧૩૫ ઓછા કરીએ તો શાલિવાહનનો શક આવે.

# પ્રકરણ ૧૨ મું.

## વૃદ્ધવાદી સૂરિ.

ત્રીજા આરાના અંતમાં અર્થાત્ આજથી એક કોડાકોડી સાગરોપમ પૂર્વે આ ભારતના મનુષ્યો વ્યવહાર રૂઢીથી અનભિજ્ઞ, કળા કૌશલ્યથી રહીત, ભોળા, સંતોષી, કલેશ રહીત અને તદ્દન નિર્દોષ મનુષ્યો હતા. જેમને જૈન શાસ્ત્રો યુગલીયા ( સરલ પ્રકૃતિવંત ) તરીકે વર્ણવે છે. તેમના પુણ્ય પસાયથી તે જમાનામાં કલ્પવૃક્ષો હયાત હોવાથી તે યુગલીક યુગલો પોતાની ઇષ્ટ વસ્તુ કલ્પવૃક્ષ પાસે માગીને મેળવતા હતા, એવી રીતે તે મનુષ્યો અને તેની પહેલાંનાં મનુષ્યો દેવતાની માફક ઇચ્છિત સુખો ભોગવતાં દરેક મનુષ્યો સરખા હતા, આજની માફક નાના મોટાનો કે રંક રાયનો ભેદ તે વખતે નહી હતો. તેવા સમયમાં નાભિ અને મારૂદેવી યુગલીકના સંયોગે રૂષભ અને સુમંગલાનું યુગલ ઉત્પન્ન થયું. જે રૂષભે જૈનોના પહેલા તિર્થંકર રૂષભદેવ-( પ્રથમ તિર્થંકર ) રૂપે પ્રગટ થઇ પૂર્વની પ્રણાલિકામાં સુ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધારો કરી પોતે રાજા થઈ રાજવ્યવસ્થા પ્રવર્ત્તાવી. વ્યવહાર રૂઢી, પુરૂષની બહોંતેર કળા, અને સ્ત્રીની ચોસઠ કળાની શરૂઆત કરી. વર્ણવ્યવસ્થાની સ્થાપના, જેવી કે ભોગકુળ, રાજન્યકુળ, ક્ષત્રીયકુળ, કર્મકર–કુંભાર વગેરેના દરેક વ્યવહારી ધર્મો દાખલ કર્યા. પોતાને સો પુત્ર થયા. દરેકને જુદા જુદા દેશો વેંચી આપી વિનિતાનું રાજ્ય ભરતને, ને બાહુબલીને (ગિજની) તક્ષશિલાનું રાજ્ય આપી ધર્મની સ્થાપના કરવાને સાધુ થયા. સાધુ થયા પછી તેમના પૌત્રો નમિ વિનમિ ભગવંત પાસે રાજ્ય લેવા આવ્યા, કેમકે ભગવંતે સર્વને આપ્યું હતું પણ નમિ વિનમિ તે સમયે હાજર નહી હોવાથી તેમને કાંઈ મળ્યું નહોતું, પાછળથી તેઓ આવ્યા અને ખબર પડી કે દાદા તો સાધુ થઈ ગયા છે જેથી તેમને શોધતા શોધતા તેમની પાસે આવી રાજ્યભાગ માગવા લાગ્યા!! ને ભગવંતની અપૂર્વ ભક્તિ કરવા લાગ્યા. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ નાગરાજ ધરણેંદ્રે તેમને અડતાલીશ હજાર વિદ્યાઓ આપી વિદ્યાધરેંદ્ર બનાવી બન્ને ભાઈઓને વૈતાઢ્ય પર્વતની ઉત્તર અને દક્ષિણ શ્રેણિનું રાજ્ય આપ્યું. ઘણો કાળ રાજ્યલક્ષ્મી ભોગવી રૂષભદેવ ભગવંત કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જ્યારે પહેલા તીર્થંકર થયા ત્યારે તેમણે પણ ભગવાન પાસે દીક્ષા લીધી. ભગવંતે પણ જૈન ધર્મનો સિદ્ધાંત સમજાવા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. નમિ વિનમિના વંશના સાધુઓ પરંપરા વિદ્યાધર વંશના સાધુ તરીકે ઓળખાયા. જેવી રીતે રૂષભદેવ ભગવાન ધર્મની આદિના કરનાર હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આદિનાથ થયા, તેવીજ રીતે તેમના પુત્ર ભરત પોતાના નામ ઉપરથી પડેલા આખા ભારતના ચક્રવર્ત્તી રાજા અર્થાત્ ભરતના ષટ્ ખંડના તેતો અધિપતિ થયા. અને જૈન-ધર્મ એક રાષ્ટ્રધર્મ તરીકે જગત્ પ્રસિદ્ધ થયો. પ્રથમ તીર્થં-કરના મોક્ષગમન પછી અનુક્રમે ચોથા આરાના બેંતાલીશ-હજાર વર્ષ ન્યુન એવાં એક કોડાકોડી સાગરોપમ વર્ષ વ્યતિત થયાં. તેમાં રૂષભદેવ પછી અમુક અમુકને આંતરે બીજા તેવીશ અવતારો થયા. જેમણે શરૂ કરેલા રૂષભદેવના જૈનધર્મને અધિકાધિક ઝળકાવી પૃથ્વીને જૈન વાતાવરણમય બનાવી કંઇક મંદ પડેલી પ્રણાલિકાને તેઓએ સતેજ કરી. તેમાં છેલ્લા અવ-તાર મહાવીરસ્વામી ચોથા આરાના અંતમાં થયા. ચોથા આરામાં અનુક્રમે પડતો કાળ આવવાથી લોકોનાં ચિત્ત જૈન-ધર્મથી ચળવિચળ થયાં. અને રૂષભદેવ ભગવાને પ્રરૂપેલા ચાર વેદને ડોળી નાંખી પોતાને અનુકુળ ફારફેર કરા કેટલાક પાખંડી પુરૂષોએ ભોળા લોકોને ભરમાવી જૈનધર્મને તજી દઈ અન્ય મતો ઉત્પન્ન કર્યા.

ભરત રાજાના વખતમાં બ્રાહ્મણો એજ જૈન કહેવાતા. તેની નિશાની તરીકે તેમના વખતમાં કાકિણી રત્નની જનોઇ ડોકમાં રહેતી. ભરત મહારાજના પુત્ર સૂર્યયશાના વખતમાં સોનાની થઈ, અનુક્રમે પછી રૂપાની થઈ અને છેવટે જૈનની નિશાની તરીકે પાછળથી સુતરની થઈ. શુદ્ધ બ્રહ્મચર્ય અને અહિંસાના પાળનારા તેથી બ્રાહ્મણ કહેવાતા. અનુક્રમે નવમા અને દશમા તિર્થંકરના વારામાં કાળે કરીને તેમની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( બ્રાહ્મણો ) મતિમાં વિપર્યાસ થયો જેથી વેદોની પ્રરૂપણામાં ગોટાળો કરીને અન્ય ધર્મોની પ્રરૂપણા કરી બીજાં દર્શનો પ્રકટ કર્યાં. જે આજે આપણે જોઈએ છીએ.

ચોવીશમા અવતાર મહાવીર સ્વામીના મોક્ષગમન પછી લગભગ સાડા ત્રણ વર્ષ બાદ પાંચમા આરાની શરૂઆત થઈ. જેમાં રૂષભદેવની પરંપરાએ બીજા તેવીશ અવતારો થયા. તેમજ વિદ્યાધર વંશની પરંપરા પણ અનુક્રમે ચાલી આવી. મહાવીરસ્વામીના અગીયારે ગૌતમાદિક ગણધર મગધ દેશના મહાન્ પંડિત ગણાતા વિદ્વાન્ બ્રાહ્મણો હતા. તેમાં પાંચમા ગણધર સુધર્માસ્વામી મહાવીરસ્વામીની પાટે આવ્યા આજે જે સાધુઓનો પરિવાર છે તે સર્વ પરંપરાએ સુધર્માસ્વામીનો પરિવાર સમજવો. કેમકે તેની પૂર્વે પાર્શ્વનાથના ઉપકેશ ગચ્છ, વિદ્યાધર ગચ્છ વગેરે આ પરિવારમાં ભળી જઈ મહાવીરસ્વામીની પ્રરૂપેલી પ્રણાલિકા તેમણે માન્ય રાખી હતી. મહાવીરસ્વામી પછી વીશ વર્ષે સુધર્માસ્વામી પોતાના પટ્ટશિષ્ય જંબુસ્વામીને પોતાની પાટ સોંપી મોક્ષે ગયા. જંબુસ્વામી પણ પોતાના શિષ્ય પ્રભવસ્વામીને પોતાની પાટે સ્થાપી મહાવીરથી ચોસઠમે વરસે મોક્ષે ગયા. ત્યારપછી મોક્ષનો માર્ગ તે આ ભરતને આશ્રયી બંધ થઈ ગયો. પ્રભવસ્વામી ચૌદ પૂર્વના જાણ હોવાથી તેમણે પોતાની પાટ રાજગ્રહી નગરીમાં રહેનાર સચ્યંભવ નામે વિદ્વાન બ્રાહ્મણને યોગ્ય જાણી ત્યાં આવી સચ્યંભવને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિબોધી, તેમને દિક્ષા આપી, પોતાની પાટે તેમને સ્થાપી પોતે વીરથી ૭૫ મેં વર્ષે દેવલોક ગયા. શય્યંભવ પણ ચૌદપૂર્વી થયા. તેમણે યશોભદ્રસૂરિને પોતાની પાટે સ્થાપી મહાવીરથી અઠ્ઠાણુંમેં વર્ષે તે સ્વર્ગે ગયા. યશોભદ્રસૂરિએ દક્ષિણ દેશમાં આવેલા પ્રતિષ્ઠાનપુર ( પેંઠ ) ના રહીશ બે બ્રાહ્મણ ભદ્રબાહુ અને વરાહને દીક્ષા આપી. તેમાં ભદ્રબાહુ ચૌદ પૂર્વી થયા ને વરાહ પતીત થયા. તેમના સમયમાં સ્થૂલીભદ્રના ગુરૂ સંભૂતિવિજય પણ ચૌદપૂર્વી થયા. એવી રીતે ભદ્રબાહુ સ્વામી પાંચમા શ્રુતકેવલી થયા. અને યશોભદ્ર સૂરિ વીર પછી એકસો અડતાળીશમેં વર્ષે દેવલોક ગયા. તે સંભૂતિવિજય એકસો છપન્ન વર્ષે સ્વર્ગે ગયા. ભદ્રબાહુ સ્વામી ઘણો વખત નેપાળ દેશમાં રહેતા. મહા પ્રાણધ્યાનમાં મગ્ન રહી આત્મહીતમાંજ તત્પર રહેતા. ત્યાં આગળ હિમાલયની આસપાસ છાયા પાર્શ્વનાથ, મંત્રાધિરાજ અને સ્ફુલિંગ પાર્શ્વનાથનું તીર્થ હતું. તે સમયમાં ત્યાં પણ જૈનોની વસ્તી સારી હતી. મહાવીર પછી એકસો સીત્તેર વર્ષે સ્થુલિભદ્રને ગચ્છનો ભાર સોંપી પોતે દેવલોક ગયા. આ સ્થુલિભદ્ર નવમા નંદ મગધરાજના મહા અમાત્ય નાગર બ્રાહ્મણ શકટાલ મંત્રી (કલ્પકનાં વંશ) ના પુત્ર હતા. આ સ્થુલિભદ્ર છેલ્લા ચૌદપૂર્વી કહેવાણા. આર્યસુહસ્તી અને આર્ય મહાગિરિ પોતાના બન્ને શિષ્યો દશપૂર્વી થયા. અને સ્થુલિભદ્ર મહાવીરથી બસોને પંદર વર્ષે દેવલોક ગયા. અને તેમની સાથે જીનકલ્પી માર્ગનો લોપ થયો; છતાં આર્ય મહાગીરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આર્ય સુહસ્તિને બધો ગચ્છ સોંપી તે એકાકી વિચરીને જીન-કલ્પની તુલના કરવા લાગ્યા. લગભગ વીરથી બસો પીસ્તાલીશ વર્ષે તેઓ દેવલોક ગયા. આર્ય મહાગિરિની પરંપરાએ દિગંબરમતની શરૂઆત થઈ હોય એમ જણાય છે.

ચંદ્રગુપ્ત વંશમાં ઉત્પન્ન થયેલા અશોક રાજાના પૌત્ર સંપ્રતિ રાજાના આ આર્યસુહસ્તિ સ્વામી ગુરૂ હતા. તેમનાજ ઉપદેશથી સંપ્રતિએ પૃથ્વીને જૈનધર્મથી મંડિત કરી હતી. તે સમયમાં જૈનોની સંખ્યા ચાલીશ કરોડ જેટલી હતી. મહાવીર સ્વામી પછી લગભગ બસોએકાણું વર્ષે આર્યસુહસ્તિ સ્વામી પોતાની પાટે આર્ય સુસ્થિત અને સુપ્રતિબદ્ધને સ્થાપી પોતે સ્વર્ગે ગયા, સંપ્રતિરાજાના સમયમાં ભદ્રા શેઠાણીના પુત્ર ભોગી અવંતીસુકુમાલને પ્રતિબોધનાર આજ સુહસ્તિ સ્વામી હતા.

સુસ્થિત અને સુપ્રતિબદ્ધાચાર્યે કોટીવાર સૂરિમંત્રનો જાપ કરવાથી નિર્ગ્રંથ ગચ્છનું ચાલ્યું આવતું નામ કોટીક-ગચ્છમાં ફેરવાઈ ગયું.

વિદ્યાધરવંશમાં અનુક્રમે પાદલિપ્ત સૂરિ થયા. આર્ય મહાગિરિના શિષ્ય બલિસ્સહ સૂરિ થયા, તેમના ઉમાસ્વામી-જી થયા, તેમના શિષ્ય પહેલા કાલિકસૂરિ થયા, તેમના નાગ-હસ્તિસૂરિ અને તેમના પાદલિપ્ત સૂરિ થયા. તેમના વંશમાં સ્કંદિલ આચાર્ય આર્ય સુહસ્તિના સમય પછી કેટલેક સમયે થયા. તે અનુક્રમે વિહાર કરતા કરતા ગૌડ દેશના કોશલા ગામ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માં આવ્યા. ત્યાં તેમને મુકુંદ નામે બ્રાહ્મણ મળ્યો. જેને આ-ચાર્યની દેશના સાંભળવાથી વૈરાગ્ય થયો અને સૂરીશ્વર પાસે વૈરાગ્ય થવાથી તેણે દીક્ષા લીધી. અનુક્રમે વિહાર કરતા સ્કંદિલાચાર્ય ભૃગુકચ્છ (ભરૂચ) પધાર્યા.

મુકુંદ રૂષિ વૃદ્ધ હતા. અભ્યાસમાં ઘણા મંદ હતા, જેથી રાત્રીએ જ્યારે સર્વે શિષ્યવર્ગ શાંતિથી નિદ્રાનો સ્વાદ લેતો હતો ત્યારે તેવે સમયે મુકુંદરૂષિ મોટા સ્વરે અભ્યાસ કરતા. જેથી શિષ્યોને નિદ્રામાં ખલેલ પડવા લાગી. એક દિવસે શિષ્યોએ ગુરૂ પાસે ફર્યાદ કરી, તે વારે ગુરૂએ તેમને સમજાવી વિદાય કર્યા. પછી એકાંતમાં મુકુંદરૂષિને બોલાવી કહ્યું "કે વત્સ ? રાત્રીએ ઉચ્ચસ્વરે બોલવાથી હિંસક પ્રાણીઓ જાગે અને તેઓ મહા અનર્થ કરે ! નિદ્રામાં પડેલા સર્વે સાધુઓને તારા મોટા સ્વરેથી બોલવાવડે તેમને ક્ષોભ થાય. તેમનાં ચિત્ત ઉદ્વિગ્ન થાય માટે ભણવાથી હવે સર્યું. તું સર્વને નમસ્કાર કર્યા કર !"

" આપનું વચન હું માથે ચડાવું છું. હવેથી હું નિશા સમયે અભ્યાસ કરી બધાંના ચિત્તને કલેશીત નહીં કરૂં; પ્રભો ! આટલો અપરાધ મારો ક્ષમા કરો !" સરલહૃદયી મુકુંદ-રૂષિએ ગુરૂની ક્ષમા યાચી તેમનું વચન અંગીકાર કર્યું.

" સાધુ ? વત્સ ! સાધુ !" સૂરિએ તેને રજા આપી.

હવેથી મુકુંદરૂષિએ હંમેશ દિવસના અભ્યાસ કરવા માંડ્યો. દિવસનો ઘણો ખરો ભાગ ઉચ્ચ સ્વરે ગોખવામાંજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પસાર કરતા. જેથી દરેક સાધુઓને કંટાળો આવવા લાગ્યો. વંદનાદિક કાર્ય પ્રસંગે આવતા શ્રાવક–શ્રાવિકા પણ ખળભળ્યા. તેમને ભણતા અટકાવવાને શિષ્યો અરસપરસ ઉપાય શોધવા લાગ્યા. તેઓ દિવસે અભ્યાસ કરતા હોવાથી ગુરૂ પાસે ફરીયાદ કરવાનું તેમને કાંઇ કારણ નહોતું. પરંતુ દિવસના ઉચ્ચ ઘોષે ગોખવાથી બધા કંટાળી ગયા હતા. ઘણા શિષ્યોએ તેમને અભ્યાસ નહી કરવાને અથવા તો મૌનપણે બની શકે તેટલું પ્રાપ્ત કરવાને સમજાવ્યું. પણ વિધિ સંયોગે કોઈની પણ વાત મુકુંદ રૃષિને ગળે ઉતરી નહી. મુકુંદરૃષિ શાંત હતા. કષાયરહિત વૈરાગી હતા. પણ અભ્યાસમાં મંદ બુદ્ધિ હોવાથી તેમને ઘણું લાગી આવતું હતું, જેથી હરકોઇ ભોગે અભ્યાસ કરી જ્ઞાન મેળવવું એજ તેમનું સાધ્ય બિંદુ હતું. માત્ર તેજ કારણથી તેઓને અભ્યાસ છોડી દેવાને ગમતું નહોતું.

હંમેશના તેમના આવા વ્યવસાયથી એક દિવસે કોઇ યુવાન શિષ્યે મુકુંદરૃષિની મશ્કરી કરી. "અરે મુકુંદરૃષિ હવે વૃદ્ધ થઇને શું ઘાંટા પાડવા બેઠા છો ! હવે ભણીને શું મુશળ ઉપર ફુલ લાવવાના છો ! વ્યર્થ શાને સર્વને સંતાપો છો !"

યુવાન સાધુની મશ્કરી મુકુંદના હૃદયના ઉંડાણમાં તરતજ ઉતરી ગઇ. તેમને જરી પણ ગુસ્સો ન થયો. તેના દરેક શબ્દો બરોબર સાંભળી લીધા. એ શબ્દોએ મુકુંદરૃષિને બહુજ અસર કરી. યુવાન સાધુને સામે જવાબ નહી દીધો, પણ પો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાને હૃદયમાં ઘણો ખેદ થયો. " હા ! જ્ઞાનાવર્ણીય કર્મથી દૂષિત મારી મતિને ધિક છે ! પૂર્વે મેં જ્ઞાનની આશાતના કરી હશે.જ્ઞાન અને જ્ઞાનીને દુભવ્યા હશે, તેમની નિંદા-ગર્હા કરી હશે, જેથી આ ભવે તેનું ફળ ભોગવી રહ્યો છું ! અને આ ભવમાં પણ હારી જઇશ, તો ભવાંતરમાં મારૂં શું થશે ! માટે ઉગ્રતપ કરી હું ભારતી ( સરસ્વતી ) દેવીનું આરાધન કરી તેને પ્રસન્ન કરીશ. તેણે કરેલી મશ્કરીનું વચન હું સત્ય કરીશ" એ પ્રકારે મનમાં નિશ્ચય કરતાં મુકુંદરૂષિ ત્યાંના પ્રસિદ્ધ જીનાલયમાં જઇ ચારે આહારના પ્રત્યાખાન (પચ્ચખ્ખાણ)પૂર્વક ભારતીનું ધ્યાન ધરતા બેઠા. તેમની આવી પ્રવૃત્તિ જોઈ સર્વ શિષ્યવર્ગ અજાયબ થયો. શ્રાવક શ્રાવિકાઓમાં પણ જોસભેર લાગણી ફેલાણી. પોતે શું નિશ્ચયથી બેઠા હતા, તે પોતેજ સમજતા હતા. ગુરૂ મહારાજ પણ આ હકીકત સાંભળી વિચારમાં પડયા, પણ જ્ઞાનથી ભાવી લાભ જોઇ પોતે મૌન રહ્યા. અને મશ્કરી કરનાર યુવાન સાધુએ પણ આ પરિવર્તનની કાંઇ આશા રાખી નહોતી. જેથી તેને પણ પાછળથી પસ્તાવો થયો, અને ગુરૂના ઠબકાને પાત્ર થયો, પરન્તુ ભાવી કાંઇ અન્યથા થતું નથી. કરેલું કાર્ય ગમે તેટલો પશ્ચાત્તાપ કરવા છતાં પણ ના કર્યું થતું નથી. મનુષ્યની કાંઇ ઇચ્છા હોય છે ત્યારે વિધિની મરજી જુદીજ હોય છે.

દિવસો ઉપર દિવસો ચાલ્યા ગયા, છતાં મુકુંદરૂષિને મરણના કષ્ટની પરવા નહોતી. તે તો સંસારીક સકળ ઉપાધિનો ત્યાગ કરીનેજ પોતાનું કાર્ય સિદ્ધ કરવાને બેઠા હતા. પોતાનું સાધ્યબિંદુ જ્યાંસુધી સિદ્ધ ન થાય, ત્યાંસુધી અભિગ્રહ લઈનેજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતે જીનેશ્વરના ધ્યાનમાં એકચિત્ત થયા હતા. અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પોને દૂર કરીને સમતાનો આશ્રય કરી નિષ્પ્રકંપ શરીરથી જીનેશ્વરની મૂર્ત્તિના ચરણકમળમાં સ્થીરદૃષ્ટિ રાખીને સાંસારીક બાહ્યદૃષ્ટિ ત્યાગી અંતર્દૃષ્ટિમાં લીન થયા, જેમ જેમ દિવસો વ્યતિત થવા લાગ્યા તેમ તેમ સર્વના મન "શું થશે" એવી ભવિષ્યની ચિંતાથી ખિન્ન થયાં, એમ કરતાં કરતાં મુહૂર્તની જેમ મુકુંદ મુનિને એક આસને ધ્યાન ધરતાં એકવીશ દિવસ વ્યતિત થયા.

આખું નગર "શું પરિણામ આવશે" તે જોવાને ઇંતેજાર હતું. ત્યાંનો રાજા પણ રખે કાંઇ ઉત્પાત ન થાય અને સુખે સમાધિએ બધું પરિપૂર્ણ થાય તે માટે આતુર હતો. સૂરિએ રાજાને આશ્વાસન આપ્યું હતું. વિધિની અકળ લીલા કહેવાય છે! ખોટામાંથીજ સારૂં થાય છે. આખરે એકવીસમા દીવસની રાત્રીએ મુકુંદ રૂષિનું જ્ઞાનાવર્ણીય કર્મ લગભગ નાશ થવાથી અને તેમના પરાક્રમથી પ્રસન્ન થયેલી સરસ્વતી દેવી સાક્ષાત્ તેમની સામે પ્રગટ થઇ બોલી કે-"હે વત્સ! ઉઠ! ઉઠ! તારા સત્વથી હું પ્રસન્ન છું! તારો મનોરથ હું પૂર્ણ કરૂં છું! આ જમાનાના વિદ્વાનોમાં તું સમર્થ વિદ્વાન્ થઇશ. વાદમાં કોઇની સાથે તારો પરાભવ નહિ થાય એવો અપ્રતિમલ્લવાદી તું થઇશ." મુકુંદના સત્વથી પ્રસન્ન થયેલી ભારતી તેમને એ પ્રમાણે વર આપી તરતજ અદૃશ્ય થઇ ગઇ.

મુકુંદરૂષિ ભારતીદેવીનો 'વર' પામી કવીંદ્ર થઇ પ્રભાત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમયે ગુરૂ પાસે આવી તેમને વંદના કરી. પહોર દિવસ ચડે શ્રાવકને ત્યાં પાણી વહોરવા જતાં પાણી વહોરી આવતાં મુશલ ( સાંબેલુ ) જોઇ પોતાની પ્રતિજ્ઞા સાંભરી. તરતજ બજારની વચ્ચે મુશલ મંગાવી સકળ સંઘની સમક્ષ અને નગરજનોની કુતુહલભરી નજર સમક્ષ મુકુંદરૂષિએ જણાવ્યું કે–જેણે મારો ઉપહાસ કર્યો છે કે–" તમે ભણીને શું મુશળને ફુલ લાવવાના છો ? " તો સર્વે આવો અને જુઓ ! હું આ મુશલને પુષ્પ લાવું છું. મારી પ્રતિજ્ઞા હું પૂરી કરૂં છું. એમ સર્વ જનોને ચેતવી મંત્રશકિતના બળે મુશલને પાણીની અંજલી છાંટી નીચેનો શ્લોક બોલ્યા.

अस्मादृशा अपि यदा, भारति! तव प्रसादतः ।
भवेयुर्वादिनः प्राज्ञा, मुशल पुष्यतां ततः ॥ १ ॥

**ભાવાર્થ**—હે ભારતી ! જે તમારા પ્રભાવથકી મારા સરખા મૂર્ખ પુરૂષો પણ વિદ્વાન્ અને કોઇ ન જીતી શકે તેવા વાદી થયા. તે તમારા પ્રભાવથી આ મુશલ પણ પુષ્પને પ્રગટ કરો !

તરતજ મુશલ ફાલ્યું-ફુલ્યું, પાંદડાં આવ્યાં, તેની પાછળ પુષ્પો પણ પ્રગટ થયાં. આ જોઇ સંઘ સહીત લોકો આશ્ચર્ય પામ્યા.

मृगो शृंगं शक्रयष्टिप्रमाणं, शीतो वह्निर्मारुतो निष्प्रकंपः ।
यद्वा यस्मै रोचते तन्न किंचित्, वृद्धोवादी भाषते कः किमाहः ॥१॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**ભાવાર્થ**—" મૃગને શીંગડાં, શક્રયષ્ટિનું પ્રમાણ, શીતળ અગ્નિ, અને પર્વતનું નિષ્કંપપણું, અહો વૃદ્ધવાદી શું કહે છે કે જેની જેને રૂચી હોય તે દ્યો ! "

એવી રીતે મુકુંદરૂષિએ મુશલને પુષ્પ લાવી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી સર્વજનોને આશ્ચર્ય ચક્તિ કર્યા. ત્યારપછી સરસ્વતીની કૃપાથી સર્વ પંડિતોને વાદ વિવાદમાં હરાવી પોતે જગતમાં અપ્રતિમલ્લ વાદી તરીકે પ્રગટ થયા. રાજા વગેરે સર્વજનો તેમનું આવું અપૂર્વ પાંડિત્ય જોઈ નવાઈ પામ્યા સૂરીશ્વર સ્કંદિલાચાર્ય પણ તેના પાંડિત્યથી પ્રસન્ન થઇ ગુણોના આભૂષણ રૂપ એવા મુકુંદરૂષિને આચાર્ય પદવી આપી વૃદ્ધવાદીસૂરિ તરીકે પોતાની પાટે સ્થાપ્યા. દેશોદેશ વૃદ્ધવાદી તરીકેની તેમની પ્રખ્યાતી થઇ. વાદ વિવાદમાં પોતે સર્વે વિદ્વાનોને જીતવા છતાં તેમનામાં નહોતું અભિમાન કે નહોતું હારેલાને અપમાન કરવાનું તીક્ષ્ણ વચન ! સકલગુણ સંપન્ન હોવા છતાં સરલ સ્વભાવી, કષાય રહીત, વૈરાગ્યવંત, એવા પ્રથમના જેવાજ હતા. કાળે કરીને સ્કંદિલાચાર્ય પણ તેમને ગચ્છનો સર્વ ભાર ભળાવી સમાધિથી કાળ કરી સ્વર્ગે ગયા.

માળવેશ્વર વિક્રમાદિત્યના સમયમાં એવી રીતે સ્કંદિલાચાર્યે વૃદ્ધવાદીને ગચ્છની સોંપણી કરી સ્વર્ગારોહણ કર્યું, પછી વૃદ્ધવાદીસૂરિ પણ જૈન શાસનરૂપ કમળવનને ખીલવવામાં સૂર્યસમાન એવા તે ગચ્છની વ્યવસ્થા કરતા છતા પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. પોતાના પ્રભાવિકપણાથી જૈનશાસ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નની ઉન્નતિ કરવા લાગ્યા. દેશ પરદેશમાં તેમના વિદ્વત્તાની પ્રશંસા થવા લાગી. હારેલા વિદ્વાનો કહેતા કે "એતો સાક્ષાત્ ભારતીદેવી પુરૂષરૂપે આ જગતમાં આવેલી છે !"

# પ્રકરણ ૧૩ મું.

## વિધિનું વિધાન.

મહાપંડિત સિદ્ધસેન દક્ષિણમાં કોલ્હાપુરની રાજસભાના પંડિતોને, પ્રતિષ્ઠાનપુરના વિદ્વાનોને અને કર્ણાટકના રાજમાન્ય પંડિતોને શાસ્ત્રવાદમાં અને ધર્મવાદમાં હરાવતો, પોતાના શિષ્યો બનાવતો અને જગતને તૃણવત્ ગણતો અતિશય ગર્વિષ્ટ બની ગયો હતો. તેણે કોંકણદેશના પંડિતોને પણ વાદમાં હરાવ્યા, ગૌડદેશના વિદ્વાનોએ તેનું મન્તવ્ય મંજુર રાખ્યું, એવી રીતે ધર્મવાદમાં પણ અનેકાનેક દેશની રાજસભાના પંડિતોને જીતતો કાશી, પ્રયાગ અને મગધના પંડિતોને દુરથીજ પોતાની તેજસ્વી કીર્તિથી ડરાવતો સિદ્ધસેન પંડિત ઉત્તરદિશામાં આવવાને નીકળ્યો. ધર્મવાદ અને શાસ્ત્રવાદમાં સર્વે પંડિતોને થકવવાથી દિગંત પર્યંતની પોતાની કીર્ત્તિથી ઉત્તરદિશામાં પણ તેની સાથે વિવાદ કરે તેવા કોઈ પંડિતો તેને મલી શકયા નહિ. કેટલાક તો તેને આવતો સાંભળી ભયના માર્યા બીજે ગામ ભાગી જતા. કેટલાક મંદવાડનો ઢોંગ કરી બિછાનાવશ થતા અને કેટલાક પોતાની વિદ્વત્તા ઉપર આધાર રાખી તેની સાથે મેદાનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉતરતા; પરંતુ સિદ્ધસેન આગળ વાદમાં તેઓ હારી જતા. એક દિવસ કોશંબી નગરની રાજસભામાં પંડિત સાથે વાદ કરતાં સર્વને હરાવ્યા. પંડિતો લાજના માર્યા રાજસભામાં અધો-મુખ કરીને જોઇ રહ્યા. તેમને સિદ્ધસેન પંડિતે અભિમાનથી કહ્યું. "છે હજી કોઇ! પોતાને વિદ્વાનનો ડોળ બતાવનારો! આવો! આવો! તમારી વિદ્વત્તા બતાવો!"

સિદ્ધસેનની આવી ગર્વભરી વાણી સાંભળીને રાજા જંખવાણો પડી ગયો. સકળ સભા સ્તબ્ધ થઇ ગઇ. "આહ! શું તેની વિદ્યાનું અભિમાન!

"અફસોસ! મારી સાથે વાદવિવાદ કરીને જીતે તેવો કોઈ પુરૂષ આજે જણાતો નથી, સર્વ પંડિતો હારીને મારા શિષ્યો બને છે, પણ મને શિષ્ય બનાવનાર કોઇ જન્મ્યો નથી. જેમ રાજામાં મહાપરાક્રમી આજે ચક્રવર્તી માળવેશ્વર વિક્રમાદિત્ય જયવંત છે, તેમ ભારતમાં સકળ પંડિતોનો મુગટમણિ અપ્રતિમલ્લવાદી આજે પંડિત સિદ્ધસેન છે."

કોશંબીની રાજસભાના એક પંડિતનું હૃદય આવી ગર્વીષ્ટ વાણીથી ખળભળ્યું. ઉંચી ડોક કરી તિર્છી નજરે ગર્જના કરતા પંડિત સિદ્ધસેન ભણી કટાક્ષપૂર્વક જોયું, તેને સિદ્ધસેને કહ્યું કે "કેમ મહાશય! હજી પણ કાંઇ અભિલાષા હોય તો સામે આવો, કેમકે મારા જવા પછી તમારા મનોરથ કોણ પૂર્ણ કરશે."

"બરાબર છે! પંડિતજી! તમારો મનોરથ પૂરવાને હજી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક જણ એવા હયાત છે કે જે સત્વર પૂર્ણ કરશે; તેમને જ્યાં સુધી તમે નહીં જીતો ત્યાંસુધી તમારા ગર્વ અને અભિમાન ખોટાં છે! તમારી સાથે વાદ કરીને તમને હંફાવે તેવો આજે ભારતમાં એ એકજ અપ્રતિમલ્લવાદી વીર પુરૂષ છે. " તે પંડિતે અભિમાનથી મન્દોમત આ સમર્થ પંડિતને ડામ્યો.

" અહો ! જગતમાં અપ્રતિમલ્લવાદી તો મહા સમર્થ પંડિત સિદ્ધસેન પોતેજ છે. કહો, કહો સિદ્ધસેનને હરાવવાનો દાવો કરનાર ને પોતાનેજ વાદી કહેવડાવનાર બીજો એ કોણ છે ! " સિદ્ધસેને ગર્જના કરી.

લાટદેશમાં વિહાર કરનાર અને ખુદ સરસ્વતી પોતેજ તમારી ગર્વાંધતાનું ખંડન કરવાને જાણે પુરૂષ રૂપે આ જગતમાં આવી હોય એવા જૈનના વિધાધર ગચ્છમાં ઉત્પન્ન થયેલ વૃદ્ધવાદીસૂરિ પોતેજ ! "

" અહો ! શું એક મ્યાનમાં બે તલવાર ? ભારતમાં આજે હું સમર્થ અપ્રતિમલ્લવાદી છતાં એ પોતાને અપ્રતિમલ્લ વાદી તરીકે ઓળખનાર ! આકાશમાં બે સૂર્ય કદિ સંભવેજ નહી !"

" એ સર્વ જ્યારે તમે એમની સાથે વાદ કરશો ત્યારે સમજાશે. બધે જીત મેળવી અભિમાનથી ફાટી ગયા છો, પણ સંભાળજો, ત્યાં તમારી રેવડી દાણાદાણ થઈ જશે ! તમારે તેમના શિષ્ય થવું પડશે ! " એમ કહી કોશંબીના પંડિતે લગાર સિદ્ધસેનના હૃદયને હચમચાવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" ચુપ રહો ! કે ભારતમાં આજે સર્વ પંડિતોનો ગર્વ ઉતારવા હું એકજ જન્મ્યો છું ! અપ્રતિમલ્લવાદી થવાને તો હુંજ સરજાયો છું, તમારા એ વૃદ્ધવાદી સાથે વાદ કરીને હું તેને હરાવીશ–મારા શિષ્ય બનાવીશ. એવી હું પ્રતિજ્ઞા કરૂં છું " સિદ્ધસેને પોતાની અદ્વિતીય વિદ્વત્તાના વિશ્વાસે વૃદ્ધવાદીને જીતવાનું પણ કર્યું. કોશંબીની સકલ રાજસભા ખળભળી રહી.

" પંડિતજી ! વિચાર કરીને પગ ભરજો ! **બહુ રત્નાની વસુંધરા**. પૃથ્વી એક પછી એક અદ્વિતીય રત્નો કાળે કરીને પ્રગટ કરે છે. અભિમાનીનો ગર્વ હરે છે. રાવણનો ગર્વ હરવાને રામ પ્રગટ થયા, કંસ અને જરાસંધનો જુલ્મ નાબુદ કરવાને શ્રીકૃષ્ણ પ્રગટ થયા. એ શું ભૂલી ગયા ?"

"તમે તેની મિથ્યા પ્રશંસા કરો છો. વાદમાં હું હારીશ કે તમારો વૃદ્ધવાદી ? એ તો સમય આવતાં જોવાશે. અમે સામ સામે મેદાનમાં વાગ્યુદ્ધમાં ઉતરશું, ત્યારેજ તેનો નિર્ણય થશે." ગર્જના કરતાં પંડિત સિદ્ધસેન બોલ્યા. "કહો હાલમાં તે ક્યાં છે ?"

" લાટ દેશના પાટનગર ભૃગુકચ્છમાં હાલ તે વિદ્યમાન છે ! આપ ત્વરાથી જશો તો જરૂર ભેટો થઇ શકશે. " કોશંબીના પંડિતે ટકોર કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" ઠીક છે. હમણાંજ જાઉં છું. તેને જીતીને મારો શિષ્ય બનાવું છું ! મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરું છું" એમ કહી કોશંબીની સભામાંથી પોતાના પરિવાર સહીત પંડિત સિદ્ધસેન લાટ દેશ તરફ રવાને થયો.

* * * * *

એક દિવસની પ્રભાતે એક સમર્થ પંડિત બની શકે તેટલી ત્વરાએ પોતાના પરિવાર સહીત ભરુકચ્છમાં આવ્યો. રેવા (નર્મદા) નદીના કિનારા ઉપર આવેલા આ રમણીય શહેરમાં તપાસ કરતો કરતો તે પંડિત પૌષધશાલા (ઉપાશ્રય) આગળ આવ્યો, અને ત્યાં કોઈ શ્રાવકને પૂછ્યું કે " અહીંયાં વૃદ્ધવાદી આચાર્ય આવ્યા છે તે ક્યાં છે ? "

" મહાશય ! તે તો નવકલ્પ વિહારી છે. આજે તેમનો કલ્પ પુરો થવાથી અત્યારમાંજ વિહાર કરી ગયા." એકઠા થયેલા શ્રાવકોમાંથી એક જણે જવાબ વાળ્યો.

" આહ.......એટલી વારમાં શું મારી બીકથી નાશી ગયા ? " તે બોલ્યો અને હસ્યો.

ઉપરના શબ્દો સાંભળી સર્વ લોકો વિચારમાં પડી ગયા. એક જણે કહ્યું. " તમે કોણ છો ? તેમનું આપને શું કામ છે ? "

" કોણ હું ! હું વિદ્વાન છું ? તેમની સાથે વાદ કરી, વાદી તરીકેનું તેમનું બિરૂદ પડાવી લેવા આવ્યો છું. તેમને જીતવાને આવ્યો છું !"

૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પંડિત સિદ્ધસેનના શબ્દો સાંભલી સર્વ લોકો હસી પડ્યા " અરે ભાઈ! દુન્યાના બીજા પંડિતોની સ્પર્ધા મુકી તેમની સાથે વાદ કરવાનું મન થયું? તમે કયાંથી આવો છો?"

" માળવેશ્વર વિક્રમાદિત્યના પુરોહિત મંત્રી દેવરૂપી અને દેવસીકા માતાની કુક્ષીએ ઉત્પન્ન થયેલો કાત્યાયન ગોત્રીય પંડિત સિદ્ધસેન મારૂં નામ છે. દેશ દેશના સમર્થ પંડિતોને હરાવી તેમને શિષ્ય બનાવવાનું મારૂં કામ છે."

" પણ ભાઇ! અહીંયાં તમારૂં કાંઇ પણ વળનાર નથી. વૃદ્ધવાદી આચાર્ય તો સાક્ષાત્ સરસ્વતીના અવતાર છે." એક જણે કહ્યું.

" ફીકર નહી; કહો, તે કયા રસ્તે ગયા? હું ઝટ તેમને મળું. મારા મનોરથ તેમને જીતીને સફલ કરૂં!" પંડિતે જણાવ્યું.

" તમે પણ કાંઇ ગર્વિષ્ઠ જણાઓ છો. તમને ખબર છે કે વાદમાં અજેય થવાનું સાક્ષાત્ ભારતી દેવીનું તેમને વરદાન છે. ભરૂચની બજાર વચ્ચે હજારો લોક સમક્ષ મુશલને પુષ્પો પ્રગટ કરનાર છે." એક જણે જરા સપ્તાઈથી કહ્યું.

" છતાં મારી આગળ તેમનું કાંઈ પણ ચાલનાર નથી. એવા તો કંઈ પંડિતોને આ જીતનાર છે."

સઘળા વિચારમાં પડ્યા કે આ કોઇ મિથ્યાભિમાની જણાય છે. ભલે એને વૃદ્ધવાદી સાથે અફળાવા દો? પરીણામ શું આવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે તે જોવા દ્યો ! સર્વે વિચાર કરતા હતા તેવામાં એક જણે પંડિતને માર્ગ બતાવ્યો. તે રસ્તે પંડિત સિદ્ધસેન પરિવારને ત્યાં છોડી ત્વરાએ જીતવાની આશાએ હરખાતો હરખાતો દોડી ગયો. લગભગ ઘડી બે ઘડી જેટલું જોસભેર ચાલવાથી જંગલમાં તેમનો ભેટો થયો. તેને ઉતાવળો પોતાની તરફ આવતો જાણી સરળ પ્રકૃતિવંત વૃદ્ધવાદી સમજ્યા કે "એને ઉપદેશની આકાંક્ષા હશે" જેથી એક વૃક્ષની છાયા નીચે ઉભા રહ્યા. અને સિદ્ધસેનને ત્યાં નીચે બેસી ઉપદેશ આપવા લાગ્યા. એવી રીતે તેમને ઉપદેશ કરતા જોઇ સિદ્ધસેન ખળભળી ઉઠ્યા "સૂરિજી ? હું કાંઇ તમારો ઉપદેશ સાંભળવા આવ્યો નથી. મને આવતો સાંભળીને તમે ભૃગુકચ્છથી નાશી ગયા. પણ મેં તમને પકડી પાડયા છે. હવે કાંતો તમારૂં વાદીનું બિરૂદ તમે છોડી દ્યો અથવા તો વાદ કરીને મને જીતી લ્યો! જો વાદમાં હું હારીશ તો હું તમારો શિષ્ય થઇને રહીશ અને તમે હારશો તો આ બધું ત્યાગ કરીને તમારે મારા શિષ્ય થવું પડશે. એવી પ્રતિજ્ઞાથી તમારે મારી સાથે વાદ કરવો પડશે." સિદ્ધસેનની વાણી સાંભળીને વૃદ્ધવાદીસૂરિ વિચારમાં પડ્યા કે આને વિદ્યાનો ગર્વ થયો જણાય છે ! આત્માનું જ્ઞાન કેવી રીતે થાય તે માટે તો તે અજ્ઞાનજ જણાય છે. ઠીક છે. ! આવા વિદ્વાનને યુક્તિબળથી જીતી લઈ ધર્મ માર્ગમાં સ્થીર કરવો કે જેથી આત્મા કર્મ મુક્ત થાય ! તેનું ચિત્ત મોક્ષ મંદિર તરફ આકર્ષાય ?" પછી સૂરિએ શ્રુતજ્ઞાનથી લાભાલાભ જોયો તો જણાયું કે "આ માણસથી શાસનને ઘણો નફો થશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મનો ઉદ્યોત કરનાર મોટો પ્રભાવક થશે !" એમ જાણવાથી દરેક રીતે તેને પોતાનો કરી તેના મનનું સમાધાન કરી લેવું ! એમ વિચાર કરી બોલ્યા " આપણે વાદ કરીએ તે વાત તો વ્યાજબી છે, પરંતુ વાદ કરવામાં આપણો જય કે પરાજય થાય તે વાદી પ્રતિવાદીને સમજાતું નથી, માટે તે વાત નક્કી કરવાને મધ્યસ્થ મનુષ્યની જરૂર છે. તમે કોઈ મધ્યસ્થ ખોળી કાઢો, તેમનું વચન જો તમને માન્ય હોય તો મને વાદ કરવામાં કોઈ પણ પ્રકારે હરકત નથી." આચાર્યના એ વચન ઉપર સિદ્ધસેનને વિશ્વાસ આવ્યો, પણ આવા જંગલમાં મધ્યસ્થ મનુષ્ય કયાંથી લાવવો ? તે માટે સિદ્ધસેન વિચાર કરવા લાગ્યો, તેવામાં તેને વળી સુઝી આવ્યું કે " ઓહ... અમારા વાદમા જેને હું મધ્યસ્થ કલ્પીશ તે મારે મન તો પશુ સમાન જ છે ? તો પછી આ ઢોર ચારનારા ગોવાળીયા મધ્યસ્થ થાય તો શું ખોટા છે ! માટે તેજ મધ્યસ્થ થાઓ ! એમ વિચારી સૂરિ અને તેમની વચ્ચે ગોવાળીયાઓને મધ્યસ્થ તરીકે બેસાડી પંડિત સિદ્ધસેન વૃદ્ધવાદી આચાર્યની સાથે વાદવિવાદ કરવા લાગ્યો " કહો ! વ્યાકરણ, ન્યાય, મિમાંસા, વેદાંતિક, તાર્કિક કે બીજા કોઈપણ પક્ષમાં કયો પક્ષ તમને માન્ય છે ? "

" તમને યોગ્ય લાગે તે તમારો પૂર્વ પક્ષ ઉપાડો " સૂરીશ્વરે તેને યોગ્ય લાગે તે માર્ગ સૂચવ્યો.

પંડિતે સંસ્કૃત ભાષામાં દરેક ગ્રંથોના પ્રમાણવડે પોતાનો પૂર્વ પક્ષ ઉપાડી ઘણીવાર સુધી પોતાના પક્ષનુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમર્થન કરવાને તે ઉપર વિવેચન કર્યું. છેવટે જણાવ્યું કે "આ જગતમાં સર્વજ્ઞજ આકાશ કુસુમની પેઠે પ્રત્યક્ષ અને અનુમાનાદિક પ્રમાણોવડે કરીને પણ અનુપલબ્ધ છે માટે સર્વજ્ઞજ કોઈ નથી."

તેમનું વચન સાંભળીને શાંતિપૂર્વક વૃદ્ધવાદીસૂરિ બોલ્યા "હે ગોવાળો! પંડિતે શું કહ્યું તે તમે સમજ્યા કે?"

"તેની આ ભાષામાં અમે તો કાંઇ સમજ્યા નથી." ગોવાળીઆઓએ જવાબ આપ્યો.

"તેમણે કહ્યું, તે હું સમજ્યો છું. સાંભળો તેઓ કહે છે કે જીનેશ્વર નથી. તે સાચું છે કે ખોટું તે તમે કહો. તમારા ગામમાં જીનેશ્વર, સર્વજ્ઞ જીન મંદિરોમાં છે કે નહી?" સૂરીશ્વર ગોવાળોને સમજાવવા પૂર્વક બોલ્યા.

"જિનરાજના મંદિરમાં જીનેશ્વર, સર્વજ્ઞ તો બીરાજે છે. માટે એનું વચન ખોટું છે." ગોવાળીયાઓએ મત આપ્યો.

પછી ગુરૂએ પ્રથમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મન:પર્યવ જ્ઞાન અને કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજાવી સર્વજ્ઞપણાનું વસ્તુસ્વરૂપ સમજાવ્યું. પછી ગોવાળીયાઓ તરફ નજર કરી તેઓ પ્રસન્ન થાય અને પોતાની જીત થાય તે માટે તૈયાર થયા. કેમકે તેઓ સમયના જાણકાર હતા. માટે ઉભા થઇ કેડે ઓઘો બાંધી હાથે તાળી વગાડતા વગાડતા ફેરકુદડી ફરી મધ્યસ્થ ગોવાળીયા સમજે અને તેમને રસ પડે એવો ગરબો રાગ કાઢીને ગાવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નવી મારીયે ને નવી ચોરીએ પરદારાગમન નિવારીએ
થોવા થોવં દાઇએ, સગી ટુકુકુકુ જાઇએ ૧
વંચન નવી કરીએ કહીતણું, એહ વાત સાચી ભણું.
કીજીએ જીવદયાનું જતન, સાવય કુલ ચિંતામણી. ૨
હડ હડાવ નવી કીજીએ મરમ ન બોલીએ કહી તણું,
કુડી શાખને આલ મત દીજીએ, એ ધર્મ હૈડે રાખીયે. ૩

ઉપર મુજબ સમજણ પડે તેવો ગરબો સાંભળી ગોવાળીયાઓ ઘણા ખુશી થયા. પછી સૂરિએ પૂછયું. "ભાઈ! અમારા બન્નેમાંથી કોણ જીત્યું ?"

"ગુરૂજી! તમે જીત્યા. તમે જીત્યા! વાહ સૂરિમહારાજ કેવા સર્વજ્ઞ છે? કાનને મીઠું લાગે તેવું બોલે છે. અરે! આ પંડિત તો નકામો લવારો કરે છે."

આ શબ્દો સાંભળી સિદ્ધસેન પંડિતનો ગર્વ ગળી ગયો. તેમણે સૂરીશ્વરને કહ્યું કે "ભગવન! મને આપનો શિષ્ય બનાવો! કેમકે મધ્યસ્થના વિચાર પ્રમાણે હું હાર્યો છું. મારી પ્રતિજ્ઞા પ્રમાણે હવે હું તમારો શિષ્ય થયો છું!"

"સિદ્ધસેન, સાંભળો! આ કાંઈ આપણો વાદવિવાદ નથી. કારણકે વાદવિવાદમાં મધ્યસ્થ પુરૂષો શાસ્ત્રના જાણ પંડિત હોવા જોઈએ. જરા શાંત થાઓ! ભૃગુકચ્છની રાજ્યસભામાં આપણો વાદવિવાદ થશે. તમારી હાર જીતની ખરી શરત તો ભરૂચની રાજ્યસભામાં જ જણાશે" આચાર્ય મહારાજે તેમને ધીરજ આપી.

"હું ગમે તેવો છું, છતાં સમયને હું ઓળખી શકતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી. કયે સમયે શું કરવું તે આપ સમજી શકો છો—તે પ્રમાણે વર્તી શકો છો. માટે આપજ સર્વજ્ઞ છો. અનેક શાસ્ત્રના જાણ છતાં મનુષ્ય જો સમયને ઓળખે નહીં. કયા સમયે શું કરવું તે સમજી શકે નહી તો તે પંડિત છતાં પણ અપંડિત જાણવો! અને તે સમય પ્રમાણે આપ વર્ત્યા છો માટે આપ જીત્યા છો!" પંડિતે ખરી વસ્તુસ્થીતિ બતાવી છતાં આચાર્ય તેમને લઇ ભૃગુકચ્છની રાજ્યસભામાં આવ્યા. ત્યાં રાજા અને રાજ્યસભાની સમક્ષ બન્નેનો મોટો વાદવિવાદ થયો. વૃદ્ધવાદીએ ગિર્વાણ ભાષામાં પોતાનો પક્ષ ઉપાડી સિદ્ધસેનને આશ્ચર્યચકિત કર્યો. સિદ્ધસેને પણ તે પક્ષનું પોતાની વિદ્વત્તાથી ખંડન કરવા માંડયું, પણ તે ખંડનનું પણ આચાર્યે ખંડન કર્યું, એવી રીતે પોતપોતાના પક્ષના બચાવમાં પંડિત સિદ્ધસેન આખરે નબળા પડ્યા અને છેવટે વૃદ્ધવાદી આગળ હારી ગયા!! પછી શાસ્ત્રવિધિ પ્રમાણે વૃદ્ધવાદીસૂરિએ તેમને દિક્ષા આપીને કુમુદચંદ્ર એવું તેમનું નામ સ્થાપ્યું.

લાટ દેશના રાજા ધનંજયે પણ મોટી ધામધુમથી પંડિતને દીક્ષા અપાવી. રાજા જૈન હતો. વૃદ્ધવાદી સૂરિનો પરમ ભક્ત હતો, જેથી ગોવાળીયાની સાક્ષીએ સૂરીશ્વરને જ્યાં વાદવિવાદ થયો હતો ત્યાં આગળ એક મોટું રમણીય મંદિર બંધાવી રૂષભદેવ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા વૃદ્ધવાદીસૂરિ પાસે કરાવી. 'તાલરસ' નામે ગામ વસાવ્યું. સંઘમાં જયજયકાર થઇ રહ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમુદચંદ્ર પણ મહાન્ સમર્થ પંડિત હતા. સર્વ શાસ્ત્રના જાણકાર હતા. મોરના ઇંડાંને કાંઈ ચિતરવા પડતાં નથી. ગૌતમસ્વામીની માફક તે પણ તે જમાનામાં અલ્પ સમયમાં જૈનશાસ્ત્રનું અવગાહન કરી મહાન સમર્થ સર્વજ્ઞપુત્ર થયા. વૃદ્ધવાદીસૂરિએ તેમને યોગ્ય જાણીને આચાર્ય પદવી આપી. કુમુદચંદ્રને બદલે સિદ્ધસેન દિવાકરસૂરિ તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા. આચાર્ય પદવી પ્રાપ્ત થયા થકી સિદ્ધસેનસૂરિ પોતાના પરિવાર સાથે અન્યત્ર વિહાર કરવા લાગ્યા. તેમજ વૃદ્ધવાદીસૂરિ પણ અન્યત્ર વિચરવા લાગ્યા.

સિદ્ધસેન પંડિતને દિક્ષીત થયેલા જોઈ તેમના પરિવારમાંથી કેટલાક તેમની સાથે રહી તેમના શિષ્ય થયા. કેટલાક માળવા તરફ ઉજ્જયિની જવાને અને વિક્રમાદિત્યને આ સમાચાર આપવાને રવાને થયા.

# પ્રકરણ ૧૪ મું.

## કસોટી

અગર નહોતા દીલ, મહોબત ન હોતી,
ન હોતી અગર મ્હોબત, આફત ન હોતી.

અંતઃપુરમાં રૂપચંદ્ર કુમારને રાજા તેડી ગયો, ત્યાં તેને માટે વિવિધ પ્રકારની સુખડી વગેરે કરાવીને એકાંતે બન્ને જણા બેસીને ખાતા ખાતા અનેક ગપ્પાં હાંકવા લાગ્યા. એવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે રાજાએ તેની સાથે પોતાનું દીલ મેળવી લઈ જાણે જુની પુરાણી મૈત્રી હોય તેમ રૂપચંદ્ર સાથે ઐક્ય કરી નાંખ્યું.

" કુમાર ! કહો ! કયા કયા ગ્રંથનો અભ્યાસ કર્યો છે ? કાંઇ શસ્ત્રકળાનો અભ્યાસ પણ કર્યો છે ? " રાજાએ મુદ્દાની વાત ઉપર આવવાને શરૂઆત કરી.

" મહારાજ ! અમે તો વ્યાપારી મહાજન કહેવાઈએ ! અમારા વાણીયાના વ્યાપાર તો વડીલોના ચાલતા આવેલા ધંધાનાજ હોય, તે શિવાય બીજી ગ્રંથકળા અમે શી શીખીએ ! " રૂપચંદ્રે કહ્યું.

" જો ! હવે તારે ને મારે સ્નેહ થયો. માટે જુઠું બોલીને મને ઠગીશ નહી. તું આમ તો સકળ કળાનો જાણકાર છે. છતાં પોતાનાજ મિત્રને ઠગવાનો દાવ રમનાર છે. હું તને ભાઇ ગણીને સમજાવું છું–કહુ છું. પછી શામાટે મારી સાથે કપટબાજી રમે છે ! " રાજાએ મીઠાશથી કામ કાઢવા માંડયું.

" રાજન્ ! હું તો તમારો બાળક કહેવાઉં, અને તમે તો અમારા ઠાકોર છો. તમારી સાથે કપટભાવ શામાટે મારે રાખવો જોઇએ ? માટે જેવું જાણું છું તેવું કહું છું. તે સાચું જ માનશો. "

" ઠીક છે તો કહો ! ગઈ રાત્રીએ તમે કઇ રમણીને મહેલે ગયા હતા ? તેણે સમશ્યાથી તમને શું શું સમજાવ્યું. કહો ! પહેલાં કાને હાથ દીધા એટલે શું ? જમણા હાથે વિણા લીધી, પોતાની જાંઘ બતાવી, ફુલનો દડો સુંઘીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફેંકી દીધો. અને થૂંકવાની ચેષ્ટા કરી. એ બધી સમશ્યાનો શો ભાવાર્થ છે તે કહો!" રાજાએ મુદ્દાની વાત ઉપર આવતાં પૂછયું.

રાજાની વાત સાંભળીને રૂપચંદ્ર વિચારમાં પડ્યો 'ઓહ! પહેલેજ ગ્રાસે મક્ષિકા આવી ગઇ. રાજાએ ધૂર્તપણું કરવા માંડયું. મારી પહેલાં રાજા તેને ત્યાં ગયેલા લાગે છે. પણ સમસ્યાઓ નહી સમજવાથી હારેલા જણાય છે. પરંતુ એ બાળાના વિશ્વાસનો હું ભંગ કરૂં તો વિશ્વાસઘાતનું પાપ મારે શિરે લાગે! બેઆબરૂ થવાથી બાળા કદાચ પ્રાણ ત્યાગે! ભલે, રાજા મારૂં ચાહે સો કરે પણ એક ' નન્નો સો દુઃખને હણે!' મનમાં એ પ્રકારે વિચાર કરીને રૂપચંદ્રે કહ્યું. "મહારાજ! એવા ગુઢાર્થ શબ્દોનો અર્થ હું કેમ જાણું? કેમકે—

" અમે વણિક વ્યાપારી રાય, ગ્રંથકળા તે કીશી ભણાય ?
અમો હિંગતોલ વાણીયા, ઓછા વણિગતણા પ્રાણીઆ "

અનેક પ્રકારે સાચાં જુઠાં કરીને વ્યાપાર કરી અમે અમારો નિર્વાહ કરીએ. ત્યાં તમારી આવી ગુહ્ય સમશ્યાઓનો અર્થ અમે શી રીતે જાણીએ? એ તો જેને મહોલે કશી મણા નથી એવા શોખીન રાજકુંવરો હોય, જેમને મુદ્દલ માથે ભાર નહોય, તેવાજ આવી સમશ્યાઓનો પાર પામે!" રૂપચંદ્રે તેવી બાબતોમાં રાજાની આગળ પોતાનું અજ્ઞાનપણું બતાવ્યું.

"રૂપચંદ્ર! મેં તને મિત્ર તરીકે માન્યો છે, તેથી એક

સ્નેહી તરીકે તને પૂછું છું કે અસત્ય ના બોલ ! ભાઈ જેવો ગણીને તારી લાજ રાખું છું ત્યારે તું મને પણ ઉડાવવા માગે છે ?" રાજાએ તેને સમજાવવા પ્રયત્ન કર્યો.

"રાજન્ ! આપના મનમાં ખોટું શલ્ય ભરાણું છે. આ વિષયમાં આપની કાંઈક ભૂલ થાય છે. જો હું જાણતો હોત તો તરત જ આપને કહી દેત. પણ જે હું જાણું નહી તે કેમ કરીને કહું. આપજ વિચારો !" રૂપચંદ્રે રાજાનું મન મનાવવા માંડ્યું.

"તું તે જાણે છે કે નહી ! તેની મને ખબર છે. તારે ગમે ત્યાં જવા આવવાની મારી મનાઈ નથી. પરંતુ મારી સાથે કપટ રમીશ નહી; સત્ય વાત ઉચરીને તારી ખંધાઇ છોડી દે!" રાજાએ લગાર સખ્ત થતાં જણાવ્યું.

"સ્વામિન્ ! હું તો આપનો છોરૂં છું. વિશેષ શું કહું ! મહેરબાની કરીને હું જે હકીકત જાણતો નથી તે છોડી દઈને બીજી કાંઇ ફરમાયેશ કરો !" રૂપચંદ્રે કાંઈક બીજી દિશા તરફ વળવાને રાજાને સુચવ્યું.

રાજા વિચારમાં પડ્યા કે "વાણીયાભાઈ મરતાં લગી પણ મગનું નામ પાડે નહી. વાણીયાની જાત બહુ હઠીલી ને શંકાશીલ હોય છે. આ રૂપચંદ્ર પણ સહેલાઇથી માનશે નહી. માટે સખ્ત નીતિનો ઉપયોગ કરવો પડશે, ગમે તે રીતે મારે ખુલાસો તો તેની પાસેથી મેળવવો જ પડશે." રાજાએ પછી જરાક ગુસ્સાભરી આંખે રૂપચંદ્રને કહ્યું. "જો રૂપચંદ્ર !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારે તો બીજું કાંઈ કાર્ય નથી. મારી સાથે જો તારે ભલાઈ રાખવી હોય તો તેનો યથાર્થ ખુલાસો કર! નહી તો વિના કારણે મહા અનર્થ થશે! બધું ધૂળધાણી થશે?"

"આપને મેં સત્ય જ કહ્યું છે; છતાં આપના મગજમાં ઉતરતું નથી તો મારૂં એટલું દુર્ભાગ્ય છે. વિશેષ શું કહું મહારાજ?" કુંવરે કહ્યું.

"આવી રીતે ભાઇ ગણી સમજાવીને કહું છું છતાં મૂઢ! તું માનતો નથી, પણ જો જે હવે કાંઈ અનર્થ થાય તો મારે માથે નહી. હજી પણ કહું છું કે સાફ સાફ કહી બતાવ!" રાજાએ ગુસ્સાથી તપી જતાં કહ્યું.

"મહારાજ! તમે જે કહો તે ખરૂં; પણ અણજાણી વાત હું કેમ કરૂં? છતાં તમારી નજરમાં આવ્યું તે ખરૂં?"

રાજાએ અનેક પ્રકારે લાલચો આપી શામ, દામ અને ભેદના ઉપાયોવડે કરીને તેને સમજાવ્યો. પણ જેમ સસાનો ત્રીજો પગ નહી તેમ કુંવરના સિવાય બીજી વાત કરેજ નહી, જેથી રાજા અત્યંત ગુસ્સે થયો "રે મૂઢ! હજી પણ સત્ય બોલતો નથી, શું હજી પણ તને મારો ભય લાગતો નથી? યાદ રાખ કે ઉંધે માથે લટકાવીશ. ઉપરથી મીઠાના પાશવાળા ઝેરબંધ ફટકા લગાવીશ. ત્યારેજ તું માનીશ."

"રાજન્? એવો ભય બતાવીને શામાટે અસત્ય બોલાવો છો? સખ્ત શિક્ષાએ તમે મને મનાવો છો! ઠીક છે, જોઉ છું કે મારી પાસેથી અસત્ય બોલાવી તમે કેમ ફાવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છો ?" કુંવરની વાણી સાંભળી રાજા અતિશય રોષવાળો થયો. તેને દોરડેથી એક સ્તંભ સાથે બાંધી ઢીંકા, પાટુ, ગડદા મારતાં થાકયો તેવારે ચાબુકના પ્રહાર કરવા માંડ્યા. રાજાના અતિશય મારથી તે દૃઢ વીરનું ચિત્ત બાળાના વિશ્વાસનો ભંગ કરવાને લેશપણ ચળાયમાન ન થયું. મુંગે મુંગે રાજાનું અપમાન સહન કર્યું.

"કેમ ? હજી પણ માને છે ? શામાટે મોતનો મેમાન બને છે ? સત્ય વાત કહેવામાં તારૂં શું જાય છે ? કે આવા ભયંકર મોતે મરવાને તૈયાર થાય છે ?" રાજા મારતાં મારતાં થાકયો તે વારે પુનઃ તેને સમજાવવાનો એક વધુ પ્રયત્ન કર્યો.

"શા માટે વારંવાર મને પૂછો છો ? તમને મેં જે જવાબ આપ્યો છે તેજ જવાબ છેવટ લગીનો પણ છે ?" રૂપચંદ્રે કહ્યું.

"એમ છે તો ધ્યાન રાખજે કે શું થાય છે હાલ તારા ?" એમ કહી કુંવરનું બાવડું ખેંચી તેને બહાર લાવ્યો અને મારતાં મારતાં તેને તુરંગ આગળ ઘસડી લાવ્યો. માર્ગમાં આ રીતે તેને મારતો જોઇ લોકો જોવા લાગ્યા. વાયુ વેગે વાત ગામમાં પ્રસરી ગઈ. જેમ જેમ વાત ફેલાતી ગઈ તેમ તેમ ગામમાં હાહાકાર થયો. મહાજને હડતાલ પાડી. રૂપચંદ્રનાં માબાપ અને સાસુ સસરો કલ્પાંત કરવા લાગ્યાં. સગાં સંબંધીઓ પણ રોકકળ કરવા લાગ્યાં, ધનદત્તશાહ અને રૂપચંદ્રનો સસરો સોમચંદ કલ્પાંત કરતા મહાજન સાથે રાજા આગળ

જઇ વિનતી કરવા લાગ્યા. " હે મહારાજ ! અપરાધ વગર એ કુંવરને કાં મારો ? રાજા અને પ્રજાનો ધર્મ સંભાળો ? અમારો કાંઈ ગુન્હો નથી છતાં આમ જુલ્મ કાં વર્તાવો ?"

" ચૂપ રહો ! એનાં ચરિત્ર તમે શું જાણો છો ? લોકોની સમક્ષ તેના ભવાડા કહેવડાવી તમારી આબરૂ ન ગુમાવો ? ચૂપચાપ તમારે ઘેર જાઓ ?" ગુસ્સાથી અંગાર વર્ષાવતા રાજાના મુખમાંથી આવાં કઠોર વચનો સાંભળીને મહાજન મૌન રહ્યું.

" આપ રાજા તે પ્રજાને પિતા સમાન છો. નિરાધારના આધાર છો. છોરૂ કછોરૂ થાય પણ માવતર તો તેના ગુન્હાઓ માફ કરે છે. મારા પુત્રે કાંઈ કસૂર કરી હોય તો આપ શ્રીમાન્ માફ કરો. ક્ષમા કરો !" નગરશેઠે હજારો લોક સમક્ષ કુમારને મારતા રાજાને અરજ કરી.

" એક વખત તમને કહ્યું તે સમજતા નથી ? જાઓ અહીંથી તમારૂં કાંઈ સાંભળવામાં આવશે નહી." રાજાએ શેઠને તરછોડી નાંખ્યા.

રાજાના સીપાઈઓ આવી પહોંચ્યા હતા, રાજાએ રૂપચંદ્રને બાંધવા માટે સીપાઈઓને હુકમ કર્યો. રાજાના હુકમ પ્રમાણે બે સીપાઇઓએ રૂપચંદ્રને મજબુત બાંધ્યો. પછી રાજા તેને મારતો મારતો આગળ ચાલ્યો ! તેનો બાપ અને મહાજન કલ્પાંત કરતું અને રાજાને વિનવતું રાજાની પાછળ પાછળ ચાલ્યું. પણ અત્યારે કોઇની અરજ સાંભળવાને રાજાને કયાં

ફુરસદ હતી ? રાજા તો અત્યારે ચોથી નીતિનોજ આશ્રય લઇ રહ્યો હતો; છતાં આ તરફ રૂપચંદ્ર પણ જીવનનો મોહ છોડી પોતાના દઢ વિચારમાં મક્કમ રહ્યો હતો. જે બાળાને પોતે મરતાં લગીપણુ ખાનગીવાત નહી કહેવાને વચન આપ્યું હતું, કોઇ પણ રીતે જીવનના ભોગે પણ પોતાનું વચન પાળવાને તે આતુર હતો. રાજાએ તેને સીપાહીઓની મધ્યમાં મારતાં મારતાં જે ઠેકાણે કુમારીનું મકાન હતું ત્યાં આગળ લાવી તે મહેલની સામે ઉભા રહી પોતાને હાથે તેને પ્રહાર કરવા લાગ્યો, ત્યાં ગોખમાં ઉભેલી એક સુંદરીએ તેને દેખ્યો. જરીક ધારીને જોયો તો ચમકી! "ઓહ....આતો તેજ કુમાર ? મારી બાઇજીનો પ્રાણપ્રિય ભરથાર ? જુલ્મ થયો ! દાવ બધો ઉંધો પડી ગયો ? જે વાત અમે ગુપ્ત રાખવાને પેરવી કરતાં હતાં તે તો આમ અણધારેજ ખુલ્લી થઇ ગઇ લાગે છે. મારી બાઇને માટે આ પુરૂષ રત્ન પોતાના અમૂલ્ય પ્રાણોને તૃણવત્ ગણી મોતનું આહ્વાહન કરે છે ? રાજા હઠે ચઢયો જણાય છે. રાજાના આગળ જ્યાં લગી એનો સ્ફોટ કરવામાં નહી આવે ત્યાં લગી કુંવરને માથે મોતનું તોફાન છે. ખરે વિધિ બળવાન છે. લાવ મારી શેઠાણીને તો ચેતવી દઉં ? અને તો કંઇ સમજાવી એને બચાવી લઉં ?" એમ વિચારી તરતજ પોતાની બાઇ જે ભરઉંઘમાં પડી હતી ત્યાં અંદર ચાલી ગઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૫ મું.

## ભાગ્યોદય.

ગોખમાં ઉભેલી સુંદરી તે સૌભાગ્યની પ્રાણપ્રિય સખી શ્રીમતિ પોતે જ હતી. તેણી તરતજ આકુળવ્યાકુળ થઈને સૌભાગ્યના પલંગ પાસે જઈ તેને ઢંઢોળવા માંડી. "બાઈ ! ઉઠો, ઉઠો, જુઓ આંગણે પુરી ફજેતી આવી, પુરેપુરી કમબખ્તી આવી; અરે ! અહીંયાં આંગણામાં મોતનાં નગારાં ગડગડી રહ્યાં છે ને તમને આટલી બધી નિંદ આવે છે ?"

"શું છે ? શું છે ! અત્યારમાં આમ આટલી બધી ગભરાય છે શાને શ્રીમતી ?" ઉંઘમાંથી ઉઠતી અને શ્રીમતિના વચનોથી ગભરાયેલી સૌભાગ્યે તેને વ્યાકુળ ચિત્તે પૂછયું.

"શું છે, શું છે, શું ? ગોખમાં આવીને જરી જુઓ અને પછી જે ઠીક લાગે તે કરો. કાળનો દુકાળ આજેજ આવ્યો છે. પૂરેપૂરી ફજેતી લાવ્યો છે." શ્રીમતિએ કહી સંભળાવ્યું.

શ્રીમતિનાં વાકય સાંભળી સૌભાગ્ય ગભરાતી અને ધડકતી છાતીએ ગોખમાં દોડી આવી તો તેણીએ નજરોનજર સર્વ દૃશ્ય જોયું. પ્રિયતમને પોતાના મકાન સામે રાજાના હાથેથી શીક્ષા ખમતો જોયો. તેથી તેણી ઘણી આકુળવ્યાકુળ થઈ ગઈ. "હાય ! ભગવાન ? અલ્પકાળમાં જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ જુલમ !" બોલતી મુર્ચ્છિત થઈ ગઈ, શ્રીમતિએ પવન નાંખી થોડીવારમાં તેને સાવધ કરી. "બાઈ ! રડવાથી શું વળનાર છે ? તારે હાથ આનો કંઈ ઉપાય છે ! જો, તારી ખાતર આ ઉત્તમ નર માર્યો જાય છે !"

"સખી ! એક કામ કર. સાકર મિશ્રીત દુધનું કચોળું ભરી કુંવરને બતાવ ! ને પછી તેને ( દૂધને ) ઉકરડે નાખ ?" સૌભાગ્યે રડતાં રડતાં તેણીને કહ્યું.

શ્રીમતીએ બાઈના કહેવા પ્રમાણે દૂધનું કચોળું લઈને સાકરમાં મિશ્રણ કરતાં કુંવરને બતાવ્યું અને પછી તેને ઉકરડે નાખી દઈને પોતાના આવાસમાં ચાલી આવી. રાજા વગેરે સર્વજને આ દૃશ્ય જોયું. પછી રાજાએ રૂપચંદ્રને પૂછયું. "તારી પાછળની સર્વ વાત હું માફ કરૂં છું. ફક્ત આટલી જ વાત કહે કે એ સુંદરી આ પ્રમાણે કરીને શું સુચવી ગઈ ? પછી તરતજ તને મુકત કરૂં ? તારો ગુન્હો માફ કરૂં ?"

"હે રાજન ! એ દૃશ્ય બધાએ જોયું છે તેમજ મેં પણ જોયું છે. છતાં કોઇને ન પૂછતાં મને પૂછવાનું શું કારણ છે ? મહારાજ ! હું જો જાણતો હોત તો પ્રથમથીજ આપને શામાટે ન કહેત ! આટલો માર શું કરવા ખાત ? ખચીત આપ તો ઘેલા થયા છો કે મારી જ પાછળ પડયા છો ?" રૂપચંદ્રે પોતાનું અજ્ઞાનપણું બતાવ્યું.

"જોયું ? કુટીકુટીને અધમુવો કર્યો, છતાં હજી એનો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મરોડ ન ટળ્યો. હવે કોઇ મારો વાંક રખે કાઢો, જોઉં છુ કે એ કયાં લગી ધીરજ ધરે છે, કેટલું સહન કરે છે? યાદ રાખ કે હવે તને શૂળીએ ચડાવીશ." સર્વે લોકોને સમજાવતો રાજા પુરો હઠે ચડયો, લોકો કાંઇ બોલી શકતા નથી, બન્ને એક બીજા હઠે ચઢેલા છે. અંદરનો શું ભેદ છે તે જાણવાને સર્વે લોકો આતુર બનેલા છે. રાજા તેને અધિકાધિક શિક્ષા કરવા લાગ્યો. તેમ આ બાળાઓ આકુળવ્યાકુળ થવા લાગી. શ્રીમતીએ ધીરજ છોડીને કહ્યું. અરે બાઇ! તારી લાજને ખાતર આ પુરૂષરત્નને કાં મરાવે? ચતુર સ્ત્રીઓમાં અગ્રણી છતાં તારી બુદ્ધિ પાનીએ કાં જાય છે! હઠે ચડેલો રાજા જરૂર એને મારી નાંખશે, તારી સર્વ આશાઓની ધૂળ ધાણી કરી નાંખશે. જલદી ઉપાય કરી એને મુકત કરાવ!" શ્રીમતીનાં વચન સાંભળી સૌભાગ્યે તેને બીજી સમશ્યા બતાવી.

"શ્રીમતી! જમણા હાથમાં એક સોનૈયો અને બે મુકતા ફળ (મોતી) અને ડાબા હાથમાં અગ્નિ રાખીને કુમારને બતાવ અને પાછી ચાલી આવ!"

શ્રીમતીએ ઝટ નીચે ઉતરી આવી સૌભાગ્યના કહેવા પ્રમાણે કુંવરને બતાવી પાછી ચાલી ગઇ. રાજા વગેરે સર્વ લોકો જોઇ વિચારમાં પડયા. વળી રાજાએ રૂપચંદ્રને પૂછયું " કહો શું વિચાર છે! ફકત આનોજ ભેદ જો સમજાવે તો પૂર્વના સર્વ અપરાધ તારા માફ કરૂં! તને વધ બંધનથી મુકત કરૂં! આ રમણીએ શું સંકેત કર્યો?"

" જે હું જાણતો નથી તે માટે વારંવાર શામાટે પૂછો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છો રાજન્ ? માણસને એકવાર મરવું છે તો પછી તેનાથી શામાટે ડરવું ?" રૂપચંદ્રનાં વચન સાંભળીને રાજા પૂરેપૂરો ક્રોધે ભરાણો.

રાજાએ તરતજ ચંડાળોને બોલાવી હુકમ કર્યો. "જાઓ! અહીંયા સામેજ એને શૂળીએ ચડાવો; એની જીંદગીનો અકાળે અંત લાવો!" તરતજ ચંડાળોને હવાલે કરી રાજા અધર ડસતો અને દાંત પીસતો પોતાના આવાસ પ્રત્યે ચાલ્યો ગયો. "ઓહ. કેવો હરામી છે? આટ આટલી શિક્ષાઓ કરી છતાં માનતો નથી, કોઈ મહાધૂર્ત્ત જણાય છે. ઠગ વિદ્યામાં નિપૂણ જણાય છે." રાજાએ તેની પાસેથી રહસ્ય જાણવાને અને તેટલું કર્યું. છેવટે શુળીએ ચડાવવાને ચંડાળોને હુકમ આપ્યો, પણ રૂપચંદ્ર વિશ્વાસઘાતી ન થયો! શુળી પર ચડવાને પણ તૈયાર થયો, ચંડાળો રાજસેવાની મનમાં નિંદા કરતાં છતાં તેને ફાંસી દેવાને તૈયારી કરવા લાગ્યા. આ તરફ રૂપચંદ્રનાં માતપિતા, ભાઈ, બેન, સાસુ, સસરા વગેરે સગાં વહાલાં આક્રંદ કરવા લાગ્યાં. શેઠ વિચારમાં પડ્યા કે "હવે શું કરવું! રાજાને કેમ સમજાવવો; પોતાની અખુટ દોલત અત્યારે રૂપચંદ્રને બચાવી શકે તેમ નહોતી, આખું અવંતી મરી પીટે પણ હઠે ચડેલો રાજા તેને છોડે તેમ નહોતું. છેવટે વિચાર કરી ધનદત્ત શેઠ અને સોમદત્ત મહાજન સહીત મહામંત્રી ભટ્ટમાત્રને મકાને પહોંચ્યા. અને કોઇપણ રીતે કુમારને બચાવવાને વિનંતિ કરી. મંત્રીએ શેઠને આશ્વાસન આપ્યું અને તૈયાર થઇ પોતાના મકાનની બહાર પડ્યો. ચંડાળો પાસે આવીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમને થોભવાનો હુકમ કરી મંત્રીશ્વર ભટ્ટમાત્ર રાજા પાસે પહોંચ્યો." હે સ્વામિન્! આવા ઉત્તમ પુરૂષને શામાટે આપ મરાવો છો! ન્યાય નિતિમાં નિપુણ એવા આપ આ બાળકનો વધ કાં કરાવો છો?"

"મંત્રીશ્વર! આ બાબતમાં તમારે કાંઈ બોલવું નહી. એ મહાધૂર્ત એજ દાવનો છે. કપટનો ભરેલો છે. મેં એને કેટલો માનસન્માનથી નવાજ્યો; ભાઈ ગણીને સ્થાપ્યો. છતાં એ સમશ્યાનો ભેદ મને જણાવતો નથી. શામ, દામ, દંડ અને ભેદ નીતિને પણ એ ગણતો નથી" રાજાએ ગુસ્સાથી કહ્યું.

"દેવ! એતો ઉત્તમ પુરૂષનું લક્ષણ છે. મિત્રની અગર સ્ત્રીની કે એવી બીજી ગુહ્યવાત શ્રેષ્ટ પુરૂષો સાક્ષાત્ યમરાજ સામે ઉભો રહે તોપણ પ્રગટ કરતા નથી. કોઇની ઇજ્જત-બેઇજ્જત કરતા નથી. વળી આપ તો પરદુઃખભંજન અને પરનારી સહોદર પ્રજાને પુત્રની માફક પાળનારા છો. તો આવા કૃત્યથી આપની કીર્તિને ઝાંખપ લાગશે, પ્રજાના મન નારાજ થશે. જે ઉત્તમ પુરૂષો હોય છે તે કાંઈ મરવાથી ડરી જઇને પોતાની એબ ઉઘાડતાં નથી. અને મોતથી જરીપણ ડરતા નથી." ગમે તેટલો જુલમ ગુજારવા છતાં પોતનાં કૃત્ય જણાવશે નહી. કેમકે ગંભિર સમુદ્ર પોતાની માજા મુકે નહી. વજ્રનો પ્રહાર કરવા છતાં એ કહેશે નહી અને આપના ક્રોધનો એ બળી થશે તો રાજન્! તમારો સંદેહ કોણ ટાળશે? એ પુરૂષરત્ન જીવશે તો કોઈ પણ યુક્તિથી આપનું કાર્ય સિદ્ધ થશે. સંદેહ દૂર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ટળશે. માટે પ્રભુ ! હું વિનંતિ કરૂં છે કે એને જીવીતદાન આપો ! પ્રજાના કષ્ટ કાપો !" મંત્રીશ્વર ભટ્ટમાત્રે રાજાનો ક્રોધ શાંત કરી તેને સમજાવવા માંડયું.

"હે મંત્રિન ! જો એ ખુલાસો નહી કરશે તો નિશ્ચય અકાળે મરશે. અથવા તો તું જામીન થતો હોય તોજ એ બચશે. પણ જો, છ માસની અવધિ આપું છું. તેટલા સમયમાં મારો સંશય દૂર નહી કરે તો પાછો એ મોતને આધીન થશે." રાજાએ તેના બચાવનો એક માર્ગ બતાવ્યો.

"ઠીક છે. મહારાજ ! આપનું વચન મારે શીરસામાન્ય છે. પણ આપે હું કહું તેમ કરવું પડશે જેથી આપને ખુલાસો ઝટ મળી જશે. સીધી આંગલીએ ઘી નહી નીકળે તો યુક્તિથી કાઢવું પડશે !" પ્રધાને રાજાને વિશ્વાસ આપ્યો, સાંહોમાંહે એકબીજાની શરત મંજુર થઇ. રાજાએ પણ પ્રધાનનું કહેવું કબુલ રાખ્યું. પછી કુંવરને ચંડાળો પાસેથી છોડાવીને પ્રધાને પોતાના આવાસમાં રાખ્યો. મા–બાપ સગાં કુટુંબને સંતોષ થયો, પ્રધાને ધનદત્તશાહ તથા સોમદત્તને સમજાવી પોતાને ઘેર રવાને કર્યો. સર્વેનાં મન ખુશી થયાં. પછી પ્રધાને ત્રણ દિવસ કુંવરને આવળના પાંદડાંમાં ભારી રાખ્યો. અને ધનવંતરી વૈદ્યોને બોલાવી કુંવરના પ્રહારો ઉપર દવા કરાવી એટલે થોડા દિવસમાંજ પ્રહારોના જખ્મો રૂઝાઈ ગયાં, અને પ્રથમ કરતાં શરીરના બળ બુદ્ધિ અને કાંતિ અધિક પ્રકાશવા લાગ્યાં. રૂપચંદ્રના શરીરે પ્રહારની વેદના દૂર થઇ જાણી તેનાં માતા પિતા ભાઈ વગેરે સકળ પરિવાર ખુશી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો અને પ્રધાનનો ઉપકાર માનવા લાગ્યો. તેના સાસરા સોમદત્ત વગેરે પણ તેને આરામ થયો જાણી ખુશી થયા. અવારનવાર તેનાં સંબંધીજન તેની ભાળ લેવાને આવતાં, પ્રધાનનો વારંવાર આભાર માનતાં. એવી રીતે પ્રધાનના આવાસમાં રહેલો કુંવર સુખ ચેનમાં પોતાના દિવસો વ્યતિત કરવા લાગ્યો.

કુંવરને પ્રધાનને ત્યાં રાખવામાં આવ્યો છે અને છ માસની અવધિએ પ્રધાને કુંવરને બચાવ્યો છે તે સમાચાર શ્રીમાતને જાણ થતાં તરતજ તેણે પોતાની બાઈ સૌભાગ્યને એ સમાચાર આપ્યા. જેથી થોડા સમયને માટે તેના હ્રદયમાં પણ શાંતિ થઈ.

થોડા દિવસમાં પ્રધાને એક યુક્તિ ઘડી રાજાને કહ્યું. "સ્વામિન્! આપને જો પેલી સમસ્યાનો અર્થ જોઈતો હોય તો આપની મંજરી નામની કન્યા પરણાવો? એટલું મારૂં વચન માન્ય રાખો!"

રાજાએ પ્રધાનનું વચન માન્ય રાખી થોડા દિવસમાં પોતાની મદનમંજરી નામની કન્યાને રૂપચંદ્ર સાથે પરણાવી દીધી અને સારી પહેરામણી આપીને કુંવરનો સત્કાર કર્યો.

सर्वत्र वायसाः कृष्णाः, सर्वत्र हरिताः शुकाः
सर्वत्र दुखिनां दुखं, सर्वत्र सुखिनां सुखम् ॥

મંત્રીશ્વરના મહેલમાં કુંવર મંજરી સાથે અનેક પ્રકારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભોગવિલાસ ભોગવતો છતો દેવની માફક પોતાનો કાળ સુખમાં નિર્ગમન કરવા લાગ્યો. છતાં તે સૌભાગ્યને ભૂલી શકતો નહોતો. કેમકે સ્નેહ એ અજબ વસ્તુ છે.

# પ્રકરણ ૧૬ મું.

## સર્વજ્ઞપુત્ર.

સિદ્ધસેન દિવાકરસૂરિ વૃદ્ધવાદીસૂરિ પાસેથી શાસ્ત્રના પારંગત થયા પછી આચાર્ય પદવી પામીને પોતાના પરિવાર સાથે ગુરૂ મહારાજથી જુદા વિચરવા લાગ્યા. સૂરીશ્વર પણ પોતાના વિદ્વાન્ શિષ્યનો પ્રભાવ કેટલો છે તે દૂર રહ્યે રહ્યે જોવા લાગ્યા. હવે સિદ્ધસેન દિવાકર વિહાર કરતા અને અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી ધર્મમાં સ્થીર કરતા એકદા ઉજ્જયિની નગરીમાં આવી પહોંચ્યા. તેમનું આગમન સાંભળી શ્રી સંઘે તેમનું સામૈયું કર્યું અને શહેરમાં પધરાવ્યા. ભવ્યજનોને પ્રતિબોધતા પોતાની સંયમ યાત્રા રૂડીપેરે પાળવા લાગ્યા.

એક દિવસ રાજા વિક્રમાદિત્ય હાથીએ બેસીને રયવાડીયે જાય છે ત્યાં નગરની બહાર આવતાં વિધિયોગે સિદ્ધસેન સૂરિપણ રાજાને સામા મળ્યા. રાજા વિક્રમાદિત્યે સિદ્ધસેનને ઓળખ્યા અને મનમાં વિચાર્યું કે—એક વખતના મહા-

દ્ધત સિદ્ધસેન પંડિત આજે સાધુ થઇ ગયા. રાગદ્વેષ રહીત વિતરાગ થઈને સર્વજ્ઞપુત્ર થયા છે. તે સર્વજ્ઞપુત્ર થયા છે તેમાં કેટલું સત્ય રહેલું છે તેની આજે ખાતરી કરવા દે ! એ સર્વજ્ઞપુત્રની પરિક્ષા લેવા દે ! રાજાએ હાથીની અંબાડી ઉપર બેઠાં બેઠાં સર્વજ્ઞપુત્રને વંદના કરી, નતો માથું હલાવ્યું, ન હાથ જોડ્યા ! એટલે તેમણે માત્ર મનવડે કરીને જ સૂરિને એકચિત્તે વંદન કર્યું. પણ મુખેથી એક શબ્દ પણ ન ઉચાર્યો.

સૂરિની પાસે રાજા આવ્યો એટલે રાજા સાંભળી શકે તેમ સિદ્ધસેન દિવાકરે તેમને 'ધર્મલાભ' કહ્યો. તે વારે રાજાએ સૂરિને કહ્યું. "મહારાજ ! મેં વંદના તો કરી નથી છતાં તમે મને "ધર્મલાભ" શાનો આપ્યો ? શું ધર્મલાભ એટલો બધો સસ્તો છે કે વંદના વિના એમ સહેજે મળી શકે ?"

"રાજન્ ! ધર્મલાભ મળવો એ સહેલું નથી. આ અનાદિ અનંત સંસારમાં આત્માને મેળવવાની વસ્તુ દુષ્કરમાં દુષ્કર ધર્મલાભ છે. ધર્મનો લાભ પ્રાપ્ત કરનાર પ્રાણી સંસારના ભ્રમણનો નાશ કરી અમોઘ એવું મુક્તિનું સુખ મેળવી શકે છે. એવો પ્રગટ લાભ આર્પનાર ધર્મલાભ વંદના કરનારનેજ મળી શકે છે. તેજ આત્મા ધર્મને યોગ્ય થઇ શકે છે." સર્વજ્ઞ પુત્રે કહ્યું.

"આપે વંદન કરનારને ધર્મલાભ આપવાનું સુચવ્યું ત્યારે મેં તો આપને વંદન કર્યું નથી, છતાં કેમ ધર્મલાભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીધો ? કદાચ રાજા જાણીને દીધો હશે કેમ ખરૂને ! " રાજાએ જણાવ્યું.

" રાજન્ ! વંદન ત્રણ પ્રકારે કરી શકાય છે. મનસા, વાચા અને કાયા. તેમાં તમોએ મને કરીને અમોને વંદન કર્યું, જેથી વંદન કરનારને ધર્મલાભ આપવો એ સાધુઓનો ( અમારો ) શિષ્ટાચાર છે. ચિંતામણીથી પણ અધિક ધર્મલાભ છે. તમે અમારા સર્વજ્ઞપણાની પરીક્ષા કરવાને મનથકી જ વંદના કરી છે. " સૂરીશ્વરે રાજાના હૃદયની વાત કહી સંભળાવી.

પોતાના હૃદયનો અભિપ્રાય સૂરીશ્વરની પાસેથી સાંભળવાથી રાજા વિક્રમાદિત્ય ઘણોજ પ્રસન્ન થયો અને હાથી ઉપરથી નીચે ઉતરી સકળ સંઘ સમક્ષ દિવાકરને વંદનાકરી. તેમની સુખશાતા પૂછી. રાજાના હુકમથી કોશાધિકારીઓએ કરોડ સોનૈયા તુરત સૂરિની આગળ લાવીને હાજર કર્યા. કેમકે રાજાનો સખ્ત હુકમ હતો કે— આપ્તવર્ગનો પુરૂષ મારી નજરે પડે તો એક હજાર સુવર્ણ મહોરો આપવી, તેની સાથે હું સંભાષણ કરૂં તો દશ હજાર આપવી. જેના વચનથી હું હસું તો લક્ષ મહોરો આપવી, અને મને સંતોષ પમાડે તો કરોડ મહોરો આપવી; જેથી કોશાધ્યક્ષે એક કરોડ સુવર્ણ મહોરો સૂરિ આગળ લાવી રજુ કરીને રાજ્યના દફતરમાં નીચે પ્રમાણે તેની વિગત લખી. મનથી રાજા વિક્રમાદિત્યે સિદ્ધસેન દિવાકર સૂરિને વંદના કરવાથી પોતાની વિદ્યાના બળે રાજાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અભિપ્રાયને જાણનાર અને દૂરથી ઉંચો હાથ કરીને ધર્મલાભ દેનાર દિવાકરને કરોડ સુવર્ણ મહોરો આપી.

સૂરિ સમક્ષ આણેલી સેવકોએ કરોડ સોનામહોરો માળવેશ્વર વિક્રમાદિત્ય સૂરિને અર્પણ કરી અને કહ્યું કે "આપ આ ભેટ સ્વીકારો ?"

"वृथा तृप्तस्य भोजनम्" રાજન્ ! તૃપ્તિ પામેલાને ભોજન આપવું એ વૃથા છે. અમારે ત્યાગીઓને તમારી મહોરોનું શું પ્રયોજન છે. માટે તમે એને પાછું ભંડારમાં મોકલાવી દો. "

સૂરીશ્વરનાં વચન સાંભળી રાજા બોલ્યો "મહારાજ ! મેં તો એનો દાન સંકલ્પ કર્યો છે જેથી મારે તો તે શિવ-નિર્માલ્ય છે. ! માટે આપને લેવું પડશે ! "

"માળવેશ્વર ! પૃથ્વીમાં કોઈ મનુષ્ય દેવાથી દુઃખી થતો હોય તેને આ સંકલ્પિત દ્રવ્યથી ઋણમુક્ત કરવો એ ઉચિત છે" દિવાકરનું ધર્મયુકત પરોપકારી વચન રાજા વિક્રમાદિત્યે અંગીકાર કરી તે કરોડ સુવર્ણ મહોરોથી દેવા-દારોનાં કષ્ટ કાપી તેમને ઋણ થકી છોડાવ્યા. પૃથ્વી ઉપર ઘણા લોકને એવી રીતે સુખી કર્યાં. કેટલોક સમય ત્યાં રહીને ગુરૂ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

* * * *

પૃથ્વી ઉપર વિહાર કરતા અને ધર્મ જીજ્ઞાસુ પ્રાણીઓને ધર્મની અભિમુખ કરતા એવા સિદ્ધસેન દિવાકર સૂરિ એકદા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિત્તોડ ( ચિત્રકુટ ) પધાર્યા. ત્યાં ચિત્રકુટ ઉપર એક દિવસે ચૈત્યમાં દર્શન કરવાને ગયા. ત્યાં એક પ્રાચિન ચૈત્ય ( જીન-મંદિર ) ઉપર એક મહાસ્તંભને જોઇને સૂરિ વિચારમાં પડ્યા. " આ મહાસ્તંભ અહીંયા શા માટે ઉભો કરવામાં આવ્યો હશે ? શું કોઇ રાજા તરફથી ઉભો કરવામાં આવ્યો હશે કે સંઘના કોઇ પ્રાભાવિક પુરૂષ થકી ઉભો કરવામાં આવ્યો હશે. આ સ્તંભ કોઇ દિવ્ય શકિતવાળો જણાય છે. કેમ જાણે મહાન્ સિદ્ધિઓને પ્રગટ કરતો હોય તેવો દેખાય છે. ગમે તેમ પણ કાંઇક અજાયબી ઉત્પન્ન કરે તેવોજ આ સ્તંભ છે એ નિર્વિવાદ વાત છે. માટે કોઈપણ રીતે એની પૂરતી તપાસ તો કરવીજ જોઇએ. કોઇ ઔષધિથી બનેલો છે કે દિવ્ય શક્તિવાળો છે તે જાણવું તો જોઇએજ. ઇત્યાદિક વિચાર કરતા અને મહા-સ્તંભની પરિક્ષા કરતા તે સ્તંભનું નિરિક્ષણ કરતા હતા. તેનો જાણકાર કોઇ મળી જાય તો તેને પૂછવાનો ઇરાદો રાખતા હતા.

એટલામાં ત્યાં આગળ આવેલા એક વૃદ્ધ પુરૂષને જોઇ દિવાકરે પૂછ્યું કે " દેવાનુપ્રિય ! આ મહાસ્તંભ અહીંયા શા માટે ઉભો કરવામાં આવ્યો છે અને કોના તરફથી તે બંધાયો છે ? તે સંબંધી કાંઇ ઐતહાસિક માહિતીની તમને ખબર છે ? જો હોય તો જણાવશો. કે જેથી કંઇક જાણવાને મળે. "

" સૂરીશ્વર ! વૃદ્ધ પરંપરાથી એવું સાંભળવામાં આવ્યું છે કે પૂર્વેના મહાન્ આચાર્યોએ રહસ્યમય પુસ્તકો આ સ્તં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભની અંદર મુકીને વિવિધ પ્રકારની ઔષધિયોથી આ સ્તંભ બનાવીને તેવીજ ઔષધીઓથી સ્તંભનું મુખ બંધ કરેલું છે; કે જે વજ્રાદિકથી પણ અભેદ્ય છે" તે પુરૂષે વૃદ્ધ પરંપરાથી જે સાંભળ્યું હતું તે દિવાકરને કહી બતાવ્યું.

સિદ્ધસેનસૂરિએ તે ઔષધીઓને સુંઘી સુંઘી તેને ઓળખીને તેનો પ્રત્યાઘાત કરનારી ઔષધીઓ એકઠી કરી. તેનો રસ કાઢીને તેના મુખ ભાગ ઉપર રસ લગાડયો કે જેથી પ્રાતઃકાળમાં ખીલતા કમળની માફક તેનો મુખ ભાગ ખુલ્લો થઇ ગયો. અંદર અનેક પ્રકારનાં રહસ્યમય પુસ્તકોનો સમૂહ જોવામાં આવ્યો. જેમાંથી એક પુસ્તક કાઢીને તેનું પ્રથમ પાનું જોયું, તો ઉપર પહેલેજ પાને બે વિદ્યા જોઈ, તે તેમણે તુરત ધારી લીધી. એક સુવર્ણસિદ્ધિ અને બીજી સરસવી વિદ્યા કે જે સરસવી વિદ્યાનું એ પરાક્રમ હતું કે જરૂર આવી પડે ત્યારે જેટલા સરસવ મંત્રીને જળાશયમાં નાંખે તેટલા ઘોડેસ્વાર બેંતાલીસે હથીયાર સહીત બહાર આવી શત્રુના લશ્કર સાથે યુદ્ધ કરે, ને સામેના દળને ભગાડે. એવી રીતે શત્રુદળની ગમે તેવી જબ્બર સેનાનો ભંગ કરીને અદૃશ્ય થઈ જાય! સુવર્ણ વિદ્યા તે પણ જરૂર પડે ત્યારે ગમે તે ધાતુનું કલેશ, પરિશ્રમ વગર શુદ્ધ સુવર્ણ જોઇએ તેટલું કરી શકાય. એવા રીતે એ બન્ને વિદ્યાઓ બરાબર વિધિ સહીત ધારી લીધી. પછી જેવા આગળ વાંચવા જાય છે તેવીજ આકાશવાણી થઈ "બસ! આ બેજ વિદ્યાથી શાસનનો ઉદ્યોત કરજો. અધિક મેળવવાને વૃથા પરિશ્રમ કરશો નહી." દિવાકરે એવી દિવ્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાણી સાંભળી જરા આમ તેમ જોવા લાગ્યા ત્યાં આ તરફ પોતાના હાથમાં રહેલું પુસ્તક ગુમ થઇ ગયું. અને સ્તંભનું મુખ બંધ થઇ ગયું. જેથી તેઓ પણ આટલેથીજ સંતોષ પકડી બન્ને વિદ્યા બરાબર ધારી ઉપાશ્રયે ચાલ્યા આવ્યા.

થોડોક સમય ત્યાં ચિત્રકૂટમાં રોકાઇ સિદ્ધસેન દિવાકર સૂરિ પરિવાર સહિત ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા. તે જમાનામાં પૂર્વનું જ્ઞાન હોવાથી પૂર્વગત જ્ઞાનને બળે દિવાકર સૂરિ અન્યના મનની વાત સમજી શકતા હતા. પૂર્વના જ્ઞાનથીજ તેમણે વિક્રમાદિત્યનો માનસિક અભિપ્રાય જાણ્યો હતો. અને મહારાજ વિક્રમાદિત્ય આગળ પોતે સર્વજ્ઞપુત્ર છે એમ સિદ્ધ કરી બતાવ્યું હતું. તેમના ગુરૂ વૃદ્ધવાદીસૂરિએ પણ પૂર્વગતના જ્ઞાનના અતિશયે કરીને સિદ્ધસેનને ભાવી જૈનધર્મના પ્રભાવક તરીકે જાણ્યા હતા. જેથી તેમણે સમયસુચકતા વાપરીને સિદ્ધસેનને વાદ વિવાદમાં જીતી લઇને પોતાના શિષ્ય બનાવ્યા હતા.

પોતે બ્રાહ્મણના પુત્ર, તેમાં વળી ચૌદ વિદ્યાના જાણ હોવાથી જૈનશાસ્ત્રોનું તેમને અધ્યયન કરતાં પરિશ્રમ પડયો નહોતો. ગુરૂની મદદથી તેમણે અલ્પ સમયમાંજ જૈનનાં પૂર્વગત સૂત્રો ધારી લીધાં, મનન કરી લીધાં, અને જગતમાં પૂર્વની વિદ્યાના બળે સર્વજ્ઞપુત્ર તરીકે પ્રસિદ્ધ થયા. તેઓ કવિ પણ હતા. ગિર્વાણ ભાષામાં શ્લોકબદ્ધ શ્લોક ઝપાટા બંધ રચવા તે તો તેમને મન રમત હતી. એવા તે જમાનાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અદ્વિતીય મહાકવિ તરીકે પણ પ્રસિદ્ધ થયા. તેમનાં સંસ્કૃત કાવ્યો અને ન્યાય વિગેરેના ગ્રંથો આજે હયાત છે જે વિદ્વાનોને પણ કિલષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે. કહે છે કે ત્યારપછી તેમના જેવા મહાકવિ બીજા કોઈ થયા નથી. એવા એ મહા કવિ થોડોક વખત કુમુદચંદ્ર પણે રહ્યા કે વૃદ્ધવાદી સૂરિએ તેમની વિદ્વત્તાથી પ્રસન્ન થઈને તરતજ આચાર્ય પદવી આપી પૂર્વનું સિદ્ધસેન દિવાકરસૂરિ નામ પાડ્યું. તેની સાથેજ સર્વજ્ઞપુત્ર તરીકે જગતમાં તેમની ખ્યાતિ પ્રસરી ગઈ. ગુરૂ મહારાજ દૂરથીજ શિષ્યનો પ્રભાવ જોતા હતા.

# પ્રકરણ ૧૭ મું.

## પ્રેમની પત્રિકા.

મંજરી અને રૂપચંદ્રનાં લગ્ન થયા પછી તે યુગલ પ્રધાનને ઘરે રહેતું અને સાંસારિક સુખ ભોગવતાં કેટલાક દિવસો વહી ગયા. અહીં રાજા પણ સમશ્યાનો ખુલાસો કરવાને વારંવાર મંત્રીને યાદ કરાવે છે, જેથી મંત્રીયે યુકિત રચી એક દિવસ મંજરીને એકાંતમાં જણાવ્યું કે-"જો દિકરી ! તું જાણે છે કે રાજા રૂપચંદ્ર ઉપર રૂષ્ટ થયા છે. કેમકે રાજાને જે સમશ્યાનો અર્થ તેની પાસેથી જોઇએ છે તે રૂપચંદ્ર જાણતો હોવા છતાં પોતાની એબ ખુલ્લી થાય તે ભયથી કહેતો નથી, છતાં રાજા ગમે તે પ્રકારે ખુલાસા મેળવ્યા વગર રહેવાના નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે કોઈ પણ ઉપાયે તારે તેને રીજવીને વર માગી લેવો. અને સમશ્યાનો ખુલાસો કરાવવો. નહીંતર છમાસની આખરે કદાચ તારી પણ ફજેતી થવાનો સમય આવશે હઠે ચડેલો રાજા ' હું શું કરૂં છું ' તે પણ જોશે નહીં. "

" તમે નિર્ભય રહો ! હું અલ્પ સમયમાંજ તેમની પાસેથી સમશ્યાનો ખુલાસો કરાવી આપીશ. બાપુની ઈચ્છાને પૂર્ણ કરીશ. " કુંવરી મંજરીએ પ્રધાનને તે માટે આશ્વાસન આપ્યું. અને સમયની રાહ જોતી પિયુ સાથે આનંદમાં પોતાનો કાળ નિર્ગમન કરતી હતી.

એક દિવસ મધ્યાન્હ સમય વિત્યા પછી કુંવર પ્રધાનના આવાસમાં એકલો બેઠેલો છે. કાંઈક ચિંતાતુર છે. મંજરી અત્યારે પોતાની માતાને મળવાને પોતાને મહીઅર ગયેલી છે. સેવક વર્ગ મધ્યાન્હના કામકાજથી પરવારી આઘો પાછો થઈ ગયો છે. તે અરસામાં કુમાર લાંબી ઝુલણા ખુરશી ઉપર વિચારનાં અવનવાં મોજાં સાથે રમત રમી રહ્યો હતો. " ઓહો ! સુંદરી હો, મંજરી હો છતાં સૌભાગ્યની તુલના કરી શકે તેવું રત્ન તો કોઈ નથી. કેવી મજેની એ રાત ? જાણે સ્વર્ગનીજ અણમોલ વાટ! આહ ! એ ગૌરવ! એ ચાતુર્ય! હજી પણ મારી આંખ આગળથી હઠતું નથી. રૂપેરી ઘંટડી સમા:એ મધુરા નાદો, પ્રેમના મીઠા શબ્દો તેના સિવાય કોઈએ સંભળાવ્યાજ નથી. હા ! જગતમાં જેને જે જોઈએ છે તે મળતું નથા.

વિધિ હંમેશાં કુટીલજ હોય:છે. મનુષ્યની જુદી ઈચ્છા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય છે તો તુરતજ તે પોતાનું જુદુંજ પોત પ્રગટ કરે છે. મનુષ્યની ઇચ્છાનો ક્ષણમાં વિધ્વંસ કરે છે. આ જીંદગાનીની ફકત એ એકજ રાત્રી અણમોલ હતી. એ વિનોદ, મનગમતાં એક બીજાને હાથે જમાતાં ભાવતાં ભોજન ? એ અપૂર્વ સ્નેહ ! અન્યોઅન્યની અરસપરસ અતિ આતુરતા ! એવી વિવિધ કળાને જાણનારી કોઈ સ્ત્રી પતિને રીજવી શકે છે. દુન્યાના સૌભાગ્યની સાક્ષાત્ પ્રતિમા સૌભાગ્યજ ફકત એ કામ કરી શકે છે. વિધિ કયારે અનુકુળ થાય ને એનો ને મારો સમાગમ થાય ! " તેટલામાં એક દાસીએ આવી હાથ જોડી અરજ કરી કે " કુંવરજી ! કોઈ બાઇ આપને મળવા માગે છે. કાંઈ સંદેશો આપવા ચાહે છે. "

" કોણ છે તે બાઇ ?" એકદમ વિચારમાંથી જાગૃત થતાં કુંવર ચમક્યો અને દાસીના જવાબમાં તેણે આવનાર બાઈના ઓળખાણ માગી.

" કહે છે કે ધનદત્તની દાસી છું. આપના પિતાને ઘેરથી આવી છું. કાંઇક સંદેશો લાવી છું. " દાસીનો જવાબ સાંભળી રૂપચંદ્રે તેને પોતાની પાસે મોકલવાની આજ્ઞા કરી તેને બહાર રહેવાને ફરમાવ્યું. કુંવરે વિચાર્યું કે " કદાચ સુંદરીની દાસી ખાનગી સંદેશો, પ્રેમનો સંદેશો લાવી હશે!" તેટલામાં તો તે બાઈ અંદર આવી. કુમારે તરત ઓળખી " કોણ શ્રીમતી ?"

" હા, કુમાર ! આપની દાસીની દાસી ! તમારા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વગર મારી બાઈ ઝુરી ઝુરીને દિવસો કાઢે છે, રાતદિવસ તમો-રાજ ધ્યાનમાં બેચેનીમાં વખત વિતાડે છે." શ્રીમતિએ પોતાની બાઇની સ્થીતિ ટુંકમાં વર્ણવી.

"તેના જેવી સુલક્ષણી નારીને તે યોગ્ય છે. સતી સ્ત્રીને તો પતિ એજ તેનું સર્વસ્વ છે. આટલી સગવડતા છતાં મારૂં ચિત્ત પણ તેણીનાજ ધ્યાનમાં મગ્ન છે. શ્રીમતિ ! કહે; તારી બાઇ તો મજેહમાં છે ને ?"

શ્રીમતિએ તરતજ પોતાની ચોળીના ગજવામાંથી એક કાગળ કાઢીને કુંવરના હાથમાં આપ્યો અને કહ્યું "તમારા વગર અમારી બાઈની શી થીતિ છે તે બધી આ કાગળમાં વર્ણવી છે. પોતે વિશ્રામ લેવાને એક આસન ઉપર કુમારની સામે બેઠી અને કુમાર કાગળને પ્રિયા તરફની સાક્ષાત્ પ્રેમ-મૂર્ત્તિ જાણી હૈયા સાથે ચાંપી, વાંચવા માંડ્યો.

શ્રી

પરમપૂજ્ય પરમ સ્નેહી પરમ સુજન વલ્લભ.

રૂપચંદ્રના ચરણમાં........

તમારી કુશળતાનો પત્ર મારી દાસી સાથે આ પત્ર વાંચીને પાઠવજો. તમારા ચરણકમળના પ્રસાદે આ તમારી દાસી પતિનું ધ્યાન ધરતી તમારે વિરહે પીડાઇ રહી છે. અમારૂં કાયારૂપી પિંજર શૂન્ય ઘરની માફક તમારી વગર અટુલું પડેલું



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. પ્રાણ તો તમારી પાસેજ જાણે રહેલો છે. એવા દોહિલા દિવસો તમારા વગર નિર્ગમું છું. પતિના વિયોગે આરામની ચીજો પણ દુશ્મનનું કાર્ય કરતી હોય તેમ વેદના સહું છું.

" याः पश्यन्ति प्रियं स्वप्ने, धन्यास्ता सखी योषितः ॥
अस्माकं तु गते कान्ते, गता निद्रापि वैरिणी. ॥

આપના જેવા ઉત્તમ પતિને પામી હું મને ધન્ય માનું છું. પણ અત્યારે તો વિરહની મહાન્ વ્યથા અનુભવું છું. આપે મારે કાજે અનેક દુઃખ સહ્યાં છે. તે આ દાસીએ પ્રગટ જોયાં છે. શું કરીએ અમારાં મન તમારામાં અધિકાધિક મોહ્યાં છે તેથીજ અમારાં હૈયાં દિનરાત વિરહની આગથી દહ્યાં છે.

હે સ્વામિન્! તમારે વિજોગે ભૂષણ પણ આજે દૂષણ રૂપ થયા. કટિમેખલા તે મેખલાની માફક થઇ. વિંછિયા તે વિંછીના જેવા થઇ પડ્યા. નૂપુરને બેડી સમાન બંધનરૂપ જાણું છું. સાકરને કાંકરાની માફક ગણું છું. દૂધ તે ઝેર સમાન સમજું છું. તમારા વગર ચુવા ચંદન કચરા સમાન લેખું છું. શાંત અને અમૃત ઝરતા વિધુથી હું તપ્યા કરૂં છું.

" હે ચતુર સુજાણ! જે ઉમળકા હૈડામાં ઉભરાતા હોય તે કાગળમાં શે લખાય! છતાં સજ્જન પુરૂષના સ્નેહભર્યા સમાચાર વાંચવાથી જીવને કાંઇક શાંતિ થાય. પ્રિયતમ? તમને કાગળ લખતાં મારા હૃદયમાં જે ભરતી આવે છે, પ્રેમના જે પ્રવાહો વહે છે તે એક મારૂં મન જાણે છે અને બીજો જ્ઞાની જાણે છે. કાગળમાં અધિક શું લખું! હૈડાની વાત તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હેયે હૈયાં મળે ત્યારેજ થઇ શકે ? અત્યારેતો ફક્ત એકજ ચીજ આપ મોકલજો.

પ્રથમ અક્ષર વિણુ જગદી ભાવે. મધ્ય અક્ષર વિણુ મરણુ કહાવે;
અંત અક્ષર વિણુ પંખી મેળો, તે સજ્જન મોકલજો વહેલો.
–ઉત્તર–કાગળ ૧

લી. આપના ચરણુકમલની દાસી સૌભાગ્યસુંદરીના ૧વનયસહ પંચાંગ પ્રણામ.

રૂપચંદ્ર પ્રિયાનો પત્ર વાંચી હૃદયમાં અતિશય ખુશી થયો. તેના એકેક શબ્દે રૂપચંદ્રને સૌભાગ્ય તરફ અધિકાધિક સ્નેહ જાગૃત થયો. જેથી સાંકેતિક શબ્દોથી પ્રિયાએ માગેલો કાગળ ( જવાબ ) લખવાને તે તૈયાર થયો. કાગળ લખીને પરબીડીયામાં બીડી શ્રીમતીને આપ્યો. અને તેણીને જણાવ્યું કે" તારી બાઈને આશ્વાસન આપ જે, આડી અવળી વાતો કરી તેમજ રમતગમતમાં ચિત્તનું ખેંચાણુ કરી વિરહની વ્યથા ભૂલાવજે. પ્રભુ ઇચ્છા હશે તો જેમ વહેલા મળાશે તે પ્રમાણે ઉપાય કરશું. મહેનત કરવી આપણા હાથ છે બાજી વિધિને હાથ છે."

"કુંવરજી ! જેમ બને તેમ જાહેર રીતે તમારા બન્નેનો મેળાપ થાય. તમારાં લગ્ન થાય એવો કોઇ ઉપાય કરશો કે જેથી મારી બાઈની આપદાનો સદાને માટે અંત આવે ! સ્નેહીના સમાગમમાં તેમના દિવસો સુખમાં જાય" એમ કહી શ્રીમતી કુંવર પાસેથી પ્રત્યુત્તર લઇને પલાયન થઇ ગઇ.

# પ્રકરણ ૧૮ મું.

## આશાને હિંડોળે.

"પ્રિયતમને સંદેશો કહેવા ગયેલી સખી શ્રીમતી હજીય કેમ નહી આવી હોય ? રખેને એ પ્રેમપત્ર બીજાના હાથમાં ગયો હોય. આજે મારે દુઃખનો અવધિ તો છેજ ને વળી કાંઇ નવીન આફત આવશે. તો કોણ જાણે શુંય જુલ્મ થશે.

સોરઠો

"સાગર સુખ ન હોય, રાતદિવસ હિલોળતો;
હાલક હોલક હોય, હૈયે હમારા હે સખે!
ઓછાં અનેરાં દુઃખ, માનવી માતરને સહુ;
આજે અદકેરાં, વ્હાલ ભરાણાં હે સખે ?"

સ્વામિનું ભાગ્ય તો મોટું છે, એ ઉત્તમ પુરૂષે મારે કાજે આ આટલું સંકટ સહ્યું તો પરિણામ પણ સારૂં જ આવ્યું. રાજ્યલક્ષ્મી પામ્યો, મદનમંદરી રાજ્યકન્યા પામ્યો, જગતમાં એના અવતારનેજ ધન્ય છે. સંસારમાં અક્ષય સુખભોગનો ભોગવનાર એ એક સૌભાગ્યવંત છે. જેણે તૃણની જેમ પોતાનું અંગ સમર્પણ કર્યું. એવા ઉત્તમ પુરૂષરત્નના ગુણો કેમ વિસરૂં ? ભવિષ્યના સુખની ખાતર આશાના નાવે ચડીને આ દુઃખી જીવનને હું ધારણ કરૂં. હાય ! પણ રાજબાળા મંજરીમાં મગ્ન થયેલો પ્રિયતમ શું મને સંભારતો હશે. અરે એતો ક્યાંય મને ભૂલી ગયો હશે, તો શું મને દીધેલું વચન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ તે વિસરી જશે. અરરર ! ભગવન્ પછી આ રંક અનાથ દારાનું શું થશે. હા ! સખી શ્રીમતી ! હજી સુધી કેમ ન આવી અને મનગમતો પ્રિયતમનો સંદેશ કેમ ન લાવી." સૌભાગ્ય એ પ્રમાણે વિચારોમાં લીન થઈ ગઇ હતી, ચિંતાગ્રસ્ત અને શ્રીમતીની રાહ જોતી પસાર થતી પળોને યુગ સમ વીતાવતી હતી. ત્યાં શ્રીમતીએ પ્રસન્નમુખે તરતજ પ્રવેશ કર્યો. શ્રીમતીનો હસમુખો ચહેરો જોઈ સૌભાગ્યનું દીલ પણ હસી ઉઠયું. "કાં સખી શ્રીમતી ? આનંદના સમાચાર ?"

"હા ! બેન ! આનંદનાજ; તે પણ જપે છે તમારી જપમાળ ! એવા સુખમાં પણ શ્વાસે શ્વાસે તમને એ સંભારે છે. !"

"ત્યારે તો હું નશીબદાર ? કે જેને આવો ઉત્તમ ભરથાર મલ્યો. અલી કહેતો ખરી; કે મારો પત્ર એમણે બરાબર વાંચ્યો હતો ! તેં એમનેજ હાથોહાથ આપ્યો હતો ?"

"હા ! બાઈ હા ! કુંવરને હાથોહાથ તમારો કાગળ આપ્યો હતો. વળી મોંએથી પણ સંદેશો કહ્યો હતો."

"હાશ.... હવે કંઈક હૈયાનો ભાર ઓછો થયો !" સૌભાગ્ય કુમારીએ છુટકારાનો એક દમ ખેંચ્યો–મુકયો. વિરહના તાપથી દગ્ધ થતું હૈડુ કંઈક શાંત થયું.

"સખી ! મારો કાગળ વાંચી તેમણે કાંઈ કહ્યું ?" સૌભાગ્યે શ્રીમતીને પૂછયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" તારા કાગળથી તારા વરનું હૈડું ઘણું પ્રસન્ન થયું. " શ્રીમતીએ જણાવ્યું.

" તેમનો જવાબ કયાં છે ? લાવ જોઉં સ્વામીના હાથનો કાગળ !"

સૌભાગ્યે કહ્યું કે તરતજ શ્રીમતીએ રૂપચંદ્ર કુમારનો કાગળ કમખાના ગજવામાંથી તરતજ કાઢીને સૌભાગ્યને આપ્યો. પ્રિયતમના કાગળને સૌભાગ્યે આંખો સાથે દાબ્યો, હૈડે ચાંપ્યો, આતુર નયનોએ અધીરા અને ઉત્સુક હૃદયે એ કાગળ વાંચવા માંડ્યો.

શ્રી........

શશીવદની, કમલાક્ષી, સૌભાગ્યવતી સૌભાગ્યસુંદરી....

તમારો કુશળતાભર્યો પત્ર વાંચી મને ઘણો હર્ષ થયો છે. વડીલોના પુણ્ય પ્રભાવથી અત્યાર લગી તો આનંદમાં છું. અહીંયા કોઈ પણ પ્રકારે ખામી નથી. સુખના સાધનોમાં ઉણપ નથી. સર્વે જી જી કરે છે, મંત્રી પણ જીવની પેઠે જાળવે છે. પણ પ્રિયે ! મન તો એક તમનેજ ઝંખે છે. રાજકુંવરી મંજરી મને વરી છે, તેની સાથે મન સહેજ મળ્યું છે. મારૂં મન જે તમારી સાથે લાગેલું છે તે અન્યની સાથે લાગે તેમ બનવાનું નથી. જેવો શીયળવતી નારીને પોતાના ભરથાર સાથે સ્નેહ હોય છે. દુધ અને પાણીને જેમ સ્નેહ હોય છે. કર્પુર અને સુગંધને જેવો સ્નેહ છે તેવો આપણુ બન્નેનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્નેહ છે એમ નક્કી સમજવું, માટે તમારે હૃદયમાં જરા પણ દુઃખ લાવવું નહી કે ઝુરીઝુરીને સંતાપ કરવો નહી. હે સુંદરી ! જ્યારે વિધિએ સરજ્યું હશે ત્યારે ચોક્કસ માનજો કે આપણો મેલાપ અચુક થશે. વારંવાર તને શું સમજાવું ? મારા સમ દઈને કહું છું કે અંતરમાં કંઈ પણ ઓછું આણીશ નહી. કેમકે હે પદ્મીની ! વિધિએ લલાટમાં જેટલું સુખ લખ્યું હશે તેટલુંજ આપણે ભોગવશું. કોઈ એવો ઉપાય કરશું કે જેથી આપણ બન્નેનો મેલાપ જલદી થશે અને અંતરના દુઃખ ટળશે.

સરોવરમાંથી જળ સુકાઈ જતાં હંસો તેને છોડીને ચાલ્યા જાય છે; કિંતુ ખરી પ્રીત તો સેવાળનીજ સમજવી કે જે જલની સાથેજ પોતે પણ સુકાય છે. વળી

સોરઠો.

જેથી લાગ્યો જીવ, તેથી તન તારવીયે નહી.
ભલે જાયે શરીર, વિસરીએ ના હે પ્રીયે ?

લી: તમારો-રૂપચંદ્ર

સૌભાગ્ય સુંદરીએ પ્રિયતમનો કાગળ વારંવાર વાંચ્યો. હૃદયમાં અતિ હર્ષ થયો. " આહ ! સખી ? ઉત્તમ પુરૂષો બોલ દઈને કદી ફરી જતા નથી. આવા સુખમાં પણ હજી ભૂલી ગયા નથી. "

" બાઈ ! હવે ખુશીમાં રહો ! શોક ના કરો ! નજરથી દૂર છતાં તમારો પ્રિયતમ પાસે છે એમજ સમજો. તમારા હૃદયમાં કુંવર છે, કુંવરના હૃદયમાં તમે છો. બન્ને એક બીજામાં મશગુલ છો. "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" સખી ! તેમ છતાં હજી કાંઇ અંતરની ભૂખ ભાગતી નથી. દુગ્ધનુ પાન કર્યા વગર તેની મીઠાશ સમજાતી નથી. પહેલેજ દિવસે કયાં આ વિઘ્ન જાગ્યું ? ખરે પૂર્વનું કોઇ પાપ આવી લાગ્યું. " સૌભાગ્યે પૂર્વની વાતનું સ્મરણ કર્યું.

" બાઇ સાહેબ ? માનો ન માનો પણ પ્રથમ દિવસે આવનાર પુરૂષ કોણ હતો એ માટે તમે શું ધારો છો ? " શ્રીમતીએ કહ્યું.

" હવેજ સમજાય છે કે પ્રથમ આવનાર પુરૂષ બીજો કોઇ નહીં પણ વિક્રમાદિત્ય પોતેજ હતો. ખરે આપણા કમભાગ્યેજ તે મળ્યો હતો. "

" તેથીજ આ ગોટાળો થવા પામ્યો હતો. એ તો સારૂં થજો પ્રધાનજીનું કે જેમણે રાજાને સમજાવી કુંવરને બચાવ્યો, દીર્ઘદૃષ્ટિએ વિચારી રાજાની કુંવરી મદનમંજરી સાથે રૂપચંદ્રનો મેળ કરાવ્યો.

" અત્યારે તો ફાવ્યા છીએ, પણ આગળ શું થશે એની કોને ખબર છે ? રાજા શું પોતાની હઠ ત્યાગશે ? "

" ભલેને ન ત્યાગે. બાઈ સાહેબ ? અકળાઓ ના ! ભાગ્યવંતોને તો ખોટામાંથીજ સારૂં થાય છે. એક વખતના પરિતાપમાં કુંવરને મંજરી મળી, તો બીજી વખતે રાજા હઠ કરશે તો કદાચ કુંવરને સૌભાગ્ય પોતેજ મળશે." શ્રીમતી હસી પડી.

" તો તો સખી સારૂં થાય. તારા મોંમાં સાકર ! "

# પ્રકરણ ૧૯ મું.

## વિદ્યાનો ચમત્કાર અથવા દિવાકર પદવી.

ચિત્રકોટથી પરિવાર સહીત વિહાર કરતા સિધ્ધસેન સૂરિ પૂર્વદેશના કર્મારપુર નગરમાં આવ્યા. તેમની પ્રખ્યાતિ પ્રથમથીજ આ તરફ પ્રસરી ગયેલી હોવાથી અહીંના સકળ સંઘે ધર્મનો પ્રભાવ વધે તેવી રીતે સૂરિનું સ્વાગત કર્યું. રાજા દેવપાલ જે સરળ સ્વભાવી અને ભદ્રક પરિણામી હતો તે સૂરિની કિર્તિ સાંભળીને ગુરૂ મહારાજને વાંદવા આવ્યો. ગુરૂ મહારાજે તને અવસરોચિત બોધ આપીને તેના અંતરના સંકલ્પવિકલ્પો દૂર કરીને અનાદિ કાલનું મિથ્યાત્વ દૂર કરી જૈન ધર્મમાં સ્થાપિત કર્યો. રાજા સૂરિનો ભકત બની ગયો અને અવારનવાર ગુરૂનો ઉપદેશ સાંભળવાને તે ઉપાશ્રયે આવવા લાગ્યો; તેમજ પોતાની રાજ્યસભામાં પણ ગુરૂને બોલાવી તેમની સાથે જ્ઞાનગોષ્ઠિ કરીને જ્ઞાન મેળવવા લાગ્યો. એવી રીતે દેવપાલરાજા ગુરૂના સમાગમથી પોતાનો કાળ સુખશાંતિથી ધર્મપરાયણપણે વ્યતીત કરવા લાગ્યો.

અન્યદા સીમાડાના રાજાઓએ દેવપાલને નાનો રાજા જાણીને તેને જીતી લઇ તેનું રાજ્ય વ્હેંચી હજમ કરી જવા માટે વિજયવર્મા રાજાને આગેવાન બનાવી મોટા લશ્કર સાથે કર્મારપુરનગરીને તેમણે વીંટી લીધી. દેવપાળ રાજા અલ્પ બળવાળો હતો. છતાં પરાક્રમી હતો જેથી તે એમ કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહી જતાં તરતજ પોતાના સેનાપતિને લશ્કર તૈયાર કરવાનો હુકમ આપ્યો " જાઓ ! યુધ્ધની શરૂઆત કરો ત્યાં બાકીનું લશ્કર લઇને રણભૂમિ ઉપર આવી મળું છું. " રાજાનાં વચન સાંભળી સેનાપતિ લશ્કર લઇ દુશ્મનના લશ્કરને ખાળવાને તેમની સામે ધસ્યો. આ તરફ બાકીનું લશ્કર તૈયાર થયું તે અરસામાં દેવપાલ યુધ્ધનો પોશાક પહેરી યુધ્ધમાં જવા પહેલાં ગુરૂને વાંદવાને આવ્યો. ઉપાશ્રયમાં આવીને ગુરૂને વાંદ્યા " ભગવન્ ! આ છેલ્લુંજ આપનું દર્શન છે. અમારી જીંદગીનો હવે આ આખરનોજ સમય છે. "

"કેમ શું છે રાજન્ ?" ગુરૂમહારાજે શાંતિથી પૂછયું.

" પ્રભુ ! દુશ્મનોની ફોજ આ નગર પર ચડી આવી છે, તેઓ રણમાં જીતી લઈને મારૂં રાજ્ય ખાઇ જવાને તૈયાર થયા છે. જેથી સીમાડાના સર્વ રાજાઓ સંપ કરીને આજે મારી ઉપર ચડી આવ્યા છે. " રાજાએ કહ્યું.

" રાજાનો ધર્મ પ્રજાનું રક્ષણ કરવાનો છે. પોતાની શક્તિનો ઉપયોગ કરી પ્રજાને પરચક્રના ભયમાંથી મુકત કરી તેને શાંતિ આપીને પ્રજાના ધર્મકાર્યો પુણ્યકાર્યોમાં ભાગ લેવાનો છે. સર્વેની શુભાશિષ લેવાનો છે. " ગુરૂએ રાજ્યધર્મનું ભાન કરાવ્યું.

" આપનું કહેવું યથાર્થ છે. રાજાનો ધર્મ પ્રજાનાં સંકટ દૂર કરવાનો છે. તેને રક્ષણ આપવાનો છે. મારી ફરજ હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજું છું. મારો ધર્મ બજાવી પ્રજાના રૂણમાંથી હું મુક્ત. થઇશ. કૃતકૃત્ય થઇશ."

"તો પછી શામાટે નિરાશ થાય છે ? યુધ્ધમાં વિજય કોને મળે છે એ તો વિધિને હાથ છે. કેમ જાણ્યું કે તુંજ પરાજય પામશે–હારી જશે" ગુરૂએ તેનીજ પાસેથી બોલાવવાને પૂછયું.

"પ્રભુ ? દુશ્મનો મહા બળવાન છે. ઘણા રાજાઓ સાથે મળીને ચડેલા છે. પોતપોતાના સર્વ લશ્કર સહિત મારી પૂંઠે પડેલા છે. કયાં એમનું અસંખ્ય લશ્કર અને કયાં મારૂં અલ્પ બળ. જેથી આપનું શરણ લઈને યુધ્ધમાં જાઉં છું! હવે આ છેલ્લુંજ દર્શન કરી સદાને માટે આ રાજ્યધાની તજી જાઉં છું. એવા પરાક્રમી અસંખ્ય શત્રુઓના મધ્યમાંથી હું જીવતાં પાછો ફરી શકું તેમ નથી. ફરીને આપને જોઇ શકું તેમ નથી." રાજાએ અંતિમ ઉદ્ગાર કાઢયા.

"રાજન્ ! કહે જોઇએ તારી શી ઇચ્છા છે ? " ગુરૂને પોતાની પાસે બે વિદ્યાઓ હતી તેનું સ્મરણ થતાં આવા સંયોગોમાં તેનો ઉપયોગ કરી જૈન ધર્મનો મહિમા વધારવાને મન થયું.

"ભગવન્ ! હું ઇચ્છું છું કે આપના પ્રભાવ થકી સર્વ દુશ્મન રાજાઓને મારી હઠાવી વિજયની વરમાળ વરૂં ! પ્રજાનું રક્ષણ કરૂં ? જૈન ધર્મનો મહિમા વધારૂં ? " રાજાએ કહ્યું.

"ઠીક છે, તારી ઈચ્છા સત્વર પૂર્ણ થશે." ગુરૂએ કહ્યું. અને તરતજ રાજા સાથે બહાર આવ્યા તો પરચકના ભયથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કલ્પાંત કરતી પ્રજા તેમણે જોઇ, અનેક માણસો કલ્પાંત કરતા હતા, દુશ્મનોનો ભય દૂર થવાને કોઇ પ્રભુ પ્રાર્થના કરતા હતા. તેઓ ગુરૂને પગે પડી અરજ કરવા લાગ્યા. " ભગવાન ! કોઈ રીતે અમને બચાવો અને અમારા રાજાનું રક્ષણ કરો, નગરીને ઉપદ્રવ રહીત કરો. " ગુરૂ લોકોને આશ્વાસન દેતા રાજા સાથે રાજગઢની ડેલી આગળ એક જળાશય પાસે આવી પહોંચ્યા, જળાશય જોઈ ગુરૂ થંભ્યા, અસંખ્ય લોક કલ્પાંત કરતું ગુરૂમહારાજને વિનવતું, કોઇ આજુબાજુ પોતાનું ધન છુપાવતું, કોઇ દુકાનોમાંથી જરજોખમ વગેસગે કરતું, તો કોઈ પોતાના પ્રાણો છુપાવવાને આમતેમ દોડધામ કરતું તરફડતું નજરે પડતું હતું. તરતજ ગુરૂ મહારાજે રાજાને કહ્યું " સરસવ મંગાવો ! " રાજાએ કારભારીને તરતજ હુકમ કર્યો. અલ્પ સમયમાં સુંડલો ભરેલા સરસવ ત્યાં આગળ મુકવામાં આવ્યા, ગુરૂ મહારાજે પોતાના હાથેથી લઇને સર્ષવી વિદ્યાથી મંત્રીને તેને જળાશયમાં નાંખવા માંડયા. જેટલા જેટલા સરસવના દાણા સરોવરમાં પડયા તેટલા ઘોડેસ્વાર સુભટો શસ્ત્રાસ્ત્ર સહિત જલાશયમાંથી બહાર નીકળ્યા ! આવો આશ્ચર્યકારી બનાવ જોઈ રાજા સહિત સર્વે નગરવાસી જનો દંગ થઇ ગયાં, ગુરૂની આવી અપૂર્વ શકિત જોઈ તેમનાં ભયભીત અને ડગમગતાં હૃદયો શાંત થયાં.

ગુરૂરાજ સિદ્ધસેનસૂરિએ એવી રીતે સર્ષવી વિદ્યાના પ્રભાવથી અસંખ્ય મનુષ્યો (ઘોડેશ્વારો) ઉત્પન્ન કર્યા, તે સર્વે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘોડેસ્વારો રાજા અને પ્રજાની અજાયબી વચ્ચે બહાર દુશ્મનના લશ્કર સામે લડવાને ધસ્યા, તેમની સાથે ક્ષત્રીયધર્મનો રસીક રાજા પણ યુદ્ધ ભૂમિમાં ગયો.

સેનાપતિએ આગળથી યુદ્ધ શરૂ કરી દીધું હતું. તેની સાથે દુશ્મનનું થોડુંક લશ્કર યુદ્ધ કરતું હતું, બાકીનું યુદ્ધનું પરિણામ જોતું આરામ લેતું હતું, દુશ્મનના અલ્પ લશ્કર સાથે પણ લડાઈ કરતાં સેનાપતિ થાકી ગયો હતો, તેનું ઘણું માણસ માર્યું ગયું હતું, તે હવે પીઠ ફેરવવાની તૈયારીમાંજ હતો. દુશ્મન રાજાઓ ખુશી થયા છતા દુશ્મનની નબળાઈની ચેષ્ટા જોઈ રહ્યા હતા, સેનાપતિ મરે અથવા ભાગે કે તરતજ નગરમાં ઘુસી જઈ રાજાને પકડી લેવાને તૈયારી કરી રહ્યા હતા.

ત્યાં તો નગર તરફથી ધુળ ઉડતી જણાઈ. ઘોડાઓની ખરીયોની ધુળથી આખું આકાશ ધુળમય થઈ ગયું. અશ્વોના હણહણાટો, તેમની પગની ખરીઓના થતા અવાજો. અને સુભટોની થતી ગર્જનાઓથી પૃથ્વી કંપાયમાન થવા લાગી. આકાશ ખળભળવા લાગ્યું. શ્યામ વાદળ સરખું લશ્કર દૂરથી ધસ્યું આવતું જોઈ દુશ્મન રાજાઓ એકદમ વિચારમાં પડયા " ઓહ ! આ સમુદ્ર સરખું મર્યાદા રહિત ઘોડેસ્વાર લશ્કર કોનું આવે છે ? " તરતજ તેઓ પણ યુધ્ધે ચઢયા, બાકી રહેલા તમામ લશ્કરને યુદ્ધમાં તૈયાર થવાને હુકમ મળ્યો. સર્વે રાજાઓ અને લશ્કર સજ્જ થઇને આવતા લશ્કરને આવકાર આપવાને રાહ જોતું ઉભું રહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

આ તરફ દેવપાળ રાજા સહિત આ ઘોડેસ્વાર પલટણ આવી પહોંચી, સામેના રાજાઓએ દેવપાલ રાજાને જોઇ તેની ઉપર તુટી પડવાને લશ્કરને હુકમ આપ્યો અને પોતે પણ તેની ઉપર તૂટી પડ્યા. ભયંકર કાપાકાપી અને ખુનરેજી થઈ. દેવપાળે આ નવીન લશ્કરની મદદ વડે વિજયવર્મા રાજાનું અસંખ્ય લશ્કર કુટી નાખ્યું. કેટલાક કાગડાની માફક નારી ગયા. કેટલુંક ઘવાયેલું મેદાનમાં પડયું. અને આ નવીન ઘોડેસ્વારોની મદદથી દેવપાળે કેટલુંક બંધીવાન બનાવ્યું. વિજયવર્મા અને બીજા રાજાઓ કેદ પકડાયા. કેટલાક દેવસમા દેવપાળના ત્રાસથી પલાયન થઇ ગયા. આ તરફ દેવપાળનું લશ્કર તો અજેય હતું. દિવ્ય શકિતથી ઉત્પન્ન થયેલું હતું. તેને હરાવવાને કે નાશ કરવાને કોઇપણ સમર્થ ન હતું. જેથી યુદ્ધને પરિણામે વિજયની વરમાળ દેવસમા દેવપાળના કંઠમાં નંખાણી.

દુશ્મનના લશ્કરમાં ભંગાણ પાડી તેમની છાવણીમાં લુંટ ચલાવી બંદીવાનોને લઈ વિજયી વીર દેવપાલ પોતાના લશ્કર સહીત વાજતે ગાજતે નગરમાં આવ્યો.

ઘડી પહેલાં નાશભાગ કરતી અને પોતાની મીલકત બચાવવાને વિવિધ પ્રયત્નો કરતી પ્રજાએ પોતાના રાજાના વિજયના સમાચાર સાંભળ્યા. જેથી હર્ષઘેલી થઇ વિજયીરાજાને વધાવવાના આનંદમાં ગાંડી બની ગઈ હતી. આહ....શું દૈવની મરજી છે ! પહેલે તમાચે રડાવે છે ને તરતજ બીજે તમાચો મારી હસાવે છે. કુદરતની અગમ્ય લીલાનો ભેદ કોણ પામે

પ્રજાએ રાજાને વધાવવાની સર્વે તૈયારીઓ કરી રાખી. ઠેક ઠેકાણે તોરણ બંધાવ્યાં, વિજયનાં વાજિંત્ર વાગવા માંડ્યા. ઘેરઘેર કંસારનાં જમણ થયાં. ગલીગલીએ સાકર, ગોળધાણા વ્હેંચાયા. સારાં સારાં વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ રાજાના આવતાં પહેલાં નાના મોટા સર્વે જનો નગરના દરવાજે આવીને ઉભા. એટલામાં રાજા પણ પોતાના લશ્કર સહીત આવી પહોંચ્યો. પ્રજાએ હારતોરા અને પુષ્પોના વરસાદથી રાજાને વધાવી લીધો. જ્યાં ત્યાં 'ગુરૂમહારાજની જય !' સિદ્ધસેનગુરૂની જય ? 'મહાવીરની જય' "સર્વજ્ઞપુત્રની જય" નો ધ્વની નભોમંડલમાં ગર્જી રહ્યો. એવી રીતે ચોતરફ ગુરૂમહારાજની બિરૂદાવલી બોલતા અને પ્રજાથી સત્કારીત થયેલો રાજા મનમ ગુરૂ મહારાજના ગુણગ્રામ કરતાં પોતાની નગરીના દરવાજામાં પેઠો. અને તરતજ ગુરૂરાજને વંદન કરવાને ઉપાશ્રય તરફ એના એજ પોશાકે ફર્યો. માર્ગમાં પૂર્વનું જલાશય આવતાં દિવ્ય શકિતથી ઉત્પન્ન થયેલા ઘોડેસ્વારો રાજાનું કાર્ય સિદ્ધ કરી તેમાં અદૃશ્ય થઇ ગયા. સર્વે નગરજનોની અજાયબી વચ્ચે જ્યાંથી ઉત્પન્ન થયા. ત્યાંજ ગુમ થઈ ગયા.

વિજયથી પ્રસન્ન થયેલા રાજાએ અશ્વ ઉપરથી ઉતરી ઉપાશ્રયમાં આવી ગુરૂને વંદન કર્યું. તેની સાથે ઉપાશ્રયમાં સમાઇ શકે તેટલું માણુસ ઉપાશ્રયમાં આવ્યું. ગુરૂના ચરણમાં નમ્યું. બીજું અસંખ્ય માણસ ગુરૂ મહારાજની જય બોલાવતું બહાર રહ્યું. રાજાએ વંદના કરી ગુરૂનો અધિકાધિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આભાર માન્યો. "પ્રભુ! આ રાજ્ય હવે આજથી આપનુ જ છે, આપ તેને સ્વીકારો! મારી પર આટલો અનુગ્રહ કરો."

"અમારે ત્યાગીઓને રાજ્યની સ્પૃહા હોતી નથી. તમારૂં કામ થયું! નિર્દોષ પ્રજાનું આફત થકી રક્ષણ થયું એજ અમારે મન સર્વસ્વ છે."

"ભગવન્! આપતો નિસ્પૃહી છો! ત્યાગીઓમાં મુગુટમણિ રૂપ છો. આપના રૂણમાંથી હું કેવી રીતે મુકત થાઉં? આપને માટે હું શું કરૂં?" રાજાએ પોતાનું કૃતજ્ઞપણું દર્શાવ્યું.

"રાજન્! તમારી એટલી બધી ભક્તિ હોય તો જૈન ધર્મનો ઉદ્યોત કરો, ચુસ્ત જૈન બની જૈનધર્મની શોભા વધારો. પ્રજામાં જૈનધર્મનું તત્વ ફેલાય અને ધર્મરસિક બને તે માટે તમે ઉત્તેજન આપો! જૈનધર્મનો દિગ્વિજય કરવાથી અમારૂં મન સંતોષ પામશે. અને તમને ઘણો લાભ થશે." ગુરૂ મહારાજે પોતાની ઇચ્છા જણાવી.

"પ્રભુ! એતો આપે અમારા લાભની વાત કરી. પણ એમાં આપનો કાંઈ અંગત લાભ નથી. આપે આજ અમારા દેશપર મહાન ઉપકાર કર્યો છે. દેશને ઉપદ્રવ રહીત કર્યો છે. મને પણ નવું જીવન આપ્યું છે. અમારા રાજ્યપર આવેલું અંધકારનું વાદળ દિવાકર (સૂર્ય) ની માફક આપે ફેડયું છે. જેથી જગતમાં વર્તમાનકાલના યુગમાં આપજ દિવાકર છો. આજથી જગતમાં આપની દિવાકર રૂપે ખ્યાતિ થશે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ આજસુધી સિદ્ધસેનસૂરિ કહેવાઓ છો, પણ હવેથી દુનીયા આપને " સિદ્ધસેન દિવાકરસૂરિ " એ રીતે ઓળખશે. મારા સમસ્ત રાજ્ય–પ્રજાના પ્રતિનિધિ તરીકે અને મારી રાજ્યસભા તરફથી આપને હું ' દિવાકરનું ' બિરૂદ અર્પણ કરૂં છું.

અસંખ્ય માણસોની મેદની છતાં કાંકરી પણ પડે ત્યાં અવાજ થાય એવી શાંતિમાં રાજા દેવપાળે ગુરૂભક્તિથી અનુરક્ત થઇ સિદ્ધસેન સૂરિને દિવાકર પદથી વિભૂષિત કર્યા. અને તરતજ પ્રજાએ પોતાના રાજાના શબ્દોને વધાવી લીધા. "દિવાકર સૂરિનો જય" ની ગર્જનાથી ઉપાશ્રય ગાજી રહ્યા તેનો પડઘો બહાર પડ્યો અને અસંખ્ય માણસોએ દિવાકર સૂરિનો જય બોલાવી તેને જીતી લીધો.

થોડીવારમાં શાંતિ પ્રસરી એટલે રાજાએ પોતાની વ્હાલી પ્રજા તરફ ફરી તેમને કહ્યું કે " મારી પ્રજાના સદ્દગ્રહસ્થો અને અન્ય સજ્જનો ! જો તમારી સર્વની તમારા રાજામાં ભક્તિ હોય, રાજાને હૃદયની લાગણીથી ચાહતા હો તો તમારી આવી ભક્તિથી હું ખુશી થાઉં તે પહેલાં તમોને નવીન જીવન દેનાર, તમારાં બાલબચ્ચાં અને ખુદ તમારૂં જીવન બચાવનાર આ ગુરૂ મહારાજના ભકત થઇ જાઓ ! શ્રાવક ( જૈન ) થઈ જાઓ ! તોજ હું તમારી ઉપર ખુશી થઇશ. તમારી ધર્મપ્રિયતા જોઈ હું રાજી થઇશ."

પ્રજા તો દિવાકર ઉપર બેહદ ગાંડીજ બની ગઈ હતી. એવો કોણ મૂર્ખ હોય કે પોતાના બચાવનારને છોડી બીજે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વલખાં મારવા જાય ? રાજાનું વચન પ્રજાએ ઉચકી લીધું. સિદ્ધસેન દિવાકરનો એ ચમત્કાર ! એ પ્રભાવ ! એ ઓજસ્વિતા ! પ્રજાનાં મન ઉપર છાપ પાડવાને પુરતાં હતાં, રાજાનું હૃદય તો જૈનધર્મથી રંગાયેલું હતું. તેતો મહાવીરના શાસનનો આરાધક હતો. પ્રજા રાજાને અનુગામિની હતી. પ્રજાને એ પ્રમાણે સૂચના કરી ગુરૂને નમી રાજા પોતાને આવાસે ચાલ્યો ગયો. પ્રજા પણ રાજાનાં વચન અંગીકાર કરતી અલ્પ સમયમાં જ જૈન ધર્માનુરાગિણી થઈ ગઇ.

એક દિવસ એ હતો કે સમસ્ત પ્રજા તરફથી મહા સમારોહપૂર્વક વિદ્વાનોની સભામાં રાજાએ ગુરૂને દિવાકરનું બિરૂદ આપી તેને યોગ્ય ક્રિયા કરી. જૈન થનારને રાજ તરફથી ઉત્તેજન મળવા લાગ્યું, થોડા સમય પછી રાજાએ જોયું તો પોતાના રાજ્યની ચારે વર્ણ, અઢારે જાતિ જૈનધર્મ પાળતી હતી.

## પ્રકરણ ૨૦ મું.

### ગુરૂ અને શિષ્ય.

રાજાનું અનુકરણ, રાજાની ભાષા, રાજાનું વર્ત્તન અને રાજ્યની નીતિરીતિ વિગેરેની નકલ કરવાનો પ્રજાનો સહજ સ્વભાવ હોય છે. જે વસ્તુ, જે નીતિરીતિ અને જે ધર્મ રાજા અંગીકાર કરે છે તે માટે પ્રજા પણ તેને પગલે ચાલી તેવી રાજ પદ્ધત્તિઓને આવકારદાયક લેખીને વધાવી લે છે. વસ્તુસ્થીતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગમે તેવી હોય. યથા રાજા તથા પ્રજા એ નિયમને અનુસરીને રાજામાં જો સારૂ તત્વ પ્રવેશેલું હોય તો પ્રજા તેની નકલ કરી સદ્દગુણ સંપન્ન બનતાં સમસ્ત રાજ્યમાં શાંતિ આરામ આબાદિ આદિ સર્વે કાંઇ વધે છે પ્રજામાં કાંઇક અસાધારણ ચૈતન્ય રાજાની ગુણીયલ રાજપદ્ધતિથી આવે છે. તેવીજ રીતે રાજા જો અનાચારી, જુલ્મી, દુષ્ટ કામ કરનારો અને અન્યાયી હોય, કાયદા તોડનાર, વચન આપી તેનો ભંગ કરનાર હોય તો પ્રજાને પણ આવીજ અસર થતાં તેનામાં પણ અન્યાય, અનાચાર, દુરાચાર વગેરે દુર્ગુણો પ્રવેશ થતાં જોવાય છે. તેથીજ સંસારમાં પ્રજાની ઉન્નત્તિનો આધાર રાજાના આચાર વિચાર અને રાજપદ્ધત્તિ ઉપર રહેલો કહેવાય છે.

દેવપાલ રાજા અને રાજ્યની સમસ્ત પ્રજાએ સિદ્ધસેન દિવાકર સૂરિનો પ્રભાવ જાણ્યો હતો. પ્રત્યક્ષ જોયો હતો અને તેમના અણમોલ પ્રભાવથી ઉપકારથી જાહેર દરબારમાં મોટામોટા વિદ્વાનોની હાજરીમાં દેશપરદેશના પંડિતોની સમક્ષ ગુરૂને દિવાકર પદવી આપી તેમના આભારમાંથી કિંચિત્ અંશે મુક્ત થવાને ઉચિત ધાર્યું હતું. બંદિવાન થયેલ વિજયવર્માદિક રાજાઓને ગુરૂ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા, તેમને જૈન બનાવી પોતાના રાજ્યમાં જૈનધર્મનો વિજયધ્વજ ફરકાવવાની શરતે રાજાએ તેમને દરબારી માન સાથે તેમના રાજ્ય તરફ રવાને કર્યા હતા, ગુરૂનું માન એવી રીતે રાજ્યમાં બેહદ વધી ગયું હતું. હંમેશાં ઘણા માણસો તેમનાં દર્શન કરવાને આવતાં હતા. અસંખ્ય માણસો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમનાં દર્શન માટે તરફડતાં હતાં. હજારો મનુષ્યો 'દિવાકર સૂરિની જય' એવી બિરૂદાવલી બોલાવતાં તેમને માટે ઉપકાર વશ થઇ જતાં હતાં. રાજા દેવપાલ, પ્રધાન, કારભારીઓ, તેના સર્વે અમલદારો ગુરૂનો પડતો બોલ ઝીલવાને રાતદિવસ તત્પર રહેતા હતા.

રાજા પોતે સમજતો હતો કે આવા ચિંતામણિ રત્નથી પણ અધિક પ્રભાવવાળા ગુરૂમહારાજ મળવા મુશ્કેલ છે. જેથી તેઓ અહીંથી વિહાર કરી જાય તે તેને પસંદ નહોતું. કોઈ રીતે તે પોતાના રાજ્યમાં રહે. અને પોતાની પ્રજા તેમનો અધિક આદર સત્કાર કરે એ તેમની અંતરેચ્છા હતી. રાજાએ પોતાનો આ અભિપ્રાય, અમલદાર તેમજ પ્રજાના મોટામોટા આગેવાન સદ્ગ્રહસ્થ આગળ જણાવ્યો હતો. ધીરે ધીરે રાજાનો આ વિચાર આખી પ્રજામાં ફેલાયો, જેથી પ્રજા ગુરૂભકિતમાં લેશ પણ ખામી આવવા દેતી નહોતી. ગુરૂએ એવી રીતે સર્વત્ર જૈનમય વાતાવરણ ઉત્પન્ન કરી જૈનત્વની ભાવનાનાં બીજ પ્રજાના હૃદયમાં રોપ્યાં હતાં.

દુનીયાનો પ્રવાહ જુદી દિશામાં પ્રગતિ કરે છે. કુદરત પોતે પોતાનું જુદુંજ પોત કાળે કરીને તેમાંથી પ્રકાશે છે. અતિ હંમેશાં વર્જવા યોગ્ય છે. કોઇપણ વસ્તુનું અતિ સેવન થવાથી તેમાંથી કલેશ વા હાની થવાનો સંભવ રહે છે. માટે શાસ્ત્રો પણ પોકારીને કહે છે કે અતિનું વર્જન કરવું. કેમકે અતિદાન કરવાથી બલિરાજાને બંધનમાં પડવું પડ્યું. અતિરૂપ પામવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સતી સીતાનું હરણ થયું. અતિ ગર્વથી રાવણનો સંહાર થયો. અતિ લોભથી આઠમો સુભૂમ ચક્રવર્તી હયદળ રથ સાથે પોતે લવણસમુદ્રમાં બુડી મુઓ. અતિ આહાર, અતિ વિદ્યાનો ગર્વ અને અતિ માન સત્કારનું પરિણામ સારૂં આવતું નથી. અહીયા પણ તેનું પરિણામ એવુંજ આવ્યું. દિવાકર સૂરિ લોકોની અધિકાધિક ભક્તિથી આચારમાં શિથિલ થઈ ગયા. રાજાએ હમેશાં દરબારમાં આવવાને માટે ગુરૂને સુંદર સુખપાલ (પાલખી) કરાવી આપી. દિવાકર સૂરિ રોજ તેમાં બેસીને રાજ દરબારમાં હજારો માણસોથી બિરૂદાવલી ગવરાવતા આવતા હતા. હજારો માણસો તેમની પાલખી ઉપાડવાને સમયે હાજર રહેતા હતા. જેથી ભોય લોકોને તો પાલખી ઉંચકવાનો વારો આવતોજ નહી. ગુરૂ ભક્તિને પ્રગટ કરતા માણસોજ અવારનવાર સુખપાલને ઉપાડતા પોતાની ભક્તિ બતાવવા લાગ્યા. એ પ્રમાણે ખાનપાનમાં, પોતાની સમાચારીની ક્રિયામાં આચાર્ય શિથિલ થઈ ગયા. રાજકૃપાના ઉપાસક બની મોજશોખમાં પડી ગયા. ગુરૂના પ્રભાવે કરીને તેમના શિષ્યવર્ગમાં પણ શિથિલતા પ્રસરી ગઈ.

પોતાના પ્રભાવિક શિષ્યનો પ્રભાવ જોતા અને સાંભળતા ગુરૂવર્ય વૃદ્ધવાદીસૂરિ પોતાના પરિવાર સાથે તેઓ બીજાજ દેશોમાં વિહાર કરી શુદ્ધ સમાચારી પૂર્વક ક્રિયા કરતા, જૈનધર્મનો પ્રભાવ ફેલાવતા ભવ્ય જનોને પ્રતિબોધ કરી રહ્યા હતા. તેમને સિદ્ધસેનની શિથિલતાના સમાચાર મળ્યા. પોતાનો પ્રભાવિક શિષ્ય પોતાની હયાતીમાં આવી રીતે

**આચારભ્રષ્ટ થાય, મનુષ્ય ભવ હારી જાય જેથી તેમને હૃદયમાં ભારે ખેદ થયો.**

જો ગુરૂ પોતે જોતાં છતાં શિષ્યને પતીત થવા દે, તો શિષ્યના પાતકનો ગુરૂ પણ ભાગીદાર બને છે. શિષ્યની ઉપેક્ષા કરી તેને ભ્રષ્ટ થતાં નહી બચાવવાથી ગુરૂ પણ દોષપાત્ર બને છે. માટે કોઈપણ ઉપાયે ત્યાં જઈને સિદ્ધસેનને પ્રતિબોધ કરીને મારે તેને પાછો સ્થીર કરવો જોઇએ કારણકે હાલનું જે વાતાવરણ તેની અજુબાજુએ વિસ્તરેલું છે તે સાધુ ધર્મથી તદ્દન ઉલટું જ છે. કેમકે–

तांबुल देहसत्कारः स्त्रीकथेंद्रियपोषणम् ॥
नृपवासे दिवा निद्रा, साधूनां दूषणनि षट् ॥ १ ॥

રહસ્ય–"તંબોળ, સ્નાન, મજ્જન, વિલેપનાદિથી દેહનો સત્કાર, સ્ત્રીકથા, ઇન્દ્રિયોનું પોષણ, રાજાના સહવાસમાં રહેવું અને દિવસના નિંદ્રા કરવી એ છ વાનાં સાધુને ધર્મથી પતિત કરનારાં છે."

"સિદ્ધસેન અત્યારે સંસારના બાહ્ય માનપાનના સત્કારમાં લપસી પડ્યા છે. ચારિત્રથી શિથિલ પરિણામી થયા છે. સુખપાલમાં બેસવાને સાધુને અધિકાર નથી, કોઇ એવા શારીરીક કારણોમાં એ અપવાદ માર્ગનું સેવન કરવામાં આવે છે. છતાં સુકુમાલ બની મોજશોખને અર્થેજ તેનો ઉપયોગ કરવો એ ચારિત્ર માર્ગમાં વિઘ્નકર્ત્તા છે. અત્યારે મારી ફરજ શી છે. તેનો વિચાર કરી કોઇપણ ભોગે એને સમજાવી ઠેકાણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવવો જોઈએ, નહીંતર એ આત્મા સંસારમાં રખડી જશે, અને જૈનધર્મની નિંદા થશે." એ પ્રમાણે ગુરૂરાજ વૃદ્ધવાદીસૂરિ વિચાર કરીને પોતાનો શિષ્ય પરિવાર ઉત્તમ પુરૂષોને ભળાવી પૂર્વદેશ તરફ વિહાર કર્યો અને ગુપ્તવેશે કર્મારપુર નગરમાં આવ્યા.

કર્મારપુર નગરના બજારમાં બપોરના સમયે એક દિવસ એક વૃદ્ધ પુરૂષ સામાન્ય વેશે ચાલ્યો જાય છે. બજારમાં હજારો માણસોની મેદની જામેલી છે " સર્વજ્ઞપુત્રની જય " " દિવાકરસૂરિની જય " ઇત્યાદિક અનેક પ્રકારના જયકાર ગર્જી રહ્યાં છે, તેની મધ્યમાં પાલખીમાં બેઠેલો સંત જેવો દેખાતો પુરૂષ રાજદરબાર તરફ ચાલ્યો જાય છે. હજારો પુરૂષો તેની પાલખી ઉપાડવાને એક બીજાને ધકેલતાં ફાંફાં મારી રહ્યાં છે અને પાલખી ઉપાડનારાઓ પોતાનો દેહ પવિત્ર થયો હોવાથી મનમાં પોતપોતાને ધન્યવાદ આપી રહ્યા છે. હજારો માણસો દૂરથીજ ગુરૂનાં દર્શન કરીને આનંદ પામતાં હતાં. જે વૃદ્ધ પુરૂષે વિચિત્ર વસ્ત્રોથી પોતાનું શરીર ગોપવ્યું છે તેણે સિદ્ધસેનસૂરિની આ બધી પરિસ્થિતિ જોઈ વિચાર્યું કે– શું વિધિની લીલા છે! વિષયો, અને વિકારો ઉત્તમ પુરૂષોને પણ કેવા પોતાના પંજામાં ફસાવે છે. શું કાળનું વિચિત્રપણું ? સિદ્ધસેન જેવા પ્રાભાવિક પુરૂષ પણ તેને આધિન–વિવશ બની ગયા. હા ! આવા પડતા કાળમાં મનુષ્યો સંજમનું પરિપાલન કેવી રીતે કરી શકશે ? ધર્મ સાધન મુશ્કેલીથી સાધી શકશે." ઈત્યાદિક વિચાર કરતો તે વૃદ્ધ પુરૂષ પોતે પણ જાણે ગુરૂ ભક્તિ

બતાવતો હોય તેમ તે હજારો માણસોનાં ટોળામાં ઘુસ્યો. ધક્કા મુક્કી કરતો આગળ વધતો તે પાલખીની લગભગ નજીક આવી પહોંચ્યો અને ઉપાડનારાઓની મધ્યમાં ઘુસી જઈ એક જણાની પાસેથી પોતે પાલખી ઉપાડી તેની જગોએ દાખલ થઈ ગયો. પોતે વૃદ્ધ હોવાથી અશક્તિને લીધે પોતાનો ખભો ઉંચો નીચો થવા લાગ્યો, તેથી પાલખીમાં બેસનાર દિવાકરસૂરિને કષ્ટ થવા લાગ્યું. જેથી તેણે નીચેનું પદ કહ્યું.

"भूरि भार भराक्रान्तः स्कंधः किं तव बाधति "

હે વૃદ્ધ ! ઘણો ભાર ઉચકવાથી શું તારો ખભો પીડાય છે !

અહીં 'बाधति' એ અશુદ્ધ પ્રયોગ છે. ખરી રીતે તો 'बाधते' બોલવું જોઈએ. છતાં પ્રમાદવશે સિદ્ધસેનસૂરિએ અશુદ્ધ પદનો ઉચ્ચાર કર્યો. તેના ઉત્તરમાં તે વૃદ્ધે જવાબ દીધો.

'न तथा बाधते स्कंधो यथा बाधति बाधते '

"અરે ભાઇ ! જેવું બાધતિ પદ પીડા કરે છે. એવો કાંઈ મારો ખંભો મને પીડા કરતો નથી.

વૃદ્ધનું આવું વચન સાંભળીને સિદ્ધસેનસૂરિ વિચારમાં પડ્યા. પોતાની ભૂલ તેમણે જોઈ ખરે બાધતિ ને બદલે 'बाधते' બોલવું જોઈએ, પોતે અશુદ્ધ બોલ્યા હતા. પણ પોતાની આ ભૂલ કાઢનાર કોણ હશે તે વિચારમાં તેમનું મન ડામાડોળ થયું. તરતજ પાલખી ઉભી રખાવી અને પોતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાલખીમાંથી ઉતરી પડ્યા, તે વખતે વૃદ્ધે તેમને એક બીજી ગાથા સંભળાવી.

" अणुफुल्लिअ फुल्ल म तोडहु मन आरामा म मोड्हु ।
मन कुसुमेहिं अच्चि निरंजणुं हिंडहिं काहि वणेण वणुं"

વૃદ્ધે કહેલી આ ગાથાનો અર્થ સિદ્ધસેન વિચારવા લાગ્યા, પણ આ ગાથાનો અર્થ બેઠો નહી. જગતમાં મારાથી સમર્થ ફક્ત એકજ મારા ગુરૂ છે તો આ મારા ગુરૂ વર્ય તો નહીં હોય ! એમ મનમાં વિચારી તેમણે ધ્યાનપૂર્વક ગુરૂને જોયા અને તેમને ઓળખ્યા. હજારો માણસની મેદની વચ્ચે તરતજ તેઓ ગુરૂને પગે પડ્યા. તેમની ક્ષમા યાચવા લાગ્યા. અને ઉપલી ગાથાનો અર્થ પૂછવા લાગ્યા. ત્યારે વૃદ્ધવાદી તેની વ્યાખ્યા કરી સિદ્ધસેનને સમજાવવા લાગ્યા " હે શિષ્ય ! અલ્પ આયુષ્યને એળે ગુમાવ નહિં. રાજ્ય સત્કારથી ઉત્પન્ન થયેલો ગર્વરૂપી આંકડાઓવડે કરીને આત્માને આધિન અને સંતાપનું હરણ કરનાર એવા યમ-નિયમરૂપ બગિચાને ભાંગ નહી. વળી મનરૂપી કુસુમોવડે એટલે નમ્રતા, કોમળતા, સરલતા અને સંતોષ વગેરે પુષ્પોવડે અહંકારના સ્થાનભૂત જાતિમદ લોભમદાદિ અંજન જેનાં નાશ પામ્યાં છે એવા સિદ્ધપદને પામેલા નિરંજન દેવોનું તમે ધ્યાન કરે, અર્ચન કરો, પૂજન કરો. અરે ભાઈ ! મોહાદિક વૃક્ષોથી ભયંકર એવા આ સંસારરૂપ વનમાંના એક ખંડથી બીજા ખંડમાં શા માટે ભ્રમણ કરો છો ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અણુ એટલે અલ્પ ધાન્ય અને તેનાં પુષ્પો, અલ્પ વિષય પણાવાળાં મનુષ્ય શરીર તેનાં પાંચ મહાવ્રતરૂપ તેમજ અઢાર હજાર શીલાંગરૂપ પુષ્પોને ન ચુંટો, ન તોડો, ચિત્તના દુષ્ટ સંકલ્પ વિકલ્પોનો નાશ કરો ! સિદ્ધિપદને પામેલા નિરંજન નિરાકાર વિતરાગ દેવની મનરૂપી પુષ્પોવડે કરીને પૂજા કરો. વળી ગ્રહસ્થને ઉચિત ષટ્ કાયની વિરાધનાથી થતી એવી દેવપૂજામાં તમે ઉદ્યમ ના કરો ! ચેતનાએ રહીત અને ભ્રમના હેતુભૂત એવી સંસારિક કીર્તિને માટે તમે કેમ ભ્રમણ કરો છો. ? માટે હે ભાઇ ! એવા બાહ્યવાદ–મિથ્યાવાદનો ત્યાગ કરીને સત્ય અને ઇષ્ટ એવા તીર્થંકરને વિષે આદર કરો !

જેનાં ફલ પ્રાપ્ત થયાં નથી એવાં સંયમના કુણાં કુમળાં પુષ્પ મા તોડ ! યોગરૂપ કલ્પવૃક્ષ તેનાં યમનિયમ તે મૂલ છે. ધ્યાન તે શાખા અને સમતા તે થડ, કવિત્વ વકતૃત્વ, યશ, પ્રતાપ, મારણ, સ્તંભન, ઉચ્ચાટન અને વશીકરણ તે રૂપ પુષ્પો અને કેવલજ્ઞાન તે રૂપી ફલ છે એવા આ યોગ રૂપી કલ્પવૃક્ષને હજી તો ફુલ થયાં છે અને ફલ તો હજી હવે થવાનું છે, તેટલામાં હે દેવાનુપ્રિય ! ફલ થયા વગર ફુલને જ શા માટે તોડે છે ? "

ગુરૂની એ પ્રમાણેની વિવિધ અર્થવાળી વાણી સાંભળીને સિદ્ધસેન ચિત્તમાં ચમત્કાર પામતા વારંવાર પોતાનો અપરાધ ખમાવવા લાગ્યા "હે પ્રભો ! એવા અંતરંગ શત્રુઓથી હું જીતાઇ ગયો છું. મારા અપરાધ ક્ષમા કરો ! માફ કરો ! "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"હે વત્સ ? આવા વિષમ કાલમાં વિષયો શત્રુની માફક પ્રાણીઓની પાછળ લાગેલા છે. તે પ્રાણીની આગામી સદ્‌ગતિનો નાશ કરી તેને દુઃખી દુઃખી કરી મુકે છે. જેમ સ્નિગ્ધ રસકસવાળું ભોજન મંદ અગ્નિવાળાને અજીર્ણ કરે છે, તેમ જૈન સિદ્ધાંતના પારંગામી સર્વજ્ઞ સરખા તમે આ વિષયોને સમજી શકયા નથી. તેમને જીરવી શકયા નહી તો બિચારા અલ્પ સત્વવાળા મંદ બુદ્ધિવાળા જીવોની આ વિષમકાળમાં શી સ્થીતિ થશે ? "

હે ભગવાન્ ! ભ્રમના ઉદયથી થયેલા એવા અનિષ્ટ આચરણનું મને શાસ્ત્રમાં જે પ્રાયશ્ચિત લખ્યું હોય તે આપીને શુદ્ધ કરો ! "

રાજાની અનુજ્ઞા લઈને ગુરૂએ આપેલા આલોચના તપ વડે કરીને શુદ્ધ થતા સિદ્ધસેન દિવાકરસૂરિ ગુરૂ સાથે પછી અન્યત્ર વિહાર કરી ગયા.

એક દિવસે વૃદ્ધવાદી ગુરૂ પોતાનો અંત સમય જાણી સિદ્ધસેનને પોતાના પદ્દે સ્થાપન કરી ગચ્છનો સંપૂર્ણ ભાર સોંપી અનશન કરીને સ્વર્ગે ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૧ મું.

## મદનમંજરી.

મહામંત્રી ભટ્ટમાત્રના એકાંત કક્ષપ્રદેશમાં વિહાર કરતું અને પ્રેમના મંત્રોની જપમાળા જપતું એક દંપતી યુગલ તે એક રૂપચંદ કુમાર અને વિક્રમાર્કની વ્હાલી દુહિતા રાજકુમારી રત્નમંજરી એ બન્ને આનંદથી બેઠાં હતાં. મંજરી પતીને રીજવવાને અનેક પ્રકારની હાવભાવભરી ચેષ્ટાઓ કરતી. વિવિધ લાડ લડાવતી કામશાસ્ત્રની જુદી જુદી કળાઓ અજમાવતી હતી. પરન્તુ રૂપચંદ્રને સૌભાગ્યનો મોહ અદ્વિતીય હતો. પહેલીજ રાત્રીએ સંસારીક સુખ ભોગવવાની કળાઓ જે સૌભાગ્ય પાસે હતી તે મંજરીમાં આજસુધી જોવાઇ નહોતી. તેથીજ મંજરી તેનું ચિત્ત આકર્ષણ કરવાને અસમર્થ નિવડી હતી, વારંવાર રૂપચંદ્રને સૌભાગ્ય તરફથી ભોગવેલું સુખ યાદ આવતું હતું અને મંજરીનો અખંડ સહવાસ છતાં તેનું ચિત્ત વ્યાકુળ રહ્યાં કરતું હતું.

મંજરી પણ સમજતી હતી કે કુંવરનું ચિત્ત બીજી કોઇ રમણીમાં ચોંટયું હતું. પ્રધાનના કહેવા ઉપરથી સમસ્યાનો ખુલાસો કરાવવો, પતીનું ચિત્ત અનુકુળ કરીને તેને પ્રસન્ન કરવો અને રાજાના કોપમાંથી તેને બચાવી લેવો તે માટે શું શું પ્રયત્ન કરવા તે મંજરી રાતદિવસ ચિંતવતી હતી. છ માસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો જોતજોતામાં પુરા થવા આવ્યા, છતાં હજી સ્વધારણામાં મં-જરી ફાવી નહોતી. અત્યારે તે હરકોઇ ભોગે કામ કાઢી લેવાને આતુર હતી. ભોગની કળાનો કરેલો અભ્યાસ આજે અનુભ-વવાનો તેનો નિશ્ચય વિચાર હતો. તે સમજતી હતી કે પતી પોતાની સાથે હાસ્ય વિનોદ કરે છે છતાં તેના અંતરના ઉંડાણુ-માં જુદુંજ કોઇ હતું, તેનું ચિત્ત આકર્ષવાને તે ઘણા ઘણા પ્રયત્નો કરતી, છતાં સર્વથા તેનું ચિત્ત તે પ્રસન્ન કરી શકતી નહી. "પ્રિયતમ ? તમારા અંતરના ઉંડાણમાં તો કાંઇ જુદુંજ જોવાય છે" મંજરીએ પૂછયું.

"શું જોવાય છે સુંદરી ?"

"કાંઇક વ્યાકુળતા જોવાય છે ને કોઇ બીજાનાજ પ્રેમ મંત્રો જપતું અનુભવાય છે."

"તારી ભૂલ થાય છે, તારા સિવાય હૃદય બીજા કોને ચાહે છે ?"

"સ્વામિન્, હું ગમાર નથી, કાંઇક સમજુ છું. પૂર્વનો કોઇ પ્રેમ મંત્રજ તેમાં જપાતો જોવાય છે. ધન્ય છે એ સુંદરીને કે જેણે તમારૂં હૃદય જીત્યું છે."

"સુલોચને ? તને એ ખાલી ભ્રાંતી થાય છે. મારૂં સ-ર્વસ્વ તો બધું તારામાંજ સમજાય છે. પ્યારી ! શા માટે તું નારાજ થાય છે ?"

"પ્રિય ! એ બધું તો ઉપરનુંજ જણાય છે. હૃદયતો કોઇ બીજાને જ ચાહ્યા છે."

" ચંદ્રવદને ? એવું અપ્રિય કઠોર વચન ન બોલ ! તારા કરતાં મારે શું વિશેષ છે ? મારે મન તો તુંજ એક શ્રેષ્ઠ છે. " રૂપચંદ્રે આશ્વાસન આપ્યું.

" ઠીક ! તો તમે કદી મ્હારી સાથે પ્રેમથી વાતો કરી છે ? " મંજરી બોલી

" પ્રિયે ! આ તું શું વદે છે ? આજે હું તારી ઉપર પ્રસન્ન છું ! કહે તારૂં શું પ્રિય કરૂં ?" કુંવરે મંજરીને પોતાની ખુશાલીનો પરિચય કરાવ્યો.

" અહોભાગ્ય મારાં ! આજ ઘણે દિવસે નાથ પ્રસન્ન થયા, મારા મનના મનોરથ સફલ થયા. " મંજરીએ સુતાં સુતાંજ સ્વામીને કંઠે પોતાના કમળદંડ સમા નાજુક બન્ને હાથ નાખી ગેલ કરતાં કહ્યું.

" તારી ઈચ્છામાં આવે તે માગ ? તારી કોઇપણ ઇચ્છા પૂર્ણ કરવાને હું તૈયાર છું. તને ખુશી કરવાને આજે હું ઘણોજ ઇન્તેજાર છું પ્રિયે ! પ્રાણ પ્રિયે ? બોલ ! માગ. જે ચાહે તે."

" પ્રાણવલ્લભ ! ખરેખર આપ મારા ઉપર આજ તુષ્ટમાન થયા જણાઓ છો. "

" હા, બેશક. આજે તારાથી મને ઘણો સંતોષ થયો છે. "

" મારા નાથ ! આપ જો તુષ્ટમાન થયા હો તો મારા પિતાની શંકાઓનું નિવારણ કરો ! સમસ્યાઓનો ખુલાસો કરો. " પ્રિયાની માગણી સાંભળી રૂપચંદ્ર ચમક્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"હે સુંદરી, એમાં તેં શું માગ્યું ? એવી સમસ્યાઓમાં હું શું જાણું ?" કુંવર રૂપચંદ્રે પોતાનું અજાણપણું બતાવ્યું.

"મ્હારા દીલ સાથે આપનું દીલ મળ્યું છતાં સ્વામી મારાથી છાનું રાખો છો ? હજી પડદો રાખો છો ?"

"પ્રીત તીહાં પડદો નહી, પડદો ત્યાં નહી પ્રીત,
પ્રીત તીહાં પડદો રહ્યો, શું એ પ્રીતની રીત;"

"અરે ભોળી ! કાંઈ બીજું માગી લેને ? તારો સ્વાર્થ સરે એવું કાંઈક બોલની."

"આપ સમસ્યાઓનો ખુલાસો કરો તો મને સર્વે મળ્યું એમ સમજીશ. આપની મારી ઉપર સંપૂર્ણ કૃપા વરસી છે એમ સમજીશ. માટે એ બધા તમારા ચાળા જવા દો ! અને તુષ્ટ હોતો તેનો ખુલાસો ઝટ કરી દો. નાથ ! સર્પ સર્વ ઠેકાણે વાંકોચુંકો થાય છે પણ આપ સમજો છો ને કે તે બાલમા તો સીધોજ જાય છે."

"અરે વાહરે મારી વિદુષી મંજરીબાઈ !" આસ્તેથી ચોંટીઓ ભરતાં કહ્યું

"પ્રિયા પોતાનું તન મન અને સર્વસ્વ સમર્પી પતીના ચરણાધિન દાસી થઈને રહે છતાં સ્વામી જો તેની કદર ન કરે તો એ પ્રિયાનું કમનશીબ સમજવું"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"તારા જેવી સર્વ ગુણસંપન્ન સુંદરીની કદર તેનો ચતુર પ્રિયતમ ન કરે તો એ ચતુર શાનો ?"

"મારી તો એકજ ઇચ્છા છે અને તે મારા પિતાને સંતોષવાની."

"અને મારી પણ એકજ ઇચ્છા છે સમજી ?"

"શું ?" પ્રિયા ચમકીને ધડકતે હૈયે "રખેને બાજી હાથમાંથી સરી ન જાય !"

"મારી પ્રાણ પ્રિયાને રાજી રાખવાની !"

"બસ ! આજે હું પૂર્ણ રીતે ખુશી થઇ. મારા મનની આશા સફળ થઇ !"

"પ્રિયે ! અવસર મળતાં તારા પિતા આગળ જરૂર હું ખુલાસો કરીશ. સર્વેની ઇચ્છા તૃપ્ત કરીશ."

કુંવર મંજરી સાથે આમ હાસ્યવિનોદ કરતાં આખી રાત્રી પસાર કરી ચૂકયા હતા. સવાર પડતાં કુંવર દંતધાવન માટે ચાલ્યો ગયો, કુંવરી પણ નાહી ધોઇ વસ્ત્રાભૂષણથી સજ્જ થઇને બહાર આવી. પ્રધાનને તે સમાચાર આપી દીધા જેથી પ્રધાન ખુશી થતો છતો રાજાને એ સમાચાર આપવાને ચાલ્યો ગયો "હે મહારાજ ! શામ, દામ, દંડ અને ભેદથી તમે જે કામ ન કરી શકયા તે કામ કુંવરીએ કર્યું. તેણે વરરાજને મનાવી ઇંડરીયો ગઢ જીત્યો–લંકાનું રાજ લીધું !" પ્રધાનની વાણી સાંભળી રાજા વિક્રમાદિત્ય ખુશી થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૨ મું.

## ભેદસ્ફોટન.

" અજાયબ સ્નેહના રસ્તા, અજાયબ ગાંઠ પ્રેમીની;
અજાયબ પ્રેમનો જાદુ, અજાયબ પ્રેમની મસ્તી. "

" આવો ! આવો ! હઠતણા સુલતાન !" રાજાએ બીજે દિવસે કુંવરને તેડવાને બહુ પરિવાર સાથે મીયાનો મોકલ્યો હતો, તેમાં બેસીને કુંવર દરબારમાં આવ્યો, ત્યાં રાજસભામાં રૂપચંદ્રને જોતાંજ વિક્રમાર્કે ઉપર મુજબના શબ્દો બોલી કુંવરનું સ્વાગત કર્યું.

" સ્વામી ! તમે કહ્યું તે બરાબર છે. પ્રસંગે હઠ પણ કરવો વ્યાજબી છે. " એમ બોલતો કુંવર રાજાની નજીક પોતાને માટે નંખાવેલા આસન ઉપર બેઠો.

" કેમ હવે સમશ્યાઓનો ભેદ પરિસ્ફોટ કરવાને તૈયાર છો ને ? "

" હાજી ! આપ પૂછો તેનો ઉત્તર આપવા ઇંતેજાર છું "

રાજ્યના ઘણાખરા સારા સારા સદ્દગૃહસ્થો સભામાં હાજર હતા. મોટા મોટા રાજ્યના અમલદારો, સરદારો, મંડળિક રાજાઓ પોતપોતાના આસન ઉપર બેઠેલા હતા. સમશ્યાઓનો શું ભેદ હશે તે જાણવાને સર્વ ઇન્તેજાર હતા.

११

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાપે છછુંદર ગળી હોય તેમ રૂપચંદ્ર પણ વચન આપીને સપડાઇ ગયો હતો, તેને શું ખબર કે મંજરી આજ માગશે ! તેના મનને તો કાંઇ પ્રેમ અથવા તો પૂર્વગત સુંદરીનો પરિચય માગશે. પણ આતો બકરૂં કાઢવા જતાં મોટું ઉંટ ઘુસી ગયું. એક તરફ પ્રિયાનો અને પોતાનો ગુહ્ય મર્મભેદ ખુલ્લો કરવો પડે છે ને બીજી બાજુએ પ્રિયાનું વચન વ્યર્થ જાય છે. હરકોઇ રીતે ઉત્તમ જનો બોલીને ફરી જતા નથી, ગમે તેવી મુશીબતમાં પણ બેવચની થતા નથી, માટે પ્રિયાનું વચન અંગીકાર કરી રાજા આગળ સમશ્યાઓનો સ્ફોટ કરી સૌભાગ્યસુંદરીને પ્રગટ કરી રાજાની સંમતિથી જાહેર રીતે તેની સાથે લગ્ન સંબંધ કરવો, પણ વચનભંગ તો નજ થવું. કેમકે—

राज्यं यातु श्रियो यान्तु, यांतु प्राणा मनोरमा

या मया स्वयमेवोक्ता, वाचा मायातु शाश्वती ॥ १ ॥

રહસ્ય–રાજ્ય જાઓ, લક્ષ્મી જાઓ, અરે સુંદર એવા આ પ્રાણ પણ જાઓ, તથાપિ રાજીખુશીથી કહેલું મારૂં વચન તે અન્યથા ન થાઓ !

ઈત્યાદિક અનેક પ્રકારનો વિચાર કરીને સમશ્યાનો ખુલાસો કરવાનું કુંવરને યોગ્ય લાગ્યું, જેથી તે રાજસભામાં આવીને રાજાની પાસે મનમાં કોઇપણ પ્રકારના સંકોચ રાખ્યા વગર બેધડક રીતે રાજાના પૂછેલા પ્રશ્નોના જવાબ આપવા લાગ્યો. રાજા તો એ સમશ્યાઓનો શું મર્મ હતો તે જાણવાને પ્રથમથીજ આતુર હતો "ઠીક ત્યારે આવો એકાંતે અને એનો ખુલાસો કરો ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" મહારાજ ! હવે એવી ખાનગી ગોષ્ઠીનું શું કામ છે. ચાર કાને ગયેલી વાત ફુટી જાય છે, તો છ કાને થયેલી વાત કેમ છુપી રહેશે ? વળી ખાનગી ખુલાસાથી આ સકળ સભાના મનમાં પણ આફરો રહેશે માટે હવે તો આપ પૂછો તેનો ખુલાસો સર્વેની મધ્યમાં જ કરશું, કેમકે નાચવા જવું ત્યાં પછી ઘુંઘટો શા માટે કાઢવો ? કુંવરે કહ્યું.

" વાહ કુંવર ! ઘણીજ ઉત્તમ વાત. કહો તે બાળાએ પ્રથમ કાને હાથ દીધા એ શું ? " રાજાએ પુછવા માંડયું.

" મહારાજ ? કાને હાથ દઇને તેણીએ મને સમજાવ્યું કે હું કનોજના રાજાની પુત્રી છું. તેના જવાબમાં મેં સોનૈયા બતાવ્યા." કુમારે ખુલાસો કર્યો, અને સભામાં બેઠેલા વિક્રમાર્ક રાજાના માંડળિક કનોજરાયના કાન ચમકયા. " ઓહ....મારીજ કુંવરી શું ? " વિચારી મનમાં જ બબડયા, અને આગળનો ખુલાસો સાંભળવાને અધીરા બન્યા, સકળ સભા પણ દંગ થઇ ગઈ.

" સોનૈયા એટલે ? " રાજાએ પૂછયું.

સોનૈયા મુઠીમાં બતાવી મેં સૂચવ્યું કે, તમે જેમ કનોજની રાજકુંવરી છો તેમ હું નગરશેઠ ધનધત્ત શાહુકારનો પુત્ર છું. " કુંવરે ખુલાસો કર્યો.

"પછી તેણીએ હાથ બતાવી શું સૂચવ્યું ? " રાજાએ પૂછયું.

" મહારાજ ! પોતાનો હાથ બતાવી તે બાળાએ કહ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે મારો હાથ હું તમને આપવાને ઈચ્છું છું. તે જાણીને મેં નીચું જોયું."

"કારણ ?" રાજાએ પૂછયું.

"મેં કહ્યું કે તું પરસ્ત્રી છે. પરસ્ત્રીગમન એ અધોગતિ છે. માટે નીચું જોઈ મેં મારી નામરજી બતાવી."

"પછી ?" રાજાએ પૂછયું.

"પછી તેણીએ મારો આ પ્રમાણેનો અભિપ્રાય જાણીને હાથમાં વીણા લઈને સમજાવ્યું કે હું બાલકુમારી છું."

"શાથી એમ સમજાયું ?" રાજાએ શંકા કરી.

"એ વીણાધારી સરસ્વતી બાળકુમારીજ ગણાય છે અને વીણાને ધારણ કરનારી એક સરસ્વતીજ કહેવાય છે.

"તમે તેના જવાબમાં શું સમજાવ્યું ?"

"મેં માથે હાથ મુકી જણાવ્યું કે તારૂં વચન હું અંગીકાર કરૂં છું. તારી સાથે ગાંધર્વ લગ્ન કરી તારૂં કહેણુ હું માન્ય રાખું છું."

"તેણે ડાબી જાંઘ બતાવી, તેનું શું કારણ ?"

"તેણીએ જાંઘ બતાવી મને સૂચવ્યું કે મારી ઈજ્જત તને બતાવું છું તો તેને તું ખાનગી રાખીશ કે ઉઘાડી કરીશ ?"

"તેના જવાબમાં મેં મારા બે ખભા બતાવ્યા. એનો અર્થ એ કે, મારા બન્ને પક્ષ પિતૃપક્ષ અને મોશાળપક્ષ કુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હીન છે માટે હીંમત રાખ. આપણી વાત હું કદાપિ કોઇ પાસે ખુલ્લી કરીશ નહિ.

" તેણીએ પુષ્પનો દડો સુંઘીને ફેંકયો એટલે શું ? "

" પુષ્પનો દડો સુંઘીને ફેંકી દીધા પછી જેમ નિર્માલ્ય થાય તેમ મારી સાથે પ્રીત કરીને તું જો વાર્ત્તા પ્રગટ કરીશ તો મારે મરવું પડશે. તેના જવાબમાં મેં મારૂં વસ્ત્ર ચીરીને તેના બે કકડા કરી નાખ્યા અને તેનાથી સૂચવ્યું કે " બાળા ! ધીરજ રાખ ! આ વસ્ત્રની માફક મને ચીરી નાખશે છતાં આપણી ખાનગી વાત હું પ્રગટ કરીશ નહીં. " કુમારે ખુલાસો કર્યો.

" ઠીક, પણ તે સામું જોઇને થુંકી એ શું ? " રજાએ છેલ્લી સમસ્યા પૂછી.

" એટલે એ કે જેમ થુંકેલું થુંક થુંકયા પછી અમૃત થનાર નથી, તેમ જો તમે વાત કહી દેશો તો ' ના ' કહી થનાર નથી, માટે વિચાર કરશો, તેના જવાબમાં મેં સોપારી દોડવીને બતાવ્યું કે આ સોપારીની માફક દોડવીને મને મારશે, મારૂં શિર ઉડાવશે છતાં મારી પાસેથી વાત જશે નહીં."

એ પ્રમાણે સર્વે સમશ્યાઓ તેની પૂર્ણ થયા પછી તે બાળા ગાંધર્વ વિધિએ રાતના મને વરી, અને આખી રાત તેની સાથે મેં ગુજારી.

પૂર્વોકત સર્વે સમશ્યાનો ખુલાસો સાંભળી સકળ સભા દંગ થઇ ગઇ. પાસે બેઠેલો કનોજરાય ગુણચંદ્ર પણ પોતાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુહિતાનું આ પરાક્રમ જાણી ચમકયો, પણ જેને ખુદ વિક્રમે પોતાનો જમાઇ બનાવ્યો હતો તેને આ રાજા શું કરી શકે ? તેણે પણ મનમાં સંતોષ માન્યો કે "કુંવર પણ ચતુર છે. કુંવરીએ પોતાને યોગ્ય જોઇને બુદ્ધિપૂર્વકજ તેને પસંદ કરેલ છે. માટે કુંવરીને ગમ્યો તે આપણને પણ કબુલ છે." ગુણચંદ્રે મનમાં ગાંઠ વાળી.

આ તરફ રાજાએ પૂછયું કે "રૂપચંદ્ર! જયારે તને તેના મહેલની સામો પ્રહાર કરવા માંડયો ત્યારે સાકર દુધમાં મેળવી તેનું કચોળું ભરી તેમાં રાખ નાંખી ઉકરડે નાંખ્યું તે શું ? "

"તે બાળાએ મને સમજાવ્યું કે સાકરને દુધ સરખો આપણો શુદ્ધ સ્નેહ એક બીજામાં સંક્રમી ગયેલો છે. તે જો તમે કહી દેશો તો તેમાં રાખ પડયા જેવો થશે અને તેની ગતિ ઉકરડે પડવા જેવી થશે, માટે જયાં સુધી ગુપ્ત રહે ત્યાં લગીજ ઠીક છે."

"અને બીજી વાર બતાવ્યું તે ? "

"તેણીએ સોનૈયા અને બે મોતી અને પછી અગ્નિ બતાવ્યો તેનું કારણ એ કે જેવા મોતીના બે દાણા શુદ્ધ અને પવિત્ર છે, તેમ આપણે બે મોતીના દાણાની માફક રહેવું જોઇએ અને રાજાને સમજાવ કે જેટલા સોનૈયા જોઇએ તેટલા લઇને પણ મુકત કર. તેમ છતાં જો તને કાંઇ પણ થશે તો અગ્નિ બતાવી જણાવ્યું કે તારી સાથે હું પણ બળી મરીશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારી પછવાડે સતી થઇશ. હે રાજન્ ! આ પ્રમાણે તેણીએ જણાવેલ હોવાથી છેવટ સુધી તમારી આગળ એ ભેદનું સ્ફોટન હું કરી શકયો નહિં."

"હે કુંવર ! મારો એટલો બધો જુલ્મ છતાં તે વાત મને કેમ ન કરી ને મારી પુત્રીના કહેવાથી કેમ કરી ?" રાજાએ પૂછયું.

"મહારાજ ? જ્યાં ચિત્તે ચિત્ત મળે છે ત્યાં પછી પડદો રહેતો નથી. હું વચનથી તેની પાસે બંધાઈ ચૂકયો હતો જેથી વચન પાળવાની ખાતર ભેદનું સ્પષ્ટીકરણ કરવું પડયું છે."

તે પછી વિક્રમાર્કની પાસેજ કનોજરાજ ગુણચંદ્ર બેઠેલ હતા, તેની તરફ હસીને નજર કરી રાજાએ કહ્યું. "હે રાજન ! તમારી પુત્રીનું પરાક્રમ જોયું ! તેના ચિત્તમાં કુંવર રમી રહ્યો છે. માટે તેણીને અહીંયા બોલાવો, અને પ્રગટપણે કુંવર સાથે એનું પાણિગ્રહણ કરાવો; અમો સર્વે તેમાં સંમત છીએ !"

વિક્રમરાજાનો આદેશ સાંભળીને કનોજરાજ ગુણચંદ્ર પોતાની પુત્રી સૌભાગ્યસુંદરીને પાલખીમાં બેસાડી રાજસભામાં તેડી લાવ્યો. રાજા વિક્રમે તેણીને આશ્વાસન આપ્યું. "પુત્રી ! તું પણ મારે પુત્રી સમાન છે. માટે મનની સર્વ શંકા દૂર કરીને પ્રગટપણે કુમારનું પાણીગ્રહણ કર ? તારા મનની અભિલાષા પૂર્ણ કર ! "

રાજાના કહેવાથી મૌન ધારણ કરી કુંવરીએ પણ સંમતિ આપી. જેથી રાજાએ કુંવરના માતા પિતાને ખબર આપી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધનદત્તશાહ અને તેના બાંધવોને સભામાં તેડાવ્યા. મહાજનને પણ આમંત્રણ કર્યું. શુભ મુહુર્ત્તે રૂપચંદ્રકુમારે સૌભાગ્ય સાથે મોટી ધામધુમથી પાણીગ્રહણ કર્યું. કનોજરાજે પોતાની કુંવરીને ઉચિત દાયજો આપી સંતુષ્ટ કરી.

ઉલટા પડેલા દાવનું સારૂં પરિણામ જોઈ ધનદત્ત શાહ તેનું કુંટુંબ અને સર્વે મહાજન આનંદ પામ્યાં. ઠેકઠેકાણે લગ્ન પ્રસંગે ધવલમંગળ ગવાવા લાગ્યા. આખા શહેરમાં લગ્નનો આનંદ પ્રસરી રહ્યો. ભાટ ચારણ વિગેરે બિરૂદાવલિ બોલનારાઓના મનોરથ સફલ થયા. અન્ય દીન લોકોને, બ્રાહ્મણ લોકોને ઇચ્છિત દાન દઈને સંતોષ્યા. નગર શેઠે વિવેક રાખવામાં કચાશ આવવા દીધી નહી.

વિક્રમ રાજાએ સૌભાગ્ય અને મંજરી બન્ને કન્યાઓ સાથે કુંવરને ધનદત્ત શેઠની સાથે તેને ઘેર વળાવ્યો અને શિખામણ આપી. “ કુંવર ! તમે પણ મારે પુત્ર સમાન છો. નિત્ય અમારે મંદિર આવજો ! કામકાજ કહાવજો, અમારી સાથે કાંઈ અંતર રાખશો નહી, તમારા જેવા ચતુર પુરૂષને વારંવાર શું શીખામણ દઈએ ? ” રાજા વિક્રમે એ પ્રમાણે શિક્ષા આપી પોતાને મુકામે બન્ને કન્યાઓની સાથે કુંવરને વિદાય કર્યો.

પિતા, ભાઈ તેમજ કુટુંબ કબીલા અને મહાજન સમસ્ત સાથે કુંવર પોતાને મહેલે આવ્યો, ત્યાં માતાએ તેને મોતીડે વધાવી ઓવારણાં લીધાં. ભગિની, ભાભીઓએ કુંવરનાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓવારણાં લીધાં, દુ:ખડાં લીધાં. એવી રીતે ઘરે આવીને સર્વે પરીવારને હેત–પ્રીતથી મળ્યો.

ધનદત્ત શાહે કુંવરને માટે એક જુદોજ મહેલ તૈયાર કરાવ્યો, ત્યાં પોતાની ત્રણે સુંદરીઓ ( સુંદરી, સૌભાગ્ય અને મંજરી ) સાથે દેવસમાન સુખ ભોગવતો અને સુખમાં પોતાનો ગયેલો વખત પણ નહી જાણતો વખત વ્યતીત કરવા લાગ્યો.

ગમે તેવા સંજોગોમાં પણ રૂપચંદ્ર ત્રણે સુંદરીઓ ઉપર સરખો સ્નેહ રાખતો. ત્રણેને સમાન ભાવથી નિહાળતો ત્રણે સાથે કદિ સોગટે રમતો તો કદિ શેત્રંજની રમત કરતો, કદિ જલક્રીડા કરતો તો કદિ ચંદનથી એક બીજાને અર્ચતો, એવી રીતે પ્રતિદિન નવીન ક્રીડા કરતો હતો.

વળી સ્નેહની વૃદ્ધિ કરનારાં કુસુમનાં વસ્ત્રો, કુસુમનાં આયુધો અને કુસુમથી વાસિત નીર તેમજ કુસુમની સેજ ને કુસુમના અલંકારો કુસુમ કેલિમાં ધન અને યૌવનનો વ્યય કરતો પ્રિયાઓમાં અનુરકત એવો તે અપૂર્વ સંસારી સુખ ભોગવતો માનવજન્મના લાખેણા લ્હાવા લેતો હતો. એ સર્વે ઉપાર્જન કરેલા શુભકર્મનું ફલ હતું.

# પ્રકરણ ૨૩ મું.

## એકજ ભૂલ!

પરવાદીરૂપ કૌશિકને જીતવામાં સૂર્ય સરખા એવા દિવાકરસૂરિ પોતાના ગુરૂ વૃદ્ધવાદીસૂરિ સ્વર્ગે સિધાવ્યા પછી જૈન શાસનના નાયકપણે પૃથ્વી ઉપર વિહરવા લાગ્યા. પોતે બ્રાહ્મણ હતા, વિદ્વાનોમાં મુગટમણિ હતા. ભારતમાં આજે અદ્વિતીય મહાપંડિત હતા. તેમ જૈન શાસનના મુખ્ય નાયક હતા. પંચ પરમેષ્ઠિ રૂપ જે જૈનોનું ચૌદ પૂર્વના સારરૂપ ઉચ્ચમાં ઉચ્ચ તત્વ તેના તૃતીય પદમાં પોતે અધિષ્ઠિત થયા હતા. વિષય વિકારોને જીતવામાં મહાન્ ત્યાગી વૈરાગી આત્મ સ્વરૂપ મહાન્ પુરૂષ હતા, છતાં શ્રુતના બાહુલ્યપણાને કોઇ કોઇ વાર પોતાની અતુલ શક્તિ ઉપર પોતે મુસ્તાક રહેતા.

પંડીતોને પૂજવા યોગ્ય એવા સિદ્ધસેન દિવાકરસૂરિ એ કદા વિહાર કરતા કરતા પરિવારસહિત લાટ દેશના તિલકરૂપ ભરૂચ નગરમાં પધાર્યા. રાજા સહીત સકલ સંઘ તેમના આવાગમનથી ઘણો હર્ષવંત થયો. મોટી ધામધૂમથી વાજિંત્રોના મધુર વાદ્યોથી સૂરિનું સ્વાગત કર્યું. સૂરિએ મધુરી દેશના આપી સંઘનું વ્યાક્ષિપ્ત મન વૈરાગ્ય અને શાંતરસથી ભરી દીધું. સુખે સમાધે સંયમને પાળતા તેમના દિવસો ભરૂચમાં નિર્ગમન થવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા પૂર્વના કોઈ દુષ્ટ કર્મના ક્ષયોપશમના ઉદયે એકાએક સૂરીશ્વરના મગજમાં વિચાર ઉત્પન્ન થયો કે "પૂર્વના આચાર્યો મહાસમર્થ અને ચૌદપૂર્વ જ્ઞાનના ધારણ કરનારા હતા; છતાં તેમણે સૂત્રો પ્રાકૃત ભાષામાં શામાટે લખ્યાં હશે ! આવી અર્ધમાગધી ભાષા તો બાળકો જેવાને પણ સુલભ છે. સંસ્કૃતમાં રચ્યા હોત તો વિદ્વજ્જનોમાં કેટલા બધા માનનીય થાત?–તેમની વિદ્વત્તાની કેટલી બધી પ્રશંસા થાત. માટે આ સર્વ સુત્રો હું આલંકારિક મધુર ગિર્વાણ ભાષામાં–સંસ્કૃતમાં રચું." એમ વિચારી નવકારના નવ પદનું ટુંકાણમાં 'नमोऽर्हत्सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः' એ પ્રમાણે સંસ્કૃત પદ બનાવ્યું.

પ્રાકૃત ભાષા સાદી અને સરળ હતી. તે તેમને નિઃસત્વ જેવી લાગી. અલંકારિક, સુમધુર અને લાક્ષણિક રમણીય પદોની સુંદર રચનાવાળી સંસ્કૃત વાઙ્મયમાં તેમને અપૂર્વ સત્વ, તેજ લાગ્યું. પોતે પણ સંસ્કૃત વિદ્યામાં પારંગામી હતા. જેવી સર્વ સૂત્રો સંસ્કૃતમાં ગુંથવાની ઠીક સવળતા થશે. એવું વિચારી સર્વે સૂત્રોને પ્રાકૃતમાંથી સંસ્કૃતમાં ગોઠવી દેવાનો તેમણે સંપૂર્ણ નિશ્ચય કર્યો. તેમને પાછો વિચાર સૂઝ્યો કે જ્યારે આવું મહાનકાર્ય આરંભ કરવાનું છે ત્યારે આમ એકદમ ઉતાવળ કરવાની જરૂર નથી. આવું અપૂર્વ પરિવર્ત્તન કાંઈ એકની ઈચ્છાએ પૂર્ણ થતું નથી. ભલે શક્તિ એકલાની હોય છતાં સર્વેની સંમતિની તો જરૂર છે માટે પ્રથમ આ મારો પ્રસ્તાવ સકલ સંઘને ભેગો કરીને તેમની આગળ રજુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવો અને તેમની સંમત્તિ પૂર્વક કાર્યની શરૂઆત કરવી. નવકારનું આ ગિર્વાણુ ભાષામય પદ પણ સંઘ સમક્ષ રજુ કરવું. અને પછી તેમની રજા મેળવીને સર્વ શાસ્ત્રો સંસ્કૃતમાં ગુંથણી કરીને મુકી દેવા "આહ........ મારૂં આવું અપૂર્વ કાર્ય જોઇ–જાણીને સઘ કેટલો બધો ખુશી થશે. પૂર્વે ચૌદ પૂર્વી જેવા સમર્થ વિદ્વાનો પણ જે કાર્ય કરવાને શકિતવાન ન થયા તેવું કાર્ય મારે હાથે થતું જોઈ ખરે સકલ સંઘ બેહદ ખુશી થશે. બસ ! હવે સત્વર મારો અભિપ્રાય મારે સકલ સંઘને જાહેર કરવો જોઇએ."

બીજે જ દિવસે ગુરૂએ સકલ સંઘ એકઠો કરેલો છે. ઉપાશ્રયના વિશાલ ભાગમાંના એક આસન ઉપર રાજા ધનંજય બિરાજેલો છે. આજુબાજુ શ્રાવકો, વિદ્વાનો, શ્રીમંતો અને ગુણવંતો સર્વે પોતપોતાના દરજ્જા પ્રમાણે મોટા સમુહમાં બેઠેલા છે. બીજી બાજુએ શ્રાવિકાઓનો મોટો સમૂહ બેઠેલો છે. એક તરફ સાધુમંડલ બેઠેલું છે. સાધ્વીમંડળને માટે પણ વ્યવસ્થા કરેલી છે. સકળ સંઘ એવી રીતે આજે કોઇ અપૂર્વ કાર્ય સમજી આતુરતાથી કાર્યની શરૂઆતની રાહ જોતો જીજ્ઞાસાથી અરસપરસ વાતચિતોમાં વખત વ્યતીત કરી રહ્યો હતો. રાજ્યના મોટા મોટા અધિકારીઓ રાજા વગેરે પણ આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. તરતજ ગુરૂ મહારાજ સિદ્ધસેન દિવાકરસૂરિ પધાર્યા. રાજા સહીત સકલ સંઘ ઉભા થઈ તેમને વંદન કીધું. સર્વે યોગ્યાસને બેઠા એટલે સૂરીશ્વરે સંઘ સમક્ષ સ્વકાર્યની શરૂઆત કરી. "આજે સકલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંઘને હું એક અપૂર્વ વાત નિવેદન કરવા માગું છું, જે કામ આજ સુધી મોટા ચૌદ પૂર્વધરો ન કરી શકયા તેવું કાર્ય કરવાને આજે સંઘ સમક્ષ તેનો પ્રસ્તાવ રજુ કરવા માગું છું."

ગુરૂ મહારાજની વાણી સાંભળીને સંઘના આગેવાનો મોટા સાધુઓ અને વિદ્વાનો ખુશી થયા, વિચારમાં પડ્યા. "વાહ! એવું શું મહાન્ કાર્ય હશે. ખરે, ગુરૂ મહારાજ પોતાની અપૂર્વ વિદ્વત્તા બતાવી કાંઇપણ જૈનશાસનની શોભા વધારશે." ઘણાખરા મનમાં બડબડ્યા.

"શું છે આપનું એ કાર્ય ?" રાજાએ પૂછ્યું.

"જો સકળ સંઘનો આદેશ હોય તો તીર્થંકર ભગવંતોએ અર્ધ માગધી ભાષામાં અર્થથી કહેલા અને ગણુધર નાયકોએ પ્રાકૃત ભાષામાં ગુંથેલાં સર્વ સૂત્રોને હું સંસ્કૃતમાં રચી દઉં. માટે તમે સર્વે વિચાર કરીને મને આદેશ આપો તે મારે પ્રમાણુ છે. જુઓ આ નવકારના નવપદનું ગિર્વાણુ ભાષામાં ગુંથેલું મારૂં પદ" એમ કહી તે પદ ગુરૂએ સર્વની સમક્ષ કહી બતાવ્યું.

ગુરૂનો આવો નહિ સાંભળેલો, નહિ ચિંતવેલો વિચાર જોઇ સકલ સંઘ વિચારમાં પડ્યો. સંઘમાં પણુ સ્કંદિલાચાર્ય અને વૃદ્ધવાદી આચાર્યના વાસક્ષેપથી શુદ્ધ થયેલા ઘણા વિદ્વાન્ ડાહ્યા અને ગાંભિર્યવાળા માણુસો હતા તે સર્વે વિચારમાં પડ્યા. "ઓહો! ગુરૂએ આ ઠીક ન કર્યું. આવું બોલવાથી તેમને મોટું પ્રાયશ્ચિત લાગ્યું. તીર્થંકર પ્રભુની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશાતના કરી, માટે સત્ય હકીકત કહી તેમને પ્રાયશ્ચિત કરાવી શુદ્ધ કરવા. ”

ભરૂચનો સંઘ સિદ્ધસેન દિવાકર ઉપર અદ્વિતીય ભક્તિમાન હતો, તેમજ વસ્તુતત્વનું યથાર્થ સ્વરૂપ સમજનારો હતો. વળી ગુરૂભક્તિ તેમનામાં અપૂર્વ હતી; છતાં અંધશ્રદ્ધા નહોતી. દિવાકર ઉપર સંપૂર્ણ પ્રશસ્ત રાગવાળા હતા છતાં ખોટો પક્ષપાત કરનારા નહોતા. આ જમાનાના જૈન શાસનના શણગાર રૂપ અને મિથ્યાત્વરૂપ કુવાદિઓને હઠાવવામાં સૂર્ય સમાન પ્રભાવાળા તેમને સમજતા હતા. છતાં તેમની ખોટી વાતોમાં ‘હાજી હા’ કહેનારા જડ પ્રકૃતિના નહોતા. તેમની અપૂર્વ વિદ્વત્તા માટે તેઓ અભિમાનવાળા હતા, છતાં પૂર્વના સમર્થ વિદ્વાનો તરફ થતો આઘાત ચલાવી લેવાને તેઓ નારાજ હતા. કેટલાક અલ્પ બુદ્ધિના શ્રાવકોએ ગુરૂનું વચન વધાવી લીધું. પણ વિદ્વાન સાધુઓ અને શ્રાવકો ડાહ્યા, સમજુ અને વિવેકી હતા તેમને આ વાત રૂચી નહી. તેમણે તરતજ થતો કોલાહલ શાંત કરી ઉતાવળીઆઓને ધીરા પાડ્યા. જેથી સર્વ સંઘ શાંત થયો. ગુરૂ મહારાજ પણ ઉત્સુક મને તેમનો શું જવાબ મલે છે તે સાંભળવાને આતુર થયા.

“ ભગવન ! શ્રીમાન્ તીર્થંકરો સંસ્કૃત ભાષા નહોતા જાણતા એમ નહી, છતાં તે ભગવંતોએ પ્રગટ કરેલી અર્ધ માગધી ભાષામાંજ ગણધરોએ સકલ શાસ્ત્ર ગુંથ્યાં, તેનું કારણ પોતાની અવિદ્વત્તા છે એમ નહીં પણ જગતના ઉપકારની ખાતર જ આગમો માગધી ભાષામાં ગુંથાયાં છે. આપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ અપૂર્વ જ્ઞાનસાગરના પારંગત થઇને ન સમજી શકયા એ નવાઈ જેવી વાત છે. તીર્થંકરો, જીનવરો, શ્રુતકેવળી આદિ અનંત જ્ઞાનીઓ ભૂતકાળમાં ઘણા થયા છે તેમણે પોતે જગતના ઉપકાર માટે આગમો–સૂત્રોની ગુંથણી તો પ્રાકૃત ભાષામાં કરી. જીનેશ્વરે ત્રિપદી કહી, તેવીજ પોતાના જ્ઞાનથી અર્ધ-માગધી ભાષામાં સૂત્રો રચ્યાં, વળી પરંપરાએ અમે સાંભળ્યું છે કે ચૌદ પૂર્વધર માટે ચૌદ પૂર્વી સંસ્કૃત જ છે. બીજાં પણ સંસ્કૃત ભાષામાં શાસ્ત્રો તો અગણિત છે છતાં આગામી કાળ ઘણો વિષમ આવનાર છે. મૂર્ખ, મંદ બુદ્ધિવાળા લોકો ચારિત્ર લેશે તો તેમને અભ્યાસને માટે સંસ્કૃત ભાષા ઘણી કલીષ્ટ થશે. માટે અલ્પાયુષ્યમાં પણ તેઓ અભ્યાસ કરી શકે, સારૂં જ્ઞાન મેળવી શકે તેમને માટે ગણધરોએ અગીયાર અંગની રચનાની પ્રાકૃત ભાષામાં ગુંથણી કરી છે. કહ્યું છે કે—

बाल स्त्री मंद मूर्खाणां, नृणा चारित्रकांक्षीणाम् ।
अनुग्रहार्थे तत्वज्ञैः सिद्धांतः प्राकृतः कृतः ॥ १ ॥

ભાવાર્થ—બાલક, સ્ત્રી, મંદ બુદ્ધિ અને મૂર્ખ એવા ચારિત્રની આકાંક્ષા કરનારા ભવ્ય પુરૂષોને માટે તેમના ઉપર ઉપકાર લાવીને તત્વજ્ઞ પુરૂષોએ શાસ્ત્રની અર્ધમાગધી ભાષામાં રચના કરી.

આપે એવા મોટા જ્ઞાની પુરૂષોની આશાતના કરી આકરા પ્રાયશ્ચિતયોગ્ય પાપ ઉપાર્જન કર્યું છે. આપને અમે વિશેષ શું કહીએ ? ભગવન્તનું વચન ઉત્થાપનાર અનંત સંસારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય છે. માટે આપને આ પ્રમાણે બોલવાથી ઘણી આલોચના આવી. તેનું આપને પ્રાયશ્ચિત કરવું પડશે." સંઘમાંથી વિચાર કરીને એક ડાહ્યા અને પ્રતિષ્ઠિત વિદ્વાન પુરૂષે સર્વની અનુમતિથી ઉપર પ્રમાણે ગુરૂમહારાજને સ્પષ્ટતાથી જણાવ્યું.

સંઘનું ઉપર મુજબનું કથન સાંભળી જૈનશાસનના શણગાર અને વિદ્વાનોમાં ચુડામણિ એવા દિવાકરસુરિ જરા પણ ગુસ્સે થયા નહી. સમર્થ છતાં પોતાની ભૂલ તરતજ સમજી ગયા. પોતે સમજ્યા કે પૂર્વના જ્ઞાનીઓનો સત્ય માર્ગ લોપ કરવાના ઈરાદાથી તેમણે મોટુ દુષ્કૃત્ય ઉપાર્જ્યું છે. તેઓ કદાગ્રહી નહોતા. તેઓને મનમાન્યુ કરવું હોત તો તેઓ ધાર્યું કરવાને શક્તિવાન હતા. કર્મારપુર વગેરે ગામોના ઘણા સંઘો અને રાજાઓ તેમના વચનને પ્રભુના વચનની માફક અંગીકાર કરવાને આતુર હતા. ઘણા સંઘો તેમને સાક્ષાત્ પ્રભુના અવતાર સ્વરૂપ માનતા હતા. જેથી અહીં નહીં તો બીજે ઠેકાણે પણ પોતે પોતાનું ધાર્યું બર લાવી શકે તેવા સમર્થ હતા.

છતાં એકંદરે તેમનામાં કષાયો–વિકારો અલ્પ હતા. સદ્ અસદ્‌ના જાણ હતા. વસ્તુ સ્વરૂપના યથાર્થ સમજનારા હતા. સંઘની વાણી તેમના હૃદયમાં ઉતરી ગઇ. તરતજ પોતે પશ્ચાતાપ કરતા બોલ્યા "સંઘ એ પચ્ચીશમો તીર્થંકર છે, જેને ખુદ તીર્થંકર ભગવંતો પણ નમસ્કાર કરે છે, એવો સકલ સંઘ જે કહે તે મારે માન્ય છે. કોણ મૂર્ખજન સંઘના વચનનું અપમાન કરી સ્વચ્છંદી થાય ? મેં મોટું

અઘટિત કર્યું છે તે સાફ સમજાય છે. તેથી સંઘ મને તે પાપને માટે જે પ્રાયશ્ચિત આપે તે કરવાને હું તૈયાર છું ! એક અપરાધીની માફક સંઘ આગળ પશ્ચાત્તાપ કરતાં સૂરિએ પ્રાયશ્ચિત માગ્યું.

# પ્રકરણ ૨૪ મું.

## ભૂલનો ભોગ.

"પ્રભુ ? અમે તો એક અલ્પજ્ઞ અબુદ્ધ છીએ, ખરે આપને આવો વિચાર થયો એથીજ અમે ઘણા દિલગીર છીએ, કે ક્રુર વિધિએ આ શું કીધું ? આપ સરખા ગચ્છના નાયકને પણ આવી કુબુદ્ધિ સુજાડી તો અમારા સરખા અલ્પ જ્ઞાનીની શી દશા થશે. ભગવન્ ! આ બધી પડતા કાળની નિશાની આવી. પ્રભુ ? એ બધો કાળનોજ દોષ છે. પૂર્વે સ્થુલિભદ્ર જેવા મહા મુનિને પણ વિદ્યાનો ગર્વ થયો જેથી પ્રાયશ્ચિતમાં છેલ્લાં ચાર પૂર્વ અર્થશૂન્ય માંડ માંડ સંઘના અનુમતિથી પ્રાપ્ત થયાં. તેમ આપને સર્વ પ્રાકૃત શાસ્ત્રોને સંસ્કૃતમાં ગુંથવાની ઈચ્છા થઈ. તો આપજ શાસ્ત્રમાં જોઈ એને માટે પ્રાયશ્ચિત શોધી કાઢો–કાંઇક રસ્તો કાઢો." નારાજ થતા સંઘે પ્રાયશ્ચિત શોધવાનું ગુરૂનેજ ભળાવ્યું.

"વિધિ વશે બનવાનું તે અવશ્ય બને છે. ભાવી અન્યથા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થતું નથી. ગચ્છના મુખ્ય પુરૂષ તરીકે હું જો તેનું શોધન ન કરૂં તો સંઘમાં વિક્ષેપ પડે. માટે તમારી અનુમતિથી જે પ્રાર્યશ્ચિત આવશે તે કરવાને હું તૈયાર છું." એમ કહી ગુરૂએ ગ્રંથમાંથી પ્રાર્યશ્ચિત શોધી કાઢી સંઘને જણાવ્યું.

"શાસ્ત્રમાં દશ પ્રકારનાં પ્રાયશ્ચિત બતાવ્યાં છે. તેમાં દશમું પારાંચિક પ્રાયશ્ચિત છે તે બાર વર્ષ સુધી આયંબિલનું તપ કરી ગચ્છ બહાર રહેવું. જૈનલિંગ ગોપવીને અબધૂત, યોગીના સ્વરૂપમાં એકાકીપણે ગુપ્ત રીતે રહેવું એ પ્રાયશ્ચિત જો કે અત્યારના સંઘયણને આશ્રયીને ઘણુંજ દુષ્કર છે; છતાં તમારી અનુમતિથી હું એ પ્રાયશ્ચિત કરીશ. મારા આત્માની હું શુદ્ધિ કરીશ." ગુરૂ મહારાજે પ્રાયશ્ચિતનું સ્વરૂપ શોધી કાઢયું.

"પ્રભુ ! એ પ્રાયશ્ચિત ઘણું દુષ્કર છે. કાંઈ બીજું પ્રાયશ્ચિત શોધી કાઢો ! બાર બાર વર્ષ પર્યંત આપ એવું દુઃખે આરાધ્ય તપ શી રીતે કરી શકશો ? સકલ સંઘ પણ આપનો વિયોગ શી રીતે સહી શકશે ?" સંઘના ડાહ્યા માણસો દિલગીર થયા.

"અજ્ઞાન કે અજાણ માણસથી જો એવી ભૂલ થાય તો તેને અન્ય બીજું કંઇ પ્રાયશ્ચિત આપી શકાય, પણ તત્વનો જાણ ગચ્છપતિ થઇને જો ભૂલ કરે તો તેને માટે તો રીતસરજ પ્રાર્યશ્ચિત હોય અને જૈનલિંગને ગોપવી બાર વર્ષ પર્યંત આયંબિલ તપ કરતો અને શુદ્ધ ચારિત્રના અધ્યવસાયમાં વર્ત્તતો ગુપ્તપણે રહી એ પ્રાયશ્ચિત અવશ્ય કરીશ. મારો સાધુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદાય હું તમો સર્વે ડાહ્યા માણસોને સોંપી જાઉં છું. તે પહેલાં સંઘે બીજો કાંઈ હુકમ ફરમાવવો હોય તો ફરમાવવું ?" ગુરૂનો નિશ્ચય સાંભળી ઘણાની આંખમાંથી અશ્રુ ટપકયાં, શિષ્યોનાં દિલ નારાજ થયાં. ગુરૂનો વિજોગ થવાના ભયથી કેટલાક ખુણે બેસી ધ્રુસ્કે ધ્રુસ્કે બચ્ચાંની માફક રડવા લાગ્યા. ગુરૂ ભકત શ્રાવક શ્રાવિકાઓ રડતે હૃદયે ગુરૂને વીનવવા લાગ્યા. બીજું પ્રાયશ્ચિત કરવાની અરજ કરવા લાગ્યા.

"પ્રભુ ! બાર બાર વર્ષ પર્યંત સંઘને ન રડાવો ! તમારા વગર સંઘની રક્ષા કોણ કરશે ? મિથ્યાત્વરૂપ કુતર્કવાદીઓને હવે કોણ હઠાવશે ? જ્યાં ત્યાં હવે ગાઢ મિથ્યાત્વ પ્રસરશે, અરે ! વિધી ! સહેજ વાતમાં ગાદીએ બેસવાને મુહુર્ત્ત તેંજ રામને વનવાસ અપાવી પ્રજાને રડાવી હતી. દ્યુતના પ્રાર્યાશ્ચત રૂપે પાંડવોને બાર બાર વર્ષનો વનવાસ અપાવનાર હે દુષ્ટ વિધિ ! તુંજ અગ્રેસર હતું. વીર ભગવંતને દુષ્કર ઉપસર્ગો તારાજ પ્રતાપે થયા હતા. આજે પણ તારોજ પ્રતાપ આગળ આવ્યો છે. હાય ! આવું કોણે ધાર્યું હતું ?"

"ભાઈઓ ! ભવિતવ્યતા બળવાન છે. જે થવાનું હોય તે થયા કરે છે. ફ્લ્પાંત કરે શું વળે છે ? પ્રભુ મહાવીરનું શાસન ઘણા રત્નોથી ભરેલું છે, એક પછી એક અણમોલ હીરાઓ બહાર આવ્યાજ કરે છે. મને મારે યોગ્ય પ્રાયશ્ચિત કરવા દો ? આત્માને શુદ્ધ કરવા દો ? મારા માટે તો આજ પ્રાયશ્ચિત છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ મહારાજનો નિશ્ચય અપૂર્વ હતો. તેમણે જણાવ્યુ કે હુ જો પ્રાયશ્ચિતનો ભંગ કરીશ તો આગળ ઉપર મારો દાખલો લેવાશે અને સંઘની પ્રણાલિકામાં ઘણો વિક્ષેપ ઉભો થશે, ઘણા મતભેદો પડશે. પછી બીજા કોણ પ્રાયશ્ચિત કરશે ? ખુદ મહાવીરની આજ્ઞાનું હુંજ જો ઉલ્લંઘન કરીશ. તો ભવિષ્યમાં શાસનનું શું થાય ? મને વિરાધકપણું પ્રાપ્ત થાય!" કહી તરતજ ગુરૂ મહારાજે ( સિદ્ધસેન દિવાકરસૂરિએ ) સકલ સંઘની સમક્ષ તેમનાં રડતાં હૃદયો અને ખરતા અશ્રુપ્રવાહો વચ્ચે પોતાના શિષ્યોને એકત્રિત કરી યોગ્ય ભલામણ કરી સર્વેને ખમાવી સકલ સંઘને ખમાવતા તરતજ ઓઘો, મુહપત્તિ, રજોહરણ વગેરે યતિનો વેશ ગોપવી જટાવધારી, લંગોટધારી, શરીરે ભભૂત લગાવી યોગીનો સ્વાંગ સજવા લાગ્યા.

વાયુની ગતિએ આ માઠા સમાચાર સમસ્ત ભરૂચ શહેરમાં પ્રસરી ગયા. કેટલાક શ્રાવક અને શ્રાવિકા આ બનાવ ન જોઇ શકવાથી ખરતાં આંસુએ ઉપાશ્રયની બહાર પડયા. રાજા ધનંજય તેમજ અમલદાર વર્ગ પણ નારાજ થઇ ગયો, ઉપાશ્રયની બહાર ઘણા નિકલ્યા, કેટલાક ભાગમાં સમાચાર કહેવાને દોડી ગયા. જેમ જેમ વાત ફેલાતી ગઈ તેમ તેમ ગામમાં કોલાહલ વધી ગયો. શાહુકારોની દુકાનો ધડાધડ બંધ થઇ ગઈ. સારા શહેરમાં શોકનું વાદળ છવાઈ રહ્યું. હજારો મનુષ્યોનાં ટોળેટોળાં ગુરૂનું આખર વખતનું દર્શન કરવાને ઉપાશ્રય આગળ રસ્તામાં એકઠા થવા લાગ્યાં.

ગુરૂ મહારાજ સિદ્ધસેન દિવાકરસૂરિ ગચ્છ બહારની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિક્ષા ખમતા, અબધુત વેશ કરી તરતજ ઓરડીમાંથી શિષ્યોને રડતા છોડી બહાર આવ્યા. કલ્પાંત કરતો સકલ સંઘ તેમનો આ સ્વાંગ જોઈ કમકમી ગયો. વજ્ર જેવાં હૃદયો પણ ભીંજાઈ ગયાં. જતાં જતાં ગુરૂ મહારાજ બોલ્યા. " બાર વર્ષને અંતે સકલસંઘ મારાં પાપ માફ કરી જો સંઘમાં લઇ મને શુદ્ધ કરશે તો હું મને પોતાને કૃતાર્થ સમજીશ. લ્યો, હવે સકલ સંઘની રજા ચાહું છું." મૌનપણે સંઘ સર્વે સાંભળી રહ્યો. રડતાં હૃદયો શું બોલી શકે? ગુરૂ અબધુત વેશે પગ ઉપાડવાની તૈયારીમાં હતા ત્યાં અવાજ આવ્યો.

" પ્રભુ ! આપ સમર્થ છો. સંઘની અનુમતિથી આપને અરજ કરૂં છું કે કોઇ ગયું તીરથ પ્રગટ કરીને ગાઢ મિથ્યાત્વથી ભ્રમીત એવા મોટા રાજાને સમકિત પમાડી જૈન બનાવજો." રાજાએ સંઘની અનુમતિ પૂર્વક કહ્યું.

" એથી આપના અપરાધની શુદ્ધિ થશે. આપનો આત્મા પાપરહીત થશે." ડાહ્યા માણસોના ચાર પાંચ અવાજ આવ્યા.

" ઠીક છે. તમારૂં વચન હું માન્ય કરૂં છું." એમ કહીને ગચ્છ બહારની શિક્ષા ખમવાને સિદ્ધસેન દિવાકર ઉપાશ્રય છોડી બહાર પડ્યા. તેમની પુંઠે સર્વે બહાર આવ્યા. બહાર પણ હજારો માણસો તેમના દર્શન માટે આતુર એવુ શોકનું શ્યામ-વાદળ છવાયું હોય તેમ જણાતું હતુ. અબધૂત રૂપે ગુરૂ મહારાજને જોઈ કેટલાક તો મુકત

કંઠે રડવા લાગ્યા. સર્વની વચ્ચે થઈ સૂરિ આગળ ચાલ્યા. બજારમાં હજારો માણસો શોકાતુર ચહેરે ઉભા રહ્યા હતા. વેપાર રોજગારને આજે તાળાં વાસ્યાં હતાં. અઢારે વર્ણમાં ગુરૂ મહારાજનું નામ જાણીતું હતું. અઢારે વર્ણ તેમનાં આખરનાં દર્શન કરવા તલપી રહી હતી. સ્ત્રીઓ આબાળ વૃદ્ધા પર્યંત કોઇ ગેલેરીયોમાં, કોઈ બારીઓમાં, કોઈ અગાસીઓમાં તો કોઈ છજાઓમાં-ઝરૂખામાં તો કોઈ ગુરૂને જવાના રસ્તા ઉપર ઉભી રહી નિરખવા લાગી, ગુરૂરાજ તો અબધૂત વેશે સર્વને રડાવતા અને સર્વના નમસ્કાર ઝીલતા બજારમાં આવી પહોંચ્યા. અનુક્રમે હજારો માણસોની વચમાં-પસાર થતા શહેરના દરવાજા બહાર આવી પહોંચ્યા. સંઘ-સમેત નગરના સર્વ લોકો તેમની પાછળજ હતા. કોઇ હૃદયમાં રડતા હતા, કોઇ ઉપરથી રડી રહ્યા હતા. કોઇ ગમગીન હતા, કોઇ શોકાતુર હતા. સર્વેને ગુરૂ મહારાજે સમજાવી શાંત કર્યાં. છેલ્લી મીઠી મધુરી દેશના આપી તમનાં મન વૈરાગ્યથી સંસ્કારીત કર્યાં અને તેમને હવે પાછા ફરવાને સમજાવ્યું "બાર વર્ષને અંતે જો સંઘ કૃપા કરશે તો ગચ્છમાં આવી તમોને મધુરી દેશનાથી ધર્મ વાસિત બનાવશું, અત્યારે તો હવે તમો સર્વેને મારા છેવટના ધર્મલાભ! હમેશાં યથાશક્તિ ધર્મસાધન કરશો. તમારા આત્માને પાપથી રહીત કરજો. જીવતા હોઇશું તો ફરીને મળશું-કહીને અબધુત સર્વેને ત્યાં ઉભા રાખી પોતે ચાલ્યા ગયા. આ ગયા! આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેખાય ! પેલા જાય એમ બોલતાં બોલતાં બાર વર્ષને માટે ગુરૂ અદૃશ્ય થઇ ગયા.

સકળસંઘ, રાજા, અધિકારીઓ અને નગરલોક સર્વે શોકાતુર અને ગમગીન ભરેલા ચહેરે ગુરૂ મહારાજ અદૃશ્ય થયા પછી નગરમાં પાછા ફર્યા. જ્યાં ત્યાં આજે બધે ઉદાસીનતા હતી. ધંધો રોજગાર બંધ કરી લોકો પોતપોતાને ઘરે ચાલ્યા ગયા. રાજા પણ શૂન્ય ચિત્તે પોતાના મહેલમાં ગયો. કપડાં કાઢી ઉદ્વેગમને લાંબી ખુરસી ઉપર પડયો. ગરીબથી અમીર પર્યંત અને રંકથી રાય પર્યંત; મુર્ખથી વિદ્વાન્ પર્યંત અને નિર્બળથી સબળ પર્યંત સર્વે કોઇને માટે આજે ઉદાસી ભરેલો દિવસ હતો. વિચિત્ર કુદરતનો ખેલ કાંઇ ન્યારો હતો.

સંઘના મહાજનના મુખ્ય માણસોએ એકઠા થઇ મંત્રણા કરી દેશ પરદેશના મોટા મોટા સંઘ ઉપર સિદ્ધસેન દિવાકરસૂરિના બાર વર્ષના પારાંચિક પ્રાયશ્ચિતના સમાચાર માણસો માર્ફતે રવાને કરી તેમને આ આકસ્મિક ઘટનાથી જાણીતા કીધા. જ્યાં જ્યાં સમાચાર ગયા ત્યાંના સંઘે ખેદ બતાવ્યો. બારબાર વર્ષનો ગુરૂનો અબધુત વેશે ગુપ્ત પ્રવાસ. સાંભળી સર્વેનાં ચિત્ત નારાજ થયાં. એવી રીતે થોડા દિવસમાં દરેક ઠેકાણે આ સમાચાર પ્રસરી ગયા.

ગુરૂભક્તિમાં અધિક પ્રીતિવાળા શ્રાવકોએ ગુરૂ માટે ખાનગી રીતે ઘણી તંપાસ કરાવી પણ ગુરૂ તો ગુપ્તજ થઇ ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇ ઓળખી પણ શકે નહી એમ આકૃતિ ગોપવીને આંબીલનું તપ કરતા એકાકીપણે વિહરવા લાગ્યા. ગામ કે જંગલ, શહેર કે સ્મશાન, પર્વત કે મંદિર તેમને સર્વે સમાન હતું. એમ દિવસો ઉપર દિવસો એક પછી એક પસાર થવા લાગ્યા. કાળે કરીને શિષ્યોમાં, ભકતોમાં, ગુરૂ વિરહનો તાજો ઘા પણ રૂઝાવા લાગ્યો. ભૂલાવા લાગ્યો. લોકોમાં તેમની યાદી પણ વિસરાવા લાગી. જેથી દિવાકર પણ ઉપદ્રવ રહીતપણે આયંબિલ તપ વડે કાયાને શોષવતા પોતાના દિવસ ગુપ્તપણે વ્યતીત કરવા લાગ્યા. કોઇના સુખમાં તો કોઇના દુઃખમાં દિવસો સર્વેના જાય છે.

## પ્રકરણ ૨૫ મું.

### પ્રાયશ્ચિત્ત.

સમય તો પોતાનું કાર્ય નિયમીતપણે કર્યે જ જાય છે. નવાનું જુનું અને જુનાનું નવું, એમ વિવિધ વસ્તુઓનાં સ્વરૂપને વર્ણવતાં કાળને કોઇ બાંધી શકતું નથી. ગયેલો સમય બધી શહેનશાહી ડુલ કરવા છતાં પણ પાછો મળી શકતો નથી. તેથીજ જ્ઞાની પુરૂષો મનુષ્ય જીવનની પ્રત્યેક પળો અમુલ્ય ગણે છે. ચૌરાસી લાખ જીવાયોનીમાં માનવભવનું દુર્લભપણું શાસ્ત્રકારો વર્ણવે છે. તેને ધર્મરહીતપણે ગુમાવી મનુષ્ય જન્મની કાંઇપણ સાર્થકતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન કરવી એ તો ખરેખરી નરી મુર્ખતાજ ગણાય. અજ્ઞાનના અંધકારમાં અથડાયેલ પ્રાણી શુદ્ધ ધર્મતત્વ ન સમજી શકે. ગમે તેમ સંસારના ઉંડાણમાં ન ઉતરતાં પ્રાણીઓ કર્મ-વશે કરીને પોતાનું ચાહે તે કરવાને આપ મુખત્યાર છે. અજ્ઞાનવશ પડેલા પ્રાણીઓ પાસે વિષય વિકારોને વશે અનેક કર્મો કરાવતો અને તેમને વિપાક ઉદયનો પણ અનુભવ કરાવવાને ત્વરીત ગતિ કરતો કાંઇ કાળ થોભતો નથી. માટેજ વિદ્વાનો કહે છે કે ' कालस्य त्वरिता गतिः ' કાલનું કાર્ય આજ કરો ને આજનું હમણાં કરો, ભાઈઓ, વિષય કષાયને વશ ન પડો ? ' કર અને જો ' અહીંને અહીંજ છે તેનું પ્રત્યક્ષ ફલ જોઇને જરી વિચાર કરો; જગતમાં આઘાતના પ્રત્યાઘાતો થયાજ કરે છે.

ભરૂચ નગરમાંથી સિદ્ધસેન દિવાકરસૂરિને અબધૂત વેષે ગુપ્ત પ્રવાસમાં આજે લાંબો કાળ થઇ ગયો છે. આજ-કાલની તાજી ગણાતી વાત આજે જુની થઇ છે. સંસારનો વ્યવસાય તેનો અજ્ઞાનજન્ય દોષ કાળે કરીને ગમે તેવી તાજી સ્મૃતિને પણ વિસ્મૃત કરાવે છે. દિવાકર સૂરિના ગુપ્ત પ્રવાસને આજે મહિનાઓ તો શું બલ્કે વર્ષો ઉપર વર્ષો ખડકાઈ ગયાં છે. પૂર્વની ઘટના બન્યાને સાત વર્ષો વ્યતીત થઇ ગયાં છે. કર્ત્તવ્યમાં વ્યવસાયી અને સંસારી ઉપાધીમાં લયલીન એવા સંઘના હૃદયમાંથી પણ આજે તે વિસારે પડ્યાં છે. અને જાણે તેમના નામ નિશાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિવાય બીજું કાંઇ હોયજ નહી. તેમ સર્વ કોઇ આજે તેમને ભૂલી ગયા છે.

ગુરૂ ભરૂચ નગરમાંથી ગયા અને તે અરસામાં રૂપચંદ્ર કુમારને સુખ વૈભવ ભોગવતો જોયો, એ બન્ને દૃશ્યો વિધિએ જગત સન્મુખ ખડાં કર્યાં. એક પાત્ર શાલિભદ્રની માફક સુખને હિંડોળે ઝુલતાં જોયું, બીજું વીર પ્રભુની માફક પ્રાયશ્ચિત કરતાં જોયું. કોઇના સુખમાં તો કોઈના દુ:ખમાં દિવસો તો સર્વેના સરખા હોય છે—સરખા જાય છે. અજ્ઞાની પુરૂષો દુ:ખને દુ:ખ રૂપ માને છે. જ્ઞાની પુરૂષો દુ:ખને સુખનું નિમિત્ત કારણ સમજી પ્રસન્નમને ભોગવી તેનાથી છુટી જાય છે. વિધિએ સંસાર તખ્તા ઉપર રજુ કરેલાં બન્ને દૃશ્યો પોતપોતાની સ્થીતિમાં એમને એમજ કાંઈ પણ પરિવર્ત્તન વગર સાત વર્ષો વ્યતિત કરે છે, જેથી આપણે પૂર્વની ઘટના પછી વચમાં સાત વર્ષો પસાર કરીને આગળ ચાલીએ છીએ.

સાત વર્ષના અરસામાં હમેશાં આયંબિલનું તપ તપતા એ મહા પુરૂષને જે દુ:ખો, પરિષહો સહન કરવા પડ્યા હશે, તે વીર ભગવાનના ઉપસર્ગની માફક કાંઇ જાહેર નથી. જેમ તેમનો પ્રવાસ ગુપ્ત હતો તેમ તેમનો પ્રવાસને લગતો હેવાલ પણ ગુપ્તજ રહ્યો છે. છતાં આપણે આપણી મતિ કલ્પનાથી એટલુંતો વિચારી શકીયે કે એ કેવળ પરિસહો સહન કરવાનું અને પ્રાયશ્ચિત કરવાનુંજ સ્થાન હતું. એક તો પ્રતિદિવસ આયંબિલનું તપ, શુદ્ધ ચારિત્રનો પ્રતિસમય ઉપયોગ, ગુપ્ત પ્રવાસ, વસ્તીથી અલગ, પહાડમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્વતમાં, સ્મશાનમાં અને એવા એકાન્તપ્રદેશમાં વસવાટ, દરેક પ્રકારની સગવડતાનો અભાવ એ બધું શું સુચવે છે? એ તો એ પુરૂષજ એવું પ્રાયશ્ચિત કરી શકે–મહાવીરની આજ્ઞા પાળી શકે. જો કે દિવાકરસૂરિ વિદ્વાન્ હતા, સમર્થ ત્યાગી હતા, અને ગમે તેવાને પણ આધીન બનાવવાને શક્તિવાન હતા. તથા તે સમયના ભારતમાં તે દરેક રીતે અદ્વિતીય પ્રભાવવાળા હતા; છતાં જૈન દર્શનમાં એક ખૂબી એ રહેલી છે કે એવા ઉચ્ચ આદર્શ રૂપ મહાન્ પુરૂષો પોતાની અણમોલ શક્તિનો ઉપયોગ ખાસ પોતાના સ્વાર્થને માટે, સંસારના અલ્પ જન્ય સુખને માટે કરતા નથી. ખાસ ચમત્કાર બતાવીને કે બીજા નજીવા કારણે તેનો ઉપયોગ કરી તેમાં રાચી જતા નથી. આપણે સાંભળીએ છીએ કે ખાસ ધર્મનાં પ્રભાવને માટે, દુનીયાના ઉપકારને માટે અને ભાવી લાભનું કારણ અધિક સમજાય તોજ એવી મહાન શક્તિઓનો ઉપયોગ કરે છે. આવા કારણોથીજ એ મહાન પુરૂષે સાત વર્ષો કેવલ પાપનું પ્રાયશ્ચિત્ કરવામાંજ વ્યતીત કર્યાં હતાં.

આપણી અલ્પ શક્તિઓ તેમની શક્તિનું માહાત્મ્ય વર્ણવવાને અસમર્થ છે. કેમકે જે પુરૂષો પોતાના આત્મબળ વડે કરીને ભારતના મહાન્ મુગુટરૂપ થયા છે. જગતમાં સર્વોત્તમ પુરૂષપણે જે પ્રગટ થયા છે. આખો દેશ જેમના ત્યાગ, વૈરાગ્ય અને માહાત્મ્ય પર ફીદા હોય, પૂજ્ય બુદ્ધિથી જોતો હોય, એવા પ્રગટ પુરૂષનો અચિંત્ય પ્રભાવ આપણી અલ્પજ્ઞ દૃષ્ટિમાં પ્રવેશ કરી શકતો નથી. તેમનું સર્વાંશે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યથાતથ્યપણું ઓળખી શકતાં નથી. એજ આપણું કમભાગ્યપણું છે; નહીતર દષ્ટિ પણ કંઇક વિશાળ થઇ શકે. દૂરના દૂર પર્યંત જોઇ શકે. વિવેકબુદ્ધિએ લાભાલાભ વિચાર લાભના માર્ગમાંજ પ્રવેશ કરી શકે.

અસ્તુ ! ગુપ્ત પ્રવાસમાં સાત સાત વર્ષ વ્યતીત થયા છતાં, પ્રતિસમય દિવાકરને પોતાની પ્રતિજ્ઞા–પ્રાયશ્ચિત્તનું સ્મરણ રહેતું. સર્વજ્ઞપુત્ર હોવાથી સર્વજ્ઞપણાના સર્વે ભાવો તે સંપૂર્ણપણે સમજી શકતા હતા. પુરેપુરૂં પ્રાયશ્ચિત કરવાને તે મહાવીરના ધ્યાનમાં મગ્ન રહેતા હતા. પોતાના અવિચારી ઉધ્ધતપણા માટે મહાવીરની વારંવાર દયા પ્રાર્થના કરતા હતા. સમર્થ છતાં એક અપરાધીની માફક પ્રાયશ્ચિત કરવાને શુદ્ધ મને આતુર રહેતા હતા. સાત સાત વર્ષનાં વ્હાણાં એમ કરતાં વહી ગયાં. લોકો તેમની અસ્તિ પણ જ્યારે ભૂલી ગયા. તેવા સમયમાં દિવાકરે એક દિવસનો સમય જોઇને વિચાર કર્યો. કે દુન્યાની સ્મૃતિમાંથી હવે હું તદ્દન ભૂસાઇ ગયો છું અને હજી પણ મારે પાંચ વર્ષ પ્રાયશ્ચિતનાં બાકી છે, છતાં મારે સમય મળતાં કોઈ ગયેલું તીર્થ પ્રગટ કરવું જોઇએ. અને ભારતના એક ચક્રવર્ત્તી રાજાને પ્રતિબોધી તેને જૈન દૃઢ સમકિતી બનાવવો જોઇએ. શું કરવું એને માટે કયા દેશમાં કયા રાજાને પ્રતિબોધ પમાડવો કે જેથી પ્રભુ મહાવીરના શાસનનો પ્રભાવ થાય. મહિમા વખણાય. લાટ દેશનો રાજા તો જૈનજ છે. આ તરફ મહારાષ્ટ્ર, કોંકણ અને ગૌડદેશના રાજાઓ પણ જૈન છે. હા ! ખુદ માળવેશ્વર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ ગાઢ મિથ્યાત્વના અંધકારમાં આકર્ષાયેલો છે. સંપ્રતિ મહારાજની પાટનગરી ઉજ્જયિની કે જે જૈન ધર્મની જાહોજલાલીનું, આર્યસુહસ્તિ સ્વામીના સમયનું અપૂર્વ કેન્દ્રસ્થાન મિથ્યાત્વના દઢ સંસ્કારવાળા વિક્રમાદિત્યના હાથમાં છે. તેના પીતા ગર્ધભિલ્લરાજાએ જૈન ધર્મની હેલના કરી માળવાનું રાજ્ય ખોયું હતું. તેને પ્રતાપે શાકી લોકોનું જોર માળવામાં જામી ગયું હતું. આજે શાકી લોકોનો નાશ કરી વિક્રમ માળવેશ્વર થયો છે. શકારિ નામ ધારણ કરી ચૌદ મુગુટબદ્ધ રાજાઓની સેવાથી જબરજસ્ત કહેવાયો છે. ખરે તો એનેજ પ્રતિબોધી જૈન બનાવવાથી એના ચૌદ મોટા રાજાઓ તથા બીજા નાના સામંત સરદારોને પણ જૈન કરવાથી અવાંતરે ઘણો લાભ સમાયો છે. આજે ભારતમાં વિક્રમાદિત્યના જેવો બીજો કોનો પ્રતાપ ગવાયો છે. મહાપરાક્રમી, એ પરદુઃખ ભંજન રાજા જૈન બને તો જૈન ધર્મનો કેવો અપૂર્વ દિગ્વિજય કરે. પ્રભુ મહાવીર શાસનનો મહીમા વધારે.

બસ, કોઈ રાજાને પ્રતિબોધવો તો વિક્રમાદિત્યનેજ? હવે તીર્થાધિરાજ એવું તીર્થ કયું પ્રગટ કરવું. પોતાના જ્ઞાનનો ઉપયોગ મુકી ગુરૂએ જોયું. અવંતીમાં પણ નજર કરી. તરતજ તેમને શ્રુતજ્ઞાનના પ્રભાવથી જણાયું કે વાહ! પ્રભુ આર્યસુહસ્તિના મુબારક હાથે સ્થાપન થયેલું મહાકાળેશ્વરનું તીર્થજ પ્રગટ કરવું. જે મહાકાળેશ્વર હાલમાં મહાદેવના રૂપમાં પરિવર્ત્તનપણાને પામ્યું છે. અન્ય મતિના લોકો પ્રભુ અવંતીપાર્શ્વનાથની પ્રતિમાને ભોંયરામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભંડારી ઉપર ચક્રધારી જલધારી બનાવી શીવપિંડિકાની (લીંગની) સ્થાપના કરી છે. અને ભૂદેવોના પ્રભાવથી અંજાઇ રાજા વિક્રમાદિત્ય ખાસ તેમનો ભકત બન્યો છે. ચુસ્ત મહાદેવનો ઉપાસક બન્યો છે તો એ શીવપંડિકામાંથી પોતાની ચમત્કારી શકિતને પ્રભાવે પાર્શ્વનાથને પ્રગટ કરી તેના તીર્થનો અદ્દભૂત મહિમા પ્રસરાવવો અને એ મહાદેવ ભકત રાજાને પાર્શ્વનાથનો પ્રત્યક્ષ પરચો બનાવી શુધ્ધ દેવનું સ્વરૂપ સમજાવીને જૈન બનાવવો ? '

એક અદ્દભૂત મહા તીર્થ પ્રગટ થશે અને રાજા પણ જૈન થશે. આમ ધારી મનમાં પાર્શ્વનાથનું ધ્યાન કરી ધરણેંદ્રનું સ્મરણ કર્યું. પ્રભુ ! તમારા પ્રભાવે કરીને મારૂં એ કાર્ય સિદ્ધ થાઓ, આવા કલિકાલમાં પણ આપનો પ્રગટ પ્રભાવ પ્રત્યક્ષ થાઓ ! શાસનના અધિષ્ઠાયક દેવ મને સહાય થાઓ ?

સાત વર્ષનાં વ્હાણાં વહી ગયા પછીના એકદિવસે આત્મ શકિતના પ્રભાવથી મહાપરાક્રમી અને જેને કોઇપણ ઓળખી શકતું નથી એવો એક મહાન્ અબધૂત ઉજ્જયિનીને ગાંદરે અને કલકલ શબ્દથી આવનાર આ મહાન પુરૂષને એવા મંગલમય શબ્દોથી વધામણાં દેતી ક્ષીપ્રાનદીના તટ ઉપર સાંજને સમયે આવ્યો. એનું મહાન પડેલવાન શરીર પણ સાત સાત વર્ષના તપના પ્રભાવથી કૃશ થયું હતું. મસ્તક જટા ધારણ કરેલી હતી, મોં ઉપર તપનું તેમજ ધર્મનું અપૂર્વ તેજ છતાં વિષય કષાય રહીત શાંત રસની છાયા પ્રસરી રહી હતી. જેની ચૌવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાવસ્થા વ્યતિક્રમી પ્રૌઢ અવસ્થા પણ વીતી જવા આવી છે એવો એ મહાપુરૂષ જાણે સાક્ષાત્ વનમાંથી નીકળીને આવ્યો હોય તેમ આજે તેણે ઘણે વરસે ઉજ્જયિનીના ક્ષીપ્રાના તટ ઉપર દેખાવ દીધો હતો. ક્ષીપ્રાના અથાગ ઉંડા અને શ્યામ ભ્રમરો સરીખા કાળાં પાણી નીરખી તથા જતા આવતા મનુષ્યોનાં વિચિત્ર સ્વભાવો જોઈ સંસારની અનિત્યતાનું સ્મરણ કરતો મહાન્ યોગી રાત્રી પડતાં ફરતો ફરતો મહાકાલેશ્વરના મંદિર આગળ આવ્યો. મહાદેવના પૂજારી બ્રાહ્મણે મંદિરની આરતિ ઉતારી મંદિરને સર્વ રીતે બંધ કરી કયારનાય અહીંથી ચાલી ગયા હતા. આકાશ સાથે વાતો કરતું આ મંદિર શૂન્યપણે શિતળ પવનની મંદમંદ લહેરીઓમાં નૃત્ય કરી રહ્યું હતું.

લગભગ પ્રહર રાત્રી વીતી ગયા પછી ફરતો ફરતો એક અબધૂત ત્યાં આવ્યો, શીવપિંડિકાની નીચે ભોંયરામાં રહેતી અવંતી પાર્શ્વનાથની ગુપ્ત પ્રતિમા પોતે જ્ઞાનથી જાણે સાક્ષાત્ જોતો હોય તેમ તેને વંદન કર્યું, " હે પ્રભુ ! આવતી કાલે તમારા પ્રભાવથી તમારૂ અચિંત્ય ગૌરવ, હું પ્રગટ કરીશ. " મનમાં એમ ગણગણતો તે મહાપુરૂષ કોઈ પણ શકિતથી–લઘુ લાઘવી કળાથી મંદિરમાં પ્રવેશ કરી શીવપિંડિકા ઉપર પગ રાખીને મૂળ મંદિરના ગભારા પાસે નિરાંતે અંદરથી મંદિર બંધ કરીને સૂતા.

રાજા વિક્રમાદિત્ય મહાદેવનો ચુસ્ત ભકત હતો. પ્રતિદિવસ તે પૂર્ણભાવે મહાકાલેશ્વરની ભકિત કરતો તેમજ હરસિદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( કાલિકા ) માતાની રોજ સેવા–પૂજા કરતો. જેથી કાલિકા તો કોઇ કોઇ પ્રસંગે તેના કાર્યમાં તેને મદદ પણ કરતી હતી. આવી રીતે તે રાજાને મહાદેવ અને દેવીનો એવો તો અપૂર્વ રસ લાગ્યો હતો કે જ્યાં બીજા કોઈપણ ઉપદેશ કે વાતાવરણ-નો પ્રવેશ થવો પણ અશક્ય હતો. વળી તે જમાનામાં મહા-કાલેશ્વર મહાદેવ એ અન્યમતિના તીર્થોમાં તીર્થ તરીકે પ્ર-ખ્યાત પામેલા હતા. કાશીમાં જેમ વિશ્વનાથ મહાદેવ તેટલોજ મહિમા લોકમાં મહાકાલેશ્વર મહાદેવનો મનાતો જેથી દૂર દૂર દેશના લોકો અહીંના જાત્રાને બ્હાને આવતા હતા. હજારો લોકો આ મહાદેવનાં દર્શન કરી પાપનાશિની પુણ્યમયી ક્ષીપ્રાનદીમાં નાહીને પવિત્ર થતા હતા. એવી રીતે માળવાનું તીર્થસ્થળ ગણાતું ઉજ્જયિની લોકમાં તીર્થ તરીકે કાશીની માફક પ્રગટ થયું હતું.

એવા હીંદુઓના તીર્થ સ્વરૂપ મહાકાલના પ્રાસાદમાં દિવાકર પોતાના ઉપાશ્રયની માફક શીવપિંડિકા ઉપર પગ રાખીને નિરાંતે રાત્રી પસાર કરી. કંઈક પાર્શ્વનાથ-ના ધ્યાનમાં કાંઈક આરામમાં ને કાંઈક નિદ્રાદેવીની ઉપાસના-માં તે દિવસની નિશા ગુરૂએ વ્યતિક્રમી.

પ્રભાત સમયનો સૂર્ય કેવો ઉગશે અને શી નવાજુની બનશે તેતો પ્રભાતે જણાશે, કાળે કરીને પરિવર્ત્તન થવું એ સંસારનો સહજ સ્વભાવ છે. પરિવર્ત્તન તો ક્ષણે ક્ષણે થયાંજ કરે છે. તો આપણે પણ પ્રભાતનો સૂર્ય કેવો ઉગે છે તે જો-વાને ચાલો તે તરફ ( ઉજ્જયિનીમાં ) ગમન કરીએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૬ મું.

## ચમત્કાર.

પ્રભાતના સમયમાં કાલાગ્નિરૂદ્ર મહાકાલેશ્વર મંદિરના પૂજારીઓ યથા સમયે શીવનું પૂજન કરવાને ત્વરીત ગતિએ ત્યાં આવી પહોંચ્યા. તેઓએ મંદિરને ઉઘાડવા માંડયું તો અંદરથી બંધ કરેલું જણાયું. જેમ તેમ કરી બીજી નાની બારીએથી મંદિરમાં પ્રવેશ કરીને તેમણે અંદરથી દ્વાર ખોલીને મંદીર ઉઘાડી નાખ્યું. અને માણસોને દર્શન કરવાનો રસ્તો પૂજારીઓએ મોકળો કરી દીધો. પણ મંદિરના મૂળ ગભારામાં જુએ છે તો આશ્ચર્ય ! એક મોટો અવધૂત તપસ્વી શીવપિંડિકા ઉપરજ પોતાના ચરણ સ્થાપીને નિર્ભય પણે ઉંઘી પડેલો છે. આ:દશ્ય જોઈ પૂજારીઓ ચમકયા, ભૂતકાળમાં કોઇ દિવસે નહી બનેલો અને નહી બની શકે તેવો આ અદ્‌ભૂત બનાવ જોઈ મૂંઝાણા. તરત જ અવધૂતને મહાદેવની આશાતના કરતો જોઇ તેને ખેંચીને બહાર પટકવાને તેઓ ગભારાનું બાર ઉઘાડી અંદર ધસ્યા, પરન્તુ અંદર જતાં જ તેનો પ્રભાવ, તેનું અપૂર્વ તેજ જોઇ પાછા હઠ્યા. રખેને જો કોઈ શક્તિવાળો હશે તો આપણને પણ બાળીને ભસ્મ કરી દેશે. તો બૈરીછોકરાં બિચારાં રખડી પડશે. અબધૂતને વિનવવા લાગ્યા. "યોગીરાજ ! જગતના દેવ આ

મહાદેવ છે. તેની આપ શામાટે આશાતના કરો છો? એવા મહેશ્વરની આશાતના કરી આપ પાપમાં પડો છો. તેમને ગુસ્સે કરો છો. મહાદેવ જો કોપ કરશે તો આપને ભસ્મીભૂત કરશે."

બ્રાહ્મણ પુજારીઓની કાકલુદી સાંભળવાની આ યોગીને ક્યાં ફુરસદ હતી? તે તો બેધડક શીવપિંડિકા ઉપર પોતાના ચરણ લગાવીને પડ્યો હતો.

'આપને ખ્યાલ આવે છે કે નહી? માળવેશ્વર વિક્રમાદિત્યના આ ઇષ્ટદેવ છે. એવા મહેશની આશાતના કરવામાં આપને કેટલો કલેશ છે તેની ખબર છે? માટે ઝટ ઉઠીને ઉમાપતીને ખમાવો–કરેલા અપરાધની માફી માગો?'

તેમનું સર્વ પ્રકારનું કહેવું પત્થર ઉપર પાણી જેવું હતું. અબધૂતને ગમે તેટલું વિનવવું એ નિરર્થક હતું. પૂજારીઓ માંહોમાંહે વિચાર કરવા લાગ્યા. "હાય? હવે શું કરવું? આજે અત્યારના પહોરમાં ક્યાં આ બલા મહાદેવને ગળે વળગી! કોણ જાણે આખો દિવસ કેવી રીતે જશે. શું થશે? બાવડું ખેંચીને આપણે એને બહાર પટકશું?"

"નારે બાપ! એ આપણું કામ નહીં. તમારે જવું હોય તો જાઓ? અમે તો મહાદેવને પૂજવાને આવ્યા છીએ, કાંઇ મરવાને નહી, સમજ્યાને ભાઈ!" એક પૂજારી બબડ્યો.

અરે તું પણ રાજાનો પગાર ખાય છે. શું કાંઈ ભાઈબંધી કરે છે?" બીજાએ પહેલાને ઉદ્દેશીને કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"અરે ભાઈ! આ બલામાં આપણે પડીએ તો ખરા, પણ જરી મારી સલાહ માનશો? મહાદેવને જે પોતાના ચરણોથી દબાવીને પડયો છે. તે કાંઇ કાચો પોચો નહીં હોય. આટલી આપણી ડરામણી છતાં જુઓને સાંભળે છે?"

"શું એના માથામાં એટલા બધા ગજ ઘાલ્યા છે?" એક ઉતાવળીઓ વચમાં બોલ્યો.

હા! ગજ ઘાલ્યા છે. ત્યારેજ એણે મહાદેવને દબાવ્યા છે. બહુ જોર હોય તો જા જરી અજમાવી જો, લ્હાવો લઈજો; એ નહી જાણતો હોય કે આ મહારાજાધિરાજ વિક્રમાદિત્યના પણ ઇષ્ટદેવ છે. એની આશાતના કરવી એ કેટલીબધી નાલેશી છે?" પેલા બ્રાહ્મણે (પુજારીએ) અધુરી વાત પુરી કરી.

"ભાઈ! મને તો આજનો દિવસ ઘણોજ ઉત્પાત ભર્યો જણાય છે. ન કરે નારાયણ કે આજે શું થાય છે?"

"એતો ભાઈ પ્રભુએ ધાર્યું હોય તેમજ થાય છે. આપણું ધાર્યું કાંઇ ઓછું જ થાય છે?" વચમાં એક પૂજારી બોલ્યો.

"અરે ભાઇ! બધી વાત જવાદો? ચાલો મહારાજ પાસે ફર્યાદ કરીએ અને આ ઉત્પાત તેમને નિવેદન કરીએ." એક જણે વળી સલાહ આપી, જે સર્વેને ગળે ઉતરી.

સર્વે પૂજારીઓ 'ફર્યાદ ફર્યાદ' કરતા જાણે અબધૂતથી ભય પામીને ભાગતા હોય તેમ મુઠ્ઠીઓ વાળતા દરબાર તરફ દોડ્યા. અને રાજમહેલમાં પહોંચ્યા ત્યાં તો આખા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શહેરમાં વાત પ્રસરી ગઈ. તેમને બ્હેબાકળા અને ભયતીત જોઇ રાજા વિક્રમાદિત્ય ચમકયો ? “ અત્યારમાં જ આ શું તોફાન છે ? ” આમ વિચારતો મહારાજ તરતજ અંતઃપુરમાંથી બ્હાર આવ્યો, ત્યાં તો બ્રાહ્મણોએ “ઉત્પાત ! ઉત્પાત ? જુલ્મ થયો મહારાજ.” એ બૂમો પાડતા દોડતા આવ્યા. રાજાએ તેમને શાંત રહેવા ફરમાવી શું ફર્યાદ છે તે કહેવાને સૂચવ્યું. તેના જવાબમાં એક પૂજારીએ મંદિરની બીના કહી બતાવી રાજા ચમકયો “ તેને સમજાવીને બહાર કાઢો ! ન માને તો ખેંચીને બહાર પટકો ? ”

“ બાપજી ! અમારૂં કામ નહીં. એને જોઇને અમે તો બ્હી મરીએ છીએ ! ” બ્રાહ્મણો બબડયા.

“ અરે જગત્પૂજ્ય મહેશના ભક્ત પૂજારીઓ થઇને આમ ડરોછો શું ? ચાલો હું સાથે આવું છું.” વસ્ત્રાભૂષણથી સજ્જ થઇ રાજા ઘોડે ચડયો. સાથે કેટલાક સુભટોને આવવાને હુકમ થયો. અને સ્વારી મહાકાલેશ્વરના પ્રસાદ તરફ જ ચાલી. અત્યારમાં રાજાને જતો જોઇ સર્વને જાણ તો થઇજ ગઇ હતી. તેથી રાજાની પુંઠળ જેમ જેમ ખબર પડતી ગઇ તેમ તેમ લોકો જવા લાગ્યા. રાજા વિક્રમાદિત્ય પાસે સુભટો સહીત નગરની બહાર મંદીર આવી પહોંચ્યો. ઘોડા ઉપરથી નીચે કુદી પડી એક સેવકને ઘોડો સોંપી મંદિરમાં ઘસી આવ્યો, ત્યાં બ્રાહ્મણોએ જેવું વર્ણન કર્યું હતું તેવોજ અબધૂત શંભુની આશાતના કરતો દીઠો. “ રે મુર્ખ ! મહાદેવની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશાતના શાને કરે છે ? વિના કારણે શું મરવાનો થયો છે ?" રાજા યોગીને જોઇને ગર્જ્યો. પણ યોગીને તો તેની કે તેના બાપની પણ ક્યાં પરવા હતી ? "અરે દુષ્ટ ? ઉઠ ! ઉઠ ? નાહક કાં મને ગુસ્સો ઉત્પન્ન કરે છે ? ખચિત મને તો લાગે છે કે તારો કાળ ભમે છે." છતાં યોગી તો જાણે સાંભળતો જ ન હોય તેમ મુંગો રહ્યો. રાજાએ એને ઘણો સમજાવ્યો છતાં કાંઇ ન ચાલ્યું જેથી તેને અધિક ગુસ્સો ચડયો "પાપી ! તું કોઇનું કહેવું સાંભળતો નથી, જો હવે તેનું ફલ તને પ્રત્યક્ષ બતાવું છું." તરતજ રાજાએ સુભટોને હુકમ કર્યો. એ દુષ્ટ એમ સમજે તેમ નથી. જાઓ ! એને ઘસડીને બહાર પટકો ! અરે ! જુઓ છો શું ?

"પાપીને મારો, પ્રહાર કરો, અગર તો ઘસડીને બહાર ખેંચી લાવો !
લગાવો જોરથી ચાબુક, કસમ છે તમને જો દયા લેશ પણ લાવો"

રાજાનો હુકમ થતાંજ સુભટો ધનુષ્યમાંથી જેમ બાણ છુટે, તેમ છુટ્યા. સુભટોએ તુરતજ અવધૂતને ઉંચો કરીને બહાર પટકવાને બ્હાને જોસથી ઉંચકયો. પણ આચાર્યને એક તસુ માત્ર પણ ઉંચા કરી શકયા નહિ. સર્વેએ સાથે મળીને ઘણું જોર કર્યું પણ વ્યર્થ ! વજ્રની માફક અથવા તો લોહની શિલાની માફક કોઇ તેને હલાવવાને પણ શક્તિમાન થયા નહી."

રાજા ચમકયો, ફીકર નહી. એ નજરબંધીથી આપણને ઠગે છે, ત્યાંને ત્યાંજ તેને ચાબુકોનો સ્વાદ ચખાડો, તરતજ એક પછી એક સુભટોના ચાબુકો અવધૂત ઉપર પડવા માંડ્યા.

પરંતુ અવધુતને તેની કયાં પરવા હતી ? હજી એક શબ્દ બોલવાનો પણ સમય તેને આવ્યો નહોતો, મુંગે મુંગે પોતાની ઉપર પડતા ચાબુકના પ્રહારો તે જોતો હતો, પણ ત્યાંતો વળી એક કૌતુક થયું.

મહાકાલના મંદિર આગળ અસંખ્ય માણસોનો ગંજ આ કૌતુક જોવાને એકઠો મળ્યો છે. અઢારે વર્ણમાં આ હકીકત જાહેર થઈ ગઈ છે. સામાન્ય રીતે જગત પણ કુતુહલી હોય છે. કાંઈક નવા જુની કે આશ્ચર્ય જેવું હોય ત્યાં સેંકડો જણા કામ પડતાં મુકી તે જોવાને પ્રથમ દોડી જાય છે. સર્વેને મનમાં એમ થયું કે એવો કોણ બે માથાવાળો દુનીયામાં પેદા થયો છે કે વિક્રમ રાજાના અભિષ્ટ દેવ શંકરની આશાતના કરે છે. જેથી માણસોનું તો પૂછવુંજ શું ? અસંખ્ય માણસોનો શંભુ મેળો અત્યારે અહીંયા જ જોવાતો હતો.

વિક્રમાર્કના અંતઃપુરમાં અચાનક કોલાહલ થયો. રાણીઓ ઉપર જાણે અદૃશ્યપણે ચાબુકોના પ્રહારો ઉપર પ્રહારો પડતા હોય તેમ અંતઃપુરની કક્ષાપ્રદેશમાં મૂખે સિત્કાર કરતી ત્રાસથી મારની વેદનાથી બુમો પાડતી આમથી તેમ દોડતી " બચાવો ! બચાવો " કહેતી બુમેબુમ પાડવા લાગી. કોઇ ચીસેચીસ પાડે છે, કોઇ ભૂમિ ઉપર મૂર્છિત થઇ પડે છે. કોઈ મારથી અધમુઇ થઇ આમથી તેમ દોડધામ કરે છે ! તેમની બુમોથી સમસ્ત મહેલ ગર્જી રહ્યો-ત્રાસી રહ્યો. દાસીઓ, સેવકો દોડી આવ્યા. છતાં રાણીઓની વેદના તો

ચાલુજ હતી. આથી સેવકો મહારાજને ખબર આપવાને મુઠીઓ વાળીને મંદિર તરફ ધસ્યા.

અતિ દોડવાથી ગુલાંટો ખાતા, હાંફતા, બોલવાને પણ અસમર્થ અને પરિશ્રમથી આકુળ વ્યાકુળ એવા ઘણા સેવકો અસંખ્ય માણસોના ટોળામાં ઘુસ્યા 'ઉત્પાત ! ઉત્પાત ! મહારાજ જુલમ ! જુલમ ! કરતા રાજા પાસે આવી પહોંચ્યા અને કહ્યું " બાપજી ! રાણીઓ બધી તમારા આ ચાબુકોના પ્રહારની ભોગ થઇ પડી છે. તમે મારો છો આ જોગટાને અને પ્રહાર તો અંતઃપુરમાં પડે છે. મહારાજ ! સુભટોને અટકાવો; કારણકે પ્રહારની વેદનાથી રાણીઓ તો મરી પણ ગઇ હશે. "

સેવકોનાં વચન સાંભળીને રાજાએ એકદમ તેમને અટકાવ્યા, પોતે જાંખો પડયો. " હાય, હાય, ગજબ થયો, આ કોઇ નાનોસુનો નથી, કોઇ મોટો સિદ્ધ પુરૂષ દેખાય છે. સુભટો પ્રહારતો એને કરે છે અને તેને ભોગ તો બિચારી રાણીઓજ થાય છે એની સાથે જોર કરવાથી શું વળનાર છે. ઉલટું સુલટાનું ઉલટું થનાર છે એને તો પગે પડીને મનાવી લેવામાંજ સાર છે "

એમ વિચાર કરતો રાજા અવધૂતને ચરણે પડયો. લાખો માણસો આ કૌતુકથી અજબ થયા " ઓહો, આવો મોટો સિદ્ધપુરૂષ કોણ હશે. કોણ જાણે કે ઉજ્જયિનીમાં આજે શું ઉત્પાત થશે, નવાજુની થશે ? "

પૂજારીઓ પણ માંહોમાંહે ગુસપુસ વાતો કરવા લાગ્યા. કાં " જોયુંને રાજાની રાણીઓ બિચારી મરી ગઈ. સારૂં થયું કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણે કાંઇ અડપલું ના કર્યું, નહીતર વિવાહની વરસી આપણી પણ થઈ જાતે. કાંઇક ખાનખરાબી થઇ જાતે, મહાદેવ ભોળાનાથ જે કરે છે તે સારૂં કરે છે. અરે! પણ કોણ જાણે અત્યારે કયાં ફરે છે કે આટલું બધું તેઓ સહન કરે છે" પૂજારીઓ જેમ ફાવે તેમ બોલવા લાગ્યા.

## પ્રકરણ ૨૭ મું.

### ચમત્કાર ત્યાં નમસ્કાર !

"પ્રભુ ? કહો આપ શા કારણે અહીં બેઠા છો ? આપની જે ઇચ્છા હોય તે કહો. મારો અપરાધ મનમાં ન લહો ! તમે તો મોટા પુરૂષ છો છતાં જગતના પૂજ્ય મહાદેવની કેમ આશાતના કરો છો. ?" રાજાએ મીઠાં વચનોથી અબધૂતની સ્તુતિ કરી ભોગાદિકની સર્વે સામગ્રી અબધૂત આગળ મુકીને તેને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કર્યો. "આપ અબધૂતને સ્વરૂપે કોણ છો ? જે હોય તે મૂળ સ્વરૂપે પ્રગટ થાઓ ? અમારી ઉપર પ્રસન્ન થાઓ." અનેક ઉપાયે યોગીને પ્રસન્ન કરવાના પ્રયત્નો થયા.

"હે રાજા ? તું અન્યાયી છે ? તારા રાજ્યમાં ન્યાયજ નથી. તો પછી તારી આગળ શી વાત કરવી." રાજા વિગેરેના અતિ પ્રયાસે દુનીયાનો મહાન્ જોગીરાજ અવસર આવેલો જોઇને બોલ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" ભગવાન ? અન્યાય તો આપ કરો છો કે જેથી આ દેવના દેવ મહાદેવ તેની આપ આશાતના કરો છો. માટે ઉઠો અને એ મહાદેવનો અપરાધ ખમાવી આપ એને નમન કરો !" રાજા વિક્રમ હસીને બોલ્યો.

" અરે રાજા ! મારો નમસ્કાર જીલવાને તારો મહાદેવ શક્તિવાન થશે નહી. અને મોટો ઉત્પાત થશે. " યોગીરાજે પોતાની અપૂર્વ શકિતનો પરિચય કરાવ્યો.

" આપ એવી બાળકને સમજાવવાની વાત શું કરો છો ! શું મહાદેવ કરતાં આપ સર્વ શકિતમાન છો ? કે ફક્ત બોલવામાંજ શક્તિવાન છો. ? "

" જો ! તારા મહાદેવને હું નમું છું પછી કંઇક ઉત્પાત થાય તો મને દોષ ના દેતો !"

આ મહાન્ જોગીનાં વચન સાંભળી રાજા નવાઈ પામ્યો. દુનીયા તો કૌતુક કરાવવાને અગર તો થતું કૌતક જોવાને ઘણી આતુર હોય છે. રાજાએ કહ્યું. ભગવાન્ ? બેધડક આપ મહાદેવને નમસ્કાર કરો ! અમે જોઇએ તો ખરા કે એ કેમ સહન કરતા નથી ? તમારો નમસ્કાર દેવને શું ઈજા કરે છે. આપનો નમસ્કાર જોવાને અમે ઘણા આતુર છીએ. સમસ્ત ઉજ્જૅયિની ભલે જુએ, આપ નિર્ભય પણે સ્વયંભુને નમસ્કાર કરીને સર્વને બતાવો કે એ આપનો નમસ્કાર સહન કરવાને અશક્તિવાન છે ?."

રાજાનાં વચન સાંભળી અસંખ્ય માણસોની અને રાજાની

આતુરતા વચ્ચે ગુરૂ જોગીરાજે સર્વની સમક્ષ દેવના દેવ દેવાધિદેવની સ્તુતિ કરવાનું શરૂ કર્યું: પ્રથમ તેમણે વીર ભગવાનના ગુણોએ કરીને ગર્ભિત એવી બત્રીસ શ્લોકોની દ્વાત્રિંશીકાસ્વ કાવ્ય શકિતને પ્રભાવે રચી કાઢી. તરતજ ધરણેંદ્રનું આસન યોગીરાજની દઢ ભક્તિને લીધે ચલાયમાન થયું. નાગરાજ પોતાનું સિંહાસન ધ્વજાની માફક ફરકતું જોઇને ચિત્તમાં ચમત્કાર પામ્યો. તરતજ અવધિજ્ઞાનથી તેનું સ્વરૂપ જોયું." અહો ! શાસનના નાયક દિવાકર આજે ઉજ્જયિનીમાં વિક્રમ રાજા સન્મુખ સ્વશક્તિથી પાર્શ્વનાથનું ગયેલું તીર્થ પ્રગટ કરવાને પ્રયત્ન કરી રહ્યાં છે. તેમનો અદ્દભુત શકિતએજ મારૂં આક્રમણ કર્યું છે. પ્રભુ ભકિતથી નાગેંદ્રના રૂવાડાં પણ વિકસ્વર થયાં. પોતે પોતાને સ્થાનકે રહ્યા રહ્યા સ્વર્ગના અણમોલ વૈભવો છોડીને દિવાકરની પ્રભુભકિત જ્ઞાનદષ્ટિથી નિરખવા લાગ્યા. પોતે પણ તેમને સહાય કરવા લાગ્યા. તરતજ હજારો લોકોની સમક્ષ શીવલિંગમાંથી ધુમાડો ધરણેંદ્રના પ્રભાવે નિકળવો શરૂ થયો.

જે નાગેન્દ્ર ઉપર પ્રભુનો ઉપકાર અણમોલ હતો. નાગ કે જેને હિંસાના ક્રૂર અધ્યવસાયે જીવન પુરૂં કરીને મરીને નરકગતિમાંજ જવાનો સ્વભાવ છે. છતાં ભવિતવ્યતા બળવાન છે. કર્મયોગીની તપસ્યાને નિમિત્તે કાષ્ટમાં દગ્ધ થતો નાગ જ્યારે પાર્શ્વનાથકુમાર અવસ્થામાં હતા. તે વારે કમઠ પાસે આવી તેને પ્રતિબોધી સેવકો પાસે બળતું કાષ્ટ ચિરાવી દગ્ધ થતા નાગને બચાવ્યો. મરવાની છેલ્લી પળો ગણતો નાગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવીશમા તીર્થંકરનું દર્શન પામ્યો. સેવક મુખે નવકાર પામ્યો. મહાપરાક્રમી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથનું દર્શન પામી નાગ તો ભાગ્યવંત થઈ ગયો-તરતજ નાગ મરી પાતાળ લોકમાં નાગ કુમાર નિકાયના નાગ લોકનો સ્વામી નાગેંદ્રપણે ઉત્પન્ન થયો, સંસાર જીતી ગયો, તેજ નાગરાજ અત્યારે દિવાકરનો પ્રભાવ જોતો મહાકાળ મંદિરનો બનાવ જોયા કરતો હતો. સ્વર્ગના અમુલ્ય વૈભવો, ઇન્દ્રાણીઓના હાસ્યવિનોદ અત્યારે આ સમયે તે તુચ્છ સમજતો હતો.

ધુમાડો નિકળતો જોઈ સર્વ લોક વિસ્મય પામ્યા, ધુમાડો ધીરે ધીરે એટલો તો વૃદ્ધિંગત થયો કે સૂર્યનો ઝળહળતો પ્રભાવ છતાં જાણે નિશાનું જોર સંસાર ઉપર છવાયું હોય તેમ દેખાતું હતું. બ્રાહ્મણ પૂજારીઓ ખુશી થયા કે "મહાદેવ હવે કોપ્યા છે. હમણાંજ પોતાનું ત્રીજું નેત્ર પ્રગટ કરી જોગટાને બાળીને ખાખ કરશે. પોતાનો પ્રભાવ પ્રગટ કરશે."

દ્વાત્રિંશિકા પુરી કરી યોગીયોના નાથે તરતજ ચુમાળોશ ગાથાનું કલ્યાણ મંદિર કાવ્ય બનાવવા માંડયું. તરતજ શીવ પિંડિકામાંથી ધુમાડા નિકળતા અગ્નિની જ્વાળાઓ ધરણેંદ્રના પ્રભાવે ભભૂકવા માંડી. આવો ચમત્કાર જોઇ રાજા વગેરે લાખો પુરૂષો આભાજ બની ગયા, આ તે જોગીના રૂપમાં કોઇ દેવ છે કે ખુદ શંકર કે વિશ્નુ પોતેજ છે! લોકો પોતપોતાની મતિકલ્પના અનુસાર ગુપચુપ વાતો કરતા યોગીનો ચમત્કાર જોવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"બસ, હવે તો મહાદેવ બરાબર કોપ્યા છે. જોજયો. હવે એ જોગટાની મજા ! આજે એનું પાપ ભરાઈ ગયું છે. જીવવાના દહાડા એના હવે પૂરા થયા છે. જોયું ! ધુમ્રમાંથી આગ જવાળાઓ કેમ નીકળી. એ આગની જવાળાઓજ એને દગ્ધ કરી દેશે. સર્વ પ્રકારની આ આફતનું મૂળ દૂર થશે." પૂજારીઓ અને બ્રાહ્મણો અબધૂતની નિંદા કરતા કલ્પનાના ઘોડાઓ દોડાવવા લાગ્યા.

યોગી તો અસ્ખલિતપણે પોતાના તાનમાંજ હતા. એક પછી એક કાવ્યદ્વારા પાર્શ્વનાથ પ્રભુના ગુણો ગર્ભિત કલ્યાણમંદિર સ્તોત્ર બોલવામાંજ એક ચિત્તવાળા હતા. લાખો માનવોની મેદનીમાં કોઇ નિંદે યાતો સ્તવે તેની મહાન પુરૂષોને પરવા ઓછીજ હોય છે.

કલ્યાણમંદિરની અગીયારમી ગાથાએ જે બસ આશ્ચર્ય ! એ ગાથામાં પ્રભુએ દુન્યાનો મહાન ગણાતો અતિરથી યોદ્ધો મદનરાજ તેનો એક ક્ષણમાં ક્ષય પમાડયો તે સંબંધીનું વર્ણન છે. તરતજ લીંગ ફાટયું અને એક મોટો જયોતિપુંજ પ્રગટ થયો જેથી લોકની આંખો તેના અપૂર્વ તેજે પુરાણી અને મીંચાઇ ગઇ. તે સાથે ભયંકર ગેબી અવાજ થાય જેથી વિષ્નુના પ્રચંડ ધનુષ્ય ટંકારની માફક કાન બેર ગયા.

અગીયારમી ગાથાએ એ જયોતિપૂંજમાંથી ધરણેંદ્રને પ્રભાવે શીવલીંગ ફાટી તે ભોંયરામાં ભંડારેલી પાર્શ્વનાથની

અદ્દભૂત પ્રતિમા, અતિ રમણીય પ્રભાવાળું આઠ પાંખડીવાળું કમલ સુવર્ણમય કેશરવાળું પ્રગટ થયું તેમાં પ્રભાતના સૂર્યના જેવું તે બિંબ અકસ્માત પ્રગટ થયું.

નાગરાજ ધરણેંદ્ર અને પદ્માવતી દેવીથી સેવાયેલ સપ્ત ફણાયુકત શ્રી પાર્શ્વનાથની અદ્દભૂત પ્રતિમા જોઇ રાજાસહિત સર્વ લોકો આશ્ચર્ય પામ્યા.

પાર્શ્વનાથને નમીને યોગીએ વિક્રમાદિત્યને જણાવ્યું "રાજન્ ? કીહાં તારૂં હરલીંગ અને કયાં આ ત્રણ જગતના દેવ ! જો મારી સ્તુતિતો આજ મહાન્ શકિતવાન અનંત શકિતવાન દેવજ સહન કરવાને સમર્થ છે. જો તારા રાજ્યમાં આવા અન્યાયો થાય છે, મૂઢ ધર્મદ્વેષી જનોએ ભગવાનના બિંબને ભોંયરામાં છુપાવીને ઉપર જલધારી બનાવી શીવલીંગને ગોઠવી મહાદેવ તરીકે તેને પ્રગટ કર્યું. પણ ખરા મહાદેવ તો આ પોતેજ છે તે તારા પોતાના આત્મહિતની ખાતર મેં પ્રગટ કર્યું.

હે ભગવન્ ! આ પ્રતિમા કોણે સ્થાપી ? કઇ વખતે સ્થાપન થઇ તેને લગતી ભૂતકાળની વંશાવળી કૃપા કરીને આપ કહી સંભળાવશો કે ? " રાજાએ પૂછયું.

રાજાને યોગીરાજની અપૂર્વ શકિત ઉપર દ્રઢ આસ્થા બેઠી. આજસુધી હરસિદ્ધ માતા અને મહેશ ઉમાપતિની એક ચિત્ત ભકિત કરનાર રાજાની તે દેવો ઉપરની શ્રદ્ધા ડગમગી. અને પાર્શ્વનાથ ઉપર કાંઇક તેનો અપૂર્વ ભકિતભાવ જાગૃત થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અસંખ્ય કૌતુકી માણસોમાં જૈનો પણ બહોળા પ્રમાણમાં હતા. તેઓ તો પાર્શ્વનાથને જોઇ હર્ષઘેલા થઇ ગયા ને રાજાની આગળ આવી કહેવા લાગ્યા કે " મહારાજ ? એ તો હમારા ભગવાન છે ! અમારા ચોવીશ તીર્થંકરોમાંના એ ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાન છે. "

વિક્રમાદિત્ય બોલ્યો " ત્યારે જૈન શાસનનો અપૂર્વ મહિમા વધારનાર આ મહાન્ યોગીરાજ કોણ ? "

# પ્રકરણ ૨૮ મું.

## અવંતી પાર્શ્વનાથ.

રાજા વિક્રમાદિત્યના કહેવાથી યોગીરાજે સર્વે જનો સાંભળી શકે તેમ અવંતી પાર્શ્વનાથને લગતી પ્રાચિન હકીકત પોતાના જ્ઞાનબળથી જાણીને સર્વને ઉદ્દેશીને કહેવા માંડી.

આજ ઉજ્જયિનીમાં લગભગ બસો વર્ષ પૂર્વે મગધરાજ સંપ્રતિ રાજાનું રાજ્ય હતું. એ પરાક્રમી રાજાએ ત્રણ ખંડ ધરતી જીતી લઇને સકળ ભૂમંડલમાં પોતાની સત્તા સંપૂર્ણ રીતે જમાવી હતી. તેના ગુરૂ અને વીર ભગવાનની આઠમી પાટે થયેલા શ્રી આર્યસુહસ્તિ સ્વામી વિહાર કરતા કરતા એક દિવસે ઉજ્જયિનીમાં પધારી ભદ્રા શેઠાણીની ગૌશાળામાં ઉતર્યા હતા. રાતને સમયે આવશ્યકાદિક ક્રિયા કરીને

પોતાના સર્વ શિષ્યો સંથારા પોરસી ભણાવીને સૂઈ ગયા તે વખતે સુહસ્તિ સ્વામી નલિનીગુલ્મ વિમાનનું અધ્યયન ભણવા લાગ્યા.

ભદ્રા શેઠાણી અનર્ગલ ઋદ્ધિસિદ્ધિથી પરિપૂર્ણ હતાં. તેનો પુત્ર અવંતિ સુકુમાલ આ જમાનામાં શાલિભદ્રની માફક બત્રીશ સ્ત્રીઓની સાથે પ્રસિદ્ધ ભોગો ભોગવતો; છતાં પોતાના મહેલમાંજ રમણ કરતો સૂર્ય કયાં ઉગે છે ને કયાં આથમે છે? તેનું પણ જેને ભાન નથી એવો એ સ્ત્રીલંપટ બની રાત દિવસ સ્ત્રીઓના પડખામાંજ પડી રહેતો; છતાં વિધિ વિલક્ષણ છે. ગમે તેવી સ્થિતિ હોય તો પણ તે તેમાં પલટો માર્યા વગર રહેતી નથી. વવશે કરીને નલિનીગુલ્મનું અધ્યયન કરતા ગુરૂના શબ્દો નજીકમાંજ રહેલા અવંતી સુકુમાળના કાને પડયા. સાંભળવાને રસ પડવાથી તે પ્રિયાનું પડખું છોડી એક ચિત્તે તે અધ્યયન સાંભળવા લાગ્યો. ચમકયો! સાંભળતાં સાંભળતાં તેને જાણે યાદ આવતું હોય કે આ બધું પોતે જોયું છે–અનુભવેલું છે, પણ કયાં તે સમજાતું નથી. તરતજ પ્રિયાઓને તજીને નીચે ઉતર્યો. અને સુહસ્તિ સ્વામી જ્યાં અધ્યયન કરતા હતા ત્યાં આવ્યો અને એકચિત્તે સાંભળવા લાગ્યો. પોતે વારંવાર વિચાર કરવા લાગ્યો. ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થતાં જણાયું કે નલિની વિમાનમાં દેવની રૂદ્ધિ ભોગવી તે થાકતે પુણ્યે ત્યાંથી ચવીને ભદ્રા શેઠાણીનો પુત્ર અવંતિસુકુમાળપણે ઉત્પન્ન થયો હતો. અનર્ગલ રૂદ્ધિનો ધણી, બત્રીશ પ્રિયાઓનો પતિ અને દોગંદુક દેવના

જેવું સુખ ભોગવતો હતો; છતાં પોતાના દેવ સુખ આગળ મનુષ્ય જન્મનું સુખ તેને તુચ્છ લાગ્યું. જેથી ફરીને પાછો પોતાના અસલ સ્થાનકે જવાનો ઈરાદો કરતો ગુરૂની પાસે આવ્યો.

" ગુરૂદેવ ! આપ શું નલિનીગુલ્મ વિમાનમાંથી આવો છો ? હું ભદ્રાનો પુત્ર અવંતી સુકુમાલ આપને નલિનીગુલ્મની વ્યાખ્યા કરતા સાંભળીને આપની પાસે આવ્યો છું. "

શાલિભદ્ર સમાન દેવસમા સુખને ભોગવનારો ભદ્રાનો પુત્ર બત્રીશ બત્રીશ સ્ત્રીઓના વિલાસમાંથી સાતમી ભૂમિકામાંથી અહીં આવ્યો તે નવાઈ. પૂર્વેલો સ્વાલ પુછતો જોઈ ગુરૂએ તેની સામે જોયું " ભાઈ ! નલીનીગુલ્મ વિમાનની વાર્ત્તા તેં કેમ જાણી ? "

" સ્વામિન્ ! આપના શબ્દો સાતમી ભૂમિકાને વિષે આરામમાં રહેલા મારા કાને પડતાં મને કંઈક યાદ આવ્યું કે એ કોઇ સ્થળે મેં સાભળ્યું કે અનુભવ્યું છે. ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાનથી મેં જાણ્યું કે હું નલિનીગુલ્મ વિમાનમાંથી અહીં આવ્યો છું. આપ કયારે પધાર્યા. "

" દેવાનુપ્રિય ? હું કાંઇ ત્યાંથી આવ્યો નથી; પરન્તુ ભગવાન મહાવીરે કહેલા જગતના સચરાચર સ્વરૂપના પ્રભાવથી ત્રણ લોકની વાત અમે જાણી શકીયે છીએ. "

" અહા....જેવું સાક્ષાત્ સ્વરૂપ નલિનીગુલ્મનું છે તેવુંજ આબેહુબ વર્ણન આપ કરો છો. શું ભગવાનનું અપૂર્વ જ્ઞાન મહાત્મ્ય છે ! "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"મહાનુભાવ ? એ બધો શ્રી મહાવીરના શાસનનો પ્રતાપ છે. જે ત્રિભુવનના જ્ઞાનનો મોટો ભંડાર છે. જો નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળ. ભૂમિપિંડનું ઉચ્ચપણું સત્તાવીસસો જોજન પ્રમાણુ છે, ઉપર બાર દેવલોકના એક એક રાજલોક પ્રમાણુ માળ હોય છે. તેમાં પ્રથમ દેવલોકે બત્રાશ લાખ વિમાનો રહેલાં છે, જે ચોખુણાં, ત્રીખુણાં અને વાટલાં ( ગોળ ) છે. આવલિગત વિમાનો તેમજ પુષ્પાવકીર્ણ વિમાન અનેક પ્રકારનાં ચિત્રવિચિત્ર છે. તેમાં મહા સમૃદ્ધિવાળા દેવતાઓ ઉત્કૃષ્ટાયુષ્ય બે સાગરોપમ અને સાત હાથ ઉંચા એમની સ્થીતિ છે. ત્યાં સુવિશાલ, આનંદમય, વિશ્વ વિખ્યાત એવું નલિનીગુલ્મ વિમાન આવેલું છે. જે નાના પ્રકારના રત્નોના સમુહથી બનેલું હંમેશ શુભ છે. અસંખ્ય યોજન પ્રમાણ તેનો વિસ્તાર છે. તેવુંજ દીર્ઘ પણ છે એવી રીતે રત્નમય ભીંતોવાળા તે વિમાનને ચારે બાજુએ તોરણવાળા ગોખ છે. તે મોટી પુતલીઓથી, મત્તવારણોથી અને સભાસ્થાનોથી શોભી રહ્યા છે. સિદ્ધાંતમાં તેનાં વિજય, વિજયંત, જયંત, અને અપરાજીત એવાં ચાર નામ આપેલાં છે. તેના ચાર દ્વારપાલ, તુંબરૂ, અસ્થિમાલા, સખરગ અને વિદ્યુન્માલી એવા તે મહા સમૃદ્ધિવાળા દેવતા છે. વળી કલ્પદ્રુમથી શોભતાં, સુગંધી ફુલવાળાં તેમજ પારિજાતાદિ તરૂવરોથી રમ્ય એવાં ચાર ઉપવન ( બાગ ) આવેલા છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્મલ જલથી ભરેલી ચારે દિશાએ ચાર વાપિકાઓ આવેલી છે જે ગંધોદક, અમૃતોદક, દ્રાક્ષોદકઅને શતોદકથી પરિપૂર્ણ છે. ત્યાં જિનભુવન આવેલું છે તેને ત્રણ દ્વાર છે. મધ્યમાં સ્તૂપ અને બારણા આગળ સમવસરણ છે. દિશાએ દિશાએ સત્તાવીશ તીર્થંકરો તેમજ સમવસરણમાંની બાર પ્રતિમાઓ એમ જીનેશ્વરની એકસો ને વીશ મૂર્ત્તિઓ થઇ. તેમજ તે દેવભુવને સૌધર્મ સભા, મજ્જન સભા, અલંકાર સભા, દેવદુષ્યકા અને પાંચમી શુભાધિષ્ઠિત એવી પાંચ સભા છે જેનાં સાઠ બીંબ મળીને કુલ એકસો ને એંસી પ્રતિમા હોય છે ત્યાં ગોળ એવા સુવર્ણના કુંભ અમૃતથી ભરેલા છે તે અમૃતજલથી દેવતાઓ પ્રભુનું સ્નાત્ર કરે છે.

વિમાનના મધ્ય પ્રદેશમાં મુખ્ય દેવતાનું નિવાસ-સ્થાનક છે. તે આખો પ્રાસાદ દેવદેવીના સમુદાયથી ભરેલો છે. વિષ્કંભથી માંડીને ત્રણ ગવ્યૂતિ તેનું પ્રમાણ છે. એને ચારે દિશાએ એકસો ને તેંતાળીસ પ્રાસાદો આવેલા છે તે મુખ્ય દેવને આઠ દેવાંગના છે તેમજ ત્રણ લાખ નવ હજાર તો તેની દાસીઓનો પરિવાર છે. બીજાં પણ દેવદેવી વગેરે ઘણાં છે તે સર્વે ઇન્દ્રની માફક ભોગ ભોગવે છે તે મુખ્ય દેવ કદાચ સુરેંદ્ર ભવનમાં જાય તો સુરેંદ્ર પોતાનું અર્ધાસન તેને આપે છે. નલિનીગુલ્મ વિમાનના દ્વારે, પ્રાસાદમાં ઇત્યાદિ સ્થાનકે દેવદેવીઓનો વિસ્તાર તો સિદ્ધાંતથી જાણી લેવો.

પાંચે સભાઓ ગીત, ગાન, વાદ્ય, નાટ્ય ઇત્યાદિકથી તેમજ શુભ વસ્ત્ર રત્નના સમુહથી પરિપૂર્ણ આનંદ આપનારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્વે મનોવાસનાને તૃપ્ત કરનારી તે સભા કે જ્યાં પહેલીમાં બેઠક વગેરે બીજીમાં સ્નાન કરવું, ત્રીજીમાં અલંકાર પહેરવા, ચોથીમાં વસ્ત્રાભૂષણ સજવાં અને પંચમીમાં વ્યવહાર કાર્ય કરવું વગેરે વ્યવસ્થાઓ છે." ગુરૂનું એ પ્રમાણેનું વચન સાંભળીને અવંતી કુમારે કહ્યું. "ભગવન્ ! એ વિમાનમાં હું સત્વર જાઉં તેમ કરો ?"

"દેવાનુપ્રિય ! તે વિમાન તો ચારિત્ર ( દિક્ષા ) લેવાથી મળી શકે." ગુરૂએ કહ્યું.

"તો પ્રભુ ! મને ચારિત્ર આપો."

"ભાઈ ! ચારિત્ર પાળવું એ લોહના ચણા ચાવવા જેવું છે. તમારા જેવા સુકુમારથી પાળવું એ દુષ્કર છે."

"પ્રભુ ! દિક્ષા લેવાને તો હું ઉત્કંઠિત છું પણ દીર્ઘકાળ ચારિત્ર પાળવાને અસમર્થ છું. માટે અનશન સહીત મને દીક્ષા આપો !"

"મહાનુભાવ ? જો તમારો એવોજ ભાવ હોય તો માતા વગેરે કુટુંબીજનોની રજા લઈ આવો !"

ગુરૂનું વચન સાંભળાને કમાલે ઘરે જઈ હાથ જોડી માતાની રજા માગી. માતા વગેરે કુટુંબી જનોએ રજા ન આપવાથી પોતાને હાથે કેશનો લોચ કરી નાખી સાધુનો વેશ પહેરી સુહસ્તિ સ્વામી પાસે આવ્યો. જેથી ગુરૂએ પ્રવ્રજ્યાની વિધિ કરાવી દિક્ષા આપી. પછી અનશનની આજ્ઞા લઈ કમાલ પત્રને ક્રીડા કરવાનું સ્થાન એવા સ્મશાનમાં

જઈ કંથારિકા કુંડ ( વૃક્ષ વિશેષ ) ને નીચે કાઉસગ્ગ ઊભા રહ્યા. રાતના તેમના લોહીથી આકર્ષાયેલી એક શિયાળણી પોતાના બચ્ચાં સાથે ભૂખી થઇ છતી તે જગોએ આવીને કુમારનું માંસ ખાવા લાગી. જંબુકી રાત્રીના પહેલા પ્રહરે એક પગ ખાઈ ગઇ. ને તેના બાળકો બીજો પગ ખાઈ ગયા. છતાં મહાનુભાવ ધ્યાનથી ચળાયમાન ન થયા. બીજે પ્રહરે તેના બે સાથળ તેઓ ખાઈ ગયા. અને ત્રીજે પ્રહરે તેમનું ઉદર ખાવા લાગી.

મહા સાત્વિક એવા કમાલ ત્રણ પ્રહર પર્યંત વેદનાને સહન કરતા છતા કર્મને તોડતા ચોથે પ્રહરે કાળ કરીને જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા અર્થાત્ નલિનીગુલ્મ વિમાનમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયા.

શિયાળ તે ગત ત્રીજા ભવમાં કમાલની પત્ની હતી. તે કુષ્ટ વ્યાધિથી મરી ગઈ હશે જેથી પૂર્વના વૈર સંબંધને લીધે મુનિને જોઈ રોષે ભરાણી અને મુનિના શરીરનું માંસ ભક્ષણ કરતી રૌરવ નરકમાં પડી.

કમાલની માતા ભદ્રા શેઠાણીએ પોતાની વહુઓ સાથે ગુરૂ પાસે આવી કમાલનો વૃત્તાંત પૂછયો. તે વારે ગુરૂએ જ્ઞાનથી તેમનું સર્વ દુષ્કર કાર્ય માતાને કહી સંભળાવ્યું. જેથી માતાએ ઘણું આક્રંદ કરવા માંડયું. પછી પોતાની ગર્ભવતી વહુને મુકીને એકત્રીસ વહુની સાથે ગુરૂ પાસે તેમણે સંયમ લીધું અને સ્વર્ગે ગયાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેલી ગર્ભવતી વધુને અનુક્રમે પુત્ર થયો, તેણે પિતાનું ચરિત્ર સાંભળીને જ્યાં પિતાનો મહાકાળ થયેલો ત્યાં તેણે આ મંદિર બંધાવી મહાકાલ એવું નામ આપ્યું અને પુરિસાદાની પ્રગટ પ્રભાવવાળા એવા પાર્શ્વનાથની અદ્દભૂત પ્રતિમા તેણે પ્રતિષ્ઠિત કરી. કેટલાક કાલ પર્યંત તેની પૂજા ચાલી.

એકવાર લાગ જોઈને બ્રાહ્મણોએ તે પ્રતિમાને કાઢી નાખી ભોંયરામાં દાટી અને આ મહાદેવનું લિંગ ત્યાં બેસાડી દીધું. તે મારી સ્તુતિથી પ્રસન્ન થઈ મૂળ પ્રભુ પ્રબળ પુણ્યે પ્રગટ થયા. મારી સ્તુતિ સાંભળીને ભગવાનના અધિષ્ઠાયક નાગરાજ ધરણેંદ્રે પોતાની શક્તિથી શિવલિંગને તોડીને આ બિંબ પ્રગટ કર્યું. જે સત્ય હતું તે હે રાજા ! મેં તારી આગળ નિવેદન કર્યું. "

યોગીરાજનું આ પ્રમાણે કથન સાંભલી રાજા સહીત સર્વ પ્રજા આશ્ચર્ય પામી, રાજા સંપૂર્ણ શ્રદ્ધાવાળો થયો અને તે જેવો મિથ્યાત્વી હતો તેવો જ જૈન ધર્મમાં અપૂર્વ આસ્થાવાળો થયો. રાજાએ મંદિરના નભાવને માટે સો ગામ આપ્યાં અને શ્રી પાર્શ્વનાથની પૂજા પ્રવર્તી.

" આવા અપૂર્વ મહાત્મ્યવાળા આ અબધુત કોણ છે " એમ લોકોમાં વાર્તા ચર્ચાણી. ત્યાં આવેલા જૈનો પણ પોતાનું તીર્થ પ્રગટ થયું જાણી ઘણા આનંદમાં આવી ગયા, તેમજ રાજા પણ જૈન ધર્મનો પ્રભાવ જોઇ ખુશી થયો. કોઈને ખબર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ નહોતી કે મહાકાળ એ જૈનોનું તીર્થસ્થળ હશે. પ્રાચિન ઈતિહાસથી પણ સર્વે અજાણ હતા. પરંતુ ત્યારે આવું અપૂર્વ તીર્થ પ્રગટ કરનાર અને રાજાને પણ જૈન ધર્મનો રંગ લગાડનાર આ અબધૂત કોણ ? "

" યોગીરાજ ! આપ હવે આપનું મૂળ સ્વરૂપ પ્રગટ કરો ! મારા સહીત સર્વેની અભિલાષા સંપૂર્ણ કરો. " રાજાએ હાથ જોડી તેમને પ્રગટ થવા વિનંતિ કરી.

રાજાના જવાબમાં યોગી શું જવાબ આપે છે, તે સાંભળવાને સર્વે આતુર બન્યા.

## પ્રકરણ ૨૮ મું.

### ઉદ્ધાર.

" ઓહો........સંસારી લોકોનું વૈચિત્ર્ય તો જુઓ ! રાજન ! મને તમે નથી ઓળખતા ? હજારો માણસોમાંથી કોઈ મને વર્ત્તી શકે તેમ નથી શું ? " યોગીએ પૂછયું.

યોગીની વાણી સાંભળી સર્વે વિચારમાં પડયું. મહાજન પણ સમજ્યું, ને તેમને સાત સાત વર્ષોની ભૂતકાળની વાતોનું સ્મરણ થયું. કેટલાક જાણીતા અને પરિચયવાળા સેવકો કાંઈક લાંબો વિચાર કરી અંદર ગુસંપુસ વાતો કરવા લાગ્યા. રખેને સૂરીશ્વર પોતેજ ન હોય. " યોગીરાજ ! ખરે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપના જેવી શક્તિ ફક્ત એક પુરૂષની હતી, તેમને અમુક પ્રાયશ્ચિતને અંગે ગચ્છત્યાગ કરી ગુમ થઈ ગયાને આજે સાત સાત વર્ષો પસાર થઇ ગયાં છે. અમે માનીયે છીએ કે આપ તેમના જેવાજ જણાઓ છો. તો પ્રગટ થઇને અમને દર્શન દ્યો. ” એક વયોવૃદ્ધ વિદ્વાન આગેવાને પોતાના ઉદ્‌ગાર બહાર કાઢ્યા.

“ તમારી અટકળ ખરી છે, પણ હજી મારે પ્રાયશ્ચિતની મુદત બાકી રહી છે. માટે મુદત પુરી થતાં હું પ્રગટ થઇશ. અત્રેનું ધર્મકાર્ય પરિપૂર્ણ થવાથી હવે હું રજા લઇશ. ” યોગીરાજે એમ કહીને ચાલવાની તૈયારી કરવા માંડી.

યોગીરાજનાં વચન સાંભળી સંઘ ઘણોજ ખુશી થયો, અને તેલ બિંદુની માફક આ સિદ્ધસેન દિવાકરસૂરિ છે એવી વાર્તા હજારો જનસમુદાયમાં ફેલાઈ ગઇ. મહારાજ વિક્રમાદિત્ય ગુરૂને ઓળખી તેમને પગે પડ્યો. સંઘે તેમને વંદના કરવા માંડી. થોડીકવાર સંઘ સાથે મસલત કરી રાજા વિક્રમે ગુરૂને કહ્યું “ પ્રભો ! જો કે પ્રાયશ્ચિતની મુદત બાર વર્ષની છે છતાં અમુક નવીન તીર્થ પ્રગટ થાય અને કોઇ રાજા પ્રતિબોધ પામે તો આપનું પ્રાયશ્ચિત પુર્ણ થાય છે. સંઘ આપનાં પાંચ વર્ષ માફ કરીને આપને સંઘમાં ( ગચ્છમાં ) લેવાને ઇન્તેજાર છે. સંઘની વિનંતિ આપે માન્ય રાખવી જોઇએ. મને પણ આપે જૈનધર્મનો રંગ લગાડ્યો છે તો પ્રતિદિવસ આપ મારી રાજસભામાં આવીને શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વરૂપ સમજાવી મને ચુસ્ત જૈન બનાવો! આપનો ભક્ત શ્રાવક બનાવો!"

તરતજ ઉજ્જયિનીના આગેવાન શ્રીમંતો નગરશેઠ, ધનદત્તશાહ વગેરે યોગીરાજની આગળ આવી યોગીવેશ ત્યાગ કરીને ગચ્છમાં આવવાની વિનંતિ કરી. "સ્વામિન્! આપનું પ્રાયશ્ચિત આવા અમોઘ કાર્યથી પારપુર્ણ થયું છે. જૈન ધર્મનું ગૌરવ આજે જગજાહેર થયું છે. મહારાજ વિક્રમાર્ક જેવા રાજાનું આપે મિથ્યાત્વ તજાવી તેના હ્રદયમાં આપે જૈન ધર્મનું બીજ રોપાવ્યું. ચમત્કાર બતાવી નમસ્કાર કરાવ્યો, માટે અમારી અરજ સ્વીકારી આપ પ્રગટ થાઓ! દેશ પરદેશના સંઘમાં આનંદના વૃદ્ધિ થાઓ! સમસ્ત સંઘ આપનાં પાંચ વર્ષ રદ કરે છે" નગરશેઠે યોગીરાજને વિનંતિ કરી.

"પ્રભુ! સ્વામિન્! હવે સંઘને વિના કારણે ન તલસાવો! નગરશેઠનું વચન એ સકલ સંઘનું વચન આપે સમજવું. જે સંઘનુ માન શ્રીમહાવીર સ્વામી પણ 'नमो तिथ्थस्स' કહીને સાચવે છે. તો આપણે પણ સંઘનું વચન માન્ય રાખી ગચ્છમાં પ્રવેશ કરી પુનરૂદ્ધાર કરવો જોઈએ. આપે નવીન તીર્થનો ઉદ્ધાર કર્યો. માળવા દેશનો ઉદ્ધાર કર્યો. વીર ભગવાનની આજ્ઞા પાળી, બાર વર્ષનું પારાંચિક તપ પણ આદર્યું. આજના જમાનામાં જે નહી બની શકે તેવું અપૂર્વ પરાક્રમ આપે બતાવ્યું. જેથી સંઘ રાજી ખુશીથી આપને સંઘમાં (ગચ્છમાં) લેવાને ખુશી છે. આપને કાંઇ

પ્રાયશ્ચિત્ લાગ્યું, તેમાંથી આપનો ઉદ્ધાર થઈ ગયેલો સંઘ તો માને છે.” રાજાએ કહ્યું.

“ યોગીરાજ ! આપ પ્રગટ થાઓ ? પ્રગટ થાઓ ? ” ચારે તરફ કોલાહલ થયો.

“ સકલ સંઘ જો મને પવિત્ર માનતો હોય, પ્રભુ મહાવીરની આજ્ઞાનું પાલન કરતાં પ્રાયશ્ચિતથી મારો ઉદ્ધાર થયો સમજતો હોય અને મને ગચ્છમાં લેવાને ખુશી હોય તો સંઘની આજ્ઞા માનવી તે મારી ફરજ છે.” યોગીરાજ બોલ્યા.

તરતજ રાજા અને નગરશેઠે સકલસંઘની અનુજ્ઞાથી યોગીનો વેશ ઉતરાવી સાધુ વેશ આપ્યો અને સિદ્ધસેન દિવાકર સૂરિ પોતે સાત વર્ષે પાછા પ્રગટ થયા. સંઘમાં જય જયકાર થયો. જ્યાં ત્યાં દિવાકર સૂરિના જયનાં બિરૂદ બોલાવા લાગ્યાં.

વાજિંત્રોના મધુર સ્વરોની સાથે રાજા પ્રજા અને સંઘ સહિત નગરમાં ગુરૂનો પ્રવેશ મહોત્સવ થયો. દેશ પરદેશ સકલ સંઘમાં ખબર પહોંચતા આનંદ આનંદ થઈ રહ્યો.

એક દિવસ રાજા સભામાં બેઠેલો છે, ગુરૂ મહારાજ સિદ્ધસેન દિવાકરસૂરિ પણ સભામાં બિરાજ્યા છે, વાર્ત્તા વિનોદ ચાલી રહ્યો છે, ત્યારે રાજાએ પ્રસન્ન થઈને છેવટે કહ્યું. “ ગુરૂ ! આપને દેવા યોગ્ય મારી પાસે કાંઈ વસ્તુ નથી કે જે વસ્તુ આપીને હું અનૃણી થાઉં ? ”

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"રાજન્ ! જો તું સમકિત ધારણ કરે તો ખરે તું જેવો થવાને ઇચ્છે છે તેવો અનૃણી થઇ શકે. "

" સ્વામિન્ ! સમકિત એ શું વસ્તુ છે ? "

" દેવતત્વ, ગુરૂતત્વ અને ધર્મતત્વ–તેને ઓળખીને તેમની ઉપર શ્રદ્ધા તે સમકિત ! દોષ સહિત, શસ્ત્રાસ્ત્રધારી અને સ્ત્રી સહીત તેવા દેવને દેવબુદ્ધિએ માનવા, પરિગ્રહધારી, ગૃહસ્થાશ્રમી, લોભી, લંપટાદિ દુર્ગુણવાળાને ગુરૂ માનવા તેમજ હિંસા પરાયણ અધર્મને ધર્મ માનવો તે મિથ્યાત્વ.

ત્રણે લોકને પૂજવા યોગ્ય, અને અઢાર દોષે કરીને રહિત, વિષય કષાય વિવર્જીત લોકો લોકના સ્વરૂપના જ્ઞાતા, ચોત્રીશ અતિશયવંત જગતની અંતરંગ અને બાહ્ય ઉપાધીમાં માધ્યસ્થ મનોવૃત્તિવાળા, જન્મ, જરા અને મરણના કષ્ટોએ કરીને મુકત, દેવ મનુષ્ય તિર્યંચ અને નરક તે રૂપ ચારે ગતિનો અંત કરી સંસારસમુદ્રના પારને પામેલા, આઠે કર્મરૂપ શત્રુઓને હણનાર, ચોસઠ ઇન્દ્રોથી પૂજાયેલા, વળી કર્મરૂપી બીજ જેમનું બળીને ભસ્મીભૂત થયું છે. રાગ દ્વેષરૂપ મહામલ્લને જીતનાર, અનંત ચારિત્ર, અનંત શક્તિ અને અનંત રૂદ્ધિવાળા એવા તિર્થંકર દેવ તેજ શુદ્ધ દેવતત્વ કહેવાય. એવા દેવતત્વનું આરાધન કરીને મનુષ્ય જન્મ સફલ કરીને સંસાર સમુદ્ર તરવો ! ત્રણે કાળે તેમની સેવના કરી ભકિતથી તે પ્રભુનું આરાધન કરવું.

પાંચ મહાવ્રતના પાલનાર, પાંચ આચાર યુકત, પંચે-

દ્રિયોને વશ રાખનાર, ચાર કષાયે કરીને રહીત એવા, છકાય જીવોનું રક્ષણ કરનાર, નવ પ્રકારના બ્રહ્મચર્યને ધારણ કરનાર, આઠ પ્રવચનની માતા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરીને સહીત. દશ પ્રકારના યતિ ધર્મને પાળનાર, સત્તર પ્રકારના સંજમનું રક્ષણ કરનાર, અઢારે પાપસ્થાનકોને છોડનારા, એક જિનવરનુંજ નામ જપનારા, બાવીશે પરિસહને સહન કરનારા, શત્રુ અને મિત્રમાં સમદૃષ્ટિ રાખનારા, બેંતાલીશ દોષ રહિત આહારનું ભક્ષણ કરનારા અને ધર્મને માટે જ કાયાને પોષનારા, શાંત, દાંત, મહંત એવા ગુરૂ તે ગુરૂતત્વ કહીએ, જેમના ઉપદેશથી ભવસાગર તરીયે.

હિંસા રહીત અને વિનય પ્રધાન તેમજ ભવસમુદ્ર તરવાને વહાણ સમાન, દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખનાર, કેવળી ભગવંતે પ્રરૂપણા કરેલો, સંસારી જીવોને હિત કરનારો, તેમજ પરભવ જતાં પ્રાણીને મિત્ર સરખો એવો ધર્મ તે ધર્મતત્વ જાણવું.

સ્ત્રીઓના પ્રેમમાં મશગુલ રહેનારા, પુષ્પધન્વાના બાણો (વિકારો)થી પીડીત, વળી જેવો શત્રુઓના ભયને લીધે શસ્ત્રો રાખે છે, મુકિતના શુદ્ધ સ્વરૂપને ઓળખવાને અસમર્થ છે, જેઓ રોષ કરે તો દુઃખી કરે, તુષ્ટમાન થાય તો સુખી કરે એવા રાગદ્વેષથી ભરેલા દેવોમાં દેવ ( પરમાત્મ ) બુદ્ધિ ધારણ કરવી તે અદેવ તત્વ સમજવું

જગતની સર્વ વસ્તુઓના જે અભિલાષી છે. જેને સ્ત્રી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્ર, કુટુંબમાં ગાઢો સ્નેહ છે. જેઓ હિંસા ધર્મનો પ્રકાશ કરતા પ્રિયાઓમાંજ ફક્ત પ્રીતિવાળા છે. અતિ આરંભ સમારંભ અને પરિગ્રહમાં મમતાવાળા છે, પોતાનું અને કુટુંબનું ભરણ પોષણ કરવાને શાસ્ત્રના શુદ્ધ માર્ગોને સ્વમતિ કલ્પનાથી વાંકા ચુંકા ગુંથી ભોળા લોકોને ઠગવાનો સ્વાર્થ સિદ્ધ કરવાનો એકજ પ્રયત્ન રહેલો છે અને પ્રતિસમય પોતે ભવસાગરમાં ડુબી રહ્યા છે, અન્યને ડુબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવા કુગુરૂઓ ભવસાગરથી કેમ તારે ! નિર્ધન માણસની સેવા કરવાથી શું ધન મળે ? તે અગુરૂ તત્વ જાણવું.

જે ધર્મમાં હિંસા ઘણી હોય, હોમની ક્રિયાઓમાં પશુ આદિનાં બલિદાન થતાં હોય, પણ દયાતત્વનું સ્વરૂપ દૂર હોય. સ્નાન શૌચ તેનેજ ધર્મ પોકારે અને કારણ વગર અનર્થ દંડ કરીને અનેક પ્રકારે કર્મ બંધન કરે. પોતાની બુદ્ધિથી કલ્પીને શાસ્ત્રના ઉલટા માર્ગ દેખાડે અને પ્રાણીવધની થાપના કરે એવો અજ્ઞાની જનોએ કહેલો ધર્મ તે કુધર્મ અથવા તો અધર્મ સમજવો.

અદેવ, અગુરૂ અને અધર્મને માર્ગે ચાલવું તે મિથ્યાત્વ; તેના પ્રભાવથકી આત્મા સંસારની ચારે ગતિમાં પરિભ્રમણ કરતો અનેક પ્રકારનાં દુઃખો સહન કરતો જન્મ મરણ કર્યા કરે છે. જ્યાં સુધી તેની સ્થીતિ પરીપકવ થઇ નથી, ત્યાંલગી શુદ્ધ સ્વરૂપ સમજવામાં આવતું નથી.

સુદેવ, સુગુરૂ અને સુધર્મ તેને ઓળખીને શ્રદ્ધાપૂર્વક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રિકાળ તેનું સેવન પૂજન આરાધન કરવું. ક્રમે કરીને વીતરાગ પદ પ્રાપ્ત કરીને ભવસાગરની પાર ઉતરવું. પાપ રહીત થાવું. મુકિતના માર્ગમાં જાવું. સમકિત થતાંજ અનાદિકાળથી સંસાર ભ્રમણ કરતો જીવ ધીરે ધીરે સંસારથી મુકત થાય છે. જેમ જેમ મુકિત સ્વરૂપનું ઓળખાણ થાય તેમ તેમ તે વીતરાગની પદવી પ્રાપ્ત કરી કર્મોનો ક્ષય કરી અનાદિ જન્મ મરણથી વિવર્જીત થાય છે.

સમકિતનું દાન તે મોટામાં મોટું દાન ગણાય છે. માટે હે અવંતીશ્વર! તમે પણ એવા અપૂર્વ સમકીત રત્નનું આરાધન કરો! ભવસાગરની પાર ઉતરો! સંસારમાં આત્માને સમકિત ફરસના થયા પછી અધીકમાં અધીક અર્ધ પુદ્‌ગલ પરાવર્ત્તન કરવું પડે છે તેટલા અરસામાં તે નિશ્ચય મુકિતને વરે છે, તેમજ ઓછામાં ઓછું તે અંતમુહુર્ત્તમાં પોતાનું કાર્ય કરે છે. સમકિતના ઉપશમ સમકિત, ક્ષાયોપશમ અને ક્ષાયિક વગેરે ભેદો છે. એવો સમકિત માર્ગ તેજ પરંપરાએ મુકિતનો માર્ગ છે."

ગુરૂનાં એ પ્રમાણેનાં વચન સાંભળીને રાજાએ સભા સમક્ષ ઉભા થઈને સમકિત ઉચરાવવા કહ્યું. તે પ્રમાણે દિવાકર સૂરિએ દેવ ગુરૂ અને ધર્મની ભકિત કરવા પૂર્વક સમકિત ઉચરાવ્યું. "હે રાજન્! મન વચન અને કાયાએ કરીને અરિહંતની ભકિત કરજો. સમકિતધારી સાધર્મિક બંધુઓની ભકિત કરજો, સંઘભકિત અને ગુરૂભકિતથી તમારા આત્માને પાપ રહીત નિર્મળ કરજો. મોટા ઓચ્છવો કરીને ધર્મનો ઉદ્યોત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરજો." ગુરૂએ સમકિત યોગ્ય કર્ત્તવ્ય સમજાવ્યું. તે પ્રમાણે રાજાએ માન્ય કરી કબુલ કર્યું. ગુરૂએ વાસક્ષેપ નાંખ્યો અને રાજા શુદ્ધ સમકિતવંત થયો. બીજા પણ કેટલા જનો જૈન ધર્મનો મર્મ સમજી રાજાને પગલે ચાલવા લાગ્યા. ધનદત્ત શેઠ, રૂપચંદ કુમાર અને સકલસંઘ રાજાને સમકિત ઉચરતો જોઈ હરખાયો. ઘેર ઘેર ધવલ મંગલ વર્તાયાં. કેટલાક દિવસ પછી ગુરૂ રાજા વિક્રમાદિત્યને પ્રતિબોધી અન્યત્ર વિહાર કરી ગયા.

રાજા પણ ત્યારથી એકમને અરિહંતની ભકિત કરવા લાગ્યો. સુગુરૂમાંજ ગુરૂબુદ્ધિ ધારણ કરી અને વિતરાગના ધર્મમાંજ ધર્મબુદ્ધિ ધારણ કરીને અન્ય આળપંપાળ છોડી દીધી.

અવંતી પાર્શ્વનાથની પ્રતિમા અને મંદિરનો પુનરૂદ્ધાર કરીને રાજાએ દિવાકરને હાથેજ પ્રતિષ્ઠા કરાવી રાત દિવસ તેની ભકિત કરવા લાગ્યો. રાજાના સંસ્કારો તેના તાબાના રાજાઓમાં પડયા. અન્ય પ્રજા વર્ગમાં પણ રાજાનું અનુકરણ થવા લાગ્યું. યથા રાજા તથા પ્રજા–જેવો પ્રથમ મહાદેવનો મહિમા હતો તેના કરતાં પણ વધારે ભકિતથી લોકોમાં અવંતી પાર્શ્વનાથનો મહિમા ફેલાવ્યો, અધિક ઉત્સાહથી લોકો તેમની સેવા ભકિત કરવા લાગ્યા. દેશ પરદેશના લોકો, સંઘો તેમનાં દર્શને આવવા લાગ્યા. દુનીયામાં સામાન્ય એવો નિયમ હોય છે કે કોઈ નવીન તીર્થ કે પ્રભાવ જોવામાં આવે છે ત્યારે અલ્પકાળમાં તેનો મહિમા પૃથ્વી ઉપર ફેલાઈ જાય છે. તેવીજ રીતે અવંતી પાર્શ્વનાથના પ્રકટપણાની વાર્ત્તા જન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રુતિએ દેશ પરદેશ પહોંચી જતાં કાંઇ વાર લાગી નહી. દિવાકર સૂરિના ચમત્કારો તેમની અપૂર્વ શક્તિની પણ તેનીજ સાથે પ્રખ્યાતિ થઇ. જેથી તીર્થનો મહિમા તેના અપૂર્વ મહાત્મ્યથી સ્વલ્પ કાળમાં પ્રસરી ગયો.

રૂપચંદ કુમાર, રૂપસુંદરી, મંજરી અને સૌભાગ્યને પણ દિવાકર સૂરિના દર્શનનો લાભ મળ્યો. તેમના અંતરમાં પણ ધર્મનું બીજ આરોપણ થયું, તેમણે દિવાકર સૂરિની અપૂર્વ શક્તિઓ સાંભળી હતી, તેનો પ્રત્યક્ષ પ્રભાવ જોવાનો પણ અવકાશ મળ્યો, એવી રીતે દિવાકર સૂરિએ પ્રગટ થતાંજ જૈનધર્મનો અપૂર્વ દિગ્વિજય કર્યો. માળવામાં જ્યાં ત્યાં અઢારે વર્ણમાં જૈનધર્મનું વાતાવરણ ફેલાવી તેમના હૃદયમાં જૈનત્વ ભાવના જાગૃત કરી.

# પ્રકરણ ૨૯ મું.

## ઑંકાર નગર.

માળવામાં આવેલા ઓંકારપુર નગરમાં તે વખતે શૈવધર્મનું જોર અધિક હતું. પૂર્વે તે ગામ ભરડા (બ્રાહ્મણ પૂજારી) ને કાન્યકુબ્જના રાજાએ બક્ષીસમાં આપેલું હતું. હાલમાં તે ગામ જો કે પરંપરાએ ભરડાના જ અધિકારમાં હતું; છતાં રાજા વિક્રમાદિત્યની આણ અહીંયાં ફરતી હતી. વિક્રમા-

દિત્યના સમયમાં ઓંકાર નગર મોટું શહેર ગણાતું હતું. શિવનું મુખ્ય સ્થળ હોવાથી હિંદુઓમાં શૈવધર્મનું બળ વધારે હતું. ત્યાં જૈનધર્મ પાળનારાઓની વસ્તી પણ બહોળા પ્રમાણમાં હતી. છતાં જૈનમંદિરનો અભાવ જોવાતો હતો. કેમકે બ્રાહ્મણોની સત્તાનું સામ્રાજ્ય ચાલતું હોવાથી તેઓ જૈનમંદિર થવા દેતા નહી. જેથી જૈનો સમયની રાહ જોતા અને કંઈક પરિવર્ત્તન થવાની આશા રાખતા દિવસો નિર્ગમન કરતા હતા.

પૂર્વની ઘટના વિત્યાને મહિનાઓના મહિના અને વર્ષોપર વર્ષો પસાર થયા. દેશપરદેશ દિવાકરસૂરિ વિહાર કરતા છતા, ભવ્યજીવોને પ્રતિબોધી સકલ સંઘને આનંદ આપતા અનુક્રમે ઓંકાર નગરમાં પધાર્યા. તેમના આવાગમનથી ઓંકાર નગરના સંઘને ઘણોજ હર્ષ થયો. સૂરીશ્વરનો ઠાઠમાઠથી પ્રવેશ મહોત્સવ થયો.

એક દિવસે મધ્યાન્હ સમય વિત્યા પછી સૂરીશ્વર પાસે સંઘના આગેવાન ગૃહસ્થો કંઇક મસલત કરવાને ભ્હાને બેઠા હતા. કંઇક મહત્વના કાર્યને અંગે ચર્ચા ચાલી રહી હતી. શ્રાવકોના કથનથી સૂરીશ્વર કાંઇક વિચારયુક્ત ગંભીર વદને બેઠા હતા. તેવામાં એક વૃદ્ધ શ્રાવકે ઓંકાર નગરને લગતી કાંઇક પૂર્વની હકીકત ગુરૂ મહારાજને જણાવવા માંડી " ગુરો ! સાંભળો બ્રાહ્મણોની સત્તા વધી પડવાનું કારણ આપને સ્પષ્ટ સમજાવું." પૂર્વે ઓંકાર નગરની પાસે એક ગામ હતું. ત્યાં સુંદર નામે ગામધણી ઠાકોર હતો તેને બે સ્ત્રીઓ હતી. તેમાં એક સ્ત્રીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્રી થવાથી તે મહાખેદ પામી અને વિચારવા લાગી કે જો મારી શોકને પુત્રનો જન્મ થશે તો તે ગાદીનો વારસ થશે ને મારાં માનગૌરવ પણ ઘટી જશે. માટે કોઈપણ રીતે એ શોકને જો પુત્રનો પ્રસવ થાય તો તેને મારી નંખાવું.

ભારતવર્ષમાં સાસુને વહુનું ઝેર, નણંદ ભોજાઇની ખટાપટ અને શોકના ઝગડા એ તો તેની પરંપરાથી ચાલી આવતી તેમજ વૃદ્ધિંગત થતી અપૂર્વ દોલત છે. એ દોલતેજ ભારતના ઝળહળતા સંસારની અધોગતિ કરી છે. ઝેરવેરથી કુસુંપનાં બીજ વવરાવી મહાપુરૂષોની આર્યબાળાના નવીન આશાભર્યા જીવનોની ખાનાખરાબી કરી છે. સાસુઓને વહુ ઉપર સત્તા ચલાવવાનો શોખ થાય છે. નણંદોને પણ ભાભીઓ ઉપર હુકમ ચલાવવાની ટેવજ ન હોય, તેમ તેમની ઉપર હાક બેસાડવાને અનેક પ્રકારની ચાલાકીનો ઉપયોગ કરતી તેઓ જોવાય છે. અને શોકનો ખાર તો તે થકી પણ વધીને આગળ ચાલ્યો જાય છે. અરસપરસ અનેક પ્રકારના કાવાદાવા રચાય છે. પોતાનાથી પોતાની શોક આગળ ન વધી જાય તેને માટે ખાસ કાળજી રખાય છે! ખુન જેવા પાપથી પણ શોકજાત ડર ખાતી નથી. શોકને મારી નંખાવવા, શોકના પુત્રને પુરો કરવા શોક શું નથી કરતી, એ ઇતિહાસ તો પ્રાચિનકાળથી જગતમાં જગજાહેર છે.

“જો એને પુત્ર આવશે તો માનિતી થશે અને ડગલેને પગલે મને હડધૂત કરશે માટે પ્રથમથી જ એનો ઉપાય કરૂં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે જેથી ભવિષ્યમાં કોઈ દીવસ મારે પશ્ચાત્તાપ કરવો પડે નહીં" તરતજ સૂયાણીને બોલાવી તેને સમજાવ્યું કે "જો મારી શોકને દૈવકાળે પુત્રનો પ્રસવ થાય તો તારે તેને મારી નાખવો અથવા તો તેને દૂર નાંખી દઈ તેની જગાએ મુવેલું બાળક ઠાકોર આગળ તારે બતાવવું, તેને બદલે તને આ હું અમૂલ્ય કિમત આપું છું એમ કહી સુવર્ણ મ્હોરોની ભરેલી એક થેલી તેને આપી. સુયાણીનું મન લલચાણું અને શોકને જો પુત્ર આવે તો તેનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી. તરતજ સુવર્ણની થેલી લઈને સૂયાણી ત્યાંથી ચાલી ગઈ.

થોડા દિવસમાં પ્રસૂતિકાળ આવ્યો, તે વારે તેની માવજત કરવાને સૂયાણી હાજર થઇ. રાણીને પુત્રનો પ્રસવ થયો કે તરતજ તેની જગાએ મરેલો પુત્ર ગોઠવીને તેને ગામને દૂર જંગલમાં નંખાવી દીધો. ઠાકોરે મરેલો પુત્ર જાણી તેની ઉત્તરક્રિયા કરી. આ તરફ ગામની બહાર જંગલમાં પડેલા તરતનાજ જન્મેલા બાળકનું પ્રબળ પુણ્ય હોવાથી તેના કુળદેવતાએ પ્રગટ થઈને ગાયનું રૂપ કરીને તેને દુધ પાયું. પછી તેને રાત્રીના શિવમંદિરમાં મૂકયો અને રાતના ભરડાને (પૂજારીને) સ્વપ્નું આપ્યું કે હું તને પુત્ર આપું છું. પછી પ્રભાત સમયે ભરડો ખુશી થયો છતો શિવમંદિરમાં પૂજા કરવા આવ્યો ત્યાં મંદિરમાં એક દિવસના બાળકને જોઇ ખુશી થયો, તરતજ તેને ઉપાડી લઈ ખુશી થયો છતો પોતાની સ્રીને હવાલે કર્યો. પુત્ર તરીકે તેને ઉછેરીને મોટો કર્યો અને તે શીવની અધિક ભક્તિ કરવા લાગ્યો.

આઠ વરસ પસાર થયાં. ત્યારે બ્રાહ્મણ જયાં ગામની બહાર મહાદેવની પૂજા કરવાને આવતો હતો, તે મહાદેવના મંદિર નજીક કનોજનો રાજા દિગ્વિજય કરવાને નિકળેલો તે લશ્કર સહિત ત્યાં પડાવ નાખીને પડયો હતો. કર્મ સંજોગે રાજા આંધળો હતો, જેથી તેણે અનેક પ્રકારની દવા, મંત્ર તંત્રની અજમાયશ કરી હતી; પરંતુ તેને કાંઈપણ લાભ થયો નહોતો. જેથી તેણે પુનઃ આંખો પ્રાપ્ત કરવાની આશા છોડી દીધી હતી.

જે જે કર્મોની સ્થીતિ જ્યાંસુધી પુરેપુરી ભોગવાતી નથી. ત્યાંસુધી અનેક પ્રકારની ચેષ્ટાઓ છતાં તે વ્યર્થ જતી નથી. કરેલાં શુભાશુભ કર્મો પ્રાણીને અવશ્યમેવ ભોગવવાંજ પડે છે. તેની સ્થીતિ પરિપાક થતાં આપોઆપ નિમિત્ત પામીને તે છુટી જાય છે.

આઠ વરસના બાળકને સ્વપ્નામાં શીવજીએ આજ્ઞા કરી કે “ મારા મંદિરની નજીક પડાવ નાખીને પડેલા કાન્યકુબ્જના અંધરાજાને મારા નવણની શેષ આપવી, જેથી રાજા દેખતો થશે. ” પ્રભાતે નાના છોકરે તે વાત બ્રાહ્મણને કરી જેથી બ્રાહ્મણો તેની સાથે તે છાવણીમાં ગયો અને રાજાના અમાત્યોને મળીને અરજ કરી કે “ તમારા ધણીને અમારી સન્મુખ લાવો એટલે અમે તેને પોતાના વિષયમાત્રનું ગ્રહણ કરી શકે એવી ચક્ષુઓ પ્રગટ કરશું. ”

બ્રાહ્મણની ઉપર મુજબની મધુર વાણી સાંભળીને પ્રધા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નોએ રાજાને બ્રાહ્મણ પાસે આણ્યો. તેની સાથે તેઓ શીવના મંદિરમાં આવ્યા. બ્રાહ્મણે મંદિરમાં આવી સર્વજનોની સમક્ષ બાહ્ય આડંબર કરી રાજયોગ્ય અનેક પ્રકારે શીવની પૂજા વગેરે કરવા લાગ્યો. હોમ–હવન કરતો મંત્ર જપ જપવા લાગ્યો. એવી રીતે સર્વે ક્રીયાઓ કર્યા પછી મહાદેવના સ્નાત્રજળની શેષ રાજાની આંખોમાં છાંટવાથી રાજાનાં લોચન પડળ તરત જ ખુલ્લી ગયાં અને દેખતો રાજા ચારે તરફ જોવા લાગ્યો. જેથી રાજા ઘણો પ્રસન્ન થયો અને તેને સો ગામ આપ્યાં. આ ઓંકારનગરમાં મોટો શિવપ્રાસાદ કરાવી આપી આ નગર પણ તેને ઇનામમાં આપી દીધું. અને રાજા પોતાને દેશ ચાલ્યો ગયો."

"ત્યારે તો ઓંકારનગર હાલ બ્રાહ્મણના જ કબજામાં હશે. ત્યાં બ્રાહ્મણોનું જોર અધિક હશે કેમ ખરૂંને ?" દિવાકરે કહ્યું.

"હા ? તેમજ છે. તેથી જ જૈન મંદિર તેઓ બનાવવા દેતા નથી, અહીંયાં જૈનોનું વસ્તિ પ્રમાણ સારૂં છે; છતાં તેનું એટલું બધું જોર નથી કે તે તેમની સામે બાથ ભીડી શકે; એતો આપના સરખા સમર્થ પુરૂષ જ કાર્ય કરી શકે."

"તો બ્રાહ્મણોને સમજાવ્યા વગર કાર્ય કેવી રીતે થઇ શકે. કોઇ ઉપાયે બ્રાહ્મણોને જ સમજાવવા જોઇએ." ગુરૂએ કહ્યું.

"ના ! તેવું કાંઇ નથી. રાજા વિક્રમાદિત્યની આણ અહીંયા વર્ત્તે છે, ને તે આપનો શિષ્ય છે. તે જો ધ્યાન પર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લે તો નિઃસંદેહ બની શકે. આપ કોઇપણ રીતે તેને સમજાવો તો આપણા મનોરથ સિદ્ધ થઇ શકે."

"ઠીક છે તો હું વિક્રમને સમજાવી એ કાર્ય ત્વરાથી કરાવી દઇશ. તેની જ પાસે અહીંયાં મંદિર બંધાવી દઇશ."

"સૂરીશ્વર ! પણ એટલું યાદ રાખજો કે રાજા એમ તત્કાળ કાંઇ કબૂલ કરશે નહી. કોઇપણ રીતે એ વચનબંધ થશે તોજ એ કામ કરી શકશે, અથવા તો તે પ્રસન્ન થયો હશે તો કરી શકશે."

"તમારી વાત મારા લક્ષ્યમાં છે. જેવો અવસર હશે તેમ જોવાશે. તમે તમારે હવે નિશ્ચિંત મને રહો. અમો ઉજ્જયિની તરફ વિહાર કરશું તે વખતે ઉચિત જણાશે તેમ કરશુ." ગુરૂરાજે તેમને દિલાસો આપ્યો.

સંઘના આગેવાનો ગુરૂને એ પ્રમાણે ભલામણ કરીને પોતાને મકાને જવાને રવાને થયા. તે પછી ગુરૂ મહારાજ કેટલાક દિવસ ૐકારનગરમાં રહ્યા. મનમાં વિચાર કર્યો કે વિક્રમાદિત્યની પાસે જ અહીંયા જૈન મંદિર કરાવવું. જેથી જૈન ધર્મનો ઉદ્યોત થશે. અહીંયાં બ્રાહ્મણો તેમજ અન્ય પ્રજાજન ઉપર પણ તેની સારી અસર થશે. માટે હવે જેમ બને તેમ ઉજ્જયિની તરફ જવું. વળી ઉજ્જયિની તરફ ગયાને પણ આજે ઘણો સમય વચમાં પસાર થયો હતો. માટે મહાકાલ મંદિરમાં અવંતી પાર્શ્વનાથનાં જેમ બને તેમ તાકીદે દર્શન કરવાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થોડા જ દિવસોમાં ગુરૂ મહારાજે પોતાના શિષ્યો સહીત ઓંકારનગરમાંથી સંઘની અનુજ્ઞાપૂર્વક ઉજ્જૈયિની તરફ વિહાર કર્યો.

અહીંના બ્રાહ્મણોનો અપૂર્વ નિશ્ચય હતો કે કોઇ પણ ભોગે જૈનોને મંદિર બાંધવા દેવું નહીં, તેમના એવા કદાગ્રહ મધ્યે હવે પરિણામ શું આવે છે તે આપણે આગળ જોઈશું.

# પ્રકરણ ૩૦ મું.

## સમકિત.

"મહારાજ! આત્માની શુદ્ધિને માટે મોક્ષમાર્ગની વિષમવાટ સરળ કરવાને સમકિત એ એક અપૂર્વ ચિંતામણી છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા પૂર્વક સમ્યક્ત્વનું રક્ષણ કરવું જોઈએ." એક દિવસ રાજા વિક્રમાદિત્ય પોતાના ખાનગી માણસો સાથે એકાંતમાં જ્ઞાનગોષ્ટિ કરતો બેઠો હતો, તે વારે વાત ઉપર વાત નિકળતાં રૂપચંદ્ર કુમારે ગુરૂએ આપેલા સમકિત માટે રાજાનું ધ્યાન સ્થીર કરવાને કહ્યું.

"જેવી રીતે શમ, સંવેગાદિપૂર્વક સમકિતનું જતન કરવાને સૂચવ્યું, તેવી રીતે સમકિતમાં ત્યાગ કરવા માટે પણ કંઇ બતાવ્યું હશે કે કેમ?" રાજાએ પૂછયું.

"હા? સમકિતમાં દૂષણરૂપ શંકા, કાંક્ષા, જુગુપ્સા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુલિંગની પ્રશંસા તથા પરિચય એ સર્વ ત્યાગ કરવા યોગ્ય છે. જેમ શંકાદિ દૂષણ બિંબરાજાએ તજ્યાં હતાં તેવી જ રીતે તજવાથી સમકિતનું પાલન થાય છે. આત્માનું ગૌરવ સચવાય છે." કુમારે કહ્યું.

"વારૂ એ બિંબરાજા કોણ હતો ! તેણે સમકિત કેવી રીતે સાચવ્યું."

"રાજન્ ! પૂર્વે અવંતીમાં બિંબનામે રાજા તેને બિંબા નામે પટરાણી અને શુદ્રક નામે સેનાની મહાસુભટ હતો. એક વખતે એક પરદેશી બ્રાહ્મણ ત્યાં આવ્યો. ક્ષીપ્રાનદીમાં સ્નાન કરી લોકો હરસિદ્ધ માતાની પૂજા કરતા હતા, ત્યાં આવી તે બ્રાહ્મણે કહ્યું કે "દેવીની ઉપાસના કરવી તે નરી મુર્ખતા છે" આથી કાળિકાદેવીએ કોપાયમાન થઈને તેનું મોં બેશૃંગ વાળું હરણના જેવું કરી દીધું પછી તે હરિણમુખ વિપ્ર રાજા પાસે આવીને કહેવા લાગ્યો કે "ભોગ સામગ્રીએ કરોને દેવીને જો તું સંતુષ્ટ કરી મારી વિકૃતિ દૂર નહી કરે તો હું તને બ્રહ્મહત્યા આપીશ." વિપ્રનું વચન સાંભળીને રાજા સભા સહિત વિચારમાં પડ્યો. છેવટે તે કાર્ય માટે શુદ્ર યોગ્ય જણાતાં રાજાએ આ કામ શુદ્રકને સોંપ્યું અને રાજાની સાથે રાણી પણ હઠથી આવી અને શુદ્રકે પોતાની શકિતથી દેવીને જીતી લઈને વિપ્રનું મુખ હતું-તેવું કરાવી આપ્યું.

એક દિવસ રાજાને ધર્મઘોષ સૂરિનો સમાગમ થયો. તેથી જૈનધર્મ પામીને તેણે સમકિતનું અંગીકાર કર્યું. રાણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બિંબાએ કાલિકાનું અદ્ભૂત સ્વરૂપ નિહાળી તેની પાસે બેસાડવાને તેણીએ વિનંતિ કરી, પણ દેવીએ કહ્યું કે "તારે તો ભર્ત્તારની પાસે બેસવું યોગ્ય છે."

"મારો ભર્ત્તાર હું આપને આપું છું." રાણીએ કહ્યું.

રાણીનું કથન અંગીકાર કરીને કાળિકાએ એક મહામંત્ર રાજા ઉપર મુકયો. પણ સમકિતના પ્રભાવે કરીને તે રાજાને અસર કરી શકયો નહી. કાળીએ વિચાર્યું કે તેનું સમ્યકત્વ મલીન કર્યા વગર રાજાનું અંગ ભેદાશે નહી. જેથી તેણીએ દાસીનું રૂપ ધારણ કરી રાજા સૂતો હતો તે વારે તે રાજાના પગ દાબવા લાગી, દેવીનો સ્પર્શ થતાં જ રાજાના મનમાં વિચાર થયો કે "સમકિત સાચું હશે કે જુઠું" આ વાત દેવીએ જાણી એટલે તરત જ દેવીએ રાજા ઉપર સુગંધી જળનુ સિંચન કર્યું. અને પ્રભાતે રાજાના ઉપર જગભેદક મંત્ર મુકયો. તે મુખવાટે રાજાના અંગમાં પેઠો. દેવી પોતાને સ્થાનકે ગઈ. હવે અહીં રાજાના શરીરમાં અનેક વ્યાધીઓ ઉત્પન્ન થઈ રાજા દુઃખથી બેભાન થયો છતો મૃત્યુની વાટ જોતો કાલ નિર્ગમન કરતો હતો.

રાજા પાસે એક દિવસ શુદ્રક બેઠો બેઠો સ્રીના વિશ્વાસ ઉપર વાતો કરતો હતો. તેવામાં એક સ્રીનો રૂદનધ્વનિ સાંભળ્યો, રાજાના કહેવાથી શુદ્રકે તપાસ કરી તો તેણીએ કહ્યું કે "હું રાજાની કુલદેવી છું. રાજા આ રોગથી મરશે તે માટે રડું છું."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" રાજા ન મરે એવો કાંઇ ઉપાય છે ? " શુદ્રકે પૂછયું.

" રક્તગિરિ ગામમાં એક પર્વત છે ત્યાં ત્રિનેત્ર સુરનો વાસ છે અને ત્યાં એક વજ્રપેટી છે. તે જો પ્રભાત પહેલાં લાવીને રાજાને તેમાં પુરે તો રાજા મરે નહીં. "

દેવીનું કથન સાંભળીને શુદ્રકે ત્યાં જઇને દેવ પાસે પેટી માગી, ત્યારે સૂરે કહ્યું કે " જો તું સિદ્ધવડ જઇ તે ઉપરથી તૈલિકનું શબ લઈ આવે તો વજ્ર પેટી આપું. "

શુદ્રકે સિદ્ધવડ આવીને શબ લેવા માંડયું પણ તેતો એક ડાળેથી બીજી ડાળે જવા લાગ્યું, પણ પકડાય નહિ. જેથી શુદ્રકે આખો વડ ઉપાડીને ત્રિનેત્રસૂર પાસે મુકયો. શુદ્રના પરાક્રમથી ખુશી થયેલો સૂર કહેવા લાગ્યો કે હે શુદ્ર! રાજાએ સમકિતમાં શંકા કરી માટે આ કષ્ટ તેને આપ્યું છે. હું પણ સમકિતધારી છું અને રાજા પણ સમકિતવંત હતો. સ્વામી-ભાઇઓનું હિત થાય અને રાજાનું જીવન ટકે તે માટે આ વજ્ર પેટી હું તને આપું છું." એમ કહીને સૂરે તે પેટી શુદ્રકને આપી.

શુદ્રકે તે પેટી લાવીને રાજાને તેની અંદર પુર્યો અને તાળું વાસ્યું. હવે પેટીના પ્રભાવથી મંત્ર પેટીમાં રહી શકયો નહિ, જેથી રાજાનું અંગ સાજુતાજું થયું. પોતાની શકિત આવી રીતે નિષ્ફળ જવાથી દેવી શુદ્રક ઉપર કોપાયમાન થઇ, પણ શુદ્રકની શક્તિ આગળ તે ખસીયાણી પડી ગઈ. શુદ્રકનું અપૂર્વ શૌર્ય જોઇ તેની ઉપર પ્રસન્ન થઇને તેને વર માગવા કહ્યું. તે વારે શુદ્રકે કહ્યું કે " રાજાને વિજયી કરો ! "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" તથાસ્તુ. " કહી દેવી અદ્રશ્ય થઈ ગઈ.

પ્રભાત સમયે પેટીમાંથી રાજાને કાઢતાં તેનું શરીર દિવ્ય અને નિરોગી થયું. રાજા પણ દ્રઢપણે સમ્યક્ત્વ પામીને આયુષ્ય પુરૂં થયે સદ્ગતિનો મેમાન થયો. માટે મહારાજ! સમકિત લીધા પછી શંકાદિક દોષરહિત પણે તેને પાળવું." રૂપચંદ્ર કુમારે ગુરૂમુખે સાંભળેલી હકીકત રાજાને કહી સંભળાવી.

" ગુરૂએ સમકિતનું સ્વરૂપ તો સાફ સમજાવ્યું છે. તેને શુદ્ધ રીતે દુષણો રહીત પાળવાનું કામ આપણું છે." રાજાએ કહ્યું.

" ખરાબર છે. કેવલજ્ઞાનીએ કહેલાં અને આપણી બુદ્ધિએ અગોચર એવી સુક્ષ્મ બાબતોમાં શંકા કરવી, તેમજ દેવતત્વ, ગુરૂ તત્વ અને ધર્મતત્વનું શુદ્ધ સ્વરૂપ જાણ્યા છતાં અન્ય મતવાદીઓના કષ્ટ મંત્ર ચમત્કાર દેખી તથા તે ધર્મ સુખારાધ્ય દેખી તેનો અભિલાષ કરવો. મહાવૈરાગ્યવંત, નિસ્પૃહી, ખાનપાન અને શરીરના સત્કાર રહીત એવા મહામુનિયોનાં મલીન વસ્ત્રો દેખી અજ્ઞાનતાને વશે તેમની નિંદા કરવી. સમકિતનું શુદ્ધ સ્વરૂપ જાણ્યા છતાં કુલિંગીનો સમાગમ કરવો, પરિચય કરવો, તેની પ્રશંસા-વખાણ કરવાં, એ બધી બાબતો સમકિતને દૂષણ લગાડનારી છે. માટે ડાહ્યા પુરૂષોએ એને વર્જવી. જેથી પોતાના સમકિતનું રક્ષણ થાય." રૂપચંદ્રકુમારે સમકિતના દૂષણની વ્યાખ્યા કરી.

" કુમાર! તમે પણ સમકિત માટે વ્યાખ્યાઓ સારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી શકો છો. સમકિતનું સ્વરૂપ ઠીક ઠીક સમજી શકો છો." રાજાએ કહ્યું.

"મહારાજ! સમકિત એ તો અમારો કુલાચારજ છે. જૈનોનો કુલાચારજ એવો છે કે તે કુળાચાર પ્રમાણે વર્ત્તતાં સમકિત મેળવી શકે. શ્રાવકના આચાર પણ પાળી શકે. દેવગુરૂ અને ધર્મની ભક્તિ તો તેને હંમેશનો અભ્યાસજ હોય. વળી તેનો કુળાચાર જેવી કે જીવદયા, રાત્રીભોજન ત્યાગી, કંદમૂળનું વર્જન, માંસ મદિરા વગેરે સાત વ્યસનનો નિષેધ આદિ અમારા મુખ્ય આચારજ એવા છે કે તે આચારેજ આત્માને ધર્મી બનાવી શકે. અને પછી ધીરે ધીરે તે આગળ વધી શકે. અમારા કુળમાં જન્મેલો ફક્ત અમારા આચાર પ્રમાણેજ વર્તે તો પણ તેને મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થયે દેવગતિમાં જવું એ તો એક નજીવી બાબત છે. કાંઇક અધિક કરવું એ તો ભવસ્થિતિ પરિપાકને આધિન છે." રૂપચંદ્રકુમારે પોતાના કુલાચારનું વર્ણન કર્યું.

"છતાં એ સર્વમાં સમકિત શ્રેષ્ઠ ગણાય છે. સમકિતવંત અલ્પ સમયમાંજ મુક્તિને વરે છે. અનંતકાલનાં પાપ નાશ કરે છે. સમકિત વગર મોક્ષમાર્ગની ઓળખાણ થતી નથી. શમ સંવેગાદિનું ભાન તો સમકિતવંતનેજ થઇ શકે છે. રાજાએ કહ્યું "લગાર શમ, સંવેગાદિના સ્વરૂપનું વર્ણન કરો તો જોઉં!"

"મહારાજ! લક્ષણ, ભૂષણ વગેરે સમકિતના સડસઠ ભેદ છે. જેમ શિયલની મુખ્ય નવ વાડો પ્રથમ. અવાંતર ભેદ

તેના અઢાર હજાર છે, તેવીજ રીતે મુખ્યતઃ સમકિત, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિકય એ પાંચે ભેદ છતાં તેના સડસઠ ભેદ છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા ને લોભ. સમકિત મોહની, મિશ્ર મોહની અને મિથ્યાત્વ મોહિની એ સાતે પ્રકૃતિ ઉપશમાવે ત્યારે ઉપશમ સમકિત, ક્ષય કરે તો ક્ષાયિક સમકિત, કંઈક ક્ષય અને ઉપશમથી ક્ષાયોપશમિક સમ્યકત્વ કહેવાય છે. અનંતાનુબંધી પાપ કર્મથી ગાંઠ આત્માની ભેદાય છે. ત્યારે કષાયો પાતળા પડે છે શમભાવ પ્રાપ્ત કરે છે. ને પછી અર્ધપુદ્ગલ પરાવર્તન કાલમાં આત્મા ગમે ત્યારે મુક્ત થઇ શકે છે. ક્ષાયક સમકિતી તોજ અનાગત ભવનું આયુષ્ય ન બાંધ્યું હોય તો તેજ ભવે મોક્ષ-ગમન કરે છે અન્યથા અધિકમાં અધિક તેત્રીશ સાગરોપમ ઝાઝેરૂં તે ભવભ્રમણ કરે છે. સમકિતવંતને માટે મુક્તિગમન નિશ્ચયપૂર્વક હોવાથી સંસારમાં તેનો એકડો કહેવાય છે. કષા-યોનાં તીવ્રબંધન તુટવાથી તેનામાં શમભાવ પ્રાપ્ત થાય છે. તે પછી મુકિતને યોગ્ય તેનામાં વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. આત્મા જાગૃત થતાં સંસારના બાહ્ય પદાર્થો ધન દોલત ઠકુરાઇ સ્ત્રીપુત્ર વગે-રેમાંથી તેની મુર્ચ્છા ઓછી થતાં સંવેગનો રંગ લાગે છે. અને સંસાર ઉપરથી તેનું ચિત્ત ઉઠી જાય છે. ઉદાસીન ભાવ પ્રાપ્ત થાય છે. વિષય કષાય અને સંસારિક બંધનો તરફ તેને નિર્વેદ ખેદ થાય છે; સંસારની ચોરાશીલાખ જીવાયોનીમાં ભ્રમણ કરતાં જીવો તરફ બંધુભાવ જાગૃત થતાં તેમની પ્રત્યે અનુકંપા–દયા ઉત્પન્ન થાય છે. જેથી તેનામાં ઔદાર્ય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરોપકાર, ગાંભિર્યાદિ ગુણો ઉત્પન્ન થાય છે. જીવોનું સ્વરૂપ ઓળખાણુ થતાં પ્રસંગવશાત્ તેમના ગુન્હાઓ તરફ શકિત છતાં ક્ષમાભાવના જાગૃત થાય છે. ધીરે ધીરે કર્મોનું પાપ પ્રકૃતિઓનું સ્વરૂપ તેના સમજવામાં આવે છે. એવી રીતે સંસારમાં વસ્તુતત્વના સ્વરૂપનું ભાન થતાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અમુક વસ્તુ સત્ય છે અને અમુક મિથ્યા છે એવા પદાર્થોનું યથાતથ્ય સ્વરૂપે ભાન પ્રગટ થાય છે. એ બધું સમકિતના પ્રભાવથીજ સમજાય છે. જો કે કર્મોની બાહુલ્યતાથી ચોથા ગુણસ્થાનકમાંથી તે કેટલાક કાળ પર્યંત વિરતિમાં આવી શકતો નથી, છતાં અવિરતિપણામાં પણ મિથ્યાત્વીની માફક સમકિતવંત વસ્તુતત્વની ઓળખથી પાપ બાંધી શકતો નથી. દેવ ગુરૂ અને ધર્મની ભક્તિ કરતાં તે અનુક્રમે કરીને આગળ વધી શકે છે. ”

એ પ્રમાણે સમકિત ઉપર વિવેચન કરતાં સમય પરિપૂર્ણ થવાથી આસ મંડળ વિખરાયું અને રાજા અંતઃપુરમાં ચાલ્યો ગયો.

# પ્રકરણ ૩૧ મું.

## વિક્રમ સંવત્સર

એક દિવસ રાજા સભા ભરીને બેઠો હતો તેવામાં દ્વારપાળે આવીને રાજાને નમસ્કાર કરીને વિનંતિ કરી કે–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" સ્વામિન્ ? બહાર કોઈ અવધૂત પધાર્યા છે જે ચાર શ્લોક લઇને સભામાં આવવાને ઇચ્છે છે. "

" ચાર લાખ રોકડા આપો ? અથવાતો ચૌદ હાથી આપો. પછી તેને આવવું હોય તો આવે ને જાવું હોય તો જાય. "

રાજાનો પ્રત્યુત્તર દ્વારપાળે દરવાજે ઉભેલા યોગીને કહ્યો. પછી યોગીએ સભામાં પ્રવેશ કર્યો.

अपूर्वेयं धनुर्विद्या, भवता शिक्षिता कुतः ॥
मार्गणौघः समभ्येति, गुणो याति दिगंतरम् ॥ १ ॥

અર્થ—હે રાજન્ ? આવી અપૂર્વ ધનુર્વિદ્યા તમે ક્યાંથી શિખ્યા કે જેથી માર્ગણાનો સમૂહ દૂર જવો જોઇએ તેને બદલે સન્મુખ આવે છે અને ગુણ પાસે આવવો જોઇએ તેને બદલે દૂર જાય છે ? એટલે કે માર્ગણ–તે બાણ દૂર જાય છે અને માર્ગણ તે યાચક સન્મુખ આવે છે. ત્યારે ગુણ તે પણછ ખેંચવાથી પાસે આવે છે. અને ગુણ તે પ્રશંસા દૂર થાય છે.

રાજા વિક્રમ આ શ્લોકથી રંજીત થઈ જઇ એક દિશાનું રાજ્ય યોગીને આપ્યું અને બીજી દીશાએ મુખ ફેરવીને બેઠો. સિદ્ધસેને તેની સન્મુખ જઇને બીજો શ્લોક કહ્યો.

सर्वदा सर्वदो सीति, मिथ्या संस्तूयसे बुधैः ॥
नारयो लेभिरे पृष्टिं, नवक्षः पर योषितः ॥ २ ॥

અર્થ—હે રાજન્ ! હમેશાં તું સર્વ વસ્તુને આપે છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી પંડિતો તારી સ્તુતિ કરે છે તે ખોટું છે. કેમકે શત્રુને તેં કદિ પુંઠ આપી નથી અને પરસ્ત્રીઓને તારૂં હૃદય આપ્યું નથી."

રાજા વળી એ દિશા છોડીને બીજી દિશાએ બેઠો. તે વારે યોગીએ તેની સન્મુખ જઈને ત્રીજો શ્લોક કહ્યો.

कीर्तिस्ते यातयामेव, चतुरांभोधि मज्जनात् ॥
आतपाय धरानाथ, गता मार्तंड मंडलम् ॥ ३ ॥

**અર્થ**—હે માળવરાજ ? તમારી કીર્તિ ચારે ખંડ-ધરતી ફરી વળી છતાં તેને શાંતિ ન થઈ. તે વળી ચારે સમુદ્રમાં ગઇ. ત્યાં પણ ટાઢથી ઠરી ગઈ હોય તેમ સૂર્યના તાપની ગરમી લેવાને વહેલી વહેલી આકાશમાં રહેલા સૂર્ય મંડલમાં ગઇ–અર્થાત્ ત્રણે ભુવનમાં તારી કીર્ત્તિ વિસ્તારને પામી છે.

રાજા ત્રીજી દિશાથી મુખ ફેરવીને ચોથી દિશાએ બેઠો, તો સિદ્ધસેને તે તરફ જઈને ચતુર્થ શ્લોક કહ્યો.

सरस्वती स्थिता वक्त्रे, लक्ष्मी कर सरोरुहे ॥
कीर्तिः किं कुपिता राजन्, येन देशांतरं गता ॥ ४ ॥

**અર્થ**—રાજન્ ? સરસ્વતી તો તારા વદનમાં રહેલી છે અને લક્ષ્મી કર કમલમાં રહેલી છે જેથી કીર્ત્તિને તારી પાસે રહેવાને શું કોઇ પણ સ્થાનક ન જડયું કે જેથી હે રાજન્ ? તે કોપાયમાન થઈને દેશાંતરમાં ચાલી ગઈ.

રાજાએ ચારે દિશાનું રાજ્ય આપી દીધું છતાં સિદ્ધસેને આગળ એક શ્લોક કહ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

अस्ति धारापथे नाथ, शत्रु श्रोणित पिच्छले ॥
आजगाम कथं लक्ष्मी, निर्जगाम कथं यशः ?

ભાવાર્થ—હે રાજન્! સમશેરની ધારાથી શત્રુઓનું મર્દન કરવાથી આશ્ચર્ય છે કે તેમાંથી બે ચીજો પ્રગટ થાય છે. તે લક્ષ્મી તને મળે છે અને યશઃ દૂર ચાલ્યો જાય છે.

બાદ રાજા વિક્રમાદિત્ય સૂરિના પગમાં પડયો "ગુરૂ! હવે મારી પાસે આપવાને કાંઈ પણ બાકી નથી. મારૂં સર્વસ્વ મેં આપને આપી દીધું છે. હું પોતે પણ આપનો વેચાણ છું. કહો! હવે આપનો શો હુકમ છે?"

"રાજન્? બારવ્રતધારી શુદ્ધ શ્રાવક થઈને રહો જેથી તમે મને સર્વસ્વ આપ્યું એમ સમજીશ. સમકિત તો તમે સમજ્યા છો. હવે શ્રાવકોચિત કર્ત્તવ્ય પરાયણ થાઓ? તેમજ ઓંકાર નગરમાં તમારા હુકમથી એક મોટું વિશાળ જૈનમંદિર બંધાવી જૈન ધર્મનો વિજયધ્વજ ત્યાં ફરકાવો."

"આપની આજ્ઞાથી ઓંકાર નગરમાં જૈન પ્રાસાદ સત્વર થશે. શ્રી સંઘને સંતોષ થશે" રાજાએ કહ્યું.

રાજાના વચનથી સૂરિને સંતોષ થયો. થોડીવાર ધર્મ ચર્ચા કરીને પૌષધ શાળાએ ગયા.

થોડા દિવસમાંજ રાજા વિક્રમાદિત્યની આજ્ઞાથી ઉત્તમ શિલ્પીઓને બોલાવી ઓંકાર નગરમાં શિવ પ્રાસાદથી ઉંચો અને ચાર દ્વારવાળો જૈન પ્રાસાદ તૈયાર થયો. જેમાં પ્રતિષ્ઠા વગેરે સર્વ રાજાએ કરાવી આપી ઓંકાર નગરના સંઘના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આનંદમાં વધારો કર્યો. રાજા પણ પોતાના પરિવાર સહીત પ્રતિ દિવસ સૂરીશ્વરના ધર્મશ્રવણથી બારવ્રતધારી અને દઢ સમકિતવંત શુદ્ધ શ્રાવક થયો.

એક દિવસ સૂરિએ રાજાને લક્ષ્મીની ચંચળતાનું સ્મરણ કરાવ્યું. "હે રાજન્! જો તેં લક્ષ્મીને જાતે પેદા કરી હોય તો તે પુત્રી સમાન છે અને પિતાની મેળવેલી હોય તો તે બહેન સમાન છે. અન્યના સંગમાં ચાલી જાય તો તે પરસ્ત્રી છે. માટે લક્ષ્મીનો ત્યાગ કરવામાંજ-દાન કરવામાંજ ઉત્તમ પુરૂષો પોતાનું ચિત્ત રોકે છે. હજારો દોષે કરીને યુક્ત એવી આ લક્ષ્મીનું દાન કરવામાંજ સાર્થકય છે અથવા તો ભોગવવાથી તેનો વ્યય થાય છે, લક્ષ્મી જો દાનમાં કે ભોગમાં વપરાતી નથી તો તેનો નાશ એ તેની ત્રીજી ગતિ તો નિશ્ચયજ છે. કેમકે જે કૃપણ માણસ લક્ષ્મીને દાન કે ભોગમાં નહી વાપરતાં સંચય જ કરી જાણે છે, તેની લક્ષ્મી બીજાના ઉપભોગમાં આવે છે. માટે ડાહ્યા પુરૂષો હાથમાં આવેલી તક ગુમાવતા નથી. ચપળ એવી લક્ષ્મીથી જે પુરૂષો પરોપકાર વડે જગતના પુરૂષોનું દારિદ્રય દૂર કરતા નથી; છતી શક્તિએ અર્થીજનોનાં સંકટ દૂર કરતા નથી, એવા પુરૂષોનું માનુષી જીવન વૃથા ભારભૂત છે. હે રાજા! લોભનો થોભ નથી, જેમ જેમ લાભ થાય છે તેમ તેમ લોભની વૃદ્ધિ થાય છે અને તે લોભનેજ પરિણામે છ ખંડનું રાજ્ય મળવા છતાં પણ આઠમા ચક્રી સુભૂમને સંતોષ ન થયો જેથી બીજા છ ખંડ સાધવાને તત્પર થયો, આખરે તે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના પરિવાર સહીત લવણ સમુદ્રમાં ડુબી મુવો. અને સાતમી નરક પૃથ્વીનો મેમાન થયો. મમ્મણ શેઠે તેલ ને ચોખા ખાઇને અનર્ગલ રૂદ્ધિ એકઠી કરી પરન્તુ મુર્ચ્છાને પરિણામે તે સર્વ રૂદ્ધિ છોડીને મૃત્યુ પછી નરકનો મેમાન થયો. રાજન્? પરોપકાર માટે જેની લક્ષ્મી છે તેજ સફલ લક્ષ્મી છે. મનુષ્ય ભવમાં આવીને સર્વ સાધન સંપન્ન છતાં જો તું આવો અપૂર્વ અવસર ગુમાવીશ તો ખરે! માનવભવ હારી જઇશ." ગુરૂએ લક્ષ્મીની અસારતાનું વર્ણન રાજા આગળ કરવા માંડયું.

સ્વામિન્? કોઇ એવું મહાન કાર્ય બતાવો કે જેથી હું લક્ષ્મીનો સદ્વ્યય કરૂં, જગતમાં મારૂં નામ અમર કરૂં. અને મનુષ્ય જન્મ સફલ કરૂં." વિક્રમાદિત્યે પૂછયું.

"તારા જેવા પરદુઃખભંજન રાજાએ કાંઇક કરવુંજ જોઇએ. જો આજે હડહડતો કળીયુગ આવ્યો છે. દુનીયા ગરીબ, કંગાળ, દુઃખી, કરજદાર બની પૂર્વના હીનપુણ્યે દારિદ્રય રૂપી આગમાં બળી રહી છે. તું તારી શક્તિથી ધનથી, વૈભવથી, ઠકુરાઇથી દુનીયાનું દારિદ્રય દૂર કર? પૃથ્વીને અનૃણી કર. કે જેથી જગતમાં તારૂં નામ અમર થશે, તારો સંવત્સર શરૂ થશે. જગતમાં દાન થકી વધીને બીજું કયું અધિક કાર્ય છે? તારે યોગ્ય તો એજ કર્ત્તવ્ય છે કે કળીકાળને હઠાવી દુનીયાને અનૃણી બનાવી જગતનું દારિદ્રય સમુદ્રમાં ડુબાવી દે. પૃથ્વીને ધનધાન્યથી ભરી દે. વાસુદેવ અને ચક્રવર્ત્તી જેવા પુરૂષો પણ જે ન કરી

શકયા તે હે રાજન્ ! આવા ભર કલીયુગમાં તું કરી બતાવ. દાન એજ મુક્તિનું પગથીયું છે. સમકિત એ શુદ્ધતાની નિશાની છે. અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન જેમાં પ્રથમનાં બે દાનનું મુખ્ય ફળ તો મુક્તિ છે. પછીનાં દાન સાંસારિક ઋદ્ધિ સિદ્ધિને આપનારાં છે. પણ દાન કરેલું વ્યર્થ કદાપિ જતું નથી. દાનથી ઘણા જીવો ભવસાગર પણ તરી ગયા છે. તીર્થંકરો પણ દિક્ષાને અવસરે વર્ષ પર્યંત સંવત્સરી દાન આપી જગતનું દારિદ્રય દૂર કરે છે." ગુરૂએ દાનનું મહાત્મ્ય વર્ણવી પૃથ્વીને અનૃણી કરવા રાજાને સમજાવ્યું.

ગુરૂના ઉપદેશની અસર રાજાના રૂંવે રૂંવે પ્રસરી ગઇ. રાજાએ તરતજ પોતાના ધન-ધાન્યના ભંડાર ખુલ્લા મૂકી પહેલાં દુનીયામાં જે જે કરજદારો હતા, તેમનાં કરજ ચુકવી આપ્યાં. દેશ પરદેશ પટહ વજડાવી લોકોનાં દારિદ્રય રાજાએ દૂર કર્યાં અને સર્વને પોતપોતાની શક્તિ અનુસાર સુખી કર્યા. એવી રીતે પૃથ્વીને અનૃણી કરી રાજા વિક્રમાદિત્યે ગુરૂ મહારાજની આજ્ઞા પ્રમાણે વીર સંવત ૪૭૨ ની સાલમાં પોતાનો સંવત્સર શરૂ કર્યો. જે સંવત્સર દેશ પરદેશમાં આજે આપણે સાક્ષાત્ જોઇએ છીએ. તેના સંવત્સરથી તેનું મુબારક નામ આજે આ બાળવૃદ્ધ પર્યંત પ્રસિદ્ધપણે જાણીતું થઈ પડયું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૨ મું.

## ગંગાવતરણ

એક દિવસે સિદ્ધસેન સૂરિને રાજા વિક્રમાદિત્યે અવંતી પાર્શ્વનાથનો મહિમા જાણવાને પાર્શ્વનાથનું કંઈક સ્વરૂપ પૂછયું. "હે ભગવન્ ? પાર્શ્વનાથને થયે આજે કેટલો વખત થયો અને તેમનો પ્રભાવ જગતમાં અધિક કેમ ગવાય છે ?"

રાજન્ ? પાર્શ્વનાથ મુક્તિએ ગયા તે પછીથી શ્રી મહાવીર સ્વામીનું મોક્ષગમનનું અંતર અઢીસો વર્ષે થયું. તે મહાવીર સ્વામીને મોક્ષે ગયે આજે ૪૭૦ વર્ષ વહી ગયાં છે. એટલે પાર્શ્વનાથને થયાં આજે લગભગ સાતસેં–સવાં સાતસેં વર્ષનો ગાળો પડી ગયો છે. પાર્શ્વનાથના પહેલાં બાવીશ તીર્થંકરો થઈ ગયા છે. જેમાં પહેલા રૂષભદેવ પ્રભુ જેમણે સૃષ્ટિના દરેક વ્યવહારો અને ધર્મોની શરૂઆત કરી. જૈન ધર્મને રાષ્ટ્રધર્મ બનાવ્યો, તે પહેલાં કોઇ ધર્મ હતો નહી. સંસારના વ્યવહાર રહીત ભોળા એવા યુગલીક મનુષ્યો હતા, તેમને વ્યવહાર ધર્મ શીખવીને દરેક કળાઓ બતાવી. ધર્મની શરૂઆત પણ તેમણેજ કરી. તે પછી અનુક્રમે અમુક કાળને આંતરે બાકીના તીર્થંકરો થયા. અવાંતરમાં બાર ચક્રવર્ત્તી નવ વાસુદેવ નવ બળદેવ અને નવ પ્રતિવાસુદેવ પણ થયા, વીશમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામી મગધની રાજગ્રહી નગરીમાં થયા, તેમના સમયમાં દશમા મહાપદ્મ

ચક્રવર્ત્તી થયા, તેમના મોક્ષગમન પછી કેટલેક કાળે આઠમા વાસુદેવ ને બળદેવ લક્ષ્મણ અને રામ ઉત્પન્ન થયા, તેમણે પ્રતિવાસુદેવ રાવણનો નાશ કર્યો. તે પછી એકવીશમા નમિનાથ અને બાવીશમા નેમનાથ થયા, તેમના આંતરામાં અગીયાર જયચક્રી થયા, નેમિનાથના વારામાં નવમા શ્રી કૃષ્ણ અને બળભદ્ર વાસુદેવ અને બળદેવ ઉત્પન્ન થયા, તેમણે પ્રતિવાસુદેવ જરાસંધનો નાશ કર્યો, તેમની પછી તેવીશમા શ્રી પાર્શ્વનાથ થયા, તેમના અંતરમાં બારમા ચક્રી બ્રહ્મદત્ત સાતસો વર્ષને આઉખે ઉત્પન્ન થયા. પાર્શ્વનાથ ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા કાશી નગરીના રાજા અશ્વસેન રાજાના કુમાર હતા. બાળપણથી ત્યાગી, વૈરાગ્યવંત, અને સંસાર ઉપર ઉદાસ ભાવવાળા એવા પાર્શ્વનાથ પુરિસાદાની, પ્રગટ-પ્રભાવી તરીકે જગતમાં મશહૂર છે.

આ પાર્શ્વનાથના પાદોદકથી ગંગાએ કરેલું પાપ નિવારણ કર્યું છે. તેમજ અગ્નિમાં બળતા એવા નાગને તેમના દર્શનમાત્રથી નાગેંદ્ર પદ પ્રાપ્ત થયું છે.

"મહારાજ! ગંગાના પાપનો શો વૃત્તાંત છે તે આપ જણાવશો કે?" રાજાએ વચમાં પૂછયું. "મહાદેવના મસ્તકે રહેલી, આકાશગામિની અને વિષ્નુ પાદકમલોદ્ભવા ગંગા પવિત્ર શી રીતે થઈ? જેને કરોડો મનુષ્યો વંદના કરે છે. અને જે કોટી હત્યાના પાપને હણનારી છે તેજ ગંગા હત્યા કરનારી કેવી રીતે થઇ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"હે રાજન્! તે વૃતાંત તું એકચિત્તે સાંભળ ? નદીનાં બે સ્વરૂપ છે. એક સ્થાવર તે નદી રૂપ અને બીજું જંગમ સ્વરૂપ તે દેવત્વ !

એક દિવસ ગંગા પોતે જંગમ સ્વરૂપ ધારણ કરીને દેવલોકમાં ગયા, ત્યાં ઈંદ્રસભામાં સિંહાસને બેઠા છે. મહા સમૃદ્ધિવાન્ એવા અનેક દેવતાઓ, લોકપાલાદિ વગેરે ત્યાં બિરાજ્યા છે. દશે દિગ્પાળો, કિન્નરો, સુરાંગનાઓ, સાત પ્રકારના અનિકના દેવતાઓ શક્રેંદ્રની સેવામાં હાજર થયા છે. આ સમયે દૈત્યમર્દન એવા શક્રેંદ્ર આગળ અપૂર્વ નાટક થઈ રહ્યું હતું. ઈંદ્રનું ધ્યાન તેમાં એટલું તો લયલીન હતું કે ઘણે દિવસે ગંગાજી તેમની સભામાં આવ્યાં છતાં મળવા જેટલી કે તેમને જોવા માત્રની પણ અત્યારે ફુરસદ નહોતી ! ક્ષણમાત્ર રાહ જોઈ ગંગા પોતાનું અપમાન સમજી તરતજ પાછાં વળ્યાં. કેમકે:—

"આવ નહી આદર નહી, નહી નૈનાંમાં નેહ;
ઉસ ઘર કબુ ના જાઈએ, કંચન વરસે મેહ.

ગંગાજી પાછાં વળ્યાં કે તુરતજ તેમના નુપુરના ધ્વનિથી ઇંદ્રના સેવક દેવતાઓનું ધ્યાન ખેંચાણું. તરતજ તેમણે દૈત્યારીને ગંગાના આગમનની હકીકત જણાવી. સહસ્રાક્ષુએ તરતજ આસનેથી ઉઠીને પોતાના પ્રમાદની નિંદા કરતા ગંગાજીનું અધિક માન સન્માન કરી તેમને સિંહાસને બેસાડયા.

એક દોષ હોય અને જો બીજો દોષ કરે તો તે દશ ગુણો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણાય છે. તેમજ પુજ્યની પૂજાનો વ્યતિક્રમ તો સો દોષથી પણ અધિક છે. માટે પ્રાયઃ કરીને ઉત્તમ પુરૂષો એક ભૂલ ઉપર બીજી ભૂલ કરતા નથી.

“માતાજી! તમે અમારી ખબર લીધા વગર કેમ પાછાં જતાં હતાં?” દેવેંદ્રે પૂછયું.

“હે સૂરેશ્વર! મારી વાત સાંભળ! હું તને સંસાર સુખમાં આસકત દેખીને ક્ષણવાર ઉભી, પણ તેં મારૂં સન્માન કર્યું નહીં. એટલે હું અપમાન સમજી પાછી જતી હતી. ત્યાં તારા પાસવાનોએ મને દીઠી. કેમકે જ્યાં વદને આનંદ નહી, સુખે ભોજન કે ભાષણ નહિં, કાંઇ વાતચિત્ત નહી, તેની પાસે જવાથી શો લાભ!” ગંગાએ કહ્યું.

“માતાજી! આપે કહ્યું તે યથાર્થ છે. પરંતુ હું તો તમારીજ મહાચિંતામાં હતો. શતકોટી હત્યાઓ જેનામાં રહેલી છે એવાં તમારૂં શું થશે! બ્રહ્મણ, સ્ત્રી, ગાય, માતા, ભ્રાતા, દિકરી, પિતરાઈ વગેરેની નિષ્કારણ હત્યાઓ કરી પાપી જનો તમારામાં સ્નાન કરીને તુરત પાપમુકત થાય છે! એમ લોકોકિત સંભળાય છે. તેમજ બીજી પણ શતકોટી પાપ જેવું કે વિશ્વાસઘાત, જુઠીશાખ, પરદ્રોહ, ગુરૂદ્રોહ, મિત્રદ્રોહ, ગર્ભપાત, માંસભક્ષણ, અગમ્યગમન, મદિરાપાન, દેવદ્રવ્યહરણ, પ્રતિમાભંગ, જીવહિંસા, ગોત્રઘાત, વ્રતભંગ, જ્ઞાતિવધ વગેરે અનેક પાપો કરીને પાપીઓ તમારામાં સ્નાન કરવાથી શુદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય છે. તમારૂં સર્વસ્વ અમુલ્ય ધન જાય છે તો હે માતાજી ! આવા ઘોર પાતકોથી તમે કેમ છુટશો ? ”

હૃદયમાં વ્યથાને ઉત્પન્ન કરતું સુરેંદ્રનુ તપ્તલોહ સમાન કટુ વચન સાંભળીને, ઉત્તમ કવિનું કાવ્ય સાંભળતાં જેમ શ્રોતાનું હૃદય ડોલાયમાન થાય છે તેમ ગંગાજીનું હૃદય ડોલાયમાન થયું.

“ શક્રેંદ્ર ! જો કે તારૂં વચન સત્ય છે. છતાં મારૂં વચન સાંભળ ! મારૂં સ્થાનક અતિશુભ છે. તેના પ્રભાવથી હું તરતજ પવિત્ર થાઉં છું, હું વિષ્ણુના ચરણની રજને ધોનારી છું, જેથી 'વિષ્ણુ પાદોદકી' એમ વિખ્યાત છું. જેમ જનોના પાપમલને મારૂં જલ હરે છે તેમ વિષ્ણુના ચરણનો સ્પર્શ થતાં તે મારૂં પાપ હરે છે ” ગંગાએ સુરેંદ્રના મનનું સમાધાન કરવા કહ્યું.

“ અરે માતાજી ! તમે તો મુગ્ધ છો. હે શોભાયમાન્ ! માર્ગથી ભ્રષ્ટ થયાં છો ! સ્થાનકથી દૂર પડયાં છો. વિષ્ણુના ચરણનો સ્પર્શ કરવાથી તો તેનું પાપ પણ તમારામાં આવ્યું, એ કપટીએ કપટપ્રયોગથી પોતાનું પાપ દૂર કરવાને તેણે પોતાને ચરણે તમને લગાડયાં છે. ”

“ તેને કયું પાપ લાગ્યું વારૂં ? ”

“ અરે ! તેણેજ કપટ પ્રયોગથી આખું અક્ષૌહિણી સૈન્ય હણ્યું. પાંડવ કૌરવના યુદ્ધમાં ભીમનો પુત્ર ઘટોત્કચ બત્રીશ લક્ષણો હતો. યુદ્ધ સમયે પાંડવો તથા વિષ્ણુ કૌરવોનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટું સૈન્ય જોઇ વિચાર કરવા લાગ્યા કે, દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ આદિ મહાશુરાઓ; તેમજ ભીષ્મ દુર્યોધન આદિ જે પરાક્રમથી મહાવિખ્યાતિ પામેલા છે તેમને કેવી રીતે જીતાશે ?"

"તે સર્વેનાં મર્મસ્થાનક હું જાણું છું." વચમાં બાલક એવો ઘટોત્કચ બોલ્યો.

"તું સર્વનાં મર્મસ્થાન જાણતો હોય તો કહે, મારૂં મર્મસ્થાનક કયાં છે ? હરિએ પુછયું.

"તમારૂં મર્મસ્થાનક તમારા ચરણમાં પદ્મ રહ્યું છે ત્યાં ?" તરતજ જવાબ મળ્યો.

વિષ્ણુને ચિંતા થઇ કે આ જો મારી વિરૂદ્ધ પડયો તો નક્કી મને મારી નાખશે, માટે વિરોધી, વૈરી, ચોર, મર્મજ્ઞ અર્ધરાજયહર ભૃત્ય તેને જે હણતો નથી, તે પોતેજ હણાય છે. એવું ધારી યુદ્ધના આરંભમાંજ તેનો કપટપ્રયોગથી નાશ કરાવ્યો, અને તેના મસ્તકને શુભ સ્થાનકે સ્થંભ ઉપર મુકી અઢાર દિવસનું યુદ્ધ જોવાની તેની આકાંક્ષા પૂર્ણ કરી.

યુદ્ધ સમાપ્ત થયા પછી જીતનારા પોતપોતાનાં પરાક્રમ ગાવા બેઠા ત્યારે હરિએ કહ્યું કે "તમે બધા તમારા પરાક્રમની ગપ મારો છો પણ આ ઘટોત્કચને પૂછો, ખરી હકીકત તે કહેશે."

"ભાઇ ! તું સત્ય કહે કે કોણે શા પ્રકારે વેરીને રણમાં હણ્યા ?" સર્વેએ ઘટોત્કચના મસ્તકને પુછયું.

"અરે પાંડવો ! સાંભળો ! મેં તમારૂં ગદાયુદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોયું નથી. નથી દીઠી અર્જુનની સરદારી કે ગજ, અશ્વ, રથ લડતા નથી જોયા કે નથી દીઠા પાળા લડતા. ફક્ત એક સુદર્શન ચક્રનેજ સૂર્યના બિંબની માફક ફરકતું અને કણબીના દાતરડાની માફક શત્રુઓનાં માથાં કાપતું દીઠું છે," ઘટોત્કચે જેવું દીઠું હતું તેવું કહ્યું.

સર્વને ખાતરી થઈ કે અઢાર અક્ષૌહિણી સૈન્યને શ્રી વિષ્ણુએજ હણ્યું છે એ નિસંશય છે. તો હે ગંગાજી ! એ કૃષ્ણનું ચરિત્ર જોયું ? એણે કરેલું બધું પાપ તેના ચરણ પ્રક્ષાલન કરવાથી તમારામાં આવ્યું. અને પોતાનું પાપ ધોવાને તમને ઉલટું સમજાવ્યું. શું બાજી ખેલી ! સુરેંદ્રની કૃષ્ણકપટની વાણી સાંભળીને ગંગાજી વિચારમાં પડયાં.

" ઠીક છે ! એ કપટી કાનજીએ મને ભોળીને ઠગી તો ભલે, પણ મારૂં બીજું પણ સ્થાનક છે અને તે કૈલાસવાસી શ્રી શંકર છે. જેમની આદિની કોઇને ખબર નથી. તે પાર્વતીના પ્રાણનાથ છે. નંદી તથા બંદીના ગણોના અધિપ છે. નાગનું ઉપવિત ધરે છે. મારૂં પાપ દૂર કરવાને ભોળાશંભુ મને મસ્તકે ધરે છે. જેથી કોટી જન્મનું કરેલું પાપ શંકરના મસ્તક સ્પર્શથી બળી ભસ્મ થઈ જાય છે." ગંગાજીએ કાંઈક ધીરજ લેતાં કહ્યું.

" અરે ! એ ભોળાનાથને ભરોસે જો જો રહેતાં ! નિર્મળ, શ્વેત એવું ઉત્તમ વસ્ત્ર ગળીના રંગમાં બોળીએ તેથી કાંઇ ધોળું થવાનું નથી. તેમ તમે પણ પાપ ધોવા ઉલટું અધિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અધિક પાપભાર લેતા આવો છો! વિષ્ણુનું તો પાપ હતું તેમાં વળી શંકરના મસ્તકે રહી તમે તો પાપરહીત ન થયાં પણ સામા શંકર તો નિષ્પાપ થયા જ!"

"તે કેવી રીતે"

મેઘનું પાણી મિષ્ટ છે છતાં સમુદ્રમાં પડતાં ખારૂં થઇ જાય છે પણ દ્રાક્ષરૂપ થતું નથી. સુસ્વાદ ઘૃત એરંડીયાના વાસણમાં નાખતાં કંઇ દૂધ થઇ જતું નથી પણ ઉલટું અખાદ્ય થઈ જાય છે. તીખા અતિ વિષ સંયુક્ત શર્કરા કડવીજ થાય કદાપિ ગળી થાય નહી.

"મહેશે તમોને પવિત્ર જાણીને પોતાના પાપના નાશને માટે તમને મસ્તકે ધારણ કર્યા છે તે તમે સાંભળો. પૂર્વે બ્રહ્માને પાંચ મુખ હતાં. એ વાત સર્વે વિદ્વાન્ વર્ગમાં પ્રસિદ્ધ છે. તેમાં ચાર મુખથી વેદધ્વનિ નીકળતો હતો અને પાંચમે મુખે ગર્દભનો ધ્વનિ થતો હતો. તેથી સંહારમાં પ્રીતિવાળા એવા ભોળાનાથે લોક લજ્જાવાળું કૃત્ય દેખીને પોતાના ત્રિશૂળવડે પાંચમું મુખ યુક્તિથી છેદી નાંખ્યું. તેથી જગદીશની પુંઠળ બ્રહ્મહત્યા લાગી. ભોળાનાથ બ્રહ્મહત્યાના ભયથી ભાગીને વાણારસી ગયા, ને તેમની સાથે પેલું મસ્તક પણ હાથે ચોટીને ત્યાં ગયું. આવી રીતે હત્યા લાગેલી જોઇ મહેશ્વર મુંઝાયા. તેથી વિષ્ણુએ કહ્યું "તું શા પ્રકારે તૃપ્ત થશે ત કહે!"

"અઢાર અક્ષોહીણીનું રૂધિર આપો તો હું મહાદેવનો હાથ તજીને તૃપ્ત થાઉં."

કપટ પ્રયોગમાં નિપુણ એવા કૃષ્ણે તેમ કર્યું. જેથી પેલું મસ્તક હાથમાંથી છુટી ગયું પણ હત્યા ગઇ નહી, તેથી હત્યાના ભારથી પીડિત એવા શીવે ભયભીત થઇને હત્યામાંથી છુટવાને તને મસ્તકે ધારણ કરી. વળી લોકમાં પ્રસિદ્ધ એવું આ હરનું ચરિત્ર સાંભળો. કે તે હત્યા કોટીથી સંયુકત છે. કેમકે બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે તેથી સૃષ્ટિરૂપ છે. વિષ્ણુ તેનાં પાલન કરનારા છે અને લખ ચોરાશીના સંહાર કરનારા મહેશ્વર છે. જોયું ? એકજ મૂર્ત્તિના ત્રણ ભાગ–બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર. અને તે કર્મસાક્ષી એવા સ્થીતિ, પાલન અને સંહારના કર્ત્તા છે તો આવી હત્યાઓ માથે લઈને તું શી ગતિ પામશે ? ”

“ હજી ત્રીજું પણ મારૂં સ્થાન છે. જ્યાં પાપનો લેશ પણ નથી. જે જગતના વિધાતા, ચતુર્મુખ ચતુર્વર્ણનો સર્જનહાર બ્રહ્મા છે, તેના કરકમલમાં પવિત્ર કમંડલુ છે તેમાં મારો વાસ છે અને તેથી હું સર્વ પાપનો નાશ કરનારી છું. ” ગંગાએ પોતાના બચાવ માટે બ્રહ્મનું શરણુ કહી સંભળાવ્યું.

“અરે ભોળી ! સ્ત્રીજાત કેવી ભોળી છે ? તેણે તમને કમંડલમાં રાખી છે, તે નહી કે તમારા ઉપર ઉપકાર કરવાને, કિંતુ પોતાના પાપની શુદ્ધિને માટે. સમજ્યાં કે ? ” ઈંદ્રે કહ્યું.

“ તેને વળી કયું પાપ વળગ્યું છે ? ”

“સુતા સંગમનું ! પોતાની પુત્રી સરસ્વતી સાથે ક્રીડા કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પાપમાંથી છુટવાને તેણે તમને કમંડળમાં રાખ્યાં છે. માટે તે પાપ પણ તમારામાં આવ્યું નક્કી માનજો."

ગંગાજીને હવે પોતાના બચાવનું કોઈપણ સ્થાનક નહીં રહેવાથી પુરેપુરાં મુંઝાયાં. "અરે! સર્વ હત્યાઓ નિવારણ થઈ શકે એવું મારે માટે કોઇપણ સ્થાનક હોઈ શકે? બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર સહીત ત્રણ જગતનો ઉદ્ધાર મારાથી શી રીતે થઈ શકે? ઇંદ્ર! કહે મારો ઉદ્ધાર કોણ કરી શકે?"

"હા! કરી શકે. પરદારા, પરદ્રવ્ય અને પરદ્રોહથી પરાઙ્મુખ મહા ધીર–વીર એવો કોઈ પુરૂષ હોય–તેના સ્પર્શથી તમારો ઉદ્ધાર અવશ્ય થઈ શકે."

"તો તે કયારે આવીને મારૂં પાલન કરશે કે જેનાથી હું નિષ્પાપ થાઉં અને તેવા સર્વગુણસંપન્નને મારૂં પાપ વળગે નહી, કેમકે અગ્નિથી ધાતુ શુદ્ધ થાય છે; છતાં અગ્નિ શ્યામ થતો નથી." ગંગાએ નિરાશ થઈને કહ્યું.

"હે શુભાશયવાલી! તેવો પવિત્ર પુરૂષ હશે તે શું કરવા તારી યાત્રાએ આવશે? જેનું મન સંસારના બાહ્ય ભાવોથી વિરામ પામ્યું છે. પરમ શાંતિને પામ્યું છે. તેને તો કથરોટમાં ગંગા છે. કેમકે પંકમેલ ધૂળમેલ બાહ્યમેલ તેથી મેલા તે મેલા નથી પણ જે ભાવ થકી મેલા છે તેજ મેલા છે. અંતરમાં ચિત્તવૃત્તિ અતિ દુષ્ટ છે, તે તીર્થસ્નાનથી પણ શુદ્ધ થતી નથી. હજારો સાબુથી ધોવાય છતાં કાગડા સફેદ થતા નથી.' દૈત્યશત્રુએ નિરીહ પુરૂષનું નિસ્પૃહપણું બતાવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"ઠીક છે, તો કાર્યવશાત્ હજારોરૂપ ધારણ કરીને હું તેવા પુરૂષને ત્રિભુવનમાંથી ખોળી કાઢીશ. કારણકે તેઓ સ્વર્ગલોકમાં નથી, નાગલોકમાં નથી તો મનુષ્ય લોકમાં તો હશેજ. કેમકે—

देवा विसय पसत्ता, नेरइया निच्च दुःख संजुत्ता;
तिरया विवेग विगला, मणुआण धम्म सामग्गीः ॥

તે પછી ગંગાજી ઇંદ્રની પાસેથી રજા લઇને તેનું ધામ તજીને મૃત્યુ લોકમાં આવ્યાં. જે તેવા પુરૂષોત્તમને શોધતા પ્રવાહરૂપે વાણારસી નગરીએ આવ્યાં.

તે સમયે ત્યાં અશ્વસેન રાજાના કુળમાં મુગટ સમાન અને વામામાતાની કુખે ઉત્પન્ન થયેલા ઇંદ્રનીલ જેવી કાંતિ-વાળા શ્રી પાર્શ્વકુમારને સર્વથી સેવાયેલા જોઇને ગંગા અતિ હર્ષ પામી અને ક્ષીર જેવા ગુણયુકત જલને તેમની સમીપ લઇ ગઇ.

અહીંયા હાલમાં કમઠ નામનો યોગી ગંગાના કિનારા ઉપર પંચાગ્નિ તપસાધન કરતો મહા તપ સાધન કરતો હતો. તેની ચારે તરફ અગ્નિના કુંડો સળગી રહ્યા હતા. પાંચમો ગ્રીષ્મ રૂતુનો સૂર્ય મસ્તક ઉપર તપી રહ્યો હતો. તેની ખ્યાતિ કાશીમાં પ્રસરી જવાથી સમસ્ત શહેર કમઠના દર્શને ઉલટયું હતું, ત્યારે વામારાણીએ પુત્રને કહ્યું. "હે કુમાર! હે પાર્શ્વ! આ તપસ્વીનાં દર્શન કરવા જવાની મારી ઇચ્છા છે! માટે મારી સાથે ચાલ અને તે યોગીનાં મને દર્શન કરાવ!"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્ર તો સાક્ષાત્ તીર્થંકર હતા, ત્રણ જ્ઞાને કરીને સહીત હતા. અનંત શકિતમાન હતા; છતાં આ જગતમાં વિધિએ એવી એક પણ વસ્તુ ઉત્પન્ન નથી કરી કે જેનાથી અકારણ વાત્સલ્ય પ્રેમ રાખતી માતાનો ઉપકાર વાળી શકાય. કહ્યું છે કે ઉપાધ્યાયથી આચાર્ય દશ ગુણા છે. આચાર્યથી પિતા શતગુણા છે ને પિતાથી માતા સહસ્ર ગુણી છે, માટે માતા મહાન્ છે. માતાનું વચન માન્ય કરી પાર્શ્વનાથે મહાહર્ષથી, જ્ઞાનથી લાભનું કારણ જોઇને માતાને હાથી ઉપર બેસાડયાં.

પૂર્વે પ્રથમ તીર્થંકર રૂષભદેવ ભગવાને દિક્ષા લઇને એક હજાર વર્ષ પર્યંત રખડી રખડીને ઉત્પન્ન કરેલું કેવલજ્ઞાન પોતાને માટે વલોપાત કરતી માતાને આપી દીધું. માટે જગતમાં માતાનો ઉપકાર અધિક છે.

સેવકો સહિત પોતાની માતાને લઇને પાર્શ્વનાથ ગંગાના તટ ઉપર ગયા. ત્યાં કમઠને અગ્નિમા મહાકાષ્ટ ઉમેરતો તેમણે જોયો, વામામાતાએ તેના આવા અપૂર્વ કષ્ટ સાધ્ય તપથી પ્રસન્ન થઇને નમસ્કાર કરી કુમારને કહ્યું " હે પાર્શ્વ! પંચાગ્નિ તપ સાધતા એવા મહા તપસ્વીને તમે પ્રણામ કરો ? "

માતાનું વચન સાંભળીને પાર્શ્વનાથ તરતજ કમઠ પાસે આવ્યા અને મધુર વાણીથી બોલ્યા " અરે બાવાજી ! આવું વ્યર્થ કષ્ટ શામાટે કરો છો ? અજ્ઞાન કષ્ટથી કાયાને કાં દહો છો ?"

" હમેશાં તપનું અજીર્ણ ક્રોધ છે. વિદ્યાનું અજીર્ણ

અહંકાર છે. કર્મકાંડનું અજીર્ણ મહાતપ છે અને અન્નનું અજીર્ણ વિશૂચિકા છે."

કુમારનાં આવાં વચન સાંભળીને ક્રોધયુક્ત ગર્જના કરતાં કમઠે કહ્યું "રાજકુમાર! તમે તો અશ્વ ખેલાવી જાણો. અમારી યોગીની રીત તમે ના જાણો? પંચાગ્નિ સાધન એજ તત્વ છે ને જેષ્ઠ માસ તો વળી અધિક ફલદાયક છે. પરમપદને આપવા સમર્થ છે."

"કમઠ! તત્વરહિત કરવું તે કષ્ટદાયક છે; કેમકે તત્વ તે ધર્મ છે અને ધર્મ તે જીવદયારૂપ છે. જીવનો ઘાત કરવામાં હે યોગિન? કાંઈ તત્વ નથી."

"આવા શાંતિદાયક તપમાં જીવહિંસા કયાં રહી છે તે બતાવો! નાહક તમારૂં ડહાપણ કાં બતાવો? કુમાર, યોગીની નિંદા કરતાં જરી શરમાઓ!"

યોગીનાં વચન સાંભળીને પાર્શ્વકુમારે પોતાના સેવકને બોલાવી એક બળતું લાકડું બહાર કઢાવ્યું, તેને પાણી છાંટી સંધીને સમજતા એવા તેમની પાસેથી કોહાડાથી તે લાકડું ફડાવ્યું તો તેના પોલાણમાંથી અર્ધો દાઝેલો એવો મોટો નાગ પોતાની કાયાને આમ તેમ આંબળતો, પણ હજુ જીવતો તરફડતો તે બહાર પડયો.

જગતના નાથ એવા પાર્શ્વકુમાર જે ભવ ભીતિના નિવારક છે તેમને જોઇને નાગને મરતાં પણ હર્ષ થયો અને શુભધ્યાનને યોગે મરણ પામીને તે ભુવનપતિ નિકાય ( દેવલોક )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંની બીજી નિકાય નાગકુમાર દેવલોકમાં નાગલોકના રાજા ધરણેંદ્રપણે નિમેષ માત્રમાં ઉત્પન્ન થયો.

જેણે અગ્નિમાં બળતા અનાથ એવા મહાનાગને બહાર કાઢીને તે પછી નાગેંદ્રની પદવીએ પહોંચાડયો અને ગંગાના-જળને જેણે પવિત્ર કર્યું એવા પાર્શ્વનાથ અમારા દુરિતનો નાશ કરો.

તેજ સમયે ગંગોદક પાર્શ્વનાથના ચરણ સ્પર્શ કરીને ત્રિભુવનમાં પવિત્ર થયું. અને દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી.

સ્વર્ગથી આવતું, દુરિતને હરનારૂં, તરંગોથી રમણીય, ખળભળાટ મચાવતું અને હિમાલયની ગુહામાંથી ખળખળ વહેતું, શંખ જેવું શ્વેત, હરિની ચરણરજ ને પ્રક્ષાલન કરતું ગંગાનું જળ ત્યારથી હે વિક્રમાદિત્ય ? જગતમાં પવિત્ર થયું.

તે પાર્શ્વનાથ તે આ પોતેજ. તેમની ભક્તિમાં એક ચિત્તવાળા એવા નાગેંદ્રે શેષનાગરૂપે પોતાની ફણામણિની ભગવાનના મસ્તક ઉપર છત્રી કરી છે, જેથી જયાં પાર્શ્વનાથની પ્રતિમા હશે તેના ઉપર શેષનાગની આવી છત્રી હશે.

તે પછી કમઠ મૃત્યુ પામીને કાળાંતરે અસુરકુમાર નિ-કાયમાં મેઘમાળી દેવ થયો ને પાર્શ્વનાથ સંસાર ત્યાગ કરી દિક્ષા લઈને કેવલજ્ઞાન પામી સીત્તેર વર્ષ પર્યંત ભવ્ય જીવોને પ્રતિબોધી સો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને મોક્ષે ગયા. તેમનીજ આ પ્રતિમા તેમની ભક્તિમાં એકતાનવાળા નાગેંદ્રના પ્રભા-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વે પ્રગટ થઈ તો હે રાજન્ ? તેમની સેવાભક્તિથી તું તારો માનવજન્મ સફલ કરી સંસાર સમુદ્રની પેલેપાર તરીજા.

ફણાના સમૂહથી અલંકૃત છે મૌલિ પ્રદેશ જેનો, કૃપાની બાહુલ્યતાથી જેમનું હૃદય સુશોભિત છે. વળી ઉજ્વલ પ્રગટ પ્રભાવવાળા, પુરિસાદાની, આદેયનામકર્મવાળા, વિશ્વમાં પ્રાણી માત્રની રક્ષા કરવામાં સમર્થ. અને કલિકાલમાં કલ્પવૃક્ષ જેવા એવા વિશ્વમાં અદ્વિતીય વીરપાર્શ્વનાથ અમારૂં રક્ષણ કરો.

આવા હજારો હેતુઓથી રાજા વિક્રમને બોધ થયો, ને મિથ્યા કલેશને તજી તે ધર્મમાં સ્થીર થઈને શુદ્ધ શ્રાવક થયો, પ્રતિ દિવસ તે નરનાયક મન, વચન અને કાયાથી પાર્શ્વનાથની સેવા ભકિત કરવા લાગ્યો.

# પ્રકરણ ૩૩ મું.

## વિભૂતિનો સદ્વ્યય.

" આપને આજે રાજયલક્ષ્મીમાં કાંઇ મણા નથી. સર્વ શત્રુઓને જીતીને આપે વશ કર્યા છે. વૈભવ–ઠકુરાઇ ગૃહમાં કે કોશમાં સ્થીર જણાય છે છતાં તત્વજ્ઞો કહે છે કે લક્ષ્મી તો ચપળ સ્વભાવવાળી છે. " રાજા વિક્રમ એક દિવસ પોતાના આપ્તમંડળ સાથે જ્ઞાનગોષ્ટિ કરતો બેઠો હતો ત્યારે મં ી ભટ્ટમાત્રે આ વાત છેડી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" બરાબર છે, અસ્થીર એવી લક્ષ્મીનું ગમનાગમન સમજાય એવું નથી, કયાંથી આવે છે અને ક્ષણમાં પાછી કયાંય ચાલી જાય છે ! " રાજાએ કહ્યું.

" કોના ઘરમાં એ હરિપ્રિયા ( લક્ષ્મી ) જંપ વાળીને બેસે છે ? કેડ પર્યંત ઊંડી પૃથ્વીમાં દાટી મોં ઉપર ધૂળ નાખે છે ! બિચારો નથી કોઈને આપતો ( દાન કરતો ) કે નથી ખાતો પીતો, છતાં તેના ઘરમાં પણ એનો વાસ જણાય છે. " રૂપચંદ્રકુમારે કહ્યું.

" અરે ! એનું ચંચળપણું તો જુઓ; અધમને ઘરે પણ લક્ષ્મી જાય છે. ઉત્તમને આંગણે પણ દેખાય છે. સુરક્ષિત છતાં જતી રહે છે, અરક્ષિત છતાં સ્થીર વાસો કરે છે. ગમે ત્યાંથી આવીને ભેગી થઈ જાય છે. ગમે તેવો ગોટાળો ઉભો કરી જતી રહે છે. ખરે લક્ષ્મી અને વિધિની ગતિ પૂરેપૂરી સમજાય તેમ નથી " અન્ય મંત્રીએ કહ્યું.

" દુઃખે ભેગી કરેલી અથવા તો ભાગ્યના બળે મળેલી પ્રાણ થકી પણ અધિક પ્રિય એવી લક્ષ્મીની 'દાન' એ એકજ ગતિ છે. બાકી બધી વિપત્તિ છે. એ ગુરૂવાકય રાજન્ ! આપ કેમ ભૂલી જાઓ છો ? " રૂપચંદ્રકુમારે દિવાકર સૂરિનું વાક્ય રાજાને યાદ કરાવ્યું.

" ઠીક વાત છે. લક્ષ્મીની દાન, ભોગ કે નાશ એમ ત્રણગતિ શાસ્ત્રમાં બતાવી છે. જે લક્ષ્મી દાન કાર્યમાં વપરાતી નથી અથવા તો ભોગવાતી નથી તે નાશજ થવાની.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૃપણનું સંચય કરેલું ધન અન્યનાજ ભોગમાં આવવાનું." મહામંત્રી ભટ્ટમાત્રે કહ્યું.

"પરંપરાએ વૃદ્ધોના મુખેથી સાંભળ્યું છે કે એકવાર તે શુભાશયવાળી સમુદ્રતનયા લક્ષ્મી સ્વર્ગને વિષે ઈન્દ્રની સભામાં ગઈ. પરન્તુ અન્યકાર્યમાં વ્યગ્ર ચિત્તવાળા એવા શક્રે તેને નહી જોવાથી તેનો આદર સત્કાર કર્યો નહી. તે ઉપરથી લજવાઈને પોતાનું અપમાન સમજીને ક્ષણવારમાં પાછી વળી. ગભરાટથી તેને પાછી વળી જતી ઇંદ્રે દીઠી, એટલે તુરતજ તેને ઉભી રાખી પોતાનાં અવિનય માટે તેની પાસે ક્ષમા યાચી. પછી સુરેંદ્રે તેનો સત્કાર કરી સિંહાસને સ્થાપીને કુશલ સમાચાર પૂછી કહ્યું કે "હે માતા! તમે મને તજીને કેમ ચાલી જતાં હતાં?"

"હે દેવેંદ્ર! તું મદોન્મત્ત થઈ ગર્વે ચઢી ગયો છે, જેથી આંગણે આવેલાની સામે તું જોતો નથી. દુનિયામાં સામાન્ય એવો નિયમ છે કે 'ગરજ સરી કે વૈદ્ય વેરી' જગતમાં જેને આર્ત્તિ હોય તે દેવતાને ભજે છે. રોગીઓ વૈદ્યને સેવે છે. નિર્ધન સ્વાર્થપટુ વિનયી બને છે. અને વૃદ્ધ સ્ત્રી પતિવ્રતા થાય છે. હવે તારે સંપૂર્ણ સપ્તાંગ સમૃદ્ધિ ફાલીફુલી ગઈ છે તેથી :મારી તારે શી ગરજ હોય?" લક્ષ્મીએ ઇન્દ્રની ગર્વાંધતા કહી સંભળાવી.

"માતા! એમ નથી, તમારૂં અપમાન કરીને કોણ ફાવી જવાનું હતું. પરન્તુ મને તો તમારી જ ચિંતા થતી

હતી. તમે ત્રણે કુળે વિશુદ્ધ છો. તમારો પિતા રત્નાકર છે જેમાં ચૌદ રત્નો ભરેલાં છે. ચૌદ રત્નોમાં તમે મુખ્ય છો.

"લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વંતરી, ચંદ્રમા, કામધેનુ, ઐરાવત, રંભા, સપ્તમુખી અશ્વ, વિષ, હરિધેનુ, પાંચજન્ય, અમૃત એવાં સમુદ્રના મંથનકાલે પ્રગટ થયેલાં ચતુર્દશ રત્નો તમોને માંગલિક માટે થાઓ."

ગંગા માતા છે, હરિ જેના ભર્ત્તાર અને ચંદ્રમા બંધુ છે. નિર્મળ પંકજમાં વસવાટ છે. એવાં તમે જગતને સુખ દેનારાં છો. સરસ્વતી કરતાં પણ દુનિયામાં તમારી વડાઇ છે. દુનિયા તમારા માટે તપ, જપ, ધ્યાનાદિ અનેક પ્રકારનાં કષ્ટ સહન કરી રહી છે. સરસ્વતી કરતાં તમારા પૂજારીઓ જગતમાં વધારે છે. છતાં અફસોસ કે તમે અનાચારથી વર્ત્તો છો. અન્યાય કરો છો. તે શું તમારા પુત્રના હૃદયમાં ગુણરૂપ લાગે છે."

"કેમ તને મારો શું અનાચાર લાગે છે? કંઇક તારી ભૂલ લાગે છે." લક્ષ્મિ બોલ્યાં.

"તમે કૃપણના ઘરે જાઓ છો. નીચ હલકા જનને સેવો છો. વળી તેને તજીને ઉદારને મંદિરે વસો છો. કુલીન અકુલીન સર્વને હે રમા ? તમે ભજો છો. અરે ક્ષણ ક્ષણ નવા પુરૂષોને શોધો છો. વ્યંતર, દેવ, વિશ્વધાર, કલાચાર્ય, જડ, મૂર્ખ, બુદ્ધિમાન, ઢેડ, બ્રાહ્મણ, રાજા, રંક, કુકર્મી, સત્કર્મી, રોગી, નિરોગી, સર્વ ઠેકાણે વાયુની જેમ અપ્રતિબદ્ધ થઇને ભમ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરો છો. ને સ્થીર રહેતાં નથી. આમજા—આવ કરવાથી તમે લજવાતાં નથી. આવી ચિંતામાં મગ્ન થવાથી હે પરમાનંદ દાયિની ? જગદિશ્વરી ? મેં તમારૂં સ્ત્રાગત ન કર્યું." ઇંદ્રે લક્ષ્મીબાઈનું ચંચળપણું તેમની આગળ વર્ણવી બતાવ્યું.

"હે વત્સ ! એ સમજણમાં તારી ભૂલ થાય છે. હું કાંઈ અસ્થિર કે ચંચળ નથી. મારૂં પણ હું કદાપિ તજતી નથી. પણ મારા સ્થાનકમાં ઘણા પાજા જેવા મનુષ્યો છે. જે પોતાના પાપકર્મથી પ્રેરાયા છતાં મારી પાછળ આવે છે. કેમકે હું તેમની શેઠાણી છું તેઓ મારા કિંકર છે."

જે લોકો મુર્ખતાથી લક્ષ્મીને ચંચળતાનું કલંક લગાડે છે તે મૂર્ખ છે. કેમકે જ્યાં ગુરૂજનની પૂજા થાય છે, જ્યાં ધાન્ય સંચય છે, દંત કલહ નથી, ત્યાં હે ઇન્દ્ર! તારો નિવાસ છે. જે દાનશીલ સમન્વિત એવો પુણ્યાત્મા તેને જ હું વરૂં છું. બીજે કયાંય મારૂં સ્થાન નથી કેમકે લક્ષ્મી પુણ્યાનુસારિણી જ છે. અને હે રાજન્ ! આજે તે તમારા મંદિરમાં આવેલી છે." રૂપચંદ્ર કુમારે સાંભળેલી લોકોકિત કહી સંભળાવી.

"ખરે દારિદ્રયની જે રેખા વિધિએ ગરીબના કર્મમાં લખી છે તેને પ્રથમ તો ભુંસી નાંખે છે. પ્રાચીન અને ભૂતકાળના પુરૂષોને પ્રત્યક્ષ દર્શાવે છે. દુષ્ટ કલિકાળમાં પણ સત્યુગ પ્રવર્તાવે છે. પ્રકૃતિથી ચપલ એવી લક્ષ્મીને ચંદ્ર દિવાકર તપે ત્યાં સુધી અચલ બનાવે છે, એમ દાનથી જે કૃત્યો થયાં છે તે સર્વ દાનજ કરે છે." ભટ્ટમાત્રે કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" માટેજ આવી ચપળ લક્ષ્મીને સ્થીર કરવી જોઈએ. સગાંઓ રાતદિવસ તેની પછવાડે લાગેલાં હોય છે. ચોર ચોરી જાય છે, રાજા લુંટી લે છે. દેવતાઓ પલકમાં બાળી નાંખે છે, જલ ડુબાવી દે છે. દાટેલામાંથી પણ ઉપાડી જાય છે. ને કોલસા કે ધૂળ થઇ જાય છે. કાં તો નઠારા પુત્રો નાશ કરે છે. અરે ! નીચની આગળ પણ મનસ્વી જનોને ઘણીવાર સુધી ગરીબાઇથી બોલાવે છે, શત્રુ હો કે નિર્ગુણ હો તેવાનાં પણ ગુણ કીર્ત્તન કરાવે છે, ગમે તેવો સેવાક્રમ કે ખુશામત કરતાં પણ અચકાતા નથી. હા ? વિત્તની ગરજવાળા મનસ્વી જનો પણ શું શું નથી કરતા." રાજાએ લક્ષ્મીની સ્થિતી વર્ણવી.

"અરે ! નીચ ગમનના સ્વભાવવાળા સમુદ્રજળના સંબંધે કરીને જ જાણે લક્ષ્મીનો નીચગમનનો સ્વભાવ પડયો હોય ને શું ? કમલિનીમાં નિવાસસ્થાન હોવાથી તેનો કાંટો વાગવાથી જાણે પગ માંડીને સ્થીર ન થતી હોયને શું ? વિષની સોબતથી જ જેને વળગે તેનું ચેતન હરવાની શકિત હોયને શું ? એવી લક્ષ્મીનું ફળ ઉત્તમ પુરૂષે ધર્મ કાર્યમાં ખર્ચીને લઇ લેવું." પ્રધાને કહ્યું.

લક્ષ્મીના ચપળ સ્વભાવ માટે અનેક પ્રકારનું વિવેચન ચાલ્યું અને આમ રાજાએ તેનું ઔષધ જે દાનરૂપી વૃક્ષ વાવ્યું હતું તેને જ પોષવાને ઉચિત દાન દેવાનો આરંભ કર્યો. કોઇ જ્ઞાનમય પાત્ર, કોઇ તપમય પાત્ર, એમ જે કોઇ પાત્ર આવશે તે મારો ઉદ્ધાર કરશે. આવું ધારીને સર્વદા દાનનો આરંભ ચાલુ રાખ્યો, આઠે દિશાએથી લોકો આવીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું દાન ગ્રહણ કરવા લાગ્યા. અનાથ, દીન, દુર્બલ જે જેટલું ધારે તે કરતાં પણ અધિક યથાવિધિ દાન આપવા લાગ્યો.

પ્રથમ જિનેશ્વરને પૂજા નિમિતે એકસોને આઠ ઘડાથી તેમને સ્નાત્ર કરાવ્યું. તેમની પૂજા કરી. તેમજ સર્વ દેવદેવીને પુષ્પ, અક્ષત, ફલ, જલ વિગેરે મોકલીને તેમનું ઉચિત સાચવ્યું. ઋષિઓને વિનય સહિત દાન આપીને સંતોષ્યા, છએ દર્શનવાળાને અન્ન, જળ, વસ્ત્ર, ઔષધ, પુસ્તક, આશ્રમ વિગેરે આપ્યાં. બીજા લોકોના પણ અઢાર જાતના કર કાઢી નાખવાનો રાજાએ હુકમ કર્યો.

સર્વત્ર, સર્વ દેશમાં, સર્વ તિર્થોમાં, દેવતા પૂજન માટે રાજાએ ઘણાં માણસો મોકલ્યાં, મંદિર, મઠ, શાળા, સરોવર જે જીર્ણ થઇ ગયાં હતાં તે રાજાએ નવાં કરાવી આપ્યાં, કેમકે જેટલું પુણ્ય જીર્ણોદ્ધારમાં છે તેટલું નવા કરાવવામાં નથી. કારણ નવામાં જીવહિંસા ઘણી થાય છે જુનામાં થોડી છે. સુવર્ણ, મણિ, રત્ન, ધાન્ય, ગૃહ, ચતુષ્પદ, પુર, દેશ, ગામ, કુવા ઇત્યાદિ વિવિધ દાન આપતો હતો. વનમાં રહેનારા જીવો માટે ફાંસા ઘલાતા બંધ કરાવ્યા. તેવો ધંધો કરનારાને બીજા ધંધામાં જોડયા સર્વે જળાશયોમાં માછલાં મારવા બંધ કરાવ્યાં, પક્ષીઓપર જાળ નંખાતી અટકાવી. સર્વેને અન્ન પાણી મળવા લાગ્યું. વૃક્ષ અને વેલોને પણ જળસિંચન થવા લાગ્યું. વૃક્ષોનું છેદન બંધ કરાવ્યું. મોતી કાઢવા બંધ કરાવ્યાં, પાષાણ તોડવા, ભુમિ ખનન આદિ જીવહિંસાના કારણ બંધ કરાવ્યાં. ઘોડા બળદને ખાંસી કરવાનું અટકાવ્યું. દારિદ્રય દુઃખ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દૌર્ભાગ્ય, વિપત્તિ, કષ્ટ, ઋણ ઇત્યાદિક ભય જગતમાંથી દૂર કરાવ્યો. જેમ જેમ જૈનતત્વના ઉંડાણમાં ઉતરતો ગયો તેમ તેમ રાજા સત્સમાગમથી પૃથ્વીને નવપલ્લવસમી બનાવી સર્વે જીવોને સુખી કર્યા. એવી રીતે સર્વ લોકને શરણ આપીને સર્વ જીવોનો ઉત્તમ સત્કાર કરતો રાજા નિશ્ચિંતમને રાજ્યલક્ષ્મી ભોગવવા લાગ્યો.

# પ્રકરણ ૩૪ મું.

## વૈરાગ્ય રંગ.

એક દિવસ વિહાર કરતા સિદ્ધસેન દિવાકરસૂરિ ઉજ્જયિની નગરીએ પધાર્યા. રાજાએ મોટા ઉત્સાહ પૂર્વક ગુરૂ મહારાજનો પ્રવેશ મહોત્સવ કર્યો. ચતુર્વિધ સંઘને મન આનંદ આનંદ થયો. મહારાજાધિરાજ વિક્રમાદિત્યના જૈનત્વપણાથી પ્રજા પણ જૈનધર્માનુરાગિણી જોઈ ગુરૂરાજ હૃદયમાં ખુશી થયા. રાજા જે ધર્મ પાળતો હોય, પોતાના ધર્મને ઉત્તેજન આપતો હોય તે ધર્મ ઉપર પ્રજાનું અજબ આકર્ષણ થાય છે, તે ધર્મને માટે પ્રજા રાજાનું અનુકરણ કરવાને તૈયાર થાય છે. ખરે વિધિએ સિદ્ધસેન જેવા સમર્થ પુરૂષ માટે પ્રાયશ્ચિત ઉત્પન્ન ન કર્યું હોત તો અવંતિપાર્શ્વનાથને જગતમાં કોણ જાણત? રાજા વિક્રમાદિત્ય પાસે ચમત્કાર દેખાડી નમસ્કાર કોણ કરાવત? ચુસ્ત મગધરાજ બિંબિસાર (શ્રેણિક)ની માફક તેમને જૈન કોણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બનાવત ? હમેશાં પૃથ્વી 'બહુ રત્ના વસુંધરા' છે. એક પછી એક અણુમોલ રત્નો તે પૃથ્વી ઉપર પ્રગટ કરે છે. જેમ બિંબિસાર માટે મહાવીરસ્વામી ( ચોવીસમા તીર્થંકર ) હતા. સંપ્રતિ ( અશોક પુત્ર ) માટે આર્ય સુહસ્તિસ્વામી હતા. તેમજ રાજા વિક્રમાદિત્ય માટે દિવાકરસૂરિ પ્રગટ થયા હતા. તેમણે રાજા વિક્રમને જૈન બનાવી ધર્મનો અપૂર્વ દિગ્વિજય કર્યો હતો. અઢારે વર્ણ જૈન ધર્મ પાળતા શીખી ગઈ હતી. ધર્મની ગ્લાની થતાં પૃથ્વી આવા પ્રાભાવિક પુરૂષોને ઉત્પન્ન કરે છે, જેની અપૂર્વ આંતરિક અને બાહ્ય શક્તિને મનુષ્યો તો શું પણ દેવતાઓ પણ નમસ્કાર કરે છે, આજે તેમણે મહાવીર સ્વામીનો સમય કે રાજા સંપ્રતિનો સમય ઉપસ્થિત કર્યો હતો. ખુદ મહાવીર સ્વામીના સમયમાં ચાલીસ ક્રોડથી વધારે જૈનો ભારતવર્ષમાં હતા. સંપ્રતિ રાજાના સમયમાં લગભગ ચાલીશ ક્રોડ જૈન વસ્તી હતી. અને દિવાકર સૂરિએ પણ ભારત વર્ષને જૈનમય બનાવવા પોતાનાથી બનતું કર્યું હતું.

એક વખતે રૂપસેન કુમારે ગુરૂ મહારાજને પોતાનું આયુષ્ય પૂછયું, ત્યારે ગુરૂએ સભામાં બીજે દિવસે વ્યાખ્યાનમાં વૈરાગ્ય ભાવના ઉપર સભાનું ધ્યાન ખેંચ્યું. રાજા વિક્રમ પરિવાર સહીત સભામાં આવેલો છે, રૂપચંદ્ર કુમાર, તેનો પરિવાર, ચતુર્વિધસંઘ, તેમજ બીજા અઢારે જાતિના લોકો વ્યાખ્યાનમાં બેઠેલા છે. તે અવસરે ગુરૂએ ધર્મોપદેશ શરૂ કર્યો. "હે ભવ્ય લોકો ! આ અસાર સંસારમાં લક્ષ્મી, સ્ત્રી, પુત્ર, અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિવારમાં લોભાઈને આ જીવ બાહ્ય પ્રવૃત્તિમાં રાચીને જન્મ, જરા અને મૃત્યુના અસહ્ય દુઃખો સહન કરી રહ્યો છે. હાથીના કાનની માફક ચંચળ, એવાં ધન, યૌવન અને પ્રિયાના મોહ-માં મશગુલ બનીને સંકટ સમયે સહાય કરનાર એવા ધર્મ-મિત્રને તે ભૂલી ગયો છે. સંસારની વિચિત્રતા તો જુઓ ! ! પ્રમાદને વશે પડીને અજ્ઞાનથી મુઢ એવો જીવ, પાપકર્મથી પાછું વાળીને જોવાની ફુરસદ પણ મેળવતો નથી. અરે ! પ્રાણી-ઓ પોતાના એકજ ઉદરની ખાતર અનેક જીવોની હિંસા કરી રહ્યા છે. અસત્ય વદીને બીજાને ઠગવામાં પોતાના ચાતુ-ર્યને અજમાવી રહ્યા છે. બીજાના ધનને કેવી રીતે હરણ કરવું તેની યુક્તિઓ શોધી રહ્યા છે. પરદારાઓમાં રક્ત બની સાતે વ્યસનોમાં ઉન્મત્ત બની ગયા છે. પણ આ ભવ પૂર્ણ થયા પછી રે જીવડા! તારે કઈ ગતિમાં જવાનું છે ? તેં તારે હાથેજ તારે પોતાને માટે ભવિષ્યકાજે કેટલું એકઠું કર્યું છે ? તે જ્યારે તું ભોગવીશ ત્યારે ખબર પડશે. ચોરાશી લાખ જીવાયોનીમાં ભ્રમણ કરતાં દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્ય દેહ પામ્યો છતાં તેની કિંમત તેં ના કરી ! માનવજન્મની અમુલ્ય ક્ષણો તે ધૂળધાણી કરી.

અનંતકાળ પર્યંત તું નિગોદમાં રખડયો. ત્યાંથી વ્યવહાર રાશીમાં આવ્યો. પૃથ્વીમાં, પાણીમાં, અગ્નિ, ને વાયુમાં તેમજ પ્રત્યેક વનસ્પતિમાં અસંખ્યાતો કાળ ભમ્યો અને સાધારણ વનસ્પતિમાં અનંતો કાળ રખડયો, જેની કોણ ગણત્રી કરી શકે ? ત્યાંથી બેઇંદ્રિય, તેઇંદ્રિય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચૌરિંદ્રયમાં સંખ્યાતો કાળ ભમ્યો. નવાંનવાં દુ:ખ ભોગવવાને અનેક ભવો તેં કર્યાં. તેમ કરતાં પંચિંદ્રિયમાં આવ્યો, તિર્યંચ થયો. સાતે નરકમાં દુ:ખ ભોગવવાને ગયો. જે દુ:ખો કેવળજ્ઞાની કરોડો વર્ષ સુધી કહ્યા કરે તો પણ તેનો પાર આવે નહી, એવા અપાર દુ:ખો તેં સહન કર્યાં. વળી દેવતાની ગતિમાં ગયો, મનુષ્યના ભવમાં આવ્યો, પણ અવિરતિપણાથી જન્મારો વિફળ કર્યો. પાપે પેટ ભરીને તેં તારો અર્થ કાંઈ ન સાધ્યો. ધનને કારણે દેશપરદેશ રખડયો. પણ ધર્મને મિત્ર ન માન્યો. કર્મસંયોગે ધનીક થયો તો કૃપણ બન્યો જેથી એક પાઈ પણ ખર્ચવાને તું અસમર્થ થયો. રમાનાજ રસમાં રક્ત રહ્યો. છોકરાંઓની વ્યાધિમાંજ વીંટાણો મંદિર, ઘર, હાટ, વિગેરે કરાવ્યાં, વિવાહના પ્રસંગોમાં અભિમાનપૂર્વક ધનનો વ્યય કર્યો. પણ ધર્મનું નામ પણ ન ગમ્યું. કિંતુ ધર્મની બુદ્ધિએ હિંસામય કાર્ય કર્યાં અને અજ્ઞાનવશે આત્માને ડુબાવ્યો. અઢાર પાપસ્થાનક સેવવામાં પ્રીતિવાળો થયો.

કર્મ સંયોગે રાજા થયો ત્યારે પ્રજા ઉપર નવાનવા કાયદા બેસાડી જુલ્મ કરે, નવાનવા કરોથી પ્રજાને રંજાડે—નારાજ કરે, લોકોને નુકશાન કરે, વિવિધ પ્રકારની કુયુક્તિઓએ કરાને લાંચો લઇ અન્યાય કરવામાં અને પૈસાદારોને લુંટવામાં પાવરધો બને, માણસોને પળવારમાંજ મારી નંખાવતા અચકાય નહી, અતિ આરંભ પરિગ્રહમાં રક્ત બનીને સાતે વ્યસન સેવનારો થાય. એવી રીતે મોહ નિદ્રામાં મુંજાયેલા પ્રાણીને ધર્મની વાત લેશ પણ રૂચિકર થાય નહી. અનંતિ વાર ઋદ્ધિ, સિદ્ધિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રિયાઓ પામ્યો છતાં મોહમાં મુર્ચ્છા પામેલો આ જીવ તૃપ્ત ન થયો.

સમુદ્રના જળ કરતાં પણ અધિક માતાના થાનનાં દુધ પીધાં. મેરૂના ઢગ પ્રમાણ અનાજ ભક્ષણ કર્યું છતાં આ જીવડો સંતોષ ન પામ્યો. અનંતિવાર દેવતાના ભોગ પામ્યો. રાજ ઋદ્ધિના સંયોગો અનંતિવાર મલ્યા અને એ સર્વને છોડીને તું ચાલ્યો ગયો પણ એમાંથી કોઇએ તારોપરભવ જતાં સાથન કર્યો. કેમકે દુનીયાની કોઈપણ શક્તિ મરણ થકી બચાવી શકે તેમ નથી, બાદશાહો કે અબજોપતિઓ આયુષ્ય સાંધવાને ક્રોડો રૂપૈયા ખર્ચી નાખે પરંતુ તે કોઇ સાંધી શકે તેમ નથી, સગાં સંબંધી, ગુણ સંભારીને પોતપોતાના સ્વાર્થ માટે ભલેને રૂદન કરે પણ આઉખું તુટયા પછી કોઇ રાખનાર નથી. સાગર પ્રમાણ સંખ્યાના આયુષ્યવાળા, મહા બળવંત એવા દેવતાઓ પણ આયુષ્ય પૂર્ણ થયે ક્ષણ માત્ર પણ ટકી શકતા નથી. અરે ! સમસ્ત દેવતાઓ જેની અખંડ આજ્ઞા મસ્તક પર ઉઠાવી રહ્યા છે અને જેની હાકથી દેવલોકની ભૂમિ ખળભળી રહી છે એવા ઇંદ્રો ( દેવપતિઓ ) પણ પ્રાણ બચાવી શકતા નથી. ચોસઠ ઇંદ્રોસહિત સકલ દેવો જેની સેવા કરે છે. જેને દેવ, મનુષ્ય, અસુર, કિન્નર ગંધર્વ સર્વ કોઇ પૂજે છે એવા તીર્થંકર ગણધર ભગવંતો પણ આયુષ્ય પૂર્ણ થયે પંચમીગતિ—મોક્ષગતિએ ચાલ્યા જાય છે. ચક્રવર્ત્તી વાસુદેવ બળદેવ અને પ્રતિવાસુદેવ જેવા અતુલ શકિતવાળા પરમ પુરૂષો પણ ચાલ્યા તો બીજા કોણ માત્ર છે.

માટે આવા ભવ સમુદ્રમાં ભ્રમણ કરનાર હે આત્મા! જાગ!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરભવે દુર્ગતિમાં પડતાં ધર્મ સિવાય તને કોઇ બચાવી શકશે નહિ, અરે ચતુર થઇને તું શામાટે ચૂકી જાય છે. અરે જો પ્રમાદને વશે પડીને ધર્મથી વિમુખ રહેશે તો માખી જેમ મધ એકઠું કરીને તે ખાઈ શકતી નથી, ખવરાવતી નથી પરંતુ જ્યારે વાઘરી આવીને મધ લઈ જાય છે, ત્યારે પછી બે હાથ ઘસી માથુ કુટે છે કે હાય મેં કાંઈ ના કર્યું જેથી ઉચિત પશ્ચાતાપ થાય છે તેમ મરણ સમયે તારે પણ પશ્ચાત્તાપ કરવાનો સમય આવશે. નરકમાં પડતા પરમાધામીના કઠોર પ્રહારોથી તને કોણ બચાવશે ? અરે આ ચિંતામણિ રત્ન સરખો મનુષ્ય ભવ વ્યર્થ ગુમાવી તું શાને બધું હારી જાય છે ? માટે સંસાર-રૂપ સ્વયંભૂરમણ સમુદ્ર તરવાને તું જૈન ધર્મ રૂપી નાવમાં બેસી સામે પાર ઉતરી જા ! શત્રુ કે મિત્ર, કનક કે કથીર સર્વમાં સમ વૃત્તિ રાખીને મધ્યસ્થભાવ ધારણ કરી મોહ મૂર્છા તારી ઓછી કર;" ગુરૂ સિદ્ધસેને ધર્મ દેશના આપી. સર્વસભા ચમત્કાર પામી.

તેવારે રૂપચંદ્ર કુમારે સભા સમક્ષ ફરીને પોતાનું આયુષ્ય પૂછયું "હે ભગવાન ! આપ કૃપા કરીને આજે કહો કે હવે મારૂં આયુષ્ય કેટલું છે ?"

"હે રૂપસેન ! હવે તારૂં આયુષ્ય માત્ર છ માસ પર્યંત બાકી રહ્યું છે તો તને જેમ ઠીક લાગે તેમ કર !"

રૂપસેન કુમાર વિચારમાં પડયો "ઓહો........આવો અમૂલ્ય નરભવ હું હારી ગયો. એટલા ટુંકા કાળ–સમયમાં હું શું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરીશ ! હે ગુરૂ હવે મને દિક્ષા આપો ! તારો, તારો, મને સંસારથી પાર ઉતારો" રૂપસેન કુમારે ગુરૂ પાસે દિક્ષાની યાચના કરી.

કુમાર ! પ્રથમ માતપિતાદિક કુટુંબીજનની સમત્તિ લાવો પછી સંયમ લેવાને તૈયાર થાઓ !

સકલ સભા સમય થયે પોતપોતાના ઠેકાણે ગઇ. રાજા રૂપસેન રજા લેવાને ઘરે આવ્યો.

# પ્રકરણ ૩૫ મું.

## રૂપસેનની દીક્ષા.

" પૂજ્ય માતા પિતા ! જો મને દિક્ષા લેવાનો આદેશ આપો તો અલ્પ સમયમાંજ હું મારૂં આત્મહિત કરી લઉં. આપે સાંભળ્યું ને ? મારૂં આયુષ્ય હવે છમાસનું બાકી રહ્યું છે. આયુષ્યમાં હવે શેષ છેલ્લું જીવન બાકી રહ્યું છે. " રૂપચંદ્ર કુમારે ઘેર આવીને દીક્ષા લેવા માટે માતાપિતાની અનુમતિ માગી.

રૂપસેનની વાણી સાંભળીને માતાપિતા મૂર્છાગત થયાં. ભાઇ, ભગિની, સ્ત્રીઓ, કુટુંબ પરિવાર રૂપસેનની વાત સાંભળીને આક્રંદ કરવા લાગ્યાં. અખંડ અશ્રુધારાએ સર્વ પરિવાર રૂદન કરવા લાગ્યો.

" અરે ! મોહનું વૈચિત્ર્ય તો જુઓ, રડવાથી શું કાર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સરવાનું છે. છ માસ પછી મારૂં મરણ આવશે તે ટાણે તમે મુજને બાંધી રાખશો ખરાં કે ? મનુષ્ય જન્મમાં આવીને આજે મને પૂર્વના પ્રબળ પૂણ્યને યોગે આવા ગુરૂરાજ મળ્યા, ધર્મનો સંયોગ મલ્યો છતાં તમે મને અંતરાય કરી મારો ભવ શા માટે બગાડો છો ? માટે હૃદયમાં ધીરજ ધારણ કરીને મને રજા આપો કે જેથી હું નૃજન્મ સફલ કરી લઉં." રૂપસેન કુમારે ફરીને તેમની મોહ નિંદ્રા ઉશાડી.

"અરે પુત્ર ! એવાં વચન મા બોલ ! હા, ધીરજ તે શી રીતે ધરીયે ! અમારા પ્રાણનો આધાર તને કેવી રીતે છોડી દઇએ. તારા વગર તો સર્વ સંસાર સુનો છે. ભાઇ ! તારા વગર અમે શી રીતે રહીએ !" માતાએ રડતાં રડતાં જણાવ્યું.

"માતા ! આવા અસાર સંસારમાં મોહ ન રાખો ! જન્મ જરા અને મરણના વિષમ પ્રસંગો તરફ દૃષ્ટિ રાખો ! માતા ! માતા ! એક ક્ષણ લાખેણી જાય છે. માટે મને શીઘ્ર રજા આપો !" કુમારે માતાને દિલાસાપૂર્વક કહ્યું.

"ભાઈ ! એવું દુષ્કર ચારિત્ર તું કેવી રીતે પાળી શકીશ. તારૂં સુંદર સુકુમાળ શરીર કયાં, ચારિત્રનાં ઉગ્ર પરિસહો કયાં ! લોહના ચણા ચાવવા સુગમ છે, સમુદ્ર તરવો સહેલો છે, પરંતુ ચારિત્ર ગ્રહણ કરીને તેને બરાબર પાળવું એ અતિ કઠીણ છે. પુત્ર ! જરી ભવિષ્યનો વિચાર કર ! તારી સુકુમારતા તરફ તો ખ્યાલ કર !" માતાએ કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" માતા ! દેવ સમાન રૂદ્ધિને ભોગવનાર શાલિભદ્રને સંભાળો; સાતમી ભૂમિકાએથી છઠ્ઠી ભૂમિકા નહી જોનારે દીક્ષા લઇને માસખમણો કરી દુષ્કર્મોનો ઘાણ કાઢી નાખ્યો. અવંતી સુકુમાલને યાદ કરો; તે સુકુમાલ કુમારે બત્રીશ સ્ત્રીઓ સાથે સુખ ભોગવતાં છતાં પણ આર્યસુહસ્તી સ્વામી પાસે દીક્ષા લઇને એકજ રાતમાં ઉગ્ર પરિસહ સહન કરી કેવું કામ કાઢી નાખ્યું ? પોતે જયાંથી આવ્યા હતા ત્યાંજ ચાલ્યા ગયા. સુકુમાળ છતાં ચુસ્ત મનોબળથી મનુષ્યાવતાર સફલ કરી ગયા. માતા ! જ્યારે આત્મા સ્વત: જાગૃત થાય છે ત્યારે તે બાહ્ય સુકુમારપણું જોતો નથી. તેનો ખ્યાલ તો અંતરંગ સુકુમારતા તરફજ લાગેલો હોય છે. " કુમારે માતાને સમજાવ્યું.

" પુત્ર ! મોટા મોટા સમર્થ જનો પણ દીક્ષા લીધા પછી પસ્તાયા છે–અકળાયા છે–પાછા સંસારના મોહમાં લપટાયા છે. જો રથનેમી રાજુલને જોઈને સંજમ છોડવાને તત્પર થયા. આષાઢાભૂતિ નટડીમાં મુંઝાણા. અરણીક જેવા પણ સ્ત્રીના મોહપાસમાં પ્રતિબદ્ધ થયા. નારીને.વશે એવા કંઈક ભમી ગયા. "

" હશે ! માતા ! એ આળ પંપાળ બધી છોડી દો ! શ્રી કૃષ્ણજીના લઘુ બાંધવ ગજસુકુમારને યાદ કરો. ધનો અણગાર, જંબુસ્વામી આઠ આઠ સ્ત્રીઓને તજી કેવા ભવસાગર તરી ગયા ? માતા ! માતા! હવે કોઈ રીતે હું ક્ષણ માત્ર



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ રહી શકું તેમ નથી. મારો અમુલ્ય સમય જાય . રજા આપતાં શાને ઢીલ થાય છે. ”

“ ઠીક ભાઇ ! તારી એમજ મરજી છે તો પ્રથમ તારી ત્રણે સ્ત્રીઓને પૂછી તને જેમ યોગ્ય લાગે તેમ કર ! ” આખરે માતાએ સ્ત્રીઓની અનુમતિ લેવાનો વચલો માર્ગ કાઢ્યો.

એ પ્રમાણે માતાપિતાની અનુજ્ઞા મેળવી કુમાર પોતાના મહેલમાં આવ્યો. ત્રણે સ્ત્રીઓ તેમની રાહ જોતીજ હતી, પ્રિયતમની રાહ જોતી કંઇ કંઇ મનોરથોમાં તે મગ્ન હતી. છતાં વિધાતાની મરજી આજે કાંઈ જુદીજ હતી. કુદરત ગોયા તેમની શૃંગારમય ચેષ્ટાઓથી હાંસી કરી રહી હતી. ભોળી બાળાઓને ભાગ્યેજ ખબર હતી કે પતિની દિશા આજે બદલાઇ ગઇ હતી.

“ પ્રિયા ! માતા પિતાની અનુજ્ઞા મેળવી આજે તમારી પાસે એક ચીજ માગવા આવ્યો છું. તમે ત્રણે જણુ પ્રસન્ન થઇને કહો; ભલા તે ચીજ મને આપી શકશો ! ” પ્રવેશ કરતાં જ હાસ્યપૂર્વક કુમારે ત્રણે સ્ત્રીઓને પટાવવા માંડી.

“ સ્વામિન્ ! આપનાથી શું વિશેષ છે. અમારૂં જીવતર, યૌવન સર્વ કાંઇ આપને માટેજ શેષ છે.”

“ છતાં આજે તમે આપી શકો તેવી મારી એક માગણી છે. કહો સુવદને ! તમારી શી લાગણી છે. ”

“ મંજુર છે, ફરમાવો શું હુકમ છે ! ”

" એમ નહી પ્રથમ વચન આપો ! "

ત્રણે સ્ત્રીઓ ભોળા ભાવે રૂપસેન કુમારને વચન આપે છે " ઝટ કહો હવે સ્વામિન્! આપને શું ઇષ્ટ છે ? " તેમના હૃદયમાં કંઇ કંઈ ઉત્સુકતા વધવા લાગી.

" પ્રિયા ! માતા પિતાની અનુજ્ઞા મેળવી હવે હું સંયમ લેવામાં તમારી સર્વેની અનુમતિ માગું છું. કંઇ પણ હરકત વગર બાળે ! હું તમારી રજા માગું છું. " તપ્ત લોહ સમુ કુંવરનું વચન સાંભળી અકાળે વિદ્યુત્પાતની જેમ બાળાઓ ધરણી ઉપર ઢળી પડી. " હા ! હા ! હું હણાણી " કહેતી રૂદન કરવા લાગી.

ધીમેથી મૂર્ચ્છાના ઉપચારો કરવા પૂર્વક કુંવરે ત્રણેને શાંત કરી સમજાવવા માંડી " સુવદને ! શા માટે રૂદન કરો છો; મને ઉલટો મોહમાં ફસાવી સંસાર સમુદ્રમાં શામાટે બુડાડો છો ? બહુ પ્રેમ બતાવશો તો મને રણમાં રઝળાવશો. છમાસ પછી મરણ થકી મને કહો બાળે ! કેમ રાખશો ? "

" આપનું કહેવું સત્ય છે. છતાં અમારૂં મન અતિ ઉદ્વિગ્ન છે. સંસારમાંજ બની શકે તેટલું કરવામાં ઠીક છે. "

" લલને ! હવે અલ્પ જીવન જાણ્યા છતાં તેને હારી જવું. અત્યારે નહી તો છમાસ પછી તો તમને છોડીને મારે જવાનું વિધિ નિર્મિત છે. સંસારની કોઈ પણ શકિત મને બચાવી શકે તેમ છે ? માટે ભવાંતરમાં મદદ કરનાર મને ધર્મ મિત્રની સખાઈ કરી લેવા ઘો ! સંસારનાં બનાવટી સુખો

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

અનંતીવાર મળ્યાં પણ ત્રણ જગતને આધારભૂત એવો જૈન ધર્મ–તીર્થંકર ભગવંતે પ્રકાશેલો ધર્મ ન પામ્યો. આજે સર્વ સામગ્રી મલી છે. માટે જો તમારી મારી સાથે અવિહડ પ્રીતિ હોય, શુદ્ધ ભક્તિ હોય તો મને અંતરાય ન કરતાં મારા કાર્યમાં અનુમોદન પૂર્વક સહાય કરનાર થાઓ. તમે ત્રણે એક એકથી અધિક ચતુર છો, ગુણજ્ઞ છો, વારંવાર તમને હું શું સમજાવું ? મને સંજમ લેવા દ્યો. સંસાર સમુદ્ર થકી પાર ઉતરવા દ્યો ! ” કુંવરે કહ્યું.

ત્રણે સ્ત્રીઓ પતિના સત્યાગ્રહ આગળ નરમ પડી. તેઓએ જાણ્યું કે પતિને સમજાવવું એ હવે કેવળ ફોગટ છે. આપણે ના પાડશું તોપણ તે સંજમ તો લેશેજ. તો શું કરવું તે માટે તેઓ વિચારમાં પડી.

“ પ્રાણેશ ! હું પણ આપની સાથે સંજમ લેવાને ઉત્સુક છું. પ્રથમ જ્યારે હું બાલક હતી ત્યારે રાજમદથી ઉદ્ધતાઇ અને બાલ્યાવસ્થાની તોફાની વૃત્તિથી પરણવા ઉપર કંટાળો આવતાં મેં લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. મારી સખીઓએ મને ઘણી ઘણી સમજાવી પણ મેં કોઇનું વચન માન્ય નં કરતાં જીંદગી સુધી કુમારવ્રત પાલન કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી હતી. પરન્તુ બાળપણુ વીતી જતાં યૌવનાવસ્થામાં આવતાંજ આપને જોતાં હું ચળવિચળ થઇ હતી તે પ્રતિજ્ઞા તોડી મેં આપની સાથે લગ્ન કરી મેં વ્રતભંગનું એક મહાન પાપ કર્યું છે. તો હું પણ વ્રત લઇને કરેલી પ્રતિજ્ઞાભંગનું પ્રાયશ્ચિત ઇચ્છું છું. આપની સાથેજ હું પણ દીક્ષા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેવા ઇચ્છું છું." સૌભાગ્ય સુંદરીએ અનુમતિ દેવા પૂર્વક પોતે પણ તેની સાથે સંસાર છોડવાની તૈયારી બતાવી.

"પ્રિયતમ ! હું પણ તમારી અનુગામિની થવાને ઇચ્છું છું." રૂપસુંદરી જે પ્રથમથીજ સરળ, ને અલ્પ કષાયવાળી હતી, ગુરૂની ભક્ત શિષ્યા હતી તેણીએ પતિને અનુમતિ આપી.

સૌભાગ્ય અને સુંદરીને પતિની સાથે ચારિત્ર ગ્રહણ કરવાને તત્પર થયેલી જોઇ રાજકન્યા મંજરી પણ તેમની સાથે સંસારછોડવાને તૈયાર થઈ ગઈ. તેણીએ સ્વામીને કહ્યું "હે સ્વામિન્ ! સ્ત્રીને પતિ એકજ સર્વસ્વ છે. તેનાથીજ તેની શોભા છે. પતિ વિના સ્ત્રીને મંદિર શું ? રંગ રાગ શું ! માટે અમે ત્રણે જણ તમારી સાથે સંજમ લઈશું."

"બાળાઓ ! તમે કોમળ છો, સંજમ પાળવું દુષ્કર છે. માટે તમે શ્રાવકધર્મ અંગીકાર કરીને મંદિરમાં રહો; સુખે સમાધે યથાશક્તિ તપજપ આદરો !" કુમારે કહ્યું.

"પ્રિયતમ ? તમારા વગર અમારે સંસાર નિર્માલ્ય છે. જે પતિની ગતિ તેજ સતીની. માટે અમે તો તમારી સાથેજ સંજમ લેશું." મંજરીએ કહ્યું.

"ઠીક, જો તમારો દૃઢ નિશ્ચય હોય તો સુખે સમાધે આત્મ કલ્યાણ સાધો, પણ હું તો નિશ્ચય ચારિત્ર લઈને મુકિતનો માર્ગ સાધીશ. લ્યો હવે હું રાજા પાસે જઈ તેને આ હકીકત જણાવું છું." એમ કહીને તેમની પાસેથી કુમાર વિક્રમાદિત્ય પાસે ચાલ્યો ગયો.

# પ્રકરણ ૩૬ મું.

## દીક્ષા ઉત્સવ.

દેવ સમાન સુખને ભોગવનાર રૂપસેન કુમારની કેવી અપૂર્વ વૈરાગ્યવૃત્તિ! ચારિત્ર લેવાના તેના કેવા શુદ્ધ પરિણામ? નક્કી માતપિતાની રજા મેલવીને તે દીક્ષા લેશે એ નિસંદેહ છે.” રાજા વિક્રમાદિત્ય એવા વિચારમાં બેઠો હતો ત્યાંતો રૂપસેન કુમારે આવીને પોતાની સંજમ લેવાની વાર્ત્તા માતપિતા અને સ્ત્રીઓની અનુમતિ વગેરે સર્વ કહી સંભળાવ્યું. રાજા કુંવરનાં વચન સાંભળીને ખુશી થયો અને દીક્ષાનો મહોત્સવ કરવાની રાજાએ ખુશી દેખાડી. આખા શહેરમાં ઢંઢેરો ફેરવ્યો કે જે કોઈ રૂપસેન કુમારની સાથે દિક્ષા લેશે તેનો ઓચ્છવ રાજા કરશે અને તેમની અડચણો રાજા દૂર કરશે.

રૂપસેન કુમારનો વૈરાગ્ય દેખીને પાંચે વ્યવહારીયા કુમારની સાથે સંસારનો ત્યાગ કરવાને તૈયાર થયા. પછી રાજાએ શુભ મુહુર્ત જોવરાવી અષ્ટાન્હિકા ઓચ્છવ શરૂ કર્યો. અઢળક દાન દેવા માંડયું. દેશ પરદેશ જીવદયા પળાતી હતી તેમાં વધારો કર્યો, સમસ્ત નગર શણગારવામાં આવ્યું, રસ્તાઓ શેરીઓ, ગલીઓ દુકાનો વગેરે સર્વ સ્થળે તોરણ બંધાણાં. લોકોમાં આનંદ આનંદ વર્ત્તાઈ રહ્યો. ઉત્સવ ઉપર અનેક લોક સમુદાય ભેળો મલ્યો, લોકો કુંવરનું વૈરાગ્યમય મન જોઈને, તેની શુદ્ધતા જોઈને પોતાનું સમકિત નિર્મળ કરવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંજમના અર્થી એવા કુંવરને દીક્ષા સમયે સર્વેએ આખરનું સ્નાન કરાવી વિવિધ પ્રકારના વસ્ત્રાલંકાર શ્રૃંગાર પહેરાવી રત્નજડીત એવી રાજાની પાલખીમાં બેસાડ્યા, જેને જોઈને પાર વિનાના લોકોના હૃદય વિકસ્વર થયાં, પાલખીની બન્ને બાજુએ ચામર વીંજાવા લાગ્યા રાજાએ મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું. આગળ અનેક પ્રકારના વાજીંત્ર વાગવા લાગ્યા, પાલખી સાથે સપરિવાર રાજા ચાલવા લાગ્યો, કુટુંબ સહીત ધનદત્ત શાહ અને રૂપચંદ્રનો સસરો સોમદત્ત-શાહ પણ સાથે હતો, ચતુર્વિધ સંઘ તેમજ અન્ય પણ પ્રજા વર્ગ દીક્ષા ઉત્સવ જોવાનાં ધરાંપરાં કરી રહી હતી. સૌભાગ્યનો પિતા કનોજરાજ ગુણચંદ્ર પણ ઉત્સવમાં સાથેજ હતો. એવી-રીતે અધિક આડંબર પૂર્વક વરઘોડો રાજાના મંદિરેથી નિકળીને શહેરના મુખ્ય મુખ્ય રસ્તાઓ ઉપરથી પસાર થતો નગરના અનેક નરનારીઓથી વધાવાતો નગરના બહાર જ્યાં સિદ્ધસેન દિવાકર સૂરિ અત્યારે બિરાજ્યા હતા ત્યાં આવ્યો. ત્યાં પાલખીને ભોંય ઉપર ઉતારી અને કુંવર પાલખીમાંથી નીચે ઉતર્યો અને સર્વ વસ્ત્રાલંકાર હજારો લોકોના જોતાં કુવરે ઉતારવા માંડયા, તે સમયે અત્યંત નિકટ એવા સંબંધી જનોના હૃદયમાં મોહનો અવિર્ભાવ થવાથી તેમનાં નેત્રોમાંથી અશ્રુ પડવા લાગ્યાં. માતા પિતા રૂદન કરવા લાગ્યાં. રૂદન કરતાં ગુરૂને વિનવવા લાગ્યા, હે ભગવાન્ અમારો વ્હાલો કુંવર જીવ થકી પણ અધિક એવો તમારા વચનથી એ વૈરાગ્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વંત થયો છે. જેથી સંજમ લેવાને તત્પર થયો છે, માટે એ કોડીલો કુંવર અમે આપને અર્પણ કરીયે છીએ !

રાજા પણ ગુરૂને વિનવવા લાગ્યો "હે સૂરિ ભગવંત ! એ અમારા જીવિતથી પણ અધિક એવો કુમાર તમારી પાસે સંજમ લે છે તો તેની તપાસ રાખજો. અને સંજમ નિર્દોષપણે પાળે તેમ તેનું ચિત્ત કરજો."

તે દરમ્યાન કુંવર ઘરેણાં વગેરે આભૂષણો ત્યાગ કરીને ગુરૂ પાસે આવીને કરજોડીને કહેવા લાગ્યો "હે ભગવંત, મને સંજમ આપો–મારાં કષ્ટ કાપો !"

પછી ગુરૂશ્રી સિદ્ધસેન સૂરિએ રૂપસેનકુમાર, ત્રણ સ્ત્રીઓ અને પાંચ વ્યવહારીઓને મુનિવેશ આપીને પાંચ મહાવ્રત ઉચરાવ્યાં ( પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચના સર્વથા ત્યાગ રૂપ પંચ મહાવ્રત )

ગુરૂ સિદ્ધસેન ગણધરે તે સમયે ત્યાં ધર્મદેશના આપી, તેથી લોકો દીક્ષાની અનુમોદના કરીને લોકો રૂપચંદ્ર કુમારની પ્રશંસા કરતાં વિખરાવા લાગ્યા.

ત્રણે સ્ત્રીઓને સાધ્વીઓને ભળાવી તેમની સાથે રહીને તે સંજમ ભાર વહન કરતી, નિર્મળ વૃત્તિએ ચારિત્ર પાળતી જ્ઞાન ધ્યાનમાં પોતાનો અમુલ્ય સમય વીતાડવા લાગી.

રૂપસેન કુમાર પણ સુગુરૂનો જોગ પામીને દીક્ષા લઇને સામાયિક આદિ અગ્યાર અંગ જે ( આચારાંગ, સુયગડાંગ ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસક દશાંગ, અંતગડ દશાંગ, અનુત્તરોવવાઇ, પ્રશ્ન વ્યાકરણ ને વિપાક સૂત્ર ) તેનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અભ્યાસ કરવા લાગ્યો. મનુષ્યજન્મની અમુલ્ય ક્ષણો નિર્મળ ચારિત્ર પાળવામાંજ વ્યય કરવા લાગ્યો.

દીક્ષાના અમુલ્ય સમયે લોકોએ પણ યથાશકિત વ્રત પચ્ચખાણ કરવા માંડ્યા. કોઈએ રાત્રીભોજન ત્યાગ કર્યું, કોઈએ મિથ્યાત્વ વર્જ્યું, તો કોઈએ બાવીસ અભક્ષ્યને બત્રીશ અનંતકાયનો નિયમ ગ્રહણ કર્યો. કોઈએ પરિગ્રહની મમતા તજીને નિયમ લીધો, કોઈએ બ્રહ્મચર્ય અખંડ કીધું; એવી રીતે અનેક પ્રકારે લોકોએ હજારો નિયમો ગ્રહણ કીધા.

રાજાએ પણ દેશ પરદેશ પાંછો જીવદયાનો ઢંઢેરો જાગ્રત કરાવ્યો. દરવાજે ન્યાયઘંટ બજાવી ગમે તેવો પણ ન્યાય ચુકવવાને તે વિલંબ કે પક્ષપાત કરતો નહી. ચારપગવાળા ઢોર પશુને પણ ગાળીને પાણી પાવાનો પોતાના રાજ્યમાં બંદોબસ્ત કરાવ્યો, સર્વ લોક જૈનધર્મની આણ માનવા લાગ્યા, જૈનધર્મના વખાણ કરવા લાગ્યા, કેમકે રાજાની ઉપરવટ કોણ જાય ? જેવો રાજા તેવીજ પ્રજા; પાંચે ભૂષણોએ શોભતો રાજા જૈન ધર્મની ઉન્નત્તિ કરવા લાગ્યો.

स्थैर्यं प्रभावता भक्ति, कौशल्यं जिनशासने,
तीर्थसेवा च पंचास्य, भूषणानि प्रचक्षते; ॥ १ ॥

ભાવાર્થ—જૈન ધર્મને વિષે સ્થિરતા, પ્રભાવના–ઉન્નતિ કરવાવાળો, શાસનની ભકિત કરવાવાળો અને જૈન શાસનમાં કુશલ તેમજ તીર્થ સેવા કરનાર, એ પાંચે સમકિતનાં ધર્મીપણાનાં ભૂષણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૭ મું.

## શત્રુંજય માહાત્મ્ય.

રૂપચંદ્ર કુમારની દીક્ષાની ઘટના બન્યા પછી કેટલેક દિવસે સિદ્ધસેન દિવાકર સૂરિએ માળવ નરેશની આગળ વ્યાખ્યાન સમયે શત્રુંજયનું મહાત્મ્ય વર્ણવ્યું. "રાજન્! અરિહંત સમાન કોઇ દેવ નથી. મુક્તિ સમું કોઈ પદ નથી, શત્રુંજય સરખું કોઈ તીર્થ નથી, કલ્પ સમુ જગતમાં શ્રુત નથી. શ્રી શત્રુંજયની યાત્રા કરૂં—એવો મનમાં વિચાર માત્ર જો આવે તો કોટિભવનાં પાપ અને હજાર પલ્યોપમના સંતાપ દૂર થાય. શત્રુંજયની યાત્રા કરવાનો દૃઢ સંકલ્પ કરે તો લાખ પલ્યોપમનાં પાતક દૂર થાય. માર્ગે જતાં અનેક સાગરોપમનાં પાતક હરે અને વિમલાચલને નજરે દેખતાં તે બે દુર્ગતિ દૂરે ટળે—નરક અને તિર્યંચની ગતિ તેનો સાથ છોડે. પૂજા સ્નાત્ર વિગેરે કરવાથી હજાર સાગરોપમનાં પાપ દૂર થાય. ધૂપાદિક ઉખેવે તો પંદર ઉપવાસનું ફલ થાય. મનશુદ્ધે કપૂરથી આરતિ ઉતારે તો માસખમણનું પુણ્ય ઉપાર્જન કરે.

હે રાજન્? શ્રી શત્રુંજય તીર્થ જેવું મોટું કોઇ તીર્થ નથી. શ્રી આદિનાથે ( પ્રથમ તીર્થંકરે ) તેને પ્રગટ કર્યું. તેમના પુત્ર ભરત ચક્રવર્તીએ આ અવસર્પીણીમાં તેનો પ્રથમ ઉદ્ધાર કર્યો. બીજો ઉદ્ધાર ભરતરાજાની આઠમી પાટે થયેલા દંડવીર્ય રાજાએ કર્યો. ભરતરાજાએ, દંડવીર્ય રાજાએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંઘવીપદ ધારણ કરી યાત્રાઓ કરી, એક કોડીસાગર પછી ત્રીજો ઉદ્ધાર ઈશાનેંદ્રે કર્યો. એક કોડીસાગર પછી ચોથો ઉદ્ધાર માહેંદ્રે કર્યો. દશકોડી સાગર પછી પાંચમો ઉદ્ધાર બ્રહ્મેંદ્રે કર્યો. છઠ્ઠો ઉદ્ધાર એક કોડી લાખ સાગરોપમ પછી ચમરેંદ્રે કર્યો, સાતમો ઉદ્ધાર બીજા તીર્થંકર અજીતનાથને વારે બીજા સગરચક્રીએ કર્યો. એવી રીતે રૂષભથી અજીત પર્યંત સાત ઉદ્ધાર થયા. આઠમો ઉદ્ધાર ત્રીશકોડી દશલાખ કોડીને અંતરે ચોથા તીર્થંકર અભિનંદન સ્વામીના ઉપદેશથી વ્યંતરેંદ્રે કર્યો. નવમો ઉદ્ધાર આઠમા તીર્થંકર ચંદ્રપ્રભ સ્વામીને વારે ચંદ્રજસા રાજાએ કર્યો. દશમો ઉદ્ધાર સોળમા તીર્થંકર શાંતિનાથને વારે તેમના પુત્ર ચક્રાયુધે કર્યો. અગીયારમો ઉદ્ધાર વીશમા મુનિસુવ્રત સ્વામીને વારે દશરથ રાજાના પુત્ર રામલક્ષ્મણે કર્યો. અને બારમો ઉદ્ધાર બાવીશમા નેમનાથને વારે પાંડવોએ કર્યો.

પાંડવોએ અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ કરી–કરાવી પોતાની પૃથ્વી હાથ કરીને માતાને નમવા આવ્યા, તે વારે માતાએ ખેદસહીત કહ્યું " વત્સો ! ગોત્રનિકંદનનું પાપ તમે કેવી રીતે છોડશો ? સંસારના તુચ્છ રાજ્યલોભથી ચિરકાળ પર્યંત ભોગવે પણ ન છુટે તેવું ગોત્ર નિકંદન કરીને જીવહિંસાનું પાપ તમે ઉપાર્જન કર્યું છે. "

" માતા ? હવે તમે કહો તેમ કરીયે. "

" પુત્ર ! શત્રુંજય તીર્થે જઈ સુરજકુંડમાં સ્નાન

કરીને રૂષભ જિનેશ્વરને પૂજીને ભગવંતનું ધ્યાન કરો! અવસરને યોગ્ય ઉચિત કાર્ય કરો!"

આથી પાંડવોએ વિમલાચલ જઈને જિનવરની ભકિત કરી બારમો ઉદ્ધાર કર્યો. કાષ્ટનું મંદિર બંધાવીને લેપમય પ્રતિમા સ્થાપન કરી પ્રાયશ્ચિત કર્યું.

પાંડવ અને ચોવીશમા તીર્થંકર મહાવીરસ્વામીને ચોરાસી હજાર વરસ લગભગનું અંતર પડયું અને વીર ભગવાનથી ચારશો સીત્તેર વર્ષે હે વિક્રમ! તું અવનીશ્વર થયો. વચમાં સુક્ષ્મ ઉદ્ધારો તો અસંખ્યાતા થયા છે, પણ આ બાર ઉદ્ધાર તો મોટા થયા છે અને બાકીના પાંચ ઉદ્ધાર ભાવીકાળમાં આ પંચમ આરામાં થવાના છે. તેમાં હે માળવરાજ! તેરમો ઉદ્ધાર તે હમણાંજ તારા પ્રવર્ત્તાવેલા સંવત્સરના ૧૦૮ વષે સોરઠ દેશમાં આવેલા માધુમતી નગરના રહીશ ભાવડના પુત્ર જાવડશાહ કરશે. આ અવસર્પીણીમાં સંઘવીઓ તો અસંખ્યાતા થયા છે. તેમાં પાંડવ અને જાવડ વચ્ચે પચ્ચીશક્રોડ પંચાણું લાખ પંચોત્તેર હજાર એટલા સંઘવી થવાના છે. ચક્રવર્ત્તી અને શક્રેંદ્રની પદવી સુલભ છે, પણ સંઘવીનું પદ મહદ્ પુણ્યથીજ મલી શકે છે. હે મહારાજ! તું પણ સંઘપતિ થઇને માનવ જીવન સફલ કર!

અહીંયા સિદ્ધગિરિમાં નેમ વિના ત્રેવીશે તીર્થંકરો આવીને સમવસર્યા છે, પહેલા તીર્થંકરને વારે ભરતચક્રીના પુત્ર અને પ્રથમ ગણધર પુંડરિક સ્વામી પંચક્રોડની સાથે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચૈત્રી પૂર્ણિમાએ મુકિત વર્યા છે, તેમના વંશમાં ઉત્પન્ન થયેલા દ્રાવિડ અને વાલિખિલ્લ દશક્રોડની સાથે કાર્ત્તિકી પુનમે શિવપદ પામ્યા. જન્મ મરણના ફેરા ટાલ્યા. રૂષભદેવના પૌત્ર નમિ વિનમિ વિદ્યાધર બે કરોડ મુનિઓની સાથે ફાગણ સુદી ૧૦મે મોક્ષે ગયા, શ્રી રૂષભવંશી રાજાઓ-ભરત ચક્રવર્ત્તીની અસંખ્યાત પાટપર્યંત સર્વે મુકિતના માર્ગે ગયા. રામ ભરતમુનિ ત્રણ ક્રોડની સાથે શિવપુર ગયા. એકાણું લાખની સાથે નારદજી શિવપુર સીધાવ્યા. શ્રી કૃષ્ણજીના પુત્ર શાંબ પ્રદ્યુમ્ન સાડીઆઠ કરોડે ફાગણ સુદી ૧૩ ના મોક્ષે ગયા. વીશકરોડની સાથે પાંડવો મોક્ષ ગયા. એમ અનંતા મુનિવરો આ તીર્થ ઉપર મુક્તિપદને વર્યા છે, વળી ભવિષ્યમાં પણ કેટલાક મુનિઓ મુકિતએ જશે તેનો પાર કોણ પામી શકે છે? સાત છઠ્ઠ, બે અઠ્ઠમ અને એક લાખ વિધિપૂર્વક નવકાર ગણી શત્રુંજય તીર્થની યાત્રા કરે તો ભવસાગર સહેજે તરે. માટે હે રાજા ? આવા અપૂર્વ શત્રુંજયના સંઘપતિ થઈને તું પણ યાત્રા કર, બીજા પણ અનેક માણસોને યાત્રા કરાવીને માનવજન્મ સફલ કર !" ગુરૂ મુખે સિદ્ધાચલજીનું મહાત્મ્ય સાંભળીને રાજાએ સંઘપતિ થવાનો વાસક્ષેપ નાખવા ગુરૂજીને અરજ કરી. શુભ મુહુર્ત્તે સંઘમાં ગુરૂને પણ પધારવા અરજ કરી.

ગુરૂએ શુભમુહુર્ત્ત આપ્યું, રાજાએ દેશપરદેશ સંઘમાં આવવાને ઢંઢેરો ફેરવ્યો. પ્રયાણ અવસરે ચૌદ મુગટબદ્ધ રાજાઓ તેમની સેના સાથે, સત્તરલાખ મહાગુણવંત શ્રાવકો તેમનો સ્ત્રી પુત્રાદિક પરિવાર જૂદો; તેમજ બીજો પણ પરિવાર ભેગો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મલ્યો. સર્વની સમક્ષ શુભ મુહુર્તે વિક્રમરાજાને સંઘપતિનુ તિલક કર્યું. અને મસ્તકે વાસક્ષેપ નાંખ્યો. દેવાલયોમાં જિનેશ્વરની રૂડે ભાવે ભક્તિ કરીને પ્રયાણનો ભેરી વગડાવ્યો. મંગળપાઠકોને દાન દીધાં. તેમની સાથે ૬૯૦૦ સંઘપતિ હતા. અઢારલાખ ઘોડા, બહોંત્તેર હજાર હાથીઓનો સમુદાય સાથે હતો. એક કરોડ દશલાખ ને નવહજાર શકટ ( ગાડાં ) હતાં. પાંચહજાર આચાર્ય હતા, દિવાકર પણ સાથે હતા.

સાથે દેરાસરો પણ ૧૬૯ સુવર્ણનાં હતાં, દાંત અને ચંદનનાં ૫૦૦ જીનમંદિર હતાં, સાધુ સાધ્વીઓનો પાર નહોતો. માર્ગમાં ઠેકઠેકાણે દેવાલય બંધાવી પ્રતિષ્ઠા કરાવતો અને ગામ પરગામના સંઘથી પૂજાતો સંઘ કેટલેક દિવસે વિમલાચલગીરીએ આવી પહોંચ્યો. રાજાએ ગીરીરાજને મુક્તાફળ અને સોનાના ફુલડે વધાવ્યો, અતિ ઉલટ ધરીને ગિરિ ઉપર ચડીને રૂષભ જિણંદને ભાવથી ભેટ્યા. સંઘપતિની પદવી ધારણ કરી મનુષ્ય જન્મ સાર્થક કર્યો, ચંદ્રને જોઇને જેમ ચકોર આનંદ પામે. મેઘને ગર્જના કરતાં જોઈ જેમ મયૂરો હર્ષ પામે, તેમ સકલ સંઘ રૂષભ જિણંદને જોઇને આનંદ પામ્યો. સત્તર પ્રકારે પૂજા રચાવી વિધિથી સ્નાત્ર મહોત્સવ કર્યો. નાટક, ગીત ગાનથી રૂડે પ્રકારે ભગવંતની ભકિત કરી, પુણ્યનો ભંડાર ભર્યો. મોટી ધ્વજા ચડાવી, એવી રીતે અનેક પ્રકારે ભગવંતની ભકિત કરીને સ્વધર્મી બંધુઓની ભકિત પણ સાચવી. શ્રી સિદ્ધસેન સૂરિના ઉપદેશથી રાજાએ વિમલાચલ ઉપર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીર્ણોદ્ધાર કરીને પોતાના આત્માનો પણ ઉદ્ધાર કર્યો—માનવ જન્મ સફળ કર્યો.

રૂપચંદ્ર-મુનિએ હવે, પોતાનું આયુષ્ય માત્ર સાત દિવસનું અવશેષ (બાકી) જાણીને રૂષભ જિણંદને ભાવપૂજા વંદના કરીને ભવોભવ જિનવર ચરણની સેવા યાચતો તે મહામુનિ સુગુરૂનો આદેશ લઇને ચારે આહારનો ત્યાગ કરીને ગીરીના એક ભાગપર અણસણ કરતો હતો. પાપનો પશ્ચાત્તાપ કરતો અને ત્રિવિધે ત્રિવિધે વોસરાવતો, આત્માને શુદ્ધ કરતો હતો. સુકૃતની અનુમોદના કરવા લાગ્યો. હૃદયમાં એક જિનરાજનું જ ધ્યાન ધરવા લાગ્યો. ચારે શરણ અંગીકાર કર્યા. સંસારમાં ભવોભવના આધાર એવા પંચપરમેષ્ટિ મંત્રનું સ્મરણ, ચિંતન કરવા લાગ્યો. સર્વજીવોની સાથે બંધુ ભાવના ધારણ કરતો અણુસણના શુદ્ધ પરિમાણમાં સાત દિવસ પર્યંત રહીને શુભ ભાવે આયુષ્ય પૂર્ણ કરીને દેવલોક તરફ તેનો આત્મા સીધાવ્યો. થોડા ભવમાં તે મુક્તિ રમણીને પણ વરનાર થશે. સંસારની અનિત્ય ભાવનાને સ્મરણ કરતા રાજા વિક્રમાદિત્યે મુનિનો નિર્વાણ મહોત્સવ કર્યો.

શુભ દિવસે ત્યાંથી સંઘ યાત્રા કરતો કરતો ગિરનાર પર્વત ઉપર આવ્યો. જ્યાં બાવીશમા તિર્થંકર શ્રી નેમિનાથજીનાં દીક્ષા પ્રમુખ ત્રણ કલ્યાણકો થયાં છે; અને આવતી ભાવી ચોવીસીએ બાવીશ તિર્થંકરો આ પર્વત ઉપર મોક્ષે જવાના છે. એવા ગિરનાર પર્વત ઉપર આવી યાદવ વંશના ચંદ્ર સરખા નેમનાથને વિધિસહિત પૂજ્યા. ભકિત કરી, ધ્વજારોપણ આદિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહોત્સવો કર્યા, ગુરૂના મુખે શત્રુંજયની પેઠે ગિરનારનું મહાત્મ્ય સંપૂર્ણ સાંભળ્યું. ત્યાંથી યાત્રા કરતો સંઘ પ્રભાસપાટણ જઇ પોતાને સ્થાન ઉજ્જયિની આવ્યો. નિર્વિઘ્ને સંઘ પોત-પોતાને ઠેકાણે આવેલો જોઇ સર્વને આનંદ થયો.

આ રીતે રાજા વિક્રમે જૈનધર્મનો અપૂર્વ મહિમા વધાર્યો. અને જૈનધર્મનાં અભિનવ કાર્ય કરતો છતો પોતાનું રાજ્ય સુખે પાળવા લાગ્યો. ગુરૂ મહારાજ પણ અન્યત્ર વિહાર કરી ગયા. રાજા સિદ્ધગિરિનું માહાત્મ્ય મનમાં વારંવાર સંભારતો આત્માને પાપ–પંકજથી શુદ્ધ કરતો હતો. મંત્રમાં જેમ નવકાર મંત્ર સુખદાયક છે, ધર્મમાં જેમ દયા અને પર્વતમાં જેમ મેરૂ, વ્રતમાં જેમ બ્રહ્મચર્ય; તેમજ તીર્થોમાં સિદ્ધગિરિ એ સર્વોત્કૃષ્ટ તીર્થ છે.

# પ્રકરણ ૩૮ મું.

## ભવિષ્ય કથન.

એક દિવસ વિહાર કરતા કરતા ગુરૂરાજ સિદ્ધસેનસૂરિ પાછા ઉજ્જયિનીમાં આવ્યા. રાજા વિક્રમે મહોત્સવ પૂર્વક સામૈયું કરી તેમને ઉપાશ્રયે પધરાવ્યા, ગુરૂએ ધર્મદેશના આપી તેમને વૈરાગ્ય વાસિત કર્યા. એક સમયે રાજાએ ગુરૂને ભાવીકાલની કાંઇક વાત પૂછવા માંડી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"ભગવન્! શત્રુંજયના બાર ઉદ્ધાર તો થઈ ગયા, હવે બાકીના કયારે અને કોણ કરશે. ?"

"રાજન્! તારા સંવત્સરથી ૧૦૮ વર્ષે સિંહગીરી સ્વામીના શિષ્ય અને મહાપ્રભાવિક વજ્રસ્વામીના બોધથી જાવડશાહ સિદ્ધગિરિ ઉપર તેરમો ઉદ્ધાર કરશે. ચૌદમો ઉદ્ધાર વિક્રમ સંવત ૧૨૧૩માં કુમારપાળ રાજાના સમયમાં હેમચંદ્રાચાર્યના પ્રતિબોધથી બાહડ મંત્રીશ્વર કરશે. પંદરમો ઉદ્ધાર સંવત ૧૩૭૧માં તપાગચ્છના શ્રૃંગારરૂપ શ્રી રત્નાકર સૂરિના સમયમાં સમરોશાહ ઓશવાળ કરશે અને સોળમો ઉદ્ધાર બાદશાહના પ્રધાન કર્માશાહ સંવત ૧૫૮૭માં કરાવશે. છેલ્લો સત્તરમો ઉદ્ધાર આ ચોવીશીમાં પાટલીપુત્રમાં ઉત્પન્ન થયેલો કલંકીનો પુત્ર વિમલવાહન રાજા કરશે. પંચમ આરો પૂર્ણ થતાં છઠ્ઠો આરો બેસશે, તે વારે જૈનધર્મ, રાજધર્મ અને વ્યવહાર ધર્મનો લોપ થશે. તે છઠ્ઠો આરો એકવીશહજાર વર્ષ પર્યંત ચાલશે, તે પછી અવસર્પણી કાલ પૂર્ણ થતાં ઉત્સર્પિણિનો પ્રથમ આરો છઠ્ઠા આરાના જેવો આવશે. તે બન્ને આરામાં માણસો વિવેકરહિત, ધર્મમર્યાદારહીત, વ્યવહારરહીત નરક અને તિર્યંચગતિમાં પ્રાયઃ જનારા થશે. છ વરસની સ્ત્રી ગર્ભધારણ કરશે. ઉત્કૃષ્ટ વીશ વર્ષનું પુરૂષનું આયુષ્ય અને સોળ વરસનું સ્ત્રીનું આયુષ્ય રહેશે, તેમાં પુત્રના પુત્રો દેખશે. માતા પિતાના સંબંધરહીત પશુ જેવા થશે. ગંગા નદીના બીલમાં રહેશે, ઉત્સર્પિણીનો પ્રથમ આરો પુરો થતાં આ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જના પાંચમા આરા જેવો એકવીશહજાર વરસનો બીજો આરો બેસશે, સાત દિવસ પર્યંત પુષ્કરાવર્ત્ત મેઘ વરસશે. પૃથ્વી નવપલ્લવ, રસકસ રહિત થશે. ધીરે ધીરે બળ, બુદ્ધિ, રૂપ, સૌભાગ્યની વૃદ્ધિ થશે. એવી રીતે બીજો આરો પુરો થતાં સાત કુલકર થશે. ત્રીજા આરાના લગભગ સાડાત્રણ વર્ષ ગયા પછી મહાવીર સ્વામીના જેટલાજ આયુષ્યવાળા પદ્મનાભ પ્રથમ તીર્થંકર થશે. અનુક્રમે પશ્ચાનુપુર્વીએ ત્રીજા આરામાં ત્રેવીસે તીર્થંકરો, અગીઆર ચક્રવર્તી, નવ બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ થશે. તે ત્રીજો આરો બેંતાળીશ હજાર વર્ષ ન્યૂન એક કોડી સાગરોપમ પ્રમાણુ જાણવો.

"ભગવન્! પદ્મનાભ તીર્થંકર કોણ થશે ?" રાજાએ પૂછ્યું.

"વીર ભગવંતના ચુસ્ત શ્રાવક શ્રેણીક જે અત્યારે ચોરાશી હજાર વર્ષથી કાંઈક અધિક એવા મધ્યમ આઉખે પહેલી નરકમાં છે, તે ત્યાંથી નીકળી પ્રથમ તીર્થંકર શતબલ નામે થશે."

"અને ત્યારે વીર ભગવાનનું શાસન કયાં સુધી ચાલશે ?" રાજાએ પૂછયું.

"મહાવીર સ્વામીથી લઈને એકત્રીશ હજાર વર્ષ પર્યંત. જેમાં આંતરે આંતરે ધર્મનો ઉદ્યોત કરનારા મહા પ્રભાવિક યુગપ્રધાનો પાંચમા આરાના અંતપર્યંત ઉત્પન્ન થઈને રાજાઓને પણ પ્રતિબોધી જૈનધર્મનો વિજયધ્વજ ફરકાવશે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" સ્વામિન્ ? ભવિષ્યમાં કોઈ મારા જેવો રાજા થશે ?"

" હા ? ........ જે સાંભળ........

पुण्णे वास सहस्से, सयाण वरिसाण नवनवइ कलिए
होइ कुमर नरिंदो, तुह विक्कम राय सारिच्छो ॥ १ ॥

ભાવાર્થ—હે વિક્રમ ? તારા સંવત્સરથી ૧૧૯૯ વર્ષે અઢાર દેશનો ધણી અને પાટણનો પતિ સોલંકી વંશમાં મુગટ સરખો કુમારપાળ રાજા તારાજ જેવો ધર્માત્મા થશે."

મહાવીર સ્વામીના સમયમાં સત્યકી વિદ્યાધર અગીયારમો રૂદ્ર કહેવાતો હતો અને કુમારપાળના પહેલાનો રાજા મહાપરાક્રમી જયસિંહદેવ બારમા રૂદ્ર તરીકે ઓળખાશે. જગતમાં તે સિદ્ધરાજ તરીકે જાહેર થશે. કુમારપાળનો કાકો એ સિદ્ધરાજ દીર્ઘકાલ પર્યંત રાજ્ય ભોગવશે, પાંચમો આરો ઘણો પસાર થયા પછી ત્રણખંડનો ધણી મહાપરાક્રમી કલંકી રાજા થશે. "

" તે કલંકી રાજા કયાં અને કયારે થશે ?"

" પીસ્તાલીશ ઉપકલંકી અને પાંત્રીસ લઘુ કલંકી થયા પછી કલંકી રાજા તે જમાનામાં જેટલી દુનિયા હશે તેટલી દુનીયાનો ધણી, માતા બ્રાહ્મણી અને બાપ ચંડાળ તે થકી ઉત્પન્ન થશે. તે પણ ચાર નામ ધારણ કરી રૂદ્રનો અવતાર કહેવાશે. છેવટે તેના જુલમથી પૃથ્વી ત્રાસી જશે. આકરા કર લેશે. જુલમ વર્ત્તાવશે અને જૈનના પરિગ્રહ રહીત સાધુઓ પાસેથી પણ કર લેશે. સાધુઓ કર નહી આપવાનો સત્યાગ્રહ કરશે તે વારે તેમને કેદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરશે જૈન સંઘમાં ખળભળાટ થશે, સાધુઓ કાઉસગ્ગ ધ્યાને રહી તપ કરશે, તેના પ્રભાવથી શક્રેંદ્રનું આસન ચળાયમાન થવાથી અવધિજ્ઞાને ભરતલોકનું સ્વરૂપ જાણી સંઘનું કષ્ટ નિવારવાને વૃધ્ધ બ્રાહ્મણનું રૂપ કરીને કલંકી પાસે આવશે. સાધુઓને મુકત કરવાને સમજાવશે, પણ તે સમજશે નહી અને તેને પણ કેદ કરવાનો હુકમ કરશે. તે વારે ઇંદ્ર ગુસ્સાથી એકજ થપાટ મારીને તેનો નાશ કરી નાખશે !! કલંકી ૮૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને નરકમાં ઉત્પન્ન થશે. શક્રેંદ્ર વિમલવાહન (દત્ત)ને રાજ્યાસને સ્થાપીને સાધુઓને છુટા કરી ખમાવીને પોતાને સ્થાનકે જશે, તે વિમલવાહન પૃથ્વીને જીનમંદિરથી નવપલ્લવિત કરશે. શત્રુંજયનો ઉદ્ધાર કરશે, બીજા પણ અનેક જીર્ણોદ્ધાર કરશે."

"આપે કહ્યું કે ત્રીજા આરામાં અગીયાર ચક્રવર્ત્તી અને ત્રેવીશ તીર્થંકરો થશે, તો શું તેટલા જ થશે કે ચોવીશે સંપૂર્ણ થશે." રાજાએ પૂછ્યું.

" ચોવીશમા તીર્થંકર રૂષભદેવની સમાન વયવાળા ઉત્સર્પિણીનો ચોથો આરો બેસતાં થશે, બારમો ચક્રીપણ તે વારે થશે. ચોવીસમા જીનેશ્વર મોક્ષે ગયા પછી કલ્પવૃક્ષો પ્રગટ થશે. વ્યવહાર ધર્મથી અજ્ઞ યુગલિક મનુષ્યો કાળના ભાવે કરીને થતાં જશે. તે ત્રીજો આરો, બીજો આરો અને પ્રથમ આરો અનુક્રમે યુગલિકોના બળ, આયુષ્ય, સૌભાગ્ય આદિની વૃધ્ધી કરનારો થશે, એમ ઉત્સર્પિણી કાલના છ આરા પૂરા થયા પછી અવસર્પિણી કાલનો પાછો પ્રથમ આરો ઉત્સર્પિણીના છઠ્ઠા આરા જેવો બેસશે. તે પછી બીજો આરો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્સર્પિણીના પાંચમા જેવો અનુક્રમે આ અવસર્પિણીની કાલની માફક તે પણ જાણવો, એવી રીતે પ્રથમ આરો ચાર કોડા કોડી સાગર પ્રમાણ, બીજો આરો ત્રણ કોડાકોડી પ્રમાણ, ત્રીજો બે કોડાકોડી પ્રમાણ, ચોથો બેંતાળીશ હજાર વર્ષ ઓછો એક કોડાકોડી સાગર પ્રમાણ, પાંચમાનાં એકવીશ હજાર અને છઠ્ઠાનાં એકવીશ હજાર. એમ એકંદરે દશ કોડાકોડી સાગરોપમની અવસર્પિણી અને દશ કોડાકોડી સાગરોપમની ઉત્સર્પિણી (અવસર્પિણી કરતાં ઉત્સર્પિણીનો પશ્ચાનુક્રમ સમજવો)એમ વીશ કોડાકોડી સાગરોપમનું એક કાલચક્ર સમજવું. એવાં અનંતા-કાળચક્રે એક પુદ્ગલ પરાવર્ત થાય. હે વિક્રમ ? વિતરાગના શુદ્ધ ધર્મ વગર–શુદ્ધ સમક્તિ વગર આ જીવે ભૂતકાલમાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત કર્યાં છે અને ભવિષ્યમાં જ્યાં સુધી સમક્તિ નહી પામે ત્યાંસુધી સંસારમાં જન્મ મરણ કર્યાં કરશે."

"ભગવંત ! પાંચમા આરાના અંત પર્યંત આવીરીતે આજની માફક અવિચ્છિન્ન ધર્મ ચાલ્યા કરશે કે વચમાં ટૂટી પડશે, વારૂ !"

"રાજન્ ! મહાવીર સ્વામીના નિર્વાણ સમયે ભસ્મગ્રહનો ઉદય થયો છે જે બે હજાર વર્ષ પર્યંત વીરના શાસનને સંતાપજનક થશે. ઉપરનાં ચારસો વર્ષ વિક્રમના મળીને ચોવીસો વર્ષ પર્યંત વીર ભગવંતનું શાસન ડોળાશે, અનેક કુમતિ પાખંડીઓ જાગશે, રાજાઓ પ્રજાને પીડનારા થશે. ચોર ચરડ વધી પડશે. તે અરસામાં પાપીઓ સુખમાં મ્હાલશે, ધર્મીજનો દુઃખી થશે. વીરનો ધર્મ ચાળણીની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માફક ચળાશે. દેવદર્શન પણ દુર્લભ થશે. મંત્રો ફળ ઓછું આપશે. સંઘ સમુદાયમાં પણ અનેક ઝગડાઓ ઉત્પન્ન થશે. અંદર અંદર લડી લડીને નબળા પડશે—એવી રીતે ચોવીસો વર્ષ પર્યંત મહામુશ્કેલીમાં શાસન પસાર થશે, પછીથી ધર્મનો વિજય, મોટા પ્રભાવિક પુરૂષો ઉત્પન્ન થશે. દેવતાઓ કિંચિત્ માત્ર આરાધન કરવાથી પ્રગટ થશે, આંતરે આંતરે મહા પ્રભાવિક પુરૂષો ઉત્પન્ન થઇને ધર્મનો મહિમા વધારશે, એકવીશહજાર વર્ષ પર્યંત વીર ભગવાનનું શાસન ભસ્મગ્રહ પછી અસ્ખલિતપણે ચાલશે. છેક છેડે—પાંચમા આરાને છેડે એક દુષ્પ્રસહ સૂરિ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા રહેશે, દુષ્પ્રસહ સૂરિ છઠ્ઠને તપે કાળ કરીને પ્રથમ દેવલોકે જશે, ત્યાંથી મનુષ્ય થઇને મુકત થશે. સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના અંતસમય પછી જૈનધર્મનો લોપ થશે, તે સાથેજ રાજ્યધર્મનો પણ નાશ થઇ જશે. કેમકે રાજ્યધર્મ અને જૈનધર્મ બન્નેને ગાઢો સંબંધ છે. તે બન્ને એક બીજાથી જુદાં પડી શકતાં નથી. માટે જગતમાં જ્યાં સુધી જૈનધર્મ રહેશે ત્યાં લગણ રાજ્યધર્મ પણ રહેશે. તેમના નાશ પછી આ ભારતમાં વ્યવહાર ધર્મનો પણ નાશ થઇ જશે. પછી તરતજ પૂર્વે કહ્યો તેવો છઠ્ઠો આરો બેસશે.”

એ પ્રમાણે સર્વજ્ઞપુત્ર સિદ્ધસેન દિવાકરના મુખેથી ભાવી કાળનાં વચન સાંભળીને રાજા વિક્રમાદિત્ય ચિત્તમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચમત્કાર પામ્યો અને પોતાના જેવો કુમારપાલ રાજા થશે તે સાંભળી તેણે મહાકાલના પ્રાસાદમાં પત્થરની શિલ્લા ઉપર ભાવીકાલમાં સર્વ કોઈ જાણે તે માટે તે ગાથા કોતરાવી. પોતાનાજ જેવો કુમારપાળ સાધર્મિ રાજા થશે તેથી તે અધિક ખુશી થયો અને મહાકાલના પ્રાસાદમાં તે દિવાકર સૂરિની કહેલી ગાથા કોતરાવી કુમારપાળનું નામ અમર કર્યું.

" ભગવન્ ? તે કુમારપાળ પણ કેવો ઉત્તમ જીવ હશે કે જે પૃથ્વીને જિનમંડિત કરશે ? "

" રાજન્ ? એજ કુમારપાળ રાજા દીર્ઘકાળ પર્યંત અઢાર દેશ ઉપર સામ્રાજ્ય ભોગવી પ્રાણાંતે વ્યંતર દેવલોકમાં મહર્દ્ધિક વ્યંતર થશે, ત્યાંથી ચવી આવતી ચોવીશીમાં ઉત્પન્ન થયેલા ભંભીસારનો જીવ પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ તેમના અગીયારમા ગણધર થઈને કુમારપાળ તેમના શાસનમાં મુકિતએ જશે. " સમય પરિપૂર્ણ થયે દેશના સમાપ્ત કરી. સકલસંઘ ગુરૂમુખેથી ભાવીકાળની વાતો સાંભળીને ચમત્કાર પામ્યો.

થોડા દિવસ પછી સિદ્ધસેન સૂરિ પોતાના શિષ્ય પરિવાર સહીત ઉજ્જૈયિનીથી વિહાર કરી ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૯ મું.

## ઉપસંહાર.

કાલ એ એક એવી વસ્તુ છે કે જે દુનીયાની દરેક વસ્તુઓને જુની પુરાણી કરતો પોતાના ઉદરમાં ગડફ કરતો જાય છે. રંક કે રાજા, વિદ્વાન કે મૂર્ખ, અમીર કે ફકીરને નિર્બળ કે સબળ સર્વ કોઇને તેમનાં સુકૃત્યોને વખાણતો અને બુરા કૃત્યો માટે હાંસી કરતો બેધડક તેમનો શિકાર કર્યે જાય છે. સંસારમાં વિદ્વાન અને ડાહ્યા એવા મનુષ્યો માનવ જન્મના અમુલ્ય અવસરને પામીને મનુષ્ય જન્મ સફલ કરી જાય છે. અજ્ઞાનથી મસ્ત બનેલા વિષય કષાઓમાં રાચીને આવો લાખેણો સમય ખોઇને કાલનો ભોગ થાય છે. કેમકે આયુષ્યની દોરી જયારે પૂર્ણ થયાની છેલ્લી ઘડીયો ગણાય છે તેવારે ત્યાં બચાવની બારી રહેતી નથી. કાયદો કહે છે કે સંસારમાં તો માણુસે મૃત્યુને માટે જ જન્મવું જોઇએ. જે ચીજ ચોક્કસ પણે ઇચ્છાએ કે અનિચ્છાએ જો સર્વને પ્રાપ્ત થવાની હોય તો તે માટે ડાહ્યા માણસો વ્યર્થ કલેશ કરતા નથી. કિંતુ આવકારથી અણગમતા પરોણાને પણ વધાવી લે છે. જન્મ મરણનો સંતાપ ટળે એવો રસ્તો સ્વત: શોધી લે છે. પોતે જાય છે છતાં પાછળ કીર્ત્તિનો કોટ મુકતા જાય છે.

ઉજ્જૈયિનીથી વિહાર કર્યા પછી સિદ્ધસેન દિવાકરસૂરિ વિહાર કરતા કરતા ભૃગુકચ્છ નગરે લાટદેશમાં ગયા. ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનેક જીવોને પ્રતિબોધી વત્સદેશમાં ગયા, ત્યાંથી ગૌડ દેશમાં મહારાષ્ટ્ર દક્ષિણ મહારાષ્ટ્ર એમ દેશપરદેશ વિહાર કરતા અને ભવ્યજનોને પ્રતિબોધી વાદિઓને જીતી વાદીકુંજર એવા ગુરૂ પ્રતિષ્ઠાનપુર નગરે આવ્યા.

સમયને કાંઇ શરમ આવે છે ? જે ઉત્પન્ન કરે છે તેનું જ તે ભક્ષણ કરે છે. વિક્રમસંવત્સરને આજે ત્રીશ વર્ષ વહી ગયાં છે. સિદ્ધસેન દિવાકર સૂરિ હાલમાં પ્રતિષ્ઠાનપુર આવ્યા છે. જ્ઞાનના બાહુલ્યપણાથી તેમણે જાણ્યું કે પોતાનું આયુષ્ય હવે નજીકમાં આવી રહ્યું છે. માટે પંડિત મરણે મરણ પામવાથી આત્માનું સંસારમાં પ્રાયઃ સાત આઠ ભવમાં જ કલ્યાણ થઈ શકે છે.

ત્યાંના સકલસંઘને એકત્ર કરી સર્વને ખમત ખામણાં કરીને ખમાવ્યા. પોતાના એક યોગ્ય શિષ્યને આચાર્ય પદે સ્થાપન કરીને ગુરૂએ ચારે આહારને વોસીરાવવા પૂર્વક અણસણ કર્યું અને દેવલોકમાં મહર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થયા. સકલસંઘને અનાથ કરીને અશ્રુ ઝુરતો મુકીને પરલોકે ચાલ્યા ગયા.

પ્રતિષ્ઠાનપુરના રાજા અને સંઘે દેશપરદેશના સંઘને સમાચાર આપવાને એક હુશીયાર ભાટને રડતે હૃદયે મોકલ્યો. દેશપરદેશ સમાચાર ફેલાતાં ભારતના સકલસંઘમાં ગમગીનીનું વાદળ પ્રસરી ગયું. "અરે હવે આજે ભારતનો સંઘ નિર્નાયક થયો. હાય ! વિધિ ! તેં આ શું કર્યું ? સિદ્ધસેન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂરિના ભયથી છુપાઈ ગયેલા વાદીઓ હવે જ્યાં ત્યાંથી ફાટી નિકળશે, કુયુક્તિઓ કરી ભગવાનના શાસનને મલીન કરશે. હા ! ઈતિ ખેદે હવે આ અનાથ સંઘનું શું થશે ? રાજા વિક્રમને પણ ખબર પડી. માળવરાજ દિવાકર સૂરિનું અવસાન સાંભળી ઘણું પશ્ચાત્તાપ કરવા લાગ્યો." અહો ! સિદ્ધસેન સૂરિજી આ સંસારમાંથી પોતાની મુસાફરી કુચ કરી ગયા. ભૂત ભવિષ્યની વાતો જાણનાર આજે હવે કોઈ ન રહ્યા." સમસ્ત ઉજ્જયિનીનો સંઘ પણ શોકમાં ગરકાવ થયો.

વૈતાલિક ભાટ ફરતો ફરતો અને દેશપરદેશના સંઘને રડાવતો સિદ્ધસેન સૂરિની સંસારીપણાની ભગિની સિદ્ધ શ્રી સાધ્વી ચીતોડનગરમાં હતી ત્યાં આવ્યો. ત્યાં પણ ગામમાં ટેલ નાખતો સમાચાર જણાવવા લાગ્યો.

"स्फुरन्ति वादि खद्योताः, साम्प्रतं दक्षिणा पथे."

અર્થ—" હમણાં દક્ષીણ દેશમાં વાદીરૂપી ખજુઆઓ ઉભરાયા છે."

દેશપરદેશ આ પદ બોલીને તે દિવાકર ભગવાનના અવસાનના સમાચાર આપતો હતો. આ નગરમાં પણ તે પૂર્વોક્ત પદ બોલતો અને સર્વ ઠેકાણે ફરતો ઉપાશ્રયે આવ્યો. ત્યાં દિવાકર ભગવાનની બેન સિદ્ધશ્રી શ્રાવિકાઓ સહીત જ્ઞાનગોષ્ઠિ કરતાં હતાં ત્યાં આવીને નિરાનંદ પણે પૂર્વનું પદ બોલ્યો, તે વારે મહાપંડિત એવી સિદ્ધશ્રીએ તે પદની પૂર્ણાહુતી કરી.

"नूनमस्तंगतो वादी, सिद्धसेनो दिवाकरः "

**અર્થ—" નિશ્ચય સમજાય છે કે સિદ્ધસેન દિવાકર સૂરિ અવસાન પામ્યા છે."**

તે પછી ભાટને સિદ્ધશ્રીએ શોકપૂર્ણ હૃદયે સર્વે સમાચાર પૂછયા. તે સર્વેના તેણે ખુલાસા આપ્યા. સમસ્ત શહેરમાં પણ શોક છાયા પ્રસરી રહી.

સિદ્ધશ્રીએ પણ સર્વની સાથે ખમતખામણાં કરીને શાસ્ત્રોમાં કહેલી આરાધના પૂર્વક અણુસણુ કરીને સદ્દગતિએ ગયાં. વૈતાલિક ભાટ સંસારની અસારતા ચિંતવતો અને શોકથી અશ્રુ પાડતો અન્યત્ર ચાલ્યો ગયો.

સિદ્ધસેન દિવાકરના અવસાનસમય પછી વિક્રમરાજાએ પોતાનો કેટલોક સમય બેચેનીમાં પસાર કર્યો. કેટલોક સમય પસાર થવા પછી તેના શરીરમાં કર્મયોગે દુ:સાધ્ય રોગ ઉત્પન્ન થયો. અનેક વૈદ્યોને બોલાવી ઉપચાર કરાવ્યા પણ કોઈપણ જાતની દવાની અસર રાજાને લાગી નહી. તેવારે રાજાએ જાણ્યું કે હવે સંસારમાં પોતાની ઘડીઓ પણ આખરની આવી લાગી છે. ત્યારે એક અનુભવી વૈદ્યે રાજાને સલાહ આપી. "માળવરાજ ? જગતમાં કોણુ અખંડ રહ્યું છે. સર્વ કોઈ પૃથ્વીના અધિપતિ થયા, ને ચાલ્યા ગયા. પૃથ્વી કોઇની સાથે ગઇ નહી. માટે હવે તો ધર્મરૂપ ઔષધનું સેવન કરો. આત્મહિત કરીને માનવ જન્મ સફલ કરો." તરતજ માળવાધિશે વૈદ્ય પ્રસન્ન થાય તેટલું અનર્ગળ દ્રવ્યનું દાન આપીને 'પરમાર્થ બાંધવ' એમ કહી તેની સ્તુતિ કરીને વિદાય કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથી, ઘોડા, ભંડાર વગેરે સાર સાર વસ્તુઓ પોતાની પાસે હાજર કરવાને, મંત્રીઓને હુકમ કર્યો. તે મુજબ માળવરાજની સમક્ષ સર્વ કંઇ હાજર કરવામાં આવ્યું. બીજી તરફ યાચકોને બોલાવવા હુકમ આપ્યો, યાચકો આવવા માંડ્યા તેમ તેમ જેને જે જોઈએ તે માળવપતિએ આપવાનો હુકમ કર્યો. એવી રીતે ભંડારમાં–રાજ્યમાં જે કંઈ સસાંગ લક્ષ્મી હતી તે સર્વ દેવા યોગ્ય દાનમાં આપી દીધી. પછી પોતે નિશ્ચિંતપણે નગરલોક અને રાજ્યકર્મ ચારી પ્રધાન વગેરેને ખમાવી સર્વની રજા લઇને મનુષ્ય રહીત એવા એકાંત સ્થાનમાં (મહેલમાં) પોતે ગયો. ત્યાં મરણ યોગ્ય ક્રિયાઓ કરીને બાલપંડિત મરણ સાધવાને તે દર્ભની પથરાવેલી સાદડી ઉપર સૂતો સૂતો દુષ્કર્મની નિંદા અને સુકૃત્યનું અનુમોદન કરવા લાગ્યો અહો! કષ્ટ ભોગવવામાં અને સાહસકર્મ કરવામાં તેં જીંદગી અર્પણ કરી, તથાપિ હે વિક્રમ ? તું અજરામરપદને ન પામ્યો. અફસોસ ? કરવા યોગ્ય સુકૃત્ય તેં કાંઇ ન કર્યું. ધન્ય છે તે સિદ્ધસેન દિવાકર સૂરિને, કે જે સંસારમાં માનવ ભવ સફલ કરી ગયા. મારાં જે જે દુષ્કર્મો હોય તે સર્વને હું નિંદુ છું. મરણ સમયે તે સર્વે પાપસ્થાનકોને હું વોસરાવું છું અને દાન, શિયલ, તપ અને ભાવપૂર્વક દેવગુરૂ ધર્મની ભક્તિ તે સર્વે સુકૃતની હું અનુમોદના કરૂં છું. વળીઃ—

" अरिहंतो महदेवो जावज्जीवं सुसाहूणो गुरुणो
जिण पन्नत्तं तत्तं ईअ समत्तं मए गहीअं. " ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ**—" અરિહંત એજ મારા દેવ છે, સુસાધુ એ મારા ગુરૂ છે અને જિનેશ્વર ભગવંતે કહેલું તત્વ મારે પ્રમાણ છે અને તે જીવનના અંત પર્યંત છેલ્લા સમય પર્યંત અખંડ રહો. "

તે સિવાય સંસારમાં માતા, પિતા, રાજ્ય, રૂદ્ધી અને દેવ ઋદ્ધિઓના સંબંધો તો હું અનંતીવાર પામ્યો, છતાં આત્મહિતનો માર્ગ તો ન પામ્યો. સંસારમાં હું એકલો છું, મારૂં કોઇ નથી, હું કોઈનો નથી. તો હે આત્મા ? અરિહંતનું શરણ અંગીકાર કરીને અદીનપણે રહી આત્માનીજ સંભાવના કર ? એક મારો આત્માજ સંસારમાં શાશ્વતો છે. જે અજ્ઞાનના વશે જન્મ, જરા અને મરણાદિક અનેક કષ્ટ સહન કરી રહ્યો છે. તે આત્મા અનંત જ્ઞાન દર્શન ને ચારિત્રે કરીને યુક્ત છે. મુક્તિની ઋદ્ધિનો ધણી છે;છતાં આજુબાજુના મોહક સંજોગો પામીને ઉભા થયેલા બાહ્ય ભાવોમાં તે રક્ત થયો છે. અને એ સંજોગોને વશે જીવે અનેક દુઃખો પ્રાપ્ત કર્યાં છે. માટે એ સર્વ સંજોગોને ત્રિવિધે ત્રિવિધે આત્માની સાક્ષીએ વોસરાવું છું. એવી રીતે પાપની નિંદા કરી સુકૃતનું અનુમોદન કર્યું. તે પછી સકળ ચોરાસી લાખ જીવાયોની સાથે ખમત ખામણાં કર્યાં. ચારે શરણ અંગીકાર કર્યાં. મનમાં પંચ પરમેષ્ટી મંત્રનું સ્મરણ કરતો સંસારના અંતિમ શ્વાસોશ્વાસ લઈ રહ્યો છે. યથાશકિત દાનધર્મ કરેલાં હોવાથી કાંઈક સંતોષ થયેલો છે, તેવામાં તેના તપોબળથી નવે નિધાન જે તેને વશ હતાં તેની અધિષ્ટાયિકાઓ તરતજ તેની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આગળ પ્રગટ થઈ. રાજા તેમને પૂછવા લાગ્યો કે "તમે કોણ છો ?"

રાજાનો પ્રશ્ન સાંભળી અંદર અંદર તાળીઓ લઈને તેણીઓ હસવા લાગી. અને રાજાને કહેવા લાગી "હે માળવરાજ ? પૂર્વના પુણ્યના ઉદયથી નવે નિધાન તારા મહેલમાં ઉતરેલાં છે, અમે નવે અપ્સરાઓ તેની અધિષ્ઠાયિકા દેવીઓ છીએ. જન્મથી આરંભીને તે મરણકાલ પર્યંત તેં જે દાન કર્યાં તે ફક્ત તારા એકજ નિધાનમાંથી. બાકીનાં આઠે નિધાન હજી અકબંધ પડયાં છે" એમ કહી અપસરાઓ તાળીઓ પાડી હસી પડી.

રાજાએ પોતાનો અશકત હાથ કપાળ ઉપર મૂકયો. "રે ! ........ જો મેં નવે નિધાન ( નિધિ ) જાણ્યા હોત તો નવ પુરૂષોને બોલાવીને એક એક આપી દેત; હાય.... દૈવે મને અજ્ઞાનથી ઠગ્યો."

"રાજન્ ! તું ખેદ ના કર ! મનુષ્ય તો જેટલું ભાગ્યમાં હોય છે તેટલુંજ મેળવી શકે છે. ખચિત આ કલિયુગમાં તું એકજ ઉદાર છે. દાતાઓને વિષે મુગટસમાન છે. તારા પુણ્યથી તારી આગળ અમે રહ્યાં હતાં, હવે અમે અમારે સ્થાનકે જઈશું. તારૂં કલ્યાણ થાઓ !" અપ્સરાઓ એમ બોલતી સ્વસ્થાનકે ચાલી ગઈ.

રાજા વિક્રમ તે પછી તરતજ પરલોકને પ્રાપ્ત થયો. આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુનીયામાંથી પોતાનું નામ અમરપણે મુકીને તે સો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગ લોકમાં ઉત્પન્ન થયો.

આ પ્રમાણે એક ઉપકારી પુરૂષ સિદ્ધસેન દિવાકરસૂરિએ અનેક જીવાત્માઓને પોતાના આત્મનાવમાં બેસાડી સંસાર સમુદ્રનાં તોફાની વાતાવરણથી પાર ઉતાર્યા ! વંદન હો એ નરદેવને !

— સમાપ્ત —


## તમને મન ભાવતું.

શુદ્ધ, સુંદર, પોકેટ સાઇઝમાં મોટા ટાઇપમાં સારા કાગળ અને પાકું રેશમી પુંઠું. જ્યાં જાઓ ત્યાં તમારી આવશ્યક ક્રિયા કરી શકો તે માટેજ અને ખીસામાં કે નાની પેટીમાં ( પુજાની સામગ્રી સાથે ) રાખી શકો, વળી જોતાંજ મનને આનંદ થાય તેવું સુશોભિત—

## પંચ પ્રતિક્રમણ સૂત્ર સંપૂર્ણ.

કે જેમાં વિવિધ અને પ્રસિદ્ધ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, **શ્રી ગૌતમ સ્વામીનો રાસ**, છંદો, **નવ સ્મરણ** વીગેરે અને તે ઉપરાંત જરૂરી સ્તોત્રો, **રત્નાકર પચીશી** નવપદ ભાવના. આટલી બાબતોનો સંગ્રહ કરીને આ પુસ્તક છપાવવામાં આવેલ છે. પૃષ્ટ ૩૦૦ ઉપરાંત છતાં કિંમત ૦-૧૦-૦ પચાસ નકલ સાથે મંગાવવાથી રૂા ૨૫) માં મળશે.

**લખોઃ—જૈન સસ્તી વાંચનમાળા**

**રાધનપુરી બજાર**

**ભાવનગર**


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જૈન સસ્તી વાંચન માળાનું નામ–

દરેક જૈન બંધુઓની જાણમાં છે; કારણ કે નીચેનાં સં. ૧૯૭૯–૮૦ ના ગ્રાહકોને અપાયેલાં પુસ્તકોથી દરેકને સંપૂર્ણ સંતોષ થયો છે અને દીવસે દીવસે તેવું ઉપયોગી સાહિત્ય પ્રગટ થાય છે, દર વરસે માત્ર ૩ રૂ) માં મળતા પુસ્તકોનો લાભ લેવા હવે કોઇ પણ જૈન બંધુ ચુકશે નહિ. ૫૦૦ થી પણ વધુ પૃષ્ટનાં પુસ્તકો નીચમીત મળે છે. છુટક કિંમત કરતાં ગ્રાહક થવાથી કિંમતમાં પણ ફાયદો થાય છે. માટે **વાંચો અને ખાત્રી કરો.**

સં. ૧૯૭૯નાં—

| | પૃષ્ટ | |
|---|---|---|
| ૧ કુમારપાળચરિત્ર. સચિત્ર. | ૨૦૦ | ૧–૪–૦ |
| ૨ ભક્તિમાળા | ૧૫૦ | ૦–૮–૦ |
| ૩ મહાસતી ચંદન બાળા | ૫૦ | ૦–૩–૦ |
| ૪ સ્થુલીભદ્રચરિત્ર. | ૫૦ | ૦–૩–૦ |
| ૫ શ્રાવક શ્રાવિકા ધર્મ. | ૫૦ | ૦–૨–૦ |
| | ૫૦૦ | ૨–૪–૦ |

સં. ૧૯૮૦નાં—

| | | |
|---|---|---|
| ૧ શ્રી આદિનાથ ચરિત્ર સવિસ્તર. પાકુ રેશમી પુંઠું ઉંચા કાગળ | ૨૭૫ | ૨–૦–૦ |
| ૨ શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકો સચિત્ર. | ૧૭૫ | ૧–૪–૦ |
| ૩ શ્રી ધનપાલ પુરોહિત યાને તિલકમંજરી. | ૬૫ | ૦–૪–૦ |
| | ૫૧૫ | ૩–૮–૦ |

સં. ૧૯૮૧નાં—

| | | |
|---|---|---|
| ૧ શ્રી સિદ્ધસેન દિવાકર અથવા વિક્રમના સમયનું હિંદ. | ૩૨૫ | ૧–૮–૦ |
| ૨ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર. | ૨૫૦ | ૧–૮–૦ |
| ૩ શ્રી કેશી મુનિ અને પ્રદેશી રાજા. | ૧૦૦ | ૦–૬–૦ |
| | | ૩–૬–૦ |

**જૈન સસ્તી વાંચનમાળા.**

**ઠે: રાધનપુરી બજાર— ભાવનગર.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust